મહેકતા ફૂલ

નહજુલ બલાગાહની હદીસો



(ભાગ-૩)

-: ઈ-પ્રકાશક :-

FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION

મહેકતા ફુલ

(ભાગ-૩)

નહજુલ બલાગાહમાંથી હઝરત અમીરુલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અ.સ.ના નાના નાના સુગંધિત ફૂલો.

-: ઈ-પ્રકાશક :-

FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION

palsani76@gmail.com

+91 8652047200

-: કિતાબનું નામ :-

મહેકતા ફૂલ (ભાગ-૩)

-: તરજુમો અને તલખીસ :-

મૌલાના રિઝવાનઅલી પલસાણીયા.

મૌલાના મોહમ્મદતકી હાફીઝ.

-: ઈ-પ્રકાશક :-

FOUNTAIN OF AHLULBAIT A. FOUNDATION

palsani76@gmail.com

+91 8652047200

અનુક્રમણિકા

351. મુસીબત પછી આરામ 10

352. બાલ-બચ્ચાની વધુ ચિંતા 15

353. ખામી કાઢવી 21

354. દીકરાની મુબારકબાદી 24

355. દૌલતનો દેખાવ 29

356. રોઝી પહોંચવી 33

357. પુરસો 38

358. નેઅમતો અને બલા 42

359. નફ્સના ગુલામ 48

360. બદગુમાની 54

361. દુઆ કરવાની રીત 59

362. ખોટી બહેસ 65

363. સમય 69

364. નકામા સવાલ 73

365. સારી આદતો 76

366. ઇલ્મ અને અમલ 81
367. દુનિયા તલબીની મઝમ્મત 85
368. સવાબ અને અઝાબ..... 94
369. એક ઝમાનો 98
370. તકવા અને પરહેઝગારી 103
371. સારી સિફતો 109
372. જાબિર બિન અબ્દુલ્લાહ..... 118
373. સારા-નરસાની ભલામણ (૧) ... 124
374. સારા-નરસાની ભલામણ (૨) ... 128
375. સારા-નરસાની ભલામણ (૩).... 133
376. હક અને બાતિલ..... 138
377. ઉમ્મીદ..... 144
378. કંજૂસી 149
379. બે પ્રકારની રોઝી..... 153
380. જિંદગી અને મોત 157
381. બોલવામાં કંટ્રોલ..... 162

382. ચૂપ રહેવું 165
383. ગુનાહ 170
384. દુનિયા પર ભરોસો 175
385. દુનિયાની હલકાઈ 181
386. કોશિષનું ફળ 184
387. નેકી અને બુરાઈ 188
388. મોટી બલા 192
389. હસબ નસબ 197
390. ઇસ્લામી જિંદગી 204
391. દુનિયાથી દૂરી 210
392. ઓળખાણ 215
393. દુનિયાની ચાહત 219
394. વાતનો અસર 223
395. સંતોષ 226
396. બે દિવસ 230
397. કસ્તુરી 236

398. નમ્રતા 239
399. બાપ-દીકરાના હક્કો 244
400. હકીકત અને અંધશ્રદ્ધા 250
401. સારો વ્યવહાર..... 259
402. સમય વગર બોલવું..... 262
403. બધાની ચાહતનું નુકસાન..... 266
404. લા હવલ વલા કુવ્વત... 268
405. મુગૈરા બિન શોઅબા 273
406. અમીરો અને ગરીબો વિશે 279
407. અક્કલ 286
408. હક..... 288
409. દિલ 292
410. તકવા 296
411. એહતેરામ..... 300
412. અદબ 304
413. સબ્ર (૧) 307

414. સબ્ર (૨)..... 313
415. દુનિયાની બેવફાઈ 314
416. બીજાઓ માટે માલ ભેગો કરવો 319
417. સાચી તોબા અને તેની શરતો.. 329
418. સહનશીલતા 339
419. લાચાર માણસ 344
420. ગુનાહની નજર..... 348
421. અક્કલથી હિદાયત 356
422. નાની નેકી 361
423. દુનિયા સુધારવા શું કરવું? 367
424. સહનશીલતા અને અક્કલ..... 375
425. માલદારોની જવાબદારી 380
426. તંદુરસ્તી અને દૌલત 385
427. પરેશાની કોને કહેવી? 391
428. ઇદ 395
429. અફ્સોસ 399

430. નકામી મહેનત 405
431. રિઝક પાછળ ન ભાગો. 409
432. અલ્લાહના દોસ્તો 414
433. લિઝ્ઝતની સજા 422
434. ઇમ્તિહાન 425
435. શુક્ર, દુઆ અને તૌબા 430
436. ઉદાર કોણ 434
437. ન્યાય કે ઉદારતા 438
438. દુશ્મનીનું કારણ 442
439. ઝોહદ એટલે શું? 447
440. ઊંઘ 452
441. હુકુમત 455
442. વતન 459
443. માલિકે અશ્તરની મહાનતા 463
444. થોડુંક પણ સતત 467
445. સારા ગુણનો અસર 473

446. હકની અદાયગીનું મહત્વ. 477
447. વેપાર 482
448. તકલીફને મોટી ન સમજો 488
449. પાક નફ્સ..... 493
450. મજાક 497
451. સારો વ્યવહાર..... 500
452. અમીર અને ગરીબ..... 505
453. ઝુબૈરના ગુમરાહીનું કારણ 512
454. ઘમંડ 520
455. બેહતરીન શાઇર (કવિ) 525
456. તમારી કિંમત 529
457. બે પ્રકારના ભૂખ્યા..... 533
458. ઈમાનની નિશાની 538
459. તકદીર..... 544
460. બુલંદ હિંમત 548
461. ગીબત..... 553

462. વખાણ 557
463. દુનિયા 562
464. બની ઉમય્યા વિશે આગાહી 566
465. અન્સારના વખાણ 570
466. એક ઇશારો 574
467. હાકિમ..... 577
468. ભવિષ્યવાણી 579
469. બે પ્રકારના લોકો હલાક..... 586
470. તૌહીદ અને અદાલત..... 593
471. બોલવું અને ચૂપ રહેવું..... 598
472. વરસાદ માટે દુઆ..... 604
473. ખેઝાબ (વાળ રંગવા)..... 608
474. પાકદામની 611
475. સંતોષ..... 615
476. લોકો ઉપર સખ્તી ન કરો 618
477. સૌથી ખરાબ ગુનાહ 624

478. આલિમોની જવાબદારી 627
479. ખરાબ દોસ્ત..... 631
480. જુદાઈનું કારણ 634

હિકમત ૩૫૧

મુસીબત પછી આરામ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જ્યારે મુસીબતો એકદમ વધી જાય તો તેના પછી મુસીબતોથી નીકળવાનો સમય આવે છે, જ્યારે બલાથી જિંદગી તંગ થઈ જાય ત્યારે આરામનો સમય આવે છે."

ઇમામ અ.સ.ની આ હિકમત બલા-મુસીબતમાં ઘેરાયેલાઓ માટે ઉમ્મીદનું કિરણ છે, અને એ હકીકત છે કે કાળી રાત પછી સવારનું અંજવાળું આવે છે, તકલીફ પછી આરામ હોય છે. તેથી જરૂરી છે કે તકલીફ કે મુસીબત કે દુખ-દર્દમાં કોઈ દિવસ નાઉમ્મીદ ન થવું જોઈએ, અને મુસીબતોના લીધે નાજાઈઝ પગલાં ન ભરવા જોઈએ.

ઝબાનથી નાશુક્રીના શબ્દો પણ ન નીકળવા જોઈએ, અને ન તો અતિશય કકળાટ અને રાડો પાડવી જોઈએ. બલ્કે, હંમેશા અલ્લાહથી ઉમ્મીદ રાખવી જોઈએ કે મુસીબતોના તોફાન પછી શાંતિ જરૂર આવશે, દુખ-દર્દ-બલાના વાદળો હટીને જિંદગીમાં ફરીથી આરામ જરૂર મળશે.

કુરઆન મજીદમાં અલ્લાહ સૂરએ ઇનશેરાહમાં ફરમાવે છે: "બેશક તકલીફ સાથે આરામ છે, બેશક તકલીફ સાથે આરામ છે."

હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "જ્યારે મુસીબત ઘર સુધી પહોંચી જાય તો ઘરમાં આરામ દાખલ થાય છે અને મુસીબતને બહાર ફેંકી દે છે."

બલા અને મુસીબત ઘણી વખત માણસને આગળ વધારવા માટે હોય છે. દાખલા તરીકે, જો કોઈને શેઠ નોકરી પરથી કાઢી નાખે તો તે પરેશાન થઈ જાય છે, તેના માટે મોટી મુસીબત બની જાય છે. પરંતુ જો થોડો વિચાર કરે અને પોતાનું કામકાજ કરે તો તે આહિસ્તે આહિસ્તે પોતાના કામકાજમાં તરક્કી કરવા લાગે છે, અને એક દિવસ પોતે મોટો શેઠ બની જાય છે. જો તેનો કરી જ કરતો હોત તો મોટો શેઠ ન બની શકત.

એ જ પ્રમાણે શરીરમાં બીમારી આવે છે, માણસ ગભરાઈ જાય છે, પરંતુ બની શકે કે તે બીમારી થકી બીજી બીમારીઓ શરીરમાંથી નીકળી જાય. બીમારીઓથી ગુનાહો

સાફ થઈ જાય છે. તકલીફ સાથે આરામ હોય છે.

આપણા સામે ઇતિહાસમાં ઘણી મિસાલો મળે છે: નબી અય્યુબ અ.સ.નું ઇમ્તેહાન, નબી યાકુબ અ.સ., નબી યુસુફ અ.સ.

ઇમામ અલી અ.સ.ના આ હિકમતથી ઘણા પયગામ મળે છે:

૧. ગમે તેવી મુસીબત, દુખ કે તકલીફ આવે, અલ્લાહથી ઉમ્મીદ લગાવવાથી આસાની અને આરામ મળે છે.

૨. જ્યારે અલ્લાહથી ઉમ્મીદ રાખે છે તો કકળાટ અને નાઉમ્મીદથી બચી જાય છે.

૩. જો સબર સાથે મજબૂતીથી, મુસીબતો-દુખ-દર્દથી ડર્યા વિના જો અડગ રહેવામાં આવે તો જરૂર એક

દિવસ આરામ અને ખુશહાલી નસીબ થાય છે.

૪. જો મુસીબતોમાં સબર કરે તો તે અલ્લાહની ખુશી પર રાજી રહેવું ગણાશે, જેનો અજર અલ્લાહને ત્યાં બહુ જ મોટો છે.

અંતમાં એક હદીસને બયાન કરું છું કે એક માણસ ઇમામ અલી અ.સ. પાસે આવીને પોતાની તકલીફો અને મુસીબતોની શિકાયત કરી. ઇમામ અ.સ. ફરમાવ્યું કે: "મુસીબત અને તકલીફોનો એક સમય અને ઝમાનો હોય છે, જ્યાં સુધી અલ્લાહની મરજી ન હોય ત્યાં સુધી તેની તકલીફો વધતી રહે છે, ખતમ નથી થતી." પછી ઇમામે સૂરએ ઝુમર આયત ૩૮ની તિલાવત ફરમાવી: "ખુદાથી મદદ તલબ કરો,

સબર કરો, વધારે ઇસ્તેગફાર કરો. અલ્લાહ સબર કરનારાઓને ખયરે કસીરનું વચન આપ્યું છે.”

અલ્લાહથી ઉમ્મીદ મોટું ઇમાન છે અને મુસીબતોથી નજાતનો કામયાબ રસ્તો છે.

હિકમત ૩૫૨

બાલ-બચ્ચાની વધુ ચિંતા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “બાલ-બચ્ચાની વધારે ચિંતા ન કરો, કેમકે જો તેઓ અલ્લાહના દોસ્તોમાંથી હશે તો ખુદા પોતાના દોસ્તોને બરબાદ નહીં થવા દે, અને જો તેઓ દુશ્મને ખુદા હશે તો દુશ્મને ખુદા વિષે ચિંતા શું કામ કરવી.”

ઇમામ અ.સ.ના બયાનથી એમ લાગે છે કે ઇમામે એક એવા માણસને ફરમાવ્યું છે જે માલદાર છે,

જિંદગી સરખી રીતે પૂરી કરતો હશે, પરંતુ બીજાઓ પ્રત્યે પોતાની જવાબદારી પૂરી નહીં કરતો હશે. ઇમામ અ.સ. તેણે બાલ-બચ્ચા વિષે ખોટી ચિંતા કરવાથી રોક્યા છે, અને એ લોકો માટે પણ આ કલામ છે જેઓ પોતાના પાસે જરૂરત કરતાં વધુ હોવા છતાં પણ બાલ-બચ્ચા વિષે ખોટી વ્યાધિ કરે છે.

આ કલામમાં બે વસ્તુ ઇમામ અ.સ. ફરમાવે છે: ઔલાદ યા તો નેક હશે યા ખરાબ. જો નેક હશે તો તેનો અલ્લાહ પોતે જ ખયાલ રાખશે, અને કુરઆન મજીદમાં અલ્લાહ ફરમાવે છે: "શું અલ્લાહ બંદા માટે કાફી નથી?" (સૂરએ ઝુમર આયત ૩૬).

બેશક અલ્લાહ પોતાના નેક બંદાઓને એકલો નથી મૂકતો, પરંતુ માઁ-બાપની જવાબદારીઓમાંથી જે છે તે ઔલાદની સારી તરબિયત, સારી તાલીમ, વાજીબ અને હરામ વસ્તુઓ શીખવવી, સારા અખ્લાક આપવું છે.

અને જો કોઈની ઔલાદ એટલા હદ સુધી ખરાબ થઈ ગઈ હોય કે ખુદાનો દુશ્મન બની ગઈ હોય, એહકામે ખુદાનું જાહેરમાં ઉલ્લંઘન કરતો હોય તો જો તેના માટે દૌલત જમા કરવું એટલે તેની ખુદાના વિરુદ્ધ મદદ કરવી છે, અને જો તે ગુનાહના કામમાં દૌલતને વાપરશે તેનો અર્થ કે તેના સાથે પોતે પણ ગુનાહમાં ભાગીદાર બન્યો છે, તો તેવા માણસની શા માટે ચિંતા કરવી જે દુશ્મને ખુદા હોય? હાં, જો તેના

માટે ચિંતા કરવી હોય તો તેને હક રસ્તા અને અલ્લાહના રસ્તા તરફ આવવાની કોશિશ કરવી જોઈએ.

અલ્લામા મજલિસી બિહારુલ અનવારમાં લખે છે કે: એક માણસ જે જાહેરમાં ઇમામ અલી અ.સ.ના ચાહવાવાળાઓમાં હતો, ઇમામ પાસે આવીને બૈતુલ માલમાંથી વધારે માલનો સવાલ કરે છે. ઇમામે ફરમાવ્યું કે: "તને તારો હક મળી ગયો છે. જો હજુ વધારે જોવે તો મારો હક પણ તને આપી દઉં છું." કહેવા લાગ્યો મને તો તેનાથી પણ વધારે જોઈએ છે. (તે દુનિયા પરસ્ત હતો અને જાણતો હતો કે માવિયા હિસાબ-કિતાબ વગર બધાને આપે છે). તે માવિયા પાસે જાય છે અને તેને ઘણો માલ આપે છે. ત્યારે તે

એક પત્ર ઇમામને લખીને જાણકારી આપે છે (તે કહેવા માંગતો હતો કે તમે તો મને માલ ન આપ્યો પરંતુ તમારો દુશ્મન આપ્યો છે). ઇમામ અ.સ. તેના પત્રના જવાબમાં લખે છે કે: "અલ્લાહની હમ્દ અને વખાણ, જે માલ તારા પાસે છે તે તારા પહેલા બીજા કોઈ પાસે હતો અને તારા પછી પણ બીજા કોઈ પાસે હશે. તારા નસીબનું એટલું જ છે જે તને આખેરતમાં કામ આવે. તારા માટે જરૂરી છે કે તારા બચ્ચાઓ કરતાં વધારે જરૂરતની વસ્તુઓને પહેલા પોતાના માટે જમા કર."

પછી ઇમામે ફરમાવ્યું કે: "જે તું માલ ભેગો કરી રહ્યો છે તે બે હાલતથી ખાલી નથી (પછી મૂકીને

ચાલ્યો જવાનો છે): જેના માટે માલ ભેગો કરે છે યા તો તે નેક હશે અને તે માલને અલ્લાહની ઇતાઅતમાં વાપરીને તે કામયાબ (ખુશનસીબ) બની જશે અને તું (માલ ન વાપરવાના લીધે) કમનસીબ બની જઈશ, યા તો જેના માટે માલ ભેગો કર્યો છે તે અલ્લાહની નાફરમાનીમાં માલને ખર્ચીને કમનસીબ બની જશે. આ બંને હાલતમાં તારા માટે સારું નથી કે માલને જમા કરે.”

આનો અર્થ એ નથી કે બાલ-બચ્ચા માટે ચિંતા ન કરે, બલ્કે જરૂરી છે કે માલને જમા કરવામાં એટલા મશગુલ ન થઈ જવું જોઈએ કે તેના લીધે બીજા વાજીબાતનો ખયાલ ન રહે, હરામ-હલાલમાં કોઈ ફરક ન રહે, આસપાસ રહેતા

લોકોનો ખયાલ ન કરે. એવો માલ કે જે પોતાના કુટુંબના ભરણપોષણ સાથે બીજાઓની જરૂરતોમાં ખર્ચ કરવામાં આવે તો તેવા માલ અને દૌલત માટે ઇસ્લામ મનાઈ નથી કરતો.

પોતાની સાથે બીજાઓનો પણ ખયાલ રાખવો આખેરત માટે બહેતરીન નેકી છે.

હિક્મત ૩૫૩

ખામી કાઢવી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સૌથી મોટી ખામી એ છે કે જે પોતામાં હોય તેને બીજા માટે ખરાબ ગણવામાં આવે."

ઇમામ અ.સ. આ કલામમાં ઘણા લોકોની આવી આદતો વિષે બયાન ફરમાવ્યું કે પોતાના અંદર જે

ખામીઓ છે તે તો નથી દેખાતી અને બીજાઓની નાની એવી ખામી કે ભૂલ તરત જ દેખાય છે. આવા લોકોને ઇમામ અલી અ.સ. બીજી જગ્યાએ એહમક (પાગલ) કહ્યા છે.

લોકો નેકી તરફ આગળ વધવાની જગ્યા અથવા લોકોને નેકીમાં સાથ આપવાની જગ્યા બીજાઓની ભૂલો અને ખામીઓ તરફ જોતા હોય છે અને બીજાની બુરાઈ કરવામાં ઉતાવળા થતા હોય છે. આવા લોકો માટે ઇમામ અલી અ.સ. ખુત્બા નંબર ૧૪૦માં ફરમાવે છે: "કોઈના ગુનાહની બુરાઈ કરવામાં ઉતાવળા ન થાઓ, હોઈ શકે માફી માંગી લીધી હોય અને તેને માફ કરવામાં આવ્યો હોય, અને પોતાના નાના એવા ગુનાહથી

શાંતિથી ન બેસો, બની શકે છે તેના લીધે સજાના હકદાર બનો.”

બીજાની બુરાઈઓ અને ખામીઓ વિષે આપણે નથી જાણતા કે અલ્લાહના ત્યાં માફી માંગી લીધી છે કે નહીં, અને બની શકે છે માફી માંગવાના કારણે અલ્લાહ માફી આપી હોય. પરંતુ પોતાના માટે તો યકીન છે કે મારામાં આ ભૂલ કે ખામી છે અને મારાથી આ ગુનાહ થયો છે, તો બીજા કરતાં પોતાની ભૂલ કે ગુનાહને દૂર કરવા શા માટે કોશિશ નથી કરતા?

ખુત્બા ૧૭૬માં ઇમામ અ.સ. ફરમાવે છે: “ખુશનસીબ છે તે માણસ જેને પોતાની ભૂલો બીજાની ભૂલો જોવાથી દૂર રાખે છે.”

પોતાને સુધારવામાં એટલો મશગુલ હોય છે કે બીજાની ભૂલો જોવાનો સમય જ નથી મળતો, તેને ઇમામ ખુશનસીબ કહે છે.

જે પોતાની ખામીઓ અને ભૂલોથી ગાફિલ હોય તેને હક નથી કે બીજાઓને આંગળી ચીંધે.

હિકમત ૩૫૪

દીકરાની મુબારકબાદી

ઇમામ અલી અ.સ. સામે એક માણસ બીજા માણસને તેના દીકરાના જન્મ પર મુબારકબાદી આપતા કહ્યું: તમને નવજાત ઘોડેસવાર મુબારક થાય,

ત્યારે ઇમામ અ.સ. ફરમાવ્યું કે: આ રીતે મુબારકબાદી ન આપો, બલ્કે કહો: તમને અલ્લાહે (ઔલાદ) આપી તેનો શુક્ર અદા કરો અને આ

આપેલી નેઅમત તમને મુબારક થાય, મોટો થાય અને તેની નેકીથી તમને ફાયદો પહોંચે.”

દરેક કૌમ અને સમાજમાં જુદી જુદી રીતે મુબારકબાદી આપવાનું ચલણ હોય છે, અને તે તેમની રીતભાત હોય છે.

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં કયા શબ્દોથી મુબારકબાદી પેશ કરવી તેની તાલીમ આપી રહ્યા છે. ઇમામ અ.સ. ત્રણ વસ્તુઓ મુબારકબાદીમાં ફરમાવી છે: આ નવજાત બાળક તમારા માટે મુબારક થાય, બીજું કે ઉમ્મીદ રાખું છું કે મોટો થાય, અને તેની નેકીઓથી તને ફાયદો પહોંચે.

પરંતુ આ ત્રણ વસ્તુ પહેલા ઇમામે ફરમાવ્યું કે સૌથી પહેલા આપનારનો

એટલે ખુદાનો શુક્ર કરવો જોઈએ. બેશક ઔલાદ અલ્લાહ તરફથી મોટી નેઅમત છે તો નેઅમત પર શુક્ર કરવો વાજીબ છે. જો અલ્લાહનો શુક્ર કરવામાં આવે તો ઇલાહી બરકતોનો ઔલાદની જિંદગીમાં વરસાદ થાય છે.

ત્યાર પછી ઇમામે તાલીમ આપી કે નવજાત માટે દુઆ કરે કે મોટો થાય, બલા-મુસીબતોથી અલ્લાહ બચાવે જેથી કામયાબીના રસ્તા ઉપર આગળ વધે, નેકીઓ હાસલ કરે અને સાથે તે નેકીઓ બીજા સુધી પણ પહોંચાડે, બીજાઓને પોતાની ઝાતથી લાભ પહોંચાડે. ફક્ત પોતે કામયાબ થાય એ પૂરતું નથી, બલ્કે લોકોને પણ ફાયદો પહોંચાડે.

અલ્લાહે સૌથી સારી રીતે ઇન્સાનને જિંદગી જીવવા માટે હ. મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.ના ઝરીયાથી શીખવી છે. અરબમાં પહેલા સલામની જગ્યા ફક્ત કહેતા કે "તમારી સવાર ખૈર અને તમારી સાંજ ખૈર", પરંતુ નબી સ.અ.વ. આવી લોકોને બતાવ્યું કે આપસમાં મુલાકાત કરો તો પહેલા "સલામુન અલયકુમ"કહો. આ એક દુઆ શીખવી કે એકબીજા માટે અલ્લાહ તરફથી સલામતીની દુઆ કરો.

જ. અકીલ ર.અ. બસરાથી આવ્યા, એક સ્ત્રી સાથે લગ્ન કર્યા તો તેમને લોકો મુબારકબાદી આ શબ્દોમાં આપવા લાગ્યા કે: "સારી શાદી અને વધારે ઔલાદ થાય."ત્યારે જ. અકીલ ર.અ.એ

તેમને કહ્યું કે નબી સ.અ.વ. આ રીતે કહેવાની મનાઈ ફરમાવી છે અને ફરમાવ્યું છે કે આ રીતે કહેવું જોઈએ: "અલ્લાહ તને બરકતો આપે અને અલ્લાહ તારી હિફાઝત ફરમાવે".

આ વસ્તુઓથી જાણ થાય છે કે ઇસ્લામે નાનામાં નાની વસ્તુના આદાબ અને રીતભાત બતાવી છે જે દુનિયામાં બીજા કોઈ મઝહબમાં નથી. એક હદીસમાં નબી સ.અ.વ. ફરમાવે છે કે: ઇમાનના લગભગ ૭૦ જેવા ભાગ છે તેમાંથી સૌથી બહેતરીન અલ્લાહની તૌહીદની ગવાહી આપવી, અને સૌથી નાની વસ્તુ છે કે લોકો માટે રસ્તામાંથી રૂકાવટને દૂર કરવી.

આજે અફસોસ સાથે કહેવું પડે છે કે જે સૌથી બહેતર રસ્તો ઇસ્લામનો છે તેને છોડીને વેસ્ટર્નના કલ્ચરને અપનાવીને લોકો ફખર કરે છે.

હિકમત ૩૫૫

દૌલતનો દેખાવ

ઇમામ અલી અ.સ. તરફથી એક નિયુક્ત અધિકારીએ મોટી ઇમારત બનાવી ત્યારે ઇમામ અ.સ. ફરમાવ્યું: "ચાંદીના સિક્કાએ માથું બહાર કાઢ્યું છે અને બેશક આ ઇમારત દર્શાવે છે કે તમે માલદાર છો."

ઇમામ અલી અ.સ. જરૂરત કરતાં વધારે મોટા ઘર માટે વારંવાર તેમના સાથે કામ કરવાવાળા કે ગવર્નરોને મનાઈ કરતા યા સબક

આપતા. નહ્જુલ બલાગાહ ખુત્બા ૨૦૯માં ઇમામ અ.સ. ઓલા ઇબ્ને ઝિયાદ હમદાની જ્યારે બીમાર થયા ત્યારે તેમની ખબર પૂછવા ગયા. ત્યારે ઇમામની નજર મોટા ઘર ઉપર પડી ત્યારે ફરમાવ્યું કે: "આટલું મોટું ઘરનું શું કરો છો જ્યારે કે તમને આ દુનિયા કરતાં વધારે આખેરતમાં ઘરની જરૂર છે."

પછી ઇમામે રસ્તો બતાવ્યો કે આ મોટું ઘર આખેરત માટે મુશ્કેલીનું કારણ કેવી રીતે નહીં બને. ફરમાવ્યું કે: "જો આ મોટા ઘર થકી આખેરતમાં કામયાબ થવા ચાહે છે તો ઘરમાં જરૂરતમંદ મહેમાનને ઉતારો આપો, તેમનો ખયાલ રાખો, સિલારહેમ કરો, શરીયતના હકો અદા કરો તો આ ઘર તમારા માટે

આખેરતમાં કામયાબીનું કારણ બનશે.”

ઇમામ અ.સ. ફરમાવ્યું કે ચાંદીના સિક્કા માથું બહાર કાઢ્યું છે એટલે કે પહેલા લોકોને ખબર ન હતી કે તું આટલો મોટો પૈસાવાળો છે, તું સાદી જિંદગી જીવતો હતો. જ્યારે આ મોટું ઘર તૈયાર કર્યું તો લોકોને જાણ થઈ કે ઘણો પૈસો ભેગો કર્યો છે. શું એ બહેતર ન હતું કે એક સાદું અને જરૂરત જેટલું મકાન બનાવ્યું હોત? હવે આ મકાન બતાવે છે કે તું મોટો અમીર છે. જો તું સરકારી કર્મચારી છે તો બતાવ કે તારા પગાર કરતાં વધારે દૌલત ક્યાંથી આવી? આ બધા જ સવાલો ઊભા તો થશે.

ઇસ્લામમાં એક સારું અને સગવડવાળા ઘરની મનાઈ નથી બલ્કે હદીસની કિતાબોમાં ભાર આપવામાં આવ્યો છે. કિતાબ વસાઇલુશ્શિઆમાં નબી સ.અ.વ.ની હદીસ છે કે: "મુસલમાન માટે મોટું ઘર હોવું એ ખુશનસીબી છે."

ઇમામ મુસા કાઝિમ અ.સ.થી કોઈએ પૂછ્યું કે માણસની ખુશનસીબી દુનિયામાં શું છે તો ઇમામે ફરમાવ્યું: "મોટું મકાન હોય અને વધારે લોકો પ્યારો મોહબ્બત કરતા હોય."

આવી હદીસો શું ઉપર બયાન કરેલી ઇમામ અલી અ.સ.ની હદીસના વિરુદ્ધ છે યા ટકરાય છે? જવાબ છે કે નહિ.

ઇમામ અલી અ.સ.ના બયાન કરવાનો મકસદ એ છે કે એકદમ મોટું ઘર જેનાથી ફાયદો ન ઉઠાવવામાં આવે, બીજાઓ માટે કામ ન આવે, એનો કોઈ મતલબ નથી. અને જેનાથી પોતે અને બીજા લોકોને કામ આવે એવું ઘર બેશક કામયાબીનું કારણ બને છે.

હિકમત ૩૫૬

રોઝી પહોંચવી

ઇમામ અલી અ.સ.થી કોઈએ પૂછ્યું કે માણસને એક રૂમમાં બંધ કરીને દરવાજા બંધ કરી દેવામાં આવે તો તેની રોઝી તેના સુધી કેવી રીતે પહોંચશે? ઇમામ અલી અ.સ. જવાબ આપ્યો: જે જગ્યાએથી મોત પહોંચી શકે.

ઇમામ અલી અ.સ. અહીંયા એવા સખત સવાલનો જવાબ સરળ શબ્દોમાં આપ્યો છે કે સવાલ કરનારને તેની કલ્પના પણ નહીં હોય, અને ઇમામ જ આવો જવાબ આપી શકે છે.

ઇમામે બે શબ્દોમાં બતાવી દીધું કે જે રીતે મોત ગમે તેવા બંધ રૂમમાં હોય કે પાણીના અંદર હોય, જમીનમાં હોય કે પહાડોની ટોચ પર હોય, જ્યારે તેનો મોતનો નક્કી સમય આવી જાય છે તો કોઈ પ્રકારની રૂકાવટો તેને રોકી શકતી નથી. તે જ પ્રમાણે જેની જેટલી રોઝી અલ્લાહ તરફથી નક્કી છે તેને મળીને રહેશે. રોઝી પહોંચાડવું બંદાનું કામ નથી બલ્કે અલ્લાહનું કામ છે. અસહાબ-એ-

કહફ વરસોથી સૂઈ રહ્યા છે તેમની રોઝી ખુદા પહોંચાડે છે. જ. મરયમને ભૂખ લાગી, એક સૂકા ખજૂરના ઝાડમાંથી ખજૂરો આવી ગઈ, તેમના માટે મેહરાબ-એ-ઇબાદતમાં જન્નતથી ફળ આવ્યા. જ. યુનુસ નબી અ.સ. મછલીના પેટમાં ચાલીસ દિવસ-રાત સફર કરી, તેમની રોઝી ખુદાએ ત્યાં પહોંચાડી.

રિઝક-ઓ-રોઝી આપનાર હકીકતમાં અલ્લાહની ઝાત છે, બાકી બંદા તો વસીલા છે.

જો અલ્લાહ તરફથી જિંદગી હોય તો ભલે કોઈ જેલમાં બંધ હોય કે ગુફામાં બંધ હોય, રોઝી પહોંચીને રહેશે. ઘણી વખત ધરતીકંપ વખતે દેખાય છે કે કેટલાય દિવસ પછી

કાટમાળમાં દબાયેલા હોવા છતાં જીવતા હોય છે.

હવે સવાલ એ છે કે જો અલ્લાહ તરફથી રોઝી મળતી હોય તો પછી કામ કરવાની શી જરૂરત? રાત-દિવસ દોડવું, દુનિયા ભરની વ્યાધિ કરવાની શું જરૂરત છે? આવા સવાલ જરૂર ઊભા થતા હશે.

આ સવાલોના જવાબ એકદમ સરળ અને આસાન છે. સૌથી પહેલા રિઝક વિષે વાત કરીએ. રિઝક યા રોઝી બે પ્રકારની છે: એક જે મળીને રહેશે, મહેનત કરો કે ન કરો તે તો મળવાની જ છે, જે બાળક માઁના પેટમાં છે તેના સુધી પહોંચી જાય છે. અને બીજો પ્રકાર જે રોઝી અમુક શરતો સાથે મળશે.

જો મહેનત કરશો તો મળશે, ઘરેથી બહાર કમાવવા જશો તો મળશે અને જો આળસ કરશો તો નહીં મળે. હદીસ છે કે: "જો કોઈ ઘરમાં જ બેઠો બેઠો દુઆ કરે કે અય અલ્લાહ મને રોઝી આપ તો આવી દુઆ કબૂલ નહીં થાય. તેને કહેવામાં આવશે કે: શું તને કામ કરવાનો હુકમ આપવામાં નથી આવ્યો?"

સૂરએ હૂદ આયત ૬માં આ વિષે પણ બયાન થયું છે.

આ હિકમત અને આ પ્રકારની હદીસોથી સમજાય છે કે માણસની રોઝી નક્કી છે. કોશિશ કરવું બંદાનું કામ છે અને રોઝી માટે એટલા લાલચુ ન બનવું જોઈએ કે રોઝી આપનારને જ ભૂલી જઈએ.

હિકમત ૩૫૭

પુરસો

ઇમામ અલી અ.સ. એક કૌમને તેમના કોઈ મરનાર પર પુરસો પેશ કરતાં ફરમાવ્યું: આ મોતના સિલસિલાની શરૂઆત ન તો તમારાથી થઈ છે અને ન તો તેનો અંત તમારાથી થશે. આ તમારો સાથી પહેલા પણ સફરમાં જતો હતો. એમ સમજો કે હમણા પણ તે સફરમાં ગયો છે. જો આવી ગયો તો સારું, જો ન આવ્યો તો તમને તેના પાસે પહોંચવાનું છે.

ઇમામ અલી અ.સ. એ રીતે લોકોને પુરસો પેશ કરેલ છે કે જો કોઈના સામે ઇમામ અ.સ.નો આ કલામ પેશ કરવામાં આવે તો સુકૂન મળી જશે. આ માણસ દુનિયાથી

જવાવાળો પહેલો નથી બલ્કે તેના પહેલા કેટલાય હતા જેમણે મોત આવી ચૂકી છે. એટલે આગલા લોકોમાંથી બાપ-દાદા, સગાંવહાલાં કોઈ નથી જીવતું રહ્યું, અને આ કુદરતનો કાનૂન છે જે દુનિયામાં આવ્યો છે તે એક દિવસ જવાનો છે. મોત એક સફર છે જ્યાં દરેકને જવાનું છે. એવી સફર છે જે બુલંદ મરતબા સુધી પહોંચાડે છે. જો નેક આમાલ હશે તો તે સફર જન્નત સુધી હશે જ્યાં મોમિનો ભેગા થશે, એકબીજાથી મુલાકાત કરશે. આ રીતે ઇમામે પુરસો આપીને લોકોના ગમને ઠંડો કર્યો અને આખેરતની તૈયારી માટે શિખામણ આપી.

આ દુનિયા મુસીબતોનું ઘર છે, ખાસ કરીને મોટી ઉંમરના લોકોને

વધારે તકલીફો-બીમારીઓ ઘેરી લે છે જેમાં બીમારી, ગમ, નાપસંદ વસ્તુઓ વગેરે. આવી મુસીબતમાં એવું ન બને કે અલ્લાહનો નાશુક્ર કરીને ખુદા વિષે ખોટા શબ્દો ઝબાનથી નીકળી જાય. ઇસ્લામ આવા સમયે સૌથી પહેલા પોતાને પુરસો આપવા માટે ફરમાવ્યું કે કહોઃ "ઇન્ના લીલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજેઊન"(ખરેખર અમે અલ્લાહ માટે છીએ અને ખરેખર અમે તેની તરફ જ પાછા ફરનારા છીએ). આ કહેવાથી આરામ અને સુકૂનનો એહસાસ થાય છે કે આ કાનૂન દરેક માટે છે અને દરેકને એક દિવસ ખુદા તરફ પાછા જવાનું છે, કોઈ વહેલાં તો કોઈ મોડા.

મુસીબત તો કોઈને કોઈ આવતી અને જતી રહેશે.

હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "જ્યારે કોઈ મુસલમાન મુસીબતમાં "ઇન્ના લીલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજેઊન"કહે છે તો તેનો દરજ્જો બુલંદ કરે છે અને જે વસ્તુ તેના પાસેથી ચાલી ગઈ છે તેનો અજર આપશે."

ઉમ્મે સલમા ર.અ. નબી સ.અ.વ.ની પત્ની કહે છે કે આ હકીકત મારી જિંદગીમાં બની છે. મારો શૌહર અબુ સલમા ર.અ. જે એક નેક અને શરીફ માણસ હતો, તેમના મરવા પછી નબી સ.અ.વ.ના બતાવ્યા મુજબ "ઇન્ના લીલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજેઊન"વધારે કહેતી. પરંતુ મને વિચાર આવતો કે

શું અબુ સલમા કરતાં પણ સારો કોઈ મારી જિંદગીમાં આવી શકે? અમુક સમયમાં જ નબી સ.અ.વ.ની પત્ની બનવાનો શરફ હાસલ થયો.

મુસીબત અને તકલીફમાં એકબીજાને સારા શબ્દોમાં દિલસોજી પાઠવવાથી દિલના ગમને રાહત મળે છે.

હિકમત ૩૫૮

નેઅમતો અને બલા

અય લોકો! અલ્લાહ તમને નેઅમત વખતે ડરમાં જોવા ચાહે છે જે રીતે તમને બલા વખતે ડરમાં જુએ છે. અલ્લાહે જેને ઘણી દૌલત આપી હોય અને તેને અઝાબ આવવા પહેલા બલા ન સમજે તે મોટા ડરથી પોતાને અમાનમાં સમજ્યો છે, (તેના વિરુદ્ધ) કે કોઈ તંગી અને

ગરીબીમાં જીવતો હોય અને તેને ઇમ્તેહાન ન સમજે તો તેને જે સવાબ અને અજર મળવાનો હતો તેને બરબાદ કર્યો છે.

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં એ વાત તરફ લોકોનું ધ્યાન ખેરયું છે જેનાથી લોકો અજાણ છે. ઇમામ ખાસ બતાવવા ચાહે છે કે તમામ નેઅમતો ખુશીનું કારણ નથી હોતી બલ્કે નેઅમતના લિબાસમાં બલા હોય છે, અને દરેક બલા અઝાબનું કારણ નથી હોતી બલ્કે તે બલાના લિબાસમાં નેઅમત હોય છે.

ઇમામ ફરમાવે છે: "અય લોકો! અલ્લાહ તમને નેઅમત વખતે ડરમાં જોવા ચાહે છે જે રીતે તમને બલા વખતે ડરમાં જુએ છે. જેને અલ્લાહે

ઘણી દૌલત આપી હોય અને તેને અઝાબ આવવા પહેલા બલા ન સમજે તે મોટા ડરથી પોતાને અમાનમાં સમજ્યો છે.”મોટા બાદશાહો ફીરઔન, નમરૂદ, હામાન, શદ્દાદ હોય કે આજના ઝાલિમ હાકિમો હોય, પાવર, દૌલત, હુકુમત જ્યારે હાથમાં આવે છે તો સમજે છે કે મોટી નેઅમત હતી, અને જ્યારે અચાનક ન ધારેલી મુસીબત આવે છે તો ત્યારે કોઈ વસ્તુ સમજાતી નથી કે હવે શું કરશું.

કુરઆન મજીદ સૂરએ અનઆમ આયત ૪૪માં આવા અઝાબ વિષે ફરમાવે છે: “જ્યારે તે નસીહતને ભુલાવી દીધી જે અમે કરી હતી તો અમે તેમના ઉપર દરેક (નેઅમતના)

દરવાજા ખોલી આપ્યા, ત્યારે તેઓ આ નેઅમતો પર ઘણા ખુશ થઈ રહ્યા હતા, ત્યારે અમે તેમને અચાનક પકડી લીધા (અઝાબ મોકલ્યો) પછી તેઓ માયુસ થઈ ગયા.”

આ આયત એ અઝાબ તરફ ઇશારો કરે છે જે ખુશહાલી પછી આવે છે અને માણસ ગફલતના લીધે નાઉમ્મીદ બની જાય છે.

ઇમામ અલી અ.સ. ચેતવી રહ્યા છે કે ધ્યાન રાખજો કે નેઅમતોનું વધારે હોવું અઝાબનું કારણ ન બની જાય. જો માલો-દૌલત આવવાથી અલ્લાહની નાફરમાની થવા લાગે તો ત્યારે ડરવું જોઈએ, અને અલ્લાહના અઝાબનો ડર હંમેશા હોવો જોઈએ જેથી

નાફરમાનીથી પોતાને બચાવે. હંમેશા અલ્લાહની બારગાહમાં મોહતાજીનો એહસાસ કરવો, પોતાના નેક અમલને ઓછા સમજવું અને તેના પર ઘમંડ ન કરવો.

બીજી વસ્તુ ઇમામે આ હિકમતમાં મુસીબત અને બલામાં ઘેરાયેલાઓ માટે તસલ્લી આપેલી છે જેથી ઝબાનથી નાશુક્રીના શબ્દો ન બોલે, ખોટો કકળાટ ન કરે, અને યાદ રાખવું જોઈએ કે ઘણી વખત મુશ્કેલીઓ ઇમ્તેહાન રૂપે હોય છે જેથી બુલંદ દરજ્જા સુધી પહોંચી શકે. જરૂરી છે કે બલા-મુસીબતમાં સબર કરે, અને અલ્લાહ પાસેથી તેનો બદલો ચાહે.

બીજું કે ઇમામ ફરમાવે છે કે હંમેશા અલ્લાહનો ખૌફ અને અલ્લાહથી ઉમ્મીદ રાખવી જોઈએ.

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "અલ્લાહે જ. મૂસા અ.સ.ને ફરમાવ્યું કે જ્યારે તમારા પાસે ગરીબી આવે તો કહો કે મુબારક થાય, અલ્લાહના નેક બંદાઓની આજ રીત છે, અને જ્યારે તમારા પાસે માલદારી આવે તો કહો, એવું તો નથીને કે કોઈ ગુનાહના લીધે અઝાબ જલ્દી આવવાનો છે."

ટૂંકમાં જાણીએ કે ઇન્સાનને ન તો પોતાની વધારે નેઅમતો પર ઘમંડ કરવાની જરૂરત છે, અને ન તો બલા-મુસીબત પર કકળાટ કરીને અજરને બરબાદ કરવો

જોઈએ. જો સબર કરશો તો જરૂર સવાબ મળશે.

હિકમત ૩૫૯

નફ્સના ગુલામ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય દુનિયાની લાલચના કૈદીઓ! હવે બસ કરો, કેમકે જે લોકોએ આ દુનિયાથી દિલ લગાવી લીધું છે તેઓને સખત હાદસાના દાંતોના અવાજ (બલા-મુસીબતો) સિવાય બીજું કંઈ ડરાવતું નથી. અય લોકો! પોતાના નફ્સની ઇસ્લાહ કરો, અને તેને (ખરાબ) આદતોથી દૂર કરો."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુઓ તરફ ઇશારો કર્યો છે. પહેલી વસ્તુ દુનિયાના પૂજારીઓને ફરમાવે છે કે: "અય

દુનિયાની લાલચના અસીર (કૈદી) બસ કરો.''ઇમામ અ.સ. દુનિયાના લાલચુઓ વિષે ''અસીર''એટલે કૈદી જેને જકડી લેવામાં આવ્યો હોય, શબ્દ વાપર્યો છે કેમ કે જ્યારે કોઈ દુનિયાનો લાલચુ બની જાય તે એક કૈદી જેવો બની જાય છે. પછી તેને જ્યાં ખેંચીને લઈ જવામાં આવે ત્યાં જતો હોય છે. પોતાના મનથી કૈદી કોઈ જગ્યા નથી જઈ શકતો, તે પ્રમાણે દુનિયાનો લાલચુ પોતાના ઈરાદાથી કાંઈ નથી કરી શકતો, લાલચ દોરીને લઈ જાય છે, એટલે તેના વિચાર તેની ચિંતા ફક્ત માલ ભેગો કરવાની હોય છે.

અસીર (કૈદી) એટલે જે કૈદી હોય તેને લોકો ઝિલ્લતની નજરોથી જુએ છે. દુનિયાના લાલચુ એવા

અસીર છે જેની કોઈ કિંમત નથી હોતી અને લોકો ઝિલ્લતની નજરથી જુએ છે, તેની કોઈ કિંમત નથી હોતી. તેઓને ઇમામ કહે છે કે હવે તો બસ કરો, ઘણી લાલચમાં ડૂબી ગયા.

ઇમામ અ.સ. આગળ દુનિયાની ઝીલ્લતની દલીલ રૂપે ફરમાવે છે કે: "જે લોકો આ દુનિયાથી દિલ લગાવી લીધું છે તેઓ સખત હાદસાના દાંતોના અવાજ સિવાય બીજા કોઈ તરફ ધ્યાન નથી હોતું."ઇમામ અ.સ. આ વાક્યમાં સખત હાદસાનો અર્થ ફાડી ખાનાર જાનવર લીધો છે. જ્યારે તેઓ શિકાર કરે તેના પહેલા ફક્ત દાંતોનો અવાજ આવતો હોય છે. ઇમામ ફરમાવે છે કે જ્યારે

ખતરનાક મુસીબતો અને બનાવ બને છે ત્યારે ફાડી ખાનાર જાનવરના દાંતના જેમ જ અવાજ આવે છે, તે સિવાય બીજું કાંઈ નથી દેખાતું અને પછી તે હુમલો કરે અને માણસ જાગે ત્યાર સુધી તો તેનું કામ પૂરું થઈ ગયું હોય છે. દુનિયાની લાલચમાં પડેલા માણસો જેમની નઝર ફક્ત પૈસો-પૈસો હોય છે, તેઓ રગબેરંગી દુનિયામાં વાસના અને હવસના કૈદી હોય છે. તેમને જો કોઈ નસીહત કરે તો તે પણ અસર નથી થતી. તેઓ ત્યારે જાગે છે જ્યારે મોટી બલા-આફત આવે, મોત ના મોઢા સુધી આવી જાય ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે.

અલ્લામા શુસ્તરી નકલ કરે છે કે: હારૂન રશીદનો કર્મચારી મસરૂર જે જલ્લાદ હતો, એક વખત અય્યાશીની મેહફિલમાં બેઠો હતો અને ગાવાવાળી ગાયન અને અશઆર ગાઈ રહી હતી. તેમાંથી એક શેઅર પઢ્યો જેનો અર્થ આ મુજબ હતો: "જો અચાનક આવનારી રાતોની આફતોથી મને બચાવી લે તો હું કિંમતી ઈનામથી તને નવાઝીશ," ત્યારે જ હારૂનનો કર્મચારી મસરૂર જે જલ્લાદ હતો તે મેહફિલમાં આવે છે અને જાફરે બરમકીને કહે છે કે: "બાદશાહ હારૂને તારું સર કલમ કરીને લાવવાનું કહેલ છે," તરત જ જાફરે બરમકી મસરૂરના કદમોમાં માથું રાખી લે છે અને કહે છે: "મને

કત્લ ન કર, થોડીક મોહલત આપ યા મને જીવતો હારૂન પાસે લઈ જા", પરંતુ જલ્લાદ તેનું માથું કાપીને હારૂન પાસે લઈ જાય છે.

આ છે દુનિયામાં ડૂબાયેલાઓની હાલત. જ્યારે મોતનો હુમલો થાય છે તો ફાડી ખાનાર જાનવર કરતાં પણ ખતરનાક હોય છે.

બીજી વસ્તુ ઇમામ અ.સ. આ હિકમતમાં ફરમાવે છે કે: "અય લોકો! પોતાના નફ્સની ઇસ્લાહ કરો, અને તેને (ખરાબ) આદતોથી દૂર કરો."ઇમામ ખાસ બતાવે છે કે બીજાઓની તરબિયત કરવા પહેલા પોતાને સુધારવું જોઈએ. જ્યાં સુધી પોતે ઇસ્લાહ નહીં કરે તેની વાતોનો અસર નહીં રહે, અને નફ્સ બુરાઈ તરફ જલ્દી જતું હોય છે તો જો

તેને નહીં રોકવામાં આવે તો બુરાઈઓ તરફ લઈ જશે, ખરાબ આદતો આવી જશે. તેથી જરૂરી છે કે નફ્સ જ્યાં ખેંચીને લઈ જાય ત્યાં જવા કરતા તેના ઉપર વિચાર કરવામાં આવે. જો અલ્લાહ-રસૂલના હુકમ તરફ આગળ વધે તો જરૂર ત્યાં જવું જોઈએ, નહીં તો નફ્સ એ દુશ્મન છે જે હલાકત તરફ લઈ જાય છે.

હિકમત ૩૬૦

બદગુમાની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કોઈના મોઢામાંથી નીકળેલી વાતમાં જ્યાં સુધી સારો મતલબ નીકળતો હોય ત્યાં સુધી તેનો ખરાબ મતલબ ન નિકાળો."

એક સારા સમાજની નિશાની છે કે એકબીજા પર ભરોસો કરવામાં આવે. જો કોઈ વાત કરે અને તેની વાતથી જ્યાં સુધી સારો અર્થ નીકળતો હોય ત્યાં સુધી સારો અર્થ સમજવો જોઈએ, નહીં તો ફિતના અને ફસાદ ઊભા થશે.

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બયાન ફરમાવે છે કે એક બોલના ઘણા અર્થ થતા હોય છે, એક વાતના ઘણા મતલબ નીકળતા હોય છે. તેમાં સારો અને પોઝિટિવ અર્થ સમજવો જોઈએ અને જો સારા અને ખરાબ બંને અર્થ એક જ બોલથી નીકળતા હોય તો પણ સારો અર્થ લેવો જોઈએ, જેથી બદગુમાની, ફિતના અને ફસાદથી બચી શકાય, અને આપસમાં પ્યાર-મોહબ્બતમાં

વધારો થાય, ઇખ્તેલાફથી સમાજ બચી જાય અને બરકતો નાઝીલ થાય.

જેઓ બદગુમાની કરે છે તેઓ દરેકને શકની નજરથી જુએ છે, ડર અને ખૌફમાં રહે છે અને બેચૈન અને ખોટી વ્યાધિમાં રહેતા હોય છે.

એક બીજી હદીસ કાફીમાં છે કે: "તમારા મોમિન ભાઈની વાતને સારી વાત ગણો જ્યાં સુધી તેના વિરુદ્ધ મજબૂત અને પાકી દલીલ ન મળી જાય, અને તમારા ભાઈની વાતને ખોટા અર્થમાં ન લો જ્યાં સુધી સારો અર્થ નીકળતો હોય."

ઇમામ કાઝિમ અ.સ. ફરમાવે છે: જ્યારે રાવી ઇમામ અ.સ. પાસે આવીને કહે છે કે: "મૌલા આપ ઉપર મારી જાન કુરબાન થાય!

ક્યારેક મારા સુધી કોઈ મોમિનની વાત એવી પહોંચે છે કે જેનાથી મને ખરાબ લાગે છે પરંતુ જ્યારે તેને આ વિષે પૂછું છું તો તે ઇન્કાર કરે છે કે હું તો આવું કાંઈ નથી બોલ્યો, જ્યારે કે આ વાત મને ભરોસાપાત્ર માણસે બતાવી છે,''

ઇમામ અ.સ. ફરમાવ્યું કે: ''તમારા મુસલમાન ભાઈની સામે તમારી આંખ અને કાનથી જુઠલાવો, અને જો પચાસ માણસ તારા પાસે આવે અને કસમ ખાઈને કહે પરંતુ તે માણસ બીજું કહે તો તેની વાતને કબૂલ કરો, અને આ ગવાહોને જુઠલાવો.''

આ હદીસથી સમજાય છે કે બદગુમાની ઇસ્લામમાં કેટલી સખતી સાથે મનાઈ કરવામાં આવે છે. એનો

અર્થ એ પણ નથી કે કોઈ આપણા વિરુદ્ધ કોઈ ષડયંત્ર (સાઝીશ) રચે અને આપણે બતાવનારાઓને જુઠલાવતા રહીએ, અથવા આપણી ઔલાદ યા સમાજમાં કોઈ બુરાઈ વિષે કોઈ કહે અને આપણે ચૂપચાપ સૂતા રહીએ. ના, જ્યાં સુધી બને સંજોગને જોઈને તેની ખરાબી વિષે જુઠલાવતા તો રહે પરંતુ તેની ખરાબી વિષે તપાસ પણ કરે. જો એમ નહીં કરે તો ખરાબી વધવાનો ડર છે. જો કોઈ કહે કે તમારી ઔલાદ દારૂના રવાડે ચડે છે તો તેના વિષે તપાસ પણ જરૂરી છે.

કુરઆન મજીદ અને હદીસોમાં કોઈ પ્રત્યે બદગુમાની અને ખોટું વિચારવાની મનાઈ કરવામાં આવેલ છે.

જો લોકો બદગુમાનીથી પરહેઝ કરે તો ઘણા રિશ્તા બચી જાય અને સગાંવહાલાં મોહબ્બત અને સુકૂન સાથે જીવી શકે.

હિકમત ૩૬૧

દુઆ કરવાની રીત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જ્યારે અલ્લાહથી કોઈ હાજત તલબ કરો તો પહેલા હ. રસૂલે ખુદા સ.અ.વ. પર દુરૂદ મોકલો અને પછી હાજત માંગો, કેમકે અલ્લાહના કરમ અને મહેરબાનીથી બનવાજોગ નથી કે તેની પાસે બે હાજતો માંગવામાં આવે તો તેમાંથી એક તો પૂરી કરે અને બીજી પૂરી ન કરે."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં દુઆ કબૂલ થવાની રીત બતાવી રહ્યા છે કે સૌથી પહેલા

નબી સ.અ.વ. પર દુરુદ મોકલવામાં આવે અને પછી દુઆ માંગવામાં આવે. તેનું કારણ પણ સમજાવ્યું કે જ્યારે નબી સ.અ.વ. પર દુરુદ મોકલવામાં આવે તો તેને અલ્લાહ જરૂર કબૂલ કરે છે, તેની સાથે હાજત તલબ કરીએ તો તે પણ તેની સાથે કબૂલ થાય છે. ખુદાની ઝાત સખી, કરીમ અને મોટી મહેરબાન છે, જો એક દુઆ (દુરુદ મોકલવું પણ એક મોટી દુઆ છે)ને કબૂલ કરે તો બીજાને પણ જરૂર કબૂલ કરે છે.

તો સવાલ ઊભો થાય છે કે શું એવું બની શકે કે અલ્લાહ એક દુઆને (દુરુદ મોકલવું પણ એક મોટી દુઆ છે) કબૂલ કરે અને બીજા (હાજત)ને કબૂલ ન કરે?

આ સવાલના આલિમો ઘણા જવાબો આપ્યા છે, પરંતુ આસાન શબ્દોમાં બયાન કરું કે અલ્લાહ દરેકની દુઆ કબૂલ તો કરે જ છે, પરંતુ તેની રીત અલગ અલગ હોય છે. કોઈની દુઆ જે માંગ્યું તે મળી ગયું અને આ રીતે દુઆ કબૂલ થઈ ગઈ. અને અમુકની દુઆ જે માંગ્યું તે આપવામાં મસ્લહત ન હતી તો તે ન આપ્યું, પરંતુ તેની દુઆ અહીંયા પણ અલ્લાહ કબૂલ કરીને આ દુનિયામાં યા આખેરતમાં તેના બદલામાં સારો અજર આપે છે. આ રીતે પણ દુઆ કબૂલ થાય છે. તેથી જે માંગ્યું તે ન મળે તો નાઉમ્મીદ ન થવું જોઈએ. અલ્લાહ તેના બદલામાં દુનિયામાં કોઈ સારી વસ્તુ આપે છે અથવા કોઈ મોટી આફત-બલાથી

બચાવે છે, અને જો દુનિયામાં કોઈ બદલો ન આપે તો આખેરતમાં જ્યારે નેકીની ઘણી જરૂરત હશે ત્યારે આપે છે.

સવાલ છે કે શા માટે મુહમ્મદ અને આલે મુહમ્મદ અ.સ. પર દુરુદ મોકલવામાં આવે? શું તેમને દુરુદની જરૂરત છે કે પછી દુરુદ મોકલવાથી તેમના દરજ્જામાં બુલંદી આવે છે? એકદમ બુલંદ દરજ્જા પર તો છે તો શું હજુ પણ તેમને જરૂરત છે બુલંદ દરજ્જાની?

આના વિષે આલિમો ઘણું બધું લખ્યું છે, પરંતુ ટૂંકમાં બયાન કરીશ કે અમુક લોકો કહે છે કે હમણાં જે દરજ્જો છે તે સૌથી મોટો અને મહાન દરજ્જો છે તેનાથી મોટો દરજ્જો ન હોય શકે, પરંતુ આવું

વિચારવાવાળા બરાબર નથી, કેમ કે અલ્લાહના નજીક થવાનો દરજ્જો લામેહદુદ છે જેની કોઈ હદ નથી. આ વસ્તુ અમુક દુઆઓના વાક્યોથી સમજાય છે.

ઇમામ અલી અ.સ. જુમ્આના ખુત્બામાં ફરમાવતા તેમાં છે કે:

اللّهمَّ صَلِّ على محمَّد عَبدِكَ وَرَسولِكَ

”ونَبِيِّكَ صلاةً نامِيةً زاكِيةً تَرفَعُ بها دَرَجَتَه

“અય અલ્લાહ! મુહમ્મદ સ.અ.વ. પર દુરુદ મોકલ જે તારા બંદા અને તારા રસૂલ અને તારા નબી છે, એવી સલવાત થાય જે વધવાવાળી, પાકીઝા અને તેના થકી તેમનો દરજ્જો બુલંદ થતો રહે.”

આમાં ઇમામ અ.સ. બુલંદ દરજ્જા માટે દુઆ કરે છે. એનો અર્થ એ છે કે બુલંદ દરજ્જાનો સિલસિલો ખતમ નથી થતો.

ઇમામ સજ્જાદ અ.સ. એક દુઆમાં ફરમાવે છે કે: "તેમના દરજ્જાને મારા સલામ અને દુરુદ થકી બુલંદ કર... "

અહીંયા પણ ઇમામ બુલંદ દરજ્જાની વાત કરી રહ્યા છે.

નબી સ.અ.વ.નો બુલંદ દરજ્જો એટલો બુલંદ છે કે ત્યાં સુધી કોઈ નથી પહોંચી શકતું. અગર હજુ પણ જો બુલંદ દરજ્જો વધતો હોય તો તે ફક્ત તેઓ માટે છે, લોકો તો તેમના સુધી પહોંચવાનો વિચાર પણ ન કરી શકે.

નબી સ.અ.વ. ફરમાવે છે: "મને દુઆની શરૂઆતમાં, વચમાં અને છેલ્લે રાખવામાં આવે."એટલે શરૂઆતમાં, વચમાં અને છેલ્લે મુહમ્મદ અને આલે મુહમ્મદ અ.સ. પર દુરુદ મોકલવાથી દુઆ કબૂલ થાય છે.

હિકમત ૩૬૨

ખોટી બહેસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેને પોતાની ઇઝઝત વ્હાલી હોય તે ખોટી બહેસ તથા લડાઈ-ઝઘડાથી દૂર રહે."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં ઇઝઝત સાચવવાનો બેહતરીન તરીકો બતાવે છે કે જેને પોતાની ઇઝઝત કે માન વ્હાલું હોય તેમને વાતચીતમાં ખોટી બહેસ

કરવાથી બચવું જોઈએ. જે માણસ દલીલોથી કે અક્કલની વાતો માનવા તૈયાર ન હોય તો આવા ઝિદ્દી માણસથી વાતવિવાદ કે લડાઈ-ઝઘડા કરવાની જરૂરત નથી. બલ્કે કુરઆન મજીદમાં સૂરએ ફુરકાનમાં છે કે: "જ્યારે જાહિલ તમારાથી વાતવિવાદ કરે તો સલામ કહીને આગળ નીકળી જાવ."જાહિલ હોય કે ઝિદ્દી, યા ખોટી વાતમાં વાતવિવાદ અને બહેસ કરે તો તેવા માણસને મોઢે ન લગાવો. તેવા લોકો પોતાની ખોટી વાત કબૂલ કરાવવા માટે બીજાની બેઇઝ્ઝતી કરવા લાગે છે, તેથી ઇમામે ફરમાવ્યું કે તેમનાથી બહેસ કરવી એટલે બેઇઝ્ઝતી કરવા માટે પોતાને હલાકતમાં નાખવું છે. ભલાઈ

એમાં જ છે કે આવા ઝિદ્દી લોકોથી પોતાને દૂર રાખે.

જે લોકો ફક્ત ખોટી બહેસ અને લડાઈ-ઝઘડા કરતા ફરે છે તેઓ માટે ઇમામ અલી અ.સ. હિક્મત ૩૧માં ફરમાવે છે કે: "તેઓ પોતાની જિંદગીને શકના અંધારામાંથી નથી કાઢી શકતો."કેમ કે તે હંમેશા એ ફિકરમાં હોય છે કે સામેવાળાને હરાવી દઉં, ચાહે પોતે હક પર હોય કે બાતિલ પર. પોતાની વાતને સાચી કરવા માટે સામેવાળાની સાચી દલીલો પણ કબૂલ નથી કરતો અને લડાઈ-ઝઘડા માટે તૈયાર હોય છે.

ઝિદ્દી અને ખોટી બહેસ કરનારને હદીસમાં મોમિનોના દિલને

બીમાર કરનાર અને નિફાકને વધારનાર કહેવામાં આવે છે.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે કે ૬ પ્રકારના લોકોથી બહેસ ન કરો: "ફકીહ, રઈસ (કૌમનો મોટો, નેતા યા...), નીચ, બદ-ઝબાન, સ્ત્રી, બાળક (ફકીહ અને રઈસ સામે દલીલ નહીં લાવી શકો, બાકીના ચાર લોકો સામે ઝલીલ થઈ જશો)"(ગરરુલ હેકમ હદીસ ૧૧૦૪૭).

અંતમાં નબી સ.અ.વ.ની હદીસને બયાન કરું છું: ત્યાં સુધી કોઈ ઇમાનની મઝા નથી ચાખી શકતો જ્યાં સુધી લડાઈ-ઝઘડાથી પરહેઝ ન કરે, ભલે પછી તે હક પર જ કેમ ન હોય.

હિકમત ૩૬૩

સમય

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સમય આવવા પહેલા કામ માટે ઉતાવળ કરવી અને સમય આવી ગયા પછી કામમાં આળસ કરવી આ બંને મૂર્ખતા અને નાદાની છે."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુઓને મૂર્ખ અને નાદાનીની નિશાની બતાવી છે. પહેલું કે જે કામ કરવું શક્ય ન હોય, તેનો સમય ન આવ્યો હોય, તો તે કામ કરવામાં ઉતાવળ કરવી, જેમ કે દ્રાક્ષનો પાક લેવાનો સમય ન આવ્યો હોય અને તેના માટે ઉતાવળ કરવી નાદાની છે.

બીજું કે કામ કરવાનો સમય આવી ગયો હોય અને તે કામ ન

કરે, તેમાં આળસ કરે અને તે સમય હાથથી નીકળી જાય તો આ પણ નાદાની અને મૂર્ખતા છે.

હોશિયાર માણસ એ છે કે જે કામનો સમય આવે તેનો ઇન્તિઝાર કરે અને સમય પર કામ અંજામ આપે, અને જો સમય આવી ગયો હોય તો ત્યારે તે કામને કરવામાં આળસ ન કરે અને સમયને બરબાદ ન કરે.

હદીસોમાં ઉતાવળ કરવી અને સમયસર કામ અંજામ ન આપવું બંનેથી રોકવામાં આવ્યા છે. હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "કોઈ પણ કામમાં ઉતાવળ કરવી હલાકત છે અને આરામથી (સોચી સમજીને) કામ કરવામાં હલાકત નથી."

ઇમામ અલી અ.સ. બિહારુલ અનવારમાં ફરમાવે છે: "જે માણસ ચાર વસ્તુથી દૂર રહેશે તે કોઈ દિવસ અકસ્માતનો શિકાર નહીં બને."મૌલા તે ચાર વસ્તુ કઈ છે? ઇમામે ફરમાવ્યું: "ઉતાવળ, જીદ, ખુદપસંદી (ઘમંડ) અને આળસ."

હદીસોમાં જ્યાં ઉતાવળ કરવાની મનાઈ કરવામાં આવી છે, ત્યાં જ અમુક હદીસોમાં ઉતાવળ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે, જે જગ્યા નેકી અને સારા કામ માટે હોય ત્યાં ઉતાવળનો હુકમ છે. ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે: "જે કોઈ નેકી કરવાનો ઈરાદો કરે તો તેમાં ઉતાવળ કરવી જોઈએ, જો ઉતાવળ નહીં કરો તો શૈતાન વસવસો કરીને તે કામથી દૂર કરી દેશે."

આ હદીસોમાં એકબીજાથી કોઈ વિરોધ નથી, બલ્કે જે કામનો સમય હજુ ન આવ્યો હોય તેમાં જલ્દી ન કરે અને જે કામ કરવાનો સમય આવી ગયો હોય તેમાં આળસ ન કરે. જો સમય પહેલા કામ કરવામાં આવે અને સમયસર કામને ન કરવામાં આવે તો પછતાવાનું કારણ બને છે.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે કે: "જે સમયનો સમયસર ઉપયોગ નથી કરતો તેના પાસેથી તે સમય ચાલ્યો જશે."

ઘણી વખત નાનકડું કામ હોય પરંતુ તેના સમય અને સંજોગોમાં કરવામાં આવે તો તે મહાન બની જાય છે.

હિકમત ૩૬૪

નકામા સવાલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “જે વસ્તુ નથી થવાની તેના વિષે સવાલ ન કરો કેમકે જે છે તે જ તમારા વ્યસ્ત રહેવા માટે પૂરતું છે.”

આ હિકમતમાં ઇમામ અ.સ. નકામા સવાલ અને નકામી વાતો કરનારાઓ તરફ ઇશારો ફરમાવે છે કે જે થવાનું નથી યા જેની હમણાં જરૂરત જ નથી તેમાં તમારો સમય ન બગાડો, તેના વિષે ખોટા ખોટા સવાલો ઊભા ન કરો. બીજું કે હમણાં જે ઝમાનામાં રહો છો તેના વિષે શું ઓછા સવાલો છે? એટલે તમને હમણાં જે વસ્તુ જાણવી જરૂરી છે તેના તરફ ધ્યાન આપો, તે સવાલો પૂછો.

ઇમામ અ.સ. સવાલ કરવાથી રોકી નથી રહ્યા બલ્કે સવાલ કરવું તો હદીસોમાં તાકીદ છે. હદીસમાં છે કે: "ઇલ્મ એક જગ્યાએ બંધ છે પરંતુ સવાલ કરવો તેની ચાવી છે."અને દીન યા દુનિયાની જિંદગી વિષે સવાલ કરવામાં શરમાવવું પાગલપન ગણવામાં આવે છે. અને કોઈ નકામા સવાલ કરે જેમ કે મૌલા અલી અ.સ.ને અશઅશ ઇબ્ન કૈસે પૂછ્યું કે: "બતાવો મારા માથામાં કેટલા વાળ છે?"આવા સવાલના જવાબથી કોઈનો ફાયદો નથી થતો અને સમય વેડફાઈ જાય છે.

સારા સવાલ કરવામાં આવે તો તેના માટે હદીસમાં છે કે: "સવાલ કરવો અડધું ઇલ્મ છે."

એક બીજી હદીસમાં છે કે નબી સ.અ.વ. ફરમાવે છે કે: "સવાલ કરનાર પર અલ્લાહ રહેમ કરે, તેમાં ચાર લોકોને અજર મળે છે: સવાલ કરનાર, જવાબ આપનાર, સાંભળનાર અને જે તેમનાથી મોહબ્બત કરે."

જો સવાલ કોઈને બેઇઝ્ઝતી કરવા માટે હોય તો તેવા સવાલથી રોકવામાં આવેલ છે. અલ્લાહની ઝાત વિષે સવાલ કરવાથી રોકવામાં આવેલ છે. જે સવાલનો જવાબ આપી શકે તેનાથી સવાલ કરવો જોઈએ.

જે વસ્તુ વિષે ન જાણતા હોય તેનો સવાલ કરવાથી ઇલ્મમાં વધારો થાય છે અને જ્યાં સવાલ કરવો

જોઈએ ત્યાં ન પૂછવાથી પૂરી જિંદગી જેહાલતમાં પસાર થાય છે.

હિક્મત ૩૬૫

સારી આદતો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "વિચાર એક સાફ અરીસો છે. ઇબ્રતનાક ઘટનાઓ, ડરાવનાર અને નસીહત કરનાર છે, પોતાને સુધારવા માટે એટલું જ કાફી છે કે જે વસ્તુઓ બીજાઓ માટે ખરાબ સમજતા હોય તેનાથી બચીને રહો."

ઇમામ અલી અ.સ. આ હિક્મતમાં ૩ વસ્તુઓ બતાવી છે.

પહેલું કે કોઈ પણ કામ પહેલા વિચાર કરવો અરીસાના જેમ છે. જ્યારે કોઈ વસ્તુને સાફ અને ચોખ્ખા અરીસા સામે રાખવામાં આવે તો તે જેવી વસ્તુ હશે તેવી દેખાશે,

જો તેમાં દાગ હશે તો દાગ અને સાફ હશે તો સાફ દેખાશે. એ જ પ્રમાણે જ્યારે કોઈ માણસ કામ કરવા પહેલા વિચાર કરે તો તેણે લાભ કે ખોટ, સારું કે નરસું વગેરે સાફ સાફ દેખાશે. પરંતુ તેમાં પણ શરત છે કે જો પોતાના નફ્સની ઈચ્છાઓ, યા તઅસ્સુબ જેવી બલાઓમાં ઘેરાયેલો ન હોય અને કોઈની આંધળી તકલીદ પણ ન કરતો હોય.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જો તમારા કામોને (ચારો તરફ) વિચાર કરીને શરૂઆત કરશો તો અંતમાં તમારા બધા કામો સારી રીતે પૂરા થશે."

બીજી હદીસમાં ઇમામ ફરમાવે છે: "કે સરખી રીતે વિચાર કરનાર કોઈ દિવસ પછતાતો નથી,"

ઇમામ અ.સ. બીજા વાક્યમાં ઇબરત વિષે ફરમાવ્યું છે, જે બનાવો જિંદગીમાં બનતા હોય છે તે તેમાં ખુશખબરી અને ડર બંને પ્રકારની શિખામણ હોય છે.

જે કોઈ સારા વિચારથી ફાયદો મેળવે અને જમાનાના ઉતારચડાવથી ઇબરત હાસલ કરે અને તેનાથી સબક હાસલ કરે તો જરૂર આવો માણસ સિરાતે મુસ્તકીમ પર બાકી રહીને અલ્લાહની ખુશી હાસલ કરે છે.

સારો વિચાર કરવો અને ઇબરત હાસલ કરવાની ઘણી તાકીદ કરવામાં આવી છે અને તેના વિષે

કુરઆન મજીદમાં ઘણી આયતો મૌજુદ છે જેથી લોકોની સારી તરબિયત થઈ શકે. સૂરએ આઅરાફ આયત ૧૭૬માં અલ્લાહ ફરમાવે છે કે: "લોકોને કિસ્સાઓ સંભળાવો જેથી વિચાર કરે (જાગૃત બને)."

ત્રીજી વસ્તુ ઇમામ અ.સ. આ હિકમતમાં ફરમાવે છે કે: પોતાની ઝાતને અદબ શીખવવા માટે એટલું જ બસ છે કે જે વસ્તુઓ બીજાઓ માટે ખરાબ સમજતા હોય તેનાથી બચીને રહો.

કોઈ માણસ ત્યાં સુધી કામયાબી મેળવી શકતો નથી જ્યાં સુધી પોતાની ભૂલોને ન સુધારે, પરંતુ પોતાની ભૂલોને ઓળખવું જ ઘણું અઘરું છે કેમ કે ઘણા તો પોતાની ભૂલોને ભૂલ સમજતા જ નથી અને

બીજો કોઈ કહે તો માનવા માટે તૈયાર થતા નથી, અને અમુક તો પોતાની ઝાતથી મોહબ્બતમાં તેનાથી પણ ખતરનાક બની જાય છે કે જે તેમનામાં ભૂલ હોય છે તેને ખૂબી અને સારી વસ્તુ સમજવા લાગે છે, ગુનાહ કરવાને સારો અમલ ગણે છે.

ઇમામ અ.સ. એ માપદંડ બતાવ્યો છે કે જે બીજાની વસ્તુઓ, ખરાબ સિફ્તો તમને પસંદ ન આવે તો તેનાથી પોતે બચો તો તમારી ઇસ્લાહ થઈ જશે.

મશહૂર છે કે જ. લુકમાન હકિમ ર.અ.ને પૂછ્યું કે: "તમે અદબ કોના પાસેથી શીખ્યા?"જવાબમાં ફરમાવ્યું કે: "બેઅદબોથી, કે તેઓ જે કામો કરતા તે મને પસંદ ન આવતા અને હું તે વસ્તુઓ છોડતો ગયો."

ઇમામ અ.સ. આ સારી વસ્તુઓ થકી મહાન બનાવી રહ્યા છે, સારા કામોને અપનાવો, અમલ કરો અને મહાન બની જાવ.

હિકમત ૩૬૬

ઇલ્મ અને અમલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઇલ્મ અમલની સાથે હોય છે જેના પાસે ઇલ્મ હોય છે તે અમલ કરતો હોય છે, ઇલ્મ અમલને બોલાવે છે જો જવાબ આપવામાં આવ્યો તો ઇલ્મ બાકી રહે છે નહીં તો ઇલ્મ ચાલ્યું જાય છે."

ઇલ્મ હકીકતમાં કુરઆે દીન અને જિંદગીના અખ્લાકી મસાઇલનું નામ છે જેથી તેના પર અમલ કરીને એક કામિલ ઇન્સાન બની શકાય. ઇલ્મની સાથે અમલ હોય તો જ તે

ઇલ્મ ફાયદાકારક છે, જો અમલ ન હોય તો તેવા માણસને હદીસમાં જાહિલ ગણવામાં આવે છે. ઇમામ અલી અ.સ. નહ્જુલ બલાગાહના ખુત્બા નં. ૧૧૦માં ફરમાવે છે: "ઇલ્મ વગરનો આલિમ એ મૂંઝાયેલા જાહિલ જેવો છે જે પોતાના જેહાલતથી જાગતો નથી, તેના વિરુદ્ધ દલીલ વધારે છે તે હંમેશા અફ્સોસ કરતો હોય છે, અલ્લાહના ત્યાં તે ધૂતકારેલો છે."

ઇલ્મના પણ દરજ્જા છે. જે ફક્ત જાહેરી ઇલ્મ રાખતો હોય તેના પર બની શકે અમલ ન કરે, પરંતુ જેના પાસે ઇલ્મ યકીનની મંઝિલ પર હોય તો તેના પર અમલ જરૂરી છે. જેવી રીતે જો કોઈને ખબર હોય કે ઝેરવાળો ખોરાક છે તો તેને

મોઢામાં નહીં નાખે કેમ કે તેને યકીન છે. અને જો કોઈને યકીન હોય કે તેને કોઈ કામથી લાભ થવાનો છે તો તે કામ અંજામ આપશે. આ રીતને દીનના કામોમાં પણ અંજામ આપવું જોઈએ. જ્યાં અજરોસવાબ છે તેને અંજામ આપે અને જ્યાં ગુનાહ અને સજા છે તેને તર્ક કરે.

ઇમામ અલી અ.સ. હિકમત ૯૨માં ફરમાવે છે: "ઇલ્મનો મામૂલી દરજ્જો એ છે કે જે ફક્ત જીભ સુધી હોય અને ઇલ્મનો બુલંદ દરજ્જો એ છે કે જે અમલ રૂપે હાથ-પગથી જાહેર થાય છે."

જે વસ્તુ જાણતા હોય તેના પર અમલ કરવાથી દિલ નૂરાની બને છે. દાખલા તરીકે, વાજીબાતને

અંજામ દેવા જોઈએ તેની જાણકારી છે અને તેના પર અમલ કરવાથી રૂહ અને દિલ પર સારો અસર થાય છે અને નુરાની બને છે. અમલ કરવાનો ફાયદો એ થાય છે કે જે વસ્તુની જાણકારી નથી, અલ્લાહ તેની પણ જાણકારી અતા કરે છે. હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "જે માણસ જેટલું જાણે છે તેના પર જો અમલ કરે તો અલ્લાહ જે નથી જાણતો તે શીખવી દેશે."

ઇલ્મ અને અમલ બંને સાથે હોય તો કામયાબી મળે છે, ફક્ત ઇલ્મ હોય અને અમલ ન હોય તો તે જાહિલથી વિશેષ નથી.

હિકમત ૩૬૭

દુનિયા તલબીની મઝમ્મત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અય લોકો! દુનિયાનો માલ સૂકી ઝેરી ઘાસ જેવો છે, જે તબાહી લાવે છે, માટે તેનાથી દૂર રહો. દુનિયામાં ન રોકાવું અને ન રહેવું ત્યાં રહેવા કરતાં વધારે ફાયદાકારક છે, તેમાંથી જરૂરત પુરતું મેળવવું માલો-દૌલત ભેગો કરવા કરતાં વધારે બહેતર છે. જે વધારે દુનિયાદારીમાં લાગેલો રહે છે તે મોહતાજ હોય છે, અને જે દુનિયાથી દિલ નથી લગાવતો (બેનિયાઝી ઇખ્તિયાર કરે) તે આરામથી હોય છે. જેને દુનિયાની ચમક-દમક નવાઇ પમાડે છે તેનું દિલ આંધળું બની જાય છે, અને જે દુનિયાનો આશિક બની જાય છે તે

અંદરથી ગમગીન રહે છે, અને તે ગમ હંમેશા તેના દિલ ઉપર છવાયેલો રહે છે, અને હંમેશ માટે તે સખત ગમમાં રહેશે, અને તે ગમ અને દુ:ખ ઉદાસ બનાવી દે છે.

મોમિન આ દુનિયાને ઇબ્રતની નજરથી જુએ છે, તેની વસ્તુઓને જરૂરત જેટલી જ વાપરે છે, તેની ખૂબસૂરત અવાજથી નફરત કરે છે. જો કોઈ વિષે કહેવામાં આવે કે ફલાણો માણસ મોટો અમીર છે (અમુક સમય પછી) કહેવાય છે કે તે બરબાદ અને મોહતાજ થઈ ગયો. જયારે લોકો આ દુનિયામાં રહેવા બદલ ખુશ થાય છે કે (થોડાક સમય પછી) મોતના સમાચાર તેમને ગમગીન કરી નાખે છે. આ તેમની દુનિયાની હાલત છે, હજુ તો તે

દિવસ કે લોકો ગમગીન અને માયુસ થશે નથી આવ્યો.

ઇમામ અલી અ.સ. આ કલામમાં દુનિયા વિષે બે ભાગ કર્યા છે, પહેલા ભાગમાં દુનિયાના સાત મોટી ખરાબ સિફતો બયાન ફરમાવી છે:

૧. "અય લોકો! દુનિયાનો માલ સૂકી ઝેરી ઘાસ જેવો છે, જે તબાહી લાવે છે, જેથી તેનાથી દૂર રહો."ઇમામ અ.સ. આ દુનિયાને સડેલા ઘાસનો ભૂંસો જો જાનવરોને ખવરાવવામાં આવે તો જાનવર ખાઈને બીમાર પડે અને મરી જાય તેના જેવી કહે છે, પછી ચેતવે છે કે આવી ખતરનાક જગ્યાથી બચીને રહો, જો નહીં બચો તો આ દુનિયા ખતમ કરી દેશે.

૨. અને ૩. "દુનિયામાં ન રોકાવું અને ન રહેવું ત્યાં રહેવા કરતાં વધારે ફાયદાકારક છે, જેમાંથી જરૂરત જેટલું લેવું દૌલત અને માલ કરતાં વધારે બહેતર છે."એટલે આ દુનિયાથી દિલ ન લગાવે તેના ઉપર ભરોસો ન કરે, ફક્ત જરૂરત જેટલું જ તેમાંથી હાસલ કરો અને તેમાં પણ હલાલ-હરામનું ધ્યાન રાખ્યા વગર ફાયદો ન મેળવો. જ્યારે કોઈ દુનિયાથી દિલ નહીં લગાવે તો તેને હસદ કરનારના હસદની, દુશ્મનોના દુશ્મનીની પણ કોઈ પરવાહ નહીં હોય.

૪. અને ૫. દુનિયાની સિફતોમાંથી છે કે: "જે વધારે દુનિયાદારીમાં લાગેલો રહે છે તે

મોહતાજ હોય છે, અને જે તેનાથી બેનિયાઝી ઇખ્તિયાર કરે તે આરામમાં હોય છે.''તેની દલીલ સાફ્સાફ છે કે જે દુનિયાદાર હોય છે તે માલ ભેગો કરવામાં જ લાગેલો હોય છે, તેના માટે માલને બીજા માટે ખર્ચ કરવું ભારે પડે છે અને તે કંજૂસ બની જાય છે. આવા માણસોનું લાલચુ હોવાના લીધે કોઇ દિવસ પેટ નથી ભરાતું, એટલે આવા લોકો હંમેશા ફકીર અને મોહતાજીની જિંદગી ગુજારે છે.

એક વખત જ. બહલોલ હારૂન રશીદ પાસે આવીને એક ખોટો સિક્કો આપ્યો. હારૂને જોઈને ગુસ્સામાં કહેવા લાગ્યો કે: ''આ શું છે?''બહેલોલે કહ્યું કે: ''મેં માનતા માની હતી કે જે સૌથી વધારે

ફકીર હશે તેને આ સિક્કો આપીશ અને મને તારાથી મોટો કોઈ ફકીર ન દેખાયો.”એનો અર્થ કે તે આખેરતમાં બહુ જ મોહતાજ હશે, એક એક નેકીનો મોહતાજ હશે.

ઇમામ જાફર સાદિક અ.સ. પોતાના જદની વાતને આ રીતે ફરમાવે છે કે: “જે માણસ એવી હાલતમાં સવાર-સાંજ કરે કે તેની બધી ચિંતા ફક્ત દુનિયા માટે હોય તો અલ્લાહ તેને ફકીર બનાવી દેશે...”

૬. અને ૭. “જેની નઝરમાં દુનિયાનો માલ-સામાન નવાઈ પમાડે તેનું દિલ આંધળું બની જાય છે, અને જે દુનિયાનો આશિક બની જાય છે તે અંદરથી ગમગીન રહે છે, અને તે ગમ હંમેશા તેના દિલ

ઉપર છવાયેલો રહે છે, અને હમેશ માટે તે સખત ગમમાં રહેશે, અને તે ગમ અને દુખ તેને ઉદાસ બનાવી દે છે.”ઇમામ અ.સ. રંગબેરંગી દુનિયાની મોહજાળમાં ફસાયેલ માટે ફરમાવે છે કે આ દુનિયાની મોહમાયા દિલને આંધળું બનાવી દે છે. તેનાથી દિલ લગાવવાથી ગમ અને અફસોસ મળે છે કેમ કે જ્યારે દુનિયાની કોઈ વસ્તુ જોયા પછી તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરે અને તે વસ્તુ ન મળે તો તે ગમગીન બની જાય છે અને તે ગમના લીધે ખતરનાક હાલત સુધી પહોંચી જાય છે અને અંતમાં દુનિયાની મોહબ્બતમાં દુનિયાથી રૂખસત થઈ જાય છે. અને જો દુનિયા મળી જાય તો હસદ કરનારાઓનો હસદ પીછો

નહીં છોડે, ચોર અને ડાકુઓની નઝર હંમેશા લાગેલી રહેશે, કરજ માંગનારાઓની લાઈન લાગેલી હશે અને જ્યારે તે રકમ પાછી નહીં આપે તો દિલ દુખાશે અને ગમમાં વધારો થશે, અને હંમેશા દિલ ઉપર ગમ છવાયેલ હશે.

દુનિયાની મોહબ્બતમાં એટલું ડૂબાઈ જવું કે તેના લીધે વાજીબાતની પરવાહ ન હોય, હરામનો કોઈ ખયાલ ન આવે, સગાંવહાલાંના હકો અદા ન થાય અને દીનના એહકામ પર અમલ કરવો મઝાક લાગવા લાગે તો સમજી જવું કે આ દુનિયાની મોહબ્બત બરબાદ કરી રહી છે.

ઇમામ અલી અ.સ. નહ્જુલ બલાગાહ ખુત્બા ૧૦૯માં ફરમાવે છે:

“જે માણસ કોઈથી મોહબ્બત કરે છે તો તે આંધળો બની જાય છે અને તેનું દિલ બીમાર થઈ જાય છે.”

દુનિયાની મોહબ્બત તમામ બુરાઈઓનું મૂળ છે. ઇતિહાસમાં કરબલાનો બનાવ બન્યો જેમાં ઇમામ હુસૈન અ.સ. અને તેમના સાથીઓને શહીદ કરવામાં આવ્યા. કરબલામાં યઝીદ અને ઇબ્ન ઝિયાદ લાનતી તરફથી ઉમર ઇબ્ન સઅદ, જે ઓળખતો હતો કે ઇમામ હુસૈન અ.સ.ની કેટલી મોટી ફઝીલત છે, તે છતાં ઇમામ અ.સ.ને શહીદ કરવા કરબલા આવ્યો. તેનું એક કારણ દુનિયાની મોહબ્બત જે શહેરે રેયની હુકુમતની સુરતમાં દિલમાં હતી, તે હંમેશ માટે દોઝખી બની ગયો.

મોમિન હંમેશા આ દુનિયાથી ઇબરત હાસલ કરે છે, અને ચેતવીને જિંદગી જીવે છે. આ દુનિયા હંમેશ માટે નથી. હમણાં જો કોઈની ખુશીના સમાચાર મળે છે તો અમુક સમય પછી તેના માટે દુખ ભર્યા સમાચાર આવી જાય છે, અથવા હમણાં જો કોઈ વિષે દુખના સમાચાર આવી જાય તો અમુક સમય પછી તેના માટે ખુશીના સમાચાર આવી જાય છે. તો આ દુનિયા પર ભરોસો ન કરવો અને આ દુનિયાની જિંદગી જલ્દી પસાર થવાવાળી છે, અંતમાં કબર સુધી પહોંચાડી દે છે.

હિકમત ૩૬૮

સવાબ અને અઝાબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહે પોતાની ઇતાઅત પર

સવાબ અને નાફરમાની પર સજા એટલા માટે રાખી છે કે પોતાના બંદાઓને અઝાબથી દૂર રાખે અને જન્નત તરફ મોકલાવે.”

ઇમામ અ.સ. આ હિકમતમાં સવાબ અને અઝાબ વિષે ફરમાવે છે કે જે અલ્લાહની પેરવી કરે તેને સવાબ આપે અને જે નાફરમાની કરે તેને સજા મળે. સૌથી પહેલા એ વસ્તુ જાણવી જરૂરી છે કે અલ્લાહ તરફથી બંદાઓને જે હુકમ આપવામાં આવ્યા છે યા જે વસ્તુઓથી રોકવામાં આવ્યા છે તેમાં બંદાની જ ભલાઈ હોય છે અને તે બંદાઓ ઉપર અલ્લાહ તરફથી ખાસ રહેમત છે, બંદો હિકમત ન સમજવાના લીધે અલ્લાહના હુકમની પાબંદી નથી કરતો.

આ પણ અલ્લાહની રહેમત છે કે જે હુકમની પાબંદી કરે તેને ઇનામ રૂપે અજર આપે છે અને તે બદલો દુનિયાની દરેક વસ્તુ કરતાં બહેતર છે, જે અલ્લાહ તરફથી ખાસ લુત્ફ અને મહેરબાની છે.

જો ઊંડાણથી વિચાર કરીએ તો જાણ થશે કે અલ્લાહના હુકમ મુજબ બંદો અમલ કરે તો તેનો હક નથી કે અલ્લાહ તેને સવાબ રૂપે બદલો આપે, બલ્કે આ સવાબ અને અજર અલ્લાહનો ફઝલ છે.

એક હદીસમાં નબી સ.અ.વ. ફરમાવે છે કે: "કોઈ માણસ ફક્ત અમલના લીધે જન્નતમાં દાખલ નહીં થાય."કોઈએ પૂછ્યું કે: "શું તમે પણ?"તો આપે ફરમાવ્યું કે: "હાં, હું પણ, સિવાય કે અલ્લાહની

રહેમત મારા સાથે ન હોય.''આ હદીસના નીચે લખેલું છે કે નબી સ.અ.વ. પોતાનો હાથ માથા પર રાખ્યો અને ઉપરનું વાક્ય બયાન કર્યું કે જ્યાં સુધી અલ્લાહની રહેમત સાથે ન હોય, એટલે કે આ હુકમમાં હું પણ શામિલ છું.

અલ્લાહના ત્યાં કોઈ કેટલાય અમલ કરે તો તેના થકી તે જન્નતમાં નહીં જઈ શકે બલ્કે અલ્લાહ પોતાની રહેમત અને મહેરબાનીના લીધે જન્નતમાં મોકલશે.

જરૂરી છે કે અલ્લાહના હુકમની પાબંદી કરવા સાથે વધુમાં વધુ અલ્લાહની રહેમતની આશા રાખવામાં આવે.

હિકમત ૩૬૯

એક ઝમાનો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો ઉપર એક એવો ઝમાનો આવશે કે ફકત કુરઆનનું લખાણ અને ઇસ્લામના નામ સિવાય કંઈ બાકી નહીં હોય, તે ઝમાનામાં મસ્જિદો મજબૂત અને સારી બનાવેલી હશે પરંતુ હિદાયતથી ખાલી હશે, તે મસ્જિદમાં આવનારા અને તેને આબાદ કરનારા ઝમીન ઉપર સૌથી ખરાબ લોકો હશે, તેઓ ફિતના-ફસાદ કરનારા અને ગુનાહોમાં ડૂબેલા હશે, અને તે ઝમાનામાં જે ફિતનાથી દૂર રહેવા ચાહશે તેને બળજબરીથી ફિતનામાં ઘસડવામાં આવશે, અને જે કદમ

પાછા લેશે તેને ફિતનામાં ધકેલવામાં આવશે.

અલ્લાહ ફરમાવે છે: મને મારી ઝાતની કસમ છે કે તેઓ પર એવો ફિતનો મોકલીશ કે ધીરજવાન માણસ પણ મૂંઝવણમાં પડી જશે, અને તે એમ કર્યું પણ છે.

અમે અલ્લાહ પાસે અમારી બેદરકારીની ભૂલોને દૂર કરવાની દુઆ કરીએ છીએ.

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં ઉમ્મતની હાલતને બયાન ફરમાવી રહ્યા છે કે કુરાન અને ઇસ્લામ તો હશે પરંતુ ફક્ત નામનું કુરાન અને નામનો ઇસ્લામ હશે. કુરાન સજાવેલું ઘરોમાં તો હશે પરંતુ તેના ઉપર કોઈ અમલ કરનાર નહીં હોય. નામ તો મુસલમાનનું હશે પરંતુ

ઇસ્લામની તાલીમ જેવી કોઈ વસ્તુ લોકોમાં નહીં દેખાય. દેખાવ મુસલમાન હશે પરંતુ ઇસ્લામ જેવું તેઓમાં કોઈ વસ્તુ નહીં હોય.

મસ્જિદો આલીશાન હશે પરંતુ તેમાં જેવી લોકોને હિદાયત મળવી જોઈએ યા હિદાયત માટે સેન્ટર હોવું જોઈએ તે નહીં હોય. તેની જગ્યાએ મસ્જિદને સાચવવાવાળા, તેમાં આવનારા જ પોતાના સ્વાર્થ માટે ફિતના-ફસાદ કરશે, નાની નાની વાતમાં લડાઈ-ઝઘડા થશે.

આગળ ઇમામ ફરમાવે છે કે ફક્ત એ લોકો પોતાના ફિતના-ફસાદથી સંતોષ નહીં પામે બલ્કે જે શરીફ અને ચૂપચાપ રહેવાવાળો હશે તેને પણ ફિતનામાં ખેંચી લાવશે.

છેલ્લે ઇમામ ફરમાવે છે કે ખુદા પોતાની કસમ ખાઈને ફરમાવે છે કે આવા સમયે જ્યારે ફિતના વધી જશે તો ફિતનાને અઝાબ રીતે મોકલશે અને જે હોશિયાર અને અક્કલમંદ ફિતનાને દૂર કરવાની કોશિશ કરતા ન હતા તેઓ પણ હૈરાન અને પરેશાન હશે.

તે ફિતનો કોઈ પણ રીતે આવી શકે છે, કુદરતી આફત રીતે હોય જેમ કે ધરતીકંપ, તોફાન વગેરે, યા બીમારી, ઝાલિમ હાકિમ, ઘર કે સમાજમાં પ્રોબ્લેમ વગેરેના રૂપમાં હોય.

છેલ્લે અલ્લાહની કસમને બયાન કરીને ઇમામે ફરમાવ્યું છે કે તે ઝમાનો આવશે અને આવા બનાવો બનશે. આજના ઝમાના તરફ નજર

કરીએ તો દેખાશે કે યહૂદીઓના ફિતના વધી ગયા છે, મુસલમાન હાકિમો તેમના ગુલામ બની ગયા છે અને મુસલમાન હૈરાન અને પરેશાન ભટકી રહ્યા છે. ત્યારે ગફલતમાંથી જાગવાની જરૂરત છે. ત્યારે શું કરવું તેના માટે ફરમાવે છે: ગુનાહોને છોડીને પોતાની ભૂલો પર પછતાવો કરો એટલે તૌબા કરવી જોઈએ.

આ ઝમાનો ઇમામ-એ-મહેંદી અજ.ના ઝહુર પહેલા હશે અને લોકો માટે ઇમાન બચાવવું બહુ જ મુશ્કિલ હશે. દુઆ કરવામાં આવે કે સલામતી સાથે ઇમાન છેલ્લે સુધી બાકી રહે.

હિકમત ૩૭૦

તકવા અને પરહેઝગારી

(જ્યારે ઇમામ અ.સ. મિમ્બર પર ખુત્બો પઢતા તો બહુ જ ઓછું એવું બનતું કે આ શબ્દો ન ફરમાવતા હોય.)

“અય લોકો! અલ્લાહથી ડરો, કેમકે કોઈને નકામા પૈદા કરવામાં નથી આવ્યા કે ખેલકૂદમાં વ્યસ્ત રહે, અને ન તો તેને તેની હાલત પર છોડી દેવામાં આવ્યા છે કે નકામા કામ કરે,

અને આ દુનિયા જે તેની સામે શણગારવામાં આવી છે તે આખેરતનો બદલો નથી થઈ શકતો (ભલે પછી તે) આખેરતને ખરાબ નજરથી જોવાના કારણે (પોતાના મગજમાં) બદસુરત બનાવી દીધી છે,

તે છેતરાયેલો માણસ જે દુનિયામાં ઘણી કોશિશ કરીને મોટી કામયાબી મેળવી લે તે ક્યારેય તેના જેવો નથી થઈ શકતો જે પોતાની કોશિશથી આખેરતનો થોડોક હિસ્સો મેળવ્યો હોય.''

ઇમામ અલી અ.સ.એ આ હિકમતમાં અમુક વસ્તુઓ તરફ ધ્યાન ખેચ્યું છે અને તેમાં પણ સૌથી પહેલી વાત કે ઇમામ અ.સ.નો આ કલામ લગભગ બધા જ ખુત્બામાં ઇમામ અ.સ. બયાન ફરમાવતા હતા, તેથી જાણ થાય છે કે કેટલી અહમ વાત હશે જેને ઇમામ અ.સ. વારંવાર બયાન ફરમાવે છે.

ઇમામ પહેલી વસ્તુ બયાન કરે છે: ''અય લોકો! અલ્લાહથી ડરો, કેમ કે કોઈને નકામા પૈદા કરવામાં

નથી આવ્યા કે ખેલકૂદમાં વ્યસ્ત રહે, અને ન તો તેને તેની હાલત પર છોડી દેવામાં આવ્યા છે કે નકામા કામ કરે,"અલ્લાહે આ મોટી દુનિયામાં નાનામાં નાની અને મોટામાં મોટી વસ્તુને નકામી નથી બનાવી, તો ઇન્સાન જે અશરફુલ મખ્લૂક છે તેને કેવી રીતે નકામો બનાવ્યો હશે? ઇન્સાનને પૈદા કરવાનો એક મકસદ છે, ખેલકૂદ યા નકામા કામો કરવા માટે નથી પૈદા કર્યા. ઇન્સાનના પૈદા કરવાનો મકસદ અલ્લાહ તરફ પહોંચવું જેથી હંમેશા માટે કામયાબી હાસલ કરે, જે નબીઓ અને ઇમામોના રસ્તા ઉપર ચાલીને અલ્લાહના નજીક પહોંચે છે.

ફિલોસોફરોને જ્યારે પૂછવામાં આવે કે આંખનો શું મકસદ છે?

ઝબાનનો શું મકસદ છે? એ જ પ્રમાણે બધી વસ્તુઓ વિષે પૂછવામાં આવે તો ફિલોસોફર દરેકના મકસદ બતાવે છે, અહીંયા સુધી કે નાનામાં નાની વસ્તુનો પણ મકસદ બયાન કરે છે. દરેક વસ્તુનો ફિલોસોફર સારી રીતે જવાબ આપતા હોય છે, પરંતુ જ્યારે તેમને ઇન્સાનનો મકસદ પૂછવામાં આવે તો તેમના પાસે જવાબ નથી હોતો, પરંતુ જે ઇલાહી ફિલોસોફર છે તેમના પાસે બહેતરીન જવાબ છે જે ઉપર બયાન કરવામાં આવ્યો કે અલ્લાહ તરફ પહોંચવું તે ઇન્સાનના પૈદા કરવાનો મકસદ છે. એટલે ઇન્સાન અલ્લાહની મિલકીયત છે તેને નકામા અને ખેલકૂદમાં પસાર ન કરવી જોઈએ.

બીજા વાક્યમાં ઇમામ અ.સ. ફરમાવે છે: "આ દુનિયા જે તેની સામે શણગારવામાં આવી છે તે આખેરતનો બદલો નથી થઈ શકતી જેને આખેરતને ખરાબ નજરથી જોઈને બદસુરત બનાવી છે,"ખરાબ નફ્સ બહુ જ મોટી બલા છે જે માણસની જોવાની રીતને એટલું ખરાબ બનાવે છે કે સુંદરને કદરૂપું અને ખરાબને સારું બનાવીને સામે રાખે છે. જેના વિષે કુરઆન મજીદમાં સૂરએ અનકબૂત આયત ૩૮માં ખુદા ફરમાવે છે કે: "શૈતાને તેમના અમલને સજાવીને પેશ કર્યા છે,"એક બીજી જગ્યાએ સૂરએ બકરા આયત ૨૦૨માં ફરમાવે છે કે: "કાફિરોની નજરમાં દુનિયાની જિંદગી સજાવીને પેશ કરવામાં

આવી છે.”તો જેની નઝરમાં દુનિયા શોભીતિ હશે તેના માટે તો આખેરત બદસુરત જ રહેવાની છે. આ તે લોકો છે જે શૈતાનના વસવસામાં ઘેરાયેલા છે.

ત્રીજી વસ્તુ ઇમામે જે ફરમાવ્યું છે કે: “તે (દુનિયાની મોહબ્બતમાં) છેતરાયેલો માણસ જે દુનિયામાં ઘણી કોશિશ કરીને મોટી કામયાબી મેળવી હોય તે ક્યારેય તેના જેવો નથી થઈ શકતો જે પોતાની કોશિશથી આખેરતનો થોડોક હિસ્સો મેળવ્યો હોય.”ઇમામ અ.સ. આ કલામમાં બયાન કરે છે કે જે માણસ પોતાની રાત-દિવસની મહેનત અને કોશિશ કરીને દુનિયાની દરેક વસ્તુ એટલે માલ-દૌલત, ઓહદો, બાદશાહત, શાનો-

શૌકત વગેરે પ્રાપ્ત કરીને એમ સમજતો હોય કે ઘણું મેળવી લીધું, તો આખેરત માટે થોડી ઘણી મહેનત કરીને જે થોડી કામયાબી મળી છે તેના સામે દુનિયાની આ વસ્તુઓની કોઈ એહમિયત નથી.

ખરેખર તે માણસ પોતાને છેતરી રહ્યો છે જે રંગબેરંગી દુનિયાને મેળવવા માટે કોશિશ તો કરે છે પરંતુ આખેરતને ભુલાવી દે છે.

હિકમત ૩૭૧

સારી સિફતો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઇસ્લામથી મોટી કોઇ ફઝીલત નથી, તકવાથી કિંમતી કોઇ ઇઝઝત નથી, વરઅથી (શકની જગ્યાથી પણ બચવું) વધારે કોઇ પનાહ અને હિફાઝતની જગ્યા નથી, તૌબાથી

વધીને નજાત આપનાર કોઈની સિફારીશ નથી, સંતોષથી વધીને કોઈ ખઝાનો મોહતાજીને દૂર કરનાર નથી, જરૂરત જેટલાં માલ પર રાજી રહેવા કરતાં વધું કોઈ ગરીબીને દૂર કરનાર નથી, જે જરૂરત પૂરતા પર સંતોષ માણે છે તે આરામથી રહે છે, તેમજ તેને આરામ અને સુકૂન મળી જાય છે.

જ્યારે કે દુનિયાદારી મુસીબતો અને તકલીફોની ચાવી તથા થાક અને કઠણાઈની સવારી છે. લાલચ, ઘમંડ અને ઇર્ષા ગુનાહો કરવાના સાધનો છે અને બુરાઈ, તમામ ખરાબીઓનો સંગ્રહ (મજમુઓ) છે.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં સાત અખ્લાકી ફઝીલત

અને ત્રણ અખ્લાકી બુરાઈનો ઉલ્લેખ કર્યો છે.

સૌથી પહેલા: "ઇસ્લામથી મોટી કોઈ ફઝીલત નથી."

ઇમામ અ.સ. સાફ કરી નાખ્યું કે માલ, હુકુમત, તાકત, કૌમ કે કુટુંબમાં ઇઝઝત નથી જેને આજના દુનિયાદાર લોકો સમજે છે, જ્યારે કે તે તમામ વસ્તુ ફના થઈ જશે. સાચી ફઝીલત તો સાચા મુસલમાન હોવામાં છે. મુસલમાન એટલે ઇસ્લામના અકીદા, એહકામ અને અખ્લાકના પાબંદ રહેવું. ફક્ત નામના મુસલમાન રહેવામાં શરફ અને ફઝીલત નથી બલ્કે પૂરા ઇસ્લામના કાનુનો પર ચાલવામાં છે.

બીજી વસ્તુ: "તકવાથી કિંમતી કોઈ ઇઝઝત નથી."

કેમ કે તકવા ઇન્સાનને પોતાના નફ્સ પર કંટ્રોલ શીખવે છે અને શૈતાનના વસવસાથી બચાવે છે. જે માણસનો કંટ્રોલ પોતાની ખ્વાહિશો પર હોય તેને તકવા ઇઝઝત અપાવે છે.

ત્રીજું: "વરઅથી (ગુનાહ થવાનો શક હોય ત્યાં જવાથી પણ બચાવવું) વધારે કોઈ પનાહ અને હિફાઝતની જગ્યા નથી,"

એક નેક માણસને ખબર હશે કે ત્યાં જવાથી ગુનાહ થઈ જશે તો તે કોઈ દિવસ ત્યાં જશે નહીં, પરંતુ જો તે જગ્યા પર જવામાં શક કરે તો ત્યાં ચાલ્યો જશે અને ગયા પછી ગુનાહમાં ફસાઈ જશે. તો ઇન્સાન માટે સારામાં સારી (શૈતાન, ગુનાહ વગેરેથી) હિફાઝત એ છે કે જ્યાં

શક પણ હોય ત્યાં જવાથી યા તેવા કામો કરવાથી બચે. ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે કે: "સખત ઇબાદતોમાંથી છે કે વરઅ ઇખતિયાર કરે."

ચોથી વસ્તુ: "તૌબાથી વધીને નજાત આપનાર કોઈની સિફારીશ નથી."

ગુનેહગારો માટે બીજાઓની સિફારીશ કબૂલ કરવામાં આવશે, પરંતુ બહેતરીન સિફારીશ તૌબા છે. તૌબા સાચા દિલથી અને ફરીવાર તે ભૂલ ન થવી જોઈએ, સાથે જે નેકીઓ છૂટી ગઈ છે તેને અંજામ આપવી જોઈએ. જો કોઈ આ રીતે કરે તો તેની આ તૌબા તેના માટે બહેતરીન સિફારીશ છે, અને આવા

લોકો માટે અહલે બયત અ.સ.ની સિફારીશ કરવું પણ આસાન થશે.

પાંચમી વાત કે: "સંતોષથી વધીને કોઈ ખઝાનો મોહતાજીને દૂર કરનાર નથી,"

બીજા બધા ખઝાના એક દિવસ ખતમ થઈ શકે છે અને જે સંતોષને ખઝાનો સમજી લે તે કોઈ દિવસ ખતમ નથી થતો. અને દુનિયાનો ખઝાનો તો દુખ આપે છે, ચોર ચોરી જાય, હસદ કરનાર અને દુશ્મનોના લીધે દુખ જ મળે છે, અને જે માણસ સંતોષી હોય છે તે સૌથી મોટો માલદાર હોય છે કેમ કે તેની નજર બીજાના માલ તરફ નથી હોતી. ઇમામ અલી અ.સ. ગરરુલ હેકમમાં ફરમાવે છે કે: "આઝાદ માણસ જો લાલચી હોય તો તે ગુલામ છે અને

ગુલામ જો સંતોષી હોય તો તે આઝાદ છે.”

છઠ્ઠી વસ્તુ ઇમામે ફરમાવી: “જરૂરત જેટલાં માલ પર રાજી રહેવા કરતાં વધારે કોઈ ગરીબીને દૂર કરનાર નથી.”

ઇમામનું આ વાક્ય આગળના વાક્યથી સંબંધ રાખે છે. જો ઇન્સાન જરૂરિયાત જેટલાં પર ખુશ હોય અને ખોટા ખર્ચ, સજાવટ, દેખાવ અને નકામા કામોમાં ન કરે તો તેના પાસે થોડુંક હશે તો પણ જરૂરત પૂરી થઈ જશે અને ગરીબી તેના પાસે નહીં આવે.

સાતમી વસ્તુ જે આગળથી સંબંધ રાખે છે કે: “જે માણસ જરૂરિયાત પર સંતોષ માણે છે તેને હંમેશ માટે આરામ અને સુકૂન મળે છે અને

દુનિયાદારી મુસીબત અને તકલીફોની ચાવી તથા થાક અને કઠણાઈઓની સવારી છે.”

જે માણસ દુનિયાની રંગબેરંગીથી રંગાઈ જાય અને બધાના દેખાદેખીમાં ખોટા ખર્ચા અને બીજા પાસેથી કરજ લઈને ઉડાવ્યા કરે તેના માટે એક સમય ચોક્કસ એવો આવશે કે તેનું ચૈન અને સુકૂન ખતમ થઈ જશે, જિંદગીથી કંટાળી જાય છે અને તેના પાસે મુસીબતો આવવા લાગે છે.

ત્યાર પછી ખરાબ સિફતો જે ગુનાહનું મૂળ પણ છે: લાલચ, ઘમંડ અને હસદ. જેના પાસે આ આવી જાય તે ગુનાહોના કૂવામાં ફસાઈ જાય છે, અને જે બુરાઈના કૂવામાં

દાખલ થઈ જાય તેનાથી વધારે ખરાબ કોણ હોય શકે?

ઇમામ ઝયનુલ આબેદીન અ.સ. એક હદીસમાં ફરમાવે છે જેનો ખુલાસા રૂપે બયાન કરું કે: "સૌથી પહેલા જે અલ્લાહનો ગુનો કર્યો તે ઇબ્લીસ હતો જે ઘમંડ બનીને લાનતી બન્યો. નબી આદમ અ.સ. અને જ. હવ્વા ર.અ.ને જે ઝાડ પરથી ફળ ખાવાની મનાઈ કરી હતી તે લાલચમાં આવીને ખાધું અને જન્નત છોડવી પડી. આદમ અ.સ.ના દીકરા કાબીલે હાબીલને હસદના લીધે કત્લ કરીને ઇન્સાનનું સૌથી પહેલું ખૂન કર્યું."

હિક્મત ૩૭૨

જાબિર બિન અબ્દુલ્લાહ

ઇમામ અલી અ.સ. જ. જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી ર.અ.ને ફરમાવે છે: "અય જાબિર! ચાર પ્રકારના માણસોથી દીન અને દુનિયા બાકી છે: આલીમ જે પોતાના ઇલ્મને કામમાં લાવે, જાહિલ જે શીખવામાં શરમ મહેસૂસ ન કરે, સખી જે નેક કામમાં ખર્ચ કરવામાં કંજૂસી ન કરે, ફકીર જે પોતાની આખેરતને દુનિયાના બદલે ન વહેંચે.

જ્યારે આલિમ પોતાના ઇલ્મને બરબાદ કરશે તો જાહિલ શીખવામાં શરમ મહેસૂસ કરશે, અને જ્યારે અમીર નેક કામોમાં ખર્ચવામાં કંજૂસી

કરશે તો ગરીબ પોતાની આખેરતને દુનિયાના બદલામાં વહેંચી દેશે.

અય જાબિર! જેના પાસે અલ્લાહની નેઅમતો વધારે હશે તેનાથી લોકોની હાજતો પણ વધુ હશે, જેથી તે માણસ અલ્લાહ ખાતર નેઅમતોના વાજીબ હકોને અદા કરશે તો તે હંમેશ માટે બાકી રહેશે, અને જે વાજીબ હકોને અદા નહીં કરશે તે નેઅમતો ફના અને બરબાદ થઈ જશે.''

''અય જાબિર! જેના પાસે અલ્લાહની નેઅમતો વધારે હશે તેનાથી લોકોની હાજતો પણ વધુ હશે, જેથી તે માણસ અલ્લાહ ખાતર નેઅમતોના વાજીબ હકોને અદા કરશે તો તે હંમેશ માટે બાકી રહેશે, અને જે વાજીબ હકોને અદા નહીં

કરશે તે નેઅમતો ફના અને બરબાદ થઈ જશે.”

ઇમામ અલી અ.સ.ના વફાદાર સાથી જ. જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી ર.અ.ને અમુક વસ્તુઓની તાલીમ આપે છે, જેમાં સૌથી પહેલી વાત આલિમ અને ઇલ્મ વિષે છે એટલે શીખવું અને શીખવાડવું સહી નહીં હોય ત્યાર સુધી ન તો દીન મળશે કે ન દુનિયા. જો સમાજમાં દીનની તાલીમ નહીં હોય અને અભણતા હશે તો ખોટી વાતો ઘુસી જશે અને દીનમાં બીદઅત ફેલાશે, અને દુનિયામાં પરેશાની અને તકલીફો ઊભી થશે. આલિમ માટે પોતાના ઇલ્મ પર અમલ કરવું મહત્વ ધરાવે છે.

પછી ફરમાવ્યું કે જો સખી કંજૂસ હશે તો સામાજિક કેટલાય કામ રોકાઈ જશે. સમાજ શિક્ષિત બને તેમાં સખીની સખાવતનો મહત્વનું યોગદાન હોય છે. સારામાં સારી તાલીમ મફતમાં ક્યાર સુધી આપી શકે? તેના અને તેના પરિવારના ખર્ચા જો પૂરા ન થતા હોય તો તે મફત યા ઓછી કિંમતમાં તાલીમ ન આપી શકે. તેથી જરૂરી છે કે જેના પાસે છે તે નેક કામોમાં ખર્ચવામાં કંજૂસી ન કરે, અને જે વાજીબ હકો છે તે તો આપવા જ જોઈએ.

આલિમ પોતાના ઇલ્મ પર અમલ જરૂરી છે અને જો આલિમ લોકોના પ્રશ્નો પર ધ્યાન નહીં આપે તો જાહિલ આલિમથી દૂર ભાગશે, અને

જાહિલ આલિમની જગ્યા લઈ લેશે ત્યારે તે કેવી તાલીમ આપશે તે વિચારવા જેવું છે. એ જ મુજબ જો અમીર અને માલદાર ગરીબોની જરૂરતોનો ખયાલ નહીં રાખે તો ગરીબ પોતાની જરૂરતો પૂરી કરવા ગુનાહોનો સહારો લેશે, અહીંયા સુધી કે ઇમાનને પણ વહેંચીને આખેરતને બરબાદ કરી દેશે.

જ્યારે અલ્લાહે અમીર બનાવ્યા છે તો લોકો હાજતો લઈને તમારા સુધી પહોંચશે ત્યારે ખરું ઇમ્તેહાન હશે કે ગરીબો સાથે કેવો વ્યહવાર કરો છો.

ઇમામ હુસૈન અ.સ. એક ખુત્બામાં ફરમાવે છે કે: "લોકોનું હાજત લઈને તમારી પાસે આવવું તે અલ્લાહ તરફથી નેઅમત છે, જો

તેનાથી નારાજ થશો તો તે અઝાબમાં બદલાઈ જશે.”

અલ્લાહે જે માલ, તાકત, ઓહદો યા બીજી કોઈ વસ્તુથી મોમિનની મદદ કરી શકે તો મદદ કરવી જોઈએ. કારૂન જ. મૂસા અ.સ.ની નસીહત ન માની, લોકોને પોતાના માલથી મદદ ન કરી તો અઝાબે ખુદા આવ્યો અને માલ સાથે ધસી ગયો.

જો નેઅમતોને તેના સહી રસ્તામાં ન ખર્ચવામાં આવે તો તે છીનવી લેવામાં આવે છે અને જો ગુનાહના રસ્તામાં નેઅમતોને ખર્ચવામાં આવે તો તેના માટે તે અઝાબનું કારણ બને છે.

હિક્મત ૩૭૩

સારા-નરસાની ભલામણ (૧)

ઇબ્ને જરીર તબરીએ પોતાની કિતાબ તારીખમાં ઇબ્ને અબી લયલા અલ-ફકીહથી રિવાયત કરી છે (અને આ અબ્દુર રહમાન તેઓમાંથી હતા જે ઇબ્ને અશઅશ સાથે હજ્જાજ સામે જંગ લડવા ગયા હતા), તે લોકોને જેહાદ માટે ઉશ્કેરી રહ્યા હતા, ત્યારે તેમણે કહ્યું કે જ્યારે અમે શામીઓથી લડવા માટે આગળ વધ્યા તો હું અલી અ.સ.ને (અલ્લાહ નેક લોકોમાં તેમના દરજ્જાને વધારો કરે અને શહીદો અને સિદ્દિકો જેવો અજર આપે) આ કહેતા સાંભળ્યું છે:

અય મોમિનો! જે માણસ જુએ કે લોકો પર ઝુલ્મ થઈ રહ્યો છે અને

બુરાઈ તરફ લોકોને બોલાવવામાં આવી રહ્યા છે અને તે દિલથી તેમનાથી નફરત કરે તો તે (અઝાબથી) મેહફૂઝ રહ્યો અને (ગુનાહથી) બચી ગયો, અને જે પોતાની વાતોથી ઝાલીમના ઝુલ્મને ખરાબ કહે તે સવાબનો હકદાર છે અને તે દિલથી નફરત કરનાર કરતાં બહેતર છે. અને જો કોઈ તલવાર લઈને તે બુરાઈના સામે ઊભો થાય જેથી અલ્લાહનું નામ બાકી રહે અને ઝાલીમોનું નામ ખતમ થાય તો આ માણસ હિદાયતના રસ્તાને હાંસિલ કરી લીધો છે અને હક રસ્તા માટે ઊભો થયો છે અને તેના દિલમાં યકીનનું નૂર ચમકી રહ્યું છે.”

ઇમામ અ.સ. આ હિકમતમાં ઝાલીમના ઝુલ્મ અને બુરાઈના વિરુદ્ધ સામે ઊભા રહેવા માટે ત્રણ પ્રકાર બયાન ફરમાવ્યા છે.

સૌથી પહેલો ગિરોહ કે જ્યારે ઝાલિમને ઝુલ્મ કરતા જુઓ અને બુરાઈને જુઓ તો સૌથી પહેલી વસ્તુ છે કે ઝાલીમ અને બુરાઈ કરનારથી દિલથી નફરત કરો. આ ત્યારે છે કે જ્યારે આનાથી વધારે બીજું કંઈ ન કરી શકતા હોય. આટલું કરવામાં ફાયદો એ થશે કે તે ગુનેહગાર નહીં થાય, અને આ કામનો કોઈ અજર પણ બયાન નથી થયો કેમ કે તેણે પોતે કંઈ કર્યું નથી તેથી સવાબનો હકદાર પણ નથી, પરંતુ ગુનેહગાર નહીં થાય કેમ કે તે આ કામથી રાજી ન હતો.

બીજા પ્રકાર માટે ઇમામે ફરમાવ્યું કે જે ઝબાનથી અને પોતાની વાતોથી રોકી શકતો હતો તેટલું કામ કર્યું તો તેને એ કામ બદલ અજર મળશે, આ રીતે રોકવાને નહ્ય અનિલ મુન્કર કહેવાય છે.

ત્રીજી અને છેલ્લી મંઝિલમાં ઇમામ અ.સ. બયાન ફરમાવે છે કે દિલથી નફરત, ઝબાનથી રોકવાના સાથે સાથે તે ફિતના-ફસાદને રોકવા માટે શક્તિનો પણ પ્રયોગ કરીને બુરાઈને રોકે અને આ કામ પોતાની વાહવાહ માટે નથી કરતા બલ્કે ફક્ત અલ્લાહની ખુશી માટે, અલ્લાહનું નામ ધરતી પર બાકી રહે અને ઝુલ્મ, ફિતના-ફસાદનો ખાતમો થાય. આ લોકો સાચા અર્થમાં

હિદાયતના રસ્તા ઉપર છે અને તેના તરફ આગળ વધે છે, અને દિલમાં નૂરે યકીન ચમકતું હોય છે.

ટૂંકમાં કે દરેકને ઝુલ્મ અને બુરાઈને યથાશક્તિ મુજબ રોકવું જરૂરી છે જેથી સમાજમાં શાંતિ અને અમન બાકી રહે.

હિકમત ૩૭૪

સારા-નરસાની ભલામણ (૨)

ઇમામ અલી અ.સ.નો આ કલામ આગળના કલામથી સંબંધ રાખે છે. અમુક એવા લોકો છે જે ઝબાન, હાથ અને દિલથી બુરાઈને ખરાબ સમજે છે, તે માણસે સંપૂર્ણ રીતે સારી આદતો મેળવી લીધી. અને અમુક એવા લોકો છે જે ઝબાન અને દિલથી બુરાઈને ખરાબ સમજે છે પરંતુ હાથથી તે બુરાઈને દૂર

નથી કરતા, આવા માણસે બે સારી આદતોને અપનાવી અને એક સારી આદતને તર્ક કરી છે. અમુક એવા લોકો છે જે દિલથી તો બુરાઈની નફરત કરે છે પરંતુ તેઓ હાથ કે ઝબાનથી રોકવાની કોશિશ નથી કરતા, આવા માણસે બે સારી આદતોને છોડી દીધી અને ફક્ત એકને અપનાવી. અમુક એવા લોકો છે જેઓ ઝબાન, હાથ કે દિલથી બુરાઈને રોકતા નથી, આવા લોકો જીવતાઓમાં (ચાલતી-ફરતી) લાશ છે.

તમને શું ખબર કે તમામ નેકીઓ અને અલ્લાહની રાહમાં જેહાદ કરવું, અમ્ર બિલ મારૂફ અને નહી અનિલ મુન્કરના મુકાબલામાં એક ઊંડા દરિયામાં થૂંક સમાન છે.

નેકીનો હુકમ આપવાથી અને બુરાઈને રોકવાથી એવું નથી કે મોત સમય પહેલા આવી જશે યા નક્કી રોઝીમાં કમી આવવા લાગશે, અને સૌથી બહેતર એ છે કે ઝાલિમ હાકિમ સામે ઇન્સાફ અને હક વાત બયાન કરવામાં આવે.

ઇમામ અલી અ.સ.નો આ કલામ આગળના કલામથી સંબંધ રાખે છે એટલે અહીંયા ટૂંકમાં બયાન કરવામાં આવશે. માણસને બુરાઈનો મુકાબલો દિલ, ઝબાન અને હાથ એટલે તાકતથી કરવાનો છે અને જે માણસ જેટલી કોશિશ કરશે તે મુજબ નેકીઓનો હકદાર થશે, અને જે બિલકુલ પણ બુરાઈ અને ઝુલ્મને દૂર કરવાની કોશિશ ન કરે તેને ઇમામ જીવતાઓમાં મુર્દા કહે છે,

એટલે ચાલતી-ફરતી લાશ સમાન છે.

ઇમામ પછી અમ્ર બિલ મારૂફ અને નહ્ય અનિલ મુન્કરની ફઝીલત બયાન કરતા ફરમાવે છે કે: તમને શું ખબર પડે કે કેટલી મોટી નેકી છે, જો તેના મુકાબલામાં તમામ નેકીઓ અને સાથે અલ્લાહની રાહમાં જેહાદ પણ હોય તો એમ સમજો કે એક ઊંડો દરિયો હોય અને તેના પર થોડુંક કોઈ થૂંકે તો તેની દરિયાના મુકાબલામાં કોઈ હેસિયત નથી એ જ મુજબ અમ્ર બિલ મારૂફ અને નહ્ય અનિલ મુન્કરના મુકાબલામાં કોઈ હેસિયત નથી.

પછી ઇમામ ફરમાવે છે કે: કોઈ એમ સમજતું હોય કે અમ્ર બિલ

મારૂફ કરવાથી તમને કોઈ કતલ કરશે યા તમારી મોત આવી જશે એ બરાબર નથી, અને કોઈ એમ સમજતું હોય કે અમ્ર બિલ મારૂફ અને નહ્ય અનિલ મુન્કર કરવાથી રોઝી કોઈ બંધ કરી દેશે તો એ પણ ખોટું છે, જેટલી રોઝી નક્કી છે તે મળીને જ રહેશે.

ઇમામ છેલ્લા વાક્યમાં ફરમાવ્યું કે: ઝાલિમ હાકિમના સામે બહાદુરી દેખાડવી જોઈએ, તેની નાઇન્સાફીને રોકવું જોઈએ. જ. ઝૈદ બિન અરકમ ર.અ., ઇબ્ન ઝિયાદ જેવા ઝાલિમ હાકિમના સામે તેને અને તેના લશ્કરવાળાને ખોટું કરવા બદલ રોક્યા હતા, અને છેવટે તેમના ઝુલ્મના શિકાર બન્યા અને શહીદ થયા.

હિક્મત ૩૭૫

સારા-નરસાની ભલામણ (૩)

અબુ જુહૈફા ર.અ. (જે ઇમામ અલી અ.સ.ના સારા સાથી હતા જેમનું નામ વહબ ઇબ્ને અબ્દુલ્લાહ ઝિક્ર થયેલ છે) રિવાયત કરે છે કે: મેં હ.ઇમામ અલી અ.સ.થી સાંભળ્યું છે કે, સૌથી પહેલા જેહાદ કે જેનાથી તમે હારી જશો તે તમારા હાથનો જેહાદ છે પછી ઝબાન અને પછી દિલનો જેહાદ છે.

જે માણસ ભલાઈને દિલથી સારું ન ગણે અને બુરાઈને ખરાબ ન સમજે તેને ઊલટો કરી દેવામાં આવશે, એ રીતે કે (તેના સ્વભાવ અને દિલના) ઉપરના ભાગને નીચો અને નીચેના ભાગને ઉપર કરવામાં આવશે. (જેથી

હકને બાતીલ ગણવા લાગશે અને ખોટાને સાચું સમજવા લાગશે.)

આ હિકમતમાં પણ ઇમામ અલી અ.સ.નું બયાન અમ્ર બિલ મારૂફ અને નહ્ય અનિલ મુન્કર વિષે છે.

સૌથી પહેલા જેહાદ કે જેથી માણસ હારી જાય છે તે હાથથી જેહાદ છે એટલે જે જાણે છે તેના પર અમલ ન કરવાથી હારી જાય છે એટલે તે અમલ નથી કરતો. અગર કોઈ સ્ત્રી હિજાબ નથી કરી રહી, કે કોઈ પુરુષ નમાઝ નથી પઢી રહ્યો વગેરે આ લોકો જેહાદે અમલીમાં હારી ગયા છે.

બીજી વસ્તુ ઝબાનનો જેહાદ એટલે ઝબાનથી બુરાઈને રોકવું અને સારા કામની દાવત આપવી. ગુનેહગાર અને ઝાલિમોને તેમના

વિરુદ્ધ કોઈ બોલે તો બહુ જ ડર લાગતો હોય છે, તેથી તેઓ ઝબાનને બંધ રાખવાની પૂરી કોશિશ કરતા હોય છે અને ઇતિહાસમાં મળે છે કે ઇમામ અલી અ.સ.ના ફઝાએલ બયાન કરવાના લીધે ચાહવાવાળા મિસમે તમ્માર ર.અ.ની અને બીજા મોમિનોની ઝાલિમોએ ઝબાન કાપી નાખી. જ. અબૂઝર ગિફારી ર.અ.ને હક વાતો કહેવા બદલ બેવતન કરી નાખવામાં આવ્યા.

ત્રીજું દિલથી જેહાદ એટલે કે જે ખોટું અને ખરાબ હોય તેનાથી નફરત કરવું જરૂરી છે. જો નફરત નહીં કરવામાં આવે તો અમુક સમયમાં બુરાઈ, કત્લ વગેરે લોકોના દરમિયાન એટલા વધી જશે કે પછી તે બુરાઈ અને ખૂનખરાબાને

બુરાઈ નહીં સમજે, અને બુરાઈને એવી રીતે સજાવવામાં આવશે કે બુરાઈ ભલાઈ બની જશે અને ભલાઈ ખરાબ ગણાશે. આવતી નસલને તે ઝાલીમ વિષે કાંઈ ખબર નહીં હોય અને ઝાલિમોના ખરાબ પ્રચારના લીધે અત્યાચારી, વ્યભિચારી અને અન્યાય કરનાર કૌમમાં હીરો બની જશે.

આજે પણ કોઈ સમાજમાં યઝીદ લા. નામ નથી, લોકો શા માટે નથી રાખતું? કેમ કે મોમિનોએ પોતાની જવાબદારી સમજીને માહે મુહર્રમમાં મજલિસ-જુલૂસ હંમેશા જારી રાખ્યું અને તે કરબલા શીખવે છે કે ઝાલિમથી નફરત કરવી જોઈએ.

જો સમાજમાં નેકીનો હુકમ અને બુરાઈને રોકવાનું બંધ થઈ જાય તો

વિચાર કરો કે તે સમાજ કેવો બની જશે. આ તરફ નબી સ.અ.વ. પોતાના સાથીઓને ઇશારો ફરમાવે છે કે: "ત્યારે તમારી કેવી હાલત થશે જ્યારે તમારી સ્ત્રીઓ ખરાબ બની જશે અને તમારા યુવાનો બદઅખ્લાક થઈ જશે, લોકો અમ્ર બિલ મારૂફ અને નહ્ય અનિલ મુન્કર છોડી દેશે."નબી સ.અ.વ.ના સાથીમાંથી કોઈએ કહ્યું કે: "શું આવો ઝમાનો આવશે?""હાં, તેનાથી પણ ખરાબ ઝમાનો આવશે.""તમારી ત્યારે શું હાલત થશે જ્યારે બુરાઈનો હુકમ અને નેકીથી રોકવામાં આવશે?"સહાબીએ કહ્યું: "શું એવો ઝમાનો પણ આવશે?""હાં, તેનાથી પણ ખરાબ ઝમાનો આવશે, ત્યારે તમારી શું હાલત થશે જ્યારે નેકીને

બુરાઈ અને બુરાઈને નેકી સમજવામાં આવશે.”

જે સમાજમાં સારા કામને ખરાબ અને ખરાબ કામને સારા ગણવામાં આવે અને કોઈ રોકવાવાળું ન હોય તો તે સમાજને બરબાદીથી કોઈ નથી રોકી શકતું.

હિકમત ૩૭૬

હક અને બાતિલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “ખરેખર, સત્ય અઘરું છે પણ સલામત છે, અને અસત્ય સહેલું છે પણ નાબૂદ કરનાર છે.”

ઇમામ અલી અ.સ. આ હિકમતને ત્યારે ફરમાવ્યું જ્યારે ઉસ્માન તરફથી ઇસ્લામી હુકુમતમાંથી તમામ મોટા-મોટા અધિકારીઓને બોલાવ્યા જેથી લોકોની શિકાયત વિષે

તેમનાથી ચર્ચા કરે. ઇમામ અલી અ.સ. પણ તે સભામાં હાજર હતા. ઇમામ અલી અ.સ.એ ઉસ્માનને કહ્યું કે: "હક અઘરો છે પણ સલામત છે, અને નાહક સહેલું છે પણ નાબૂદ કરનાર છે."પછી ફરમાવ્યું: "તારા પર અફસોસ થાય જ્યારે તને કોઈ સાચી વાત કરે છે તો તું ગુસ્સો કરે છે અને તારાથી જ્યારે કોઈ ખોટી વાત કરે છે તો તું રાજી થઈ જાય છે."

કિતાબ અલ-ફુતુહ ઇબ્ને અઅસમ કુફીમાં વિસ્તારથી વર્ણન થયું છે કે: શામથી અમુક લોકોનું ટોળું આવીને માવિયા વિષે ઉસ્માનથી શિકાયત કરી, અને કૂફાના નેક લોકોનો સમૂહ આવીને કૂફાના હાકિમ સઈદ બિન આસ

વિષે ઉસ્માનને શિકાયત કરી. તો ઉસ્માને કહ્યું કે: "આ બે લોકોની આવી ફરિયાદો મારા સુધી ક્યાં સુધી પહોંચશે?" ત્યારે હજ્જાજ બિન ગાઝીયહે કહ્યું કે: "ફક્ત આ બંને વિષે લોકોની શિકાયત નથી, સાથે ત્યાંના તમામ સરકારી માણસોની પણ શિકાયત છે. તું ફક્ત તેઓને પોતાના પાસે બોલાવે છે અને ફરીથી તેઓ એવું જ કરવા લાગે છે, તો આ વખત તમામ અસહાબે રસૂલ સ.અ.વ.ના સામે એ લોકોને આ મસ્જિદમાં હાજર કર અને તેઓ વચન આપે કે હવેથી કોઈ ઉપર ઝુલ્મ નહીં કરીએ અને કસમ પણ ખાય કે હવેથી એવું નહીં થાય તો જ એમની જગ્યા પર હુકુમત માટે મોકલ, અને જો એ કબૂલ ન કરે

તો એમની જગ્યાએ કોઈ સારા માણસને મોકલ કેમ કે મુસલમાનમાં નેક લોકો ઓછા નથી.''લોકોએ આ સૂચન ઉપર સંમતિ દેખાડી.

આ વાતચીત પછી ઉસ્માને પોતાના અધિકારીઓને અસહાબે રસૂલે ખુદા સ.અ.વ.ના સામે બોલાવ્યા અને કહ્યું કે: ''આ બધા મારા ભરોસેમંદ માણસો છે, જો તમે કહો તો તેમને તેમના હોદ્દા ઉપરથી હટાવી દઉં, અને તમે જેને પસંદ કરતા હોય તેને રાખી દઉં.''

ઇમામ અલી અ.સ. આ જગ્યા પર જોયું કે ઉસ્માનથી બોલતા બોલાઈ ગયું છે પરંતુ તે પોતાની વાત પર નહીં રહે, ત્યારે ઇમામે ફરમાવ્યું: ''અય ઉસ્માન! હક અઘરો છે પણ સલામત છે, અને

નાહક સહેલું છે પણ હલાક કરનાર છે.''પછી ફરમાવ્યું: ''તારા પર અફસોસ થાય જ્યારે તને કોઈ સાચી વાત કરે છે તો તું ગુસ્સો કરે છે અને તારાથી જ્યારે કોઈ ખોટી વાત કરે છે તો તું રાજી થઈ જાય છે. ઘણા લોકોની શિકાયતો તારા સુધી પહોંચી છે. જો તમે તેઓને હાકિમ રાખો તેના કરતાં બહેતર છે કે તેમને છોડી દો. ખુદાથી ડરો અને લોકો જે વસ્તુને પસંદ નથી કરતા તેમનાથી તૌબા કરો.''

ત્યાર પછી તલ્હા ર.અ.એ આ વાતની તાઈદ કરી. ત્યારે ઉસ્માન ગુસ્સામાં કહ્યું: ''મને શા માટે એકલા નથી મૂકી દેતા? શા માટે બધા મારા ઉપર ઇલ્ઝામ લગાવો છો

અને માહોલને મારા વિરુદ્ધ કરી દીધો છે.”

આ તમામ હાલત પછી ઉસ્માન સાથે બળવો થવાનું કારણ આ હતું કે હક જે ભારે હતો તેના પર અમલ ન કર્યો અને નાહક જે હલકો હતો તેને અપનાવ્યો, એટલે જે લોકો ફક્ત વખાણ કર્યા તેમની વાત સાંભળી અને પ્રજાનો કોઈ ખયાલ ન કર્યો. તેના નતીજામાં લોકોએ કત્લ કર્યા. કાશ કે ઇમામ અલી અ.સ.ની વાત સાંભળી હોત તો તેવા દિવસો ન જોવા પડત.

ઇમામ અલી અ.સ.ની આ હદીસના જેમ જ નબી સ.અ.વ.ની હદીસ પણ છે: “હક સખત અને કડવો હોય છે અને બાતિલ હલકો અને (જાહેરમાં) મીઠો હોય છે, ઘણી

વખત થોડાક સમયની શેહવત લાંબા સમય માટે ગમગીન બનાવે છે.”

હક અને સત્યનો દામન ન છોડવો જોઈએ ભલે તેમાં સખતી જ કેમ ન હોય. બાર ઇમામો મુકમ્મલ હક છે, દરેક હાલમાં તેમના સાથી બનીને રહેવું દુનિયા અને આખેરતની કામયાબીનું કારણ છે.

હિકમત ૩૭૭

ઉમ્મીદ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “આ ઉમ્મતના સારામાંસારા માણસને અલ્લાહના અઝાબથી સુરક્ષિત ન સમજો. કેમકે અલ્લાહ કુરઆન મજીદમાં ફરમાવે છે: નુકસાન ઉઠાવનાર સિવાય કોઈ પણ માણસ અલ્લાહના અઝાબથી પોતાને મેહફૂઝ

સમજતો નથી. (બની શકે તે એક દિવસ ગુનેહગારોમાં શામિલ થઈ જાય). અને આ ઉમ્મતના ખરાબમાં ખરાબ માણસ વિષે અલ્લાહની રહેમતથી માયુસ ન થઈ જાવ. કેમકે અલ્લાહ કુરઆન મજીદમાં ફરમાવે છે: અલ્લાહની રહેમતથી કાફિરો સિવાય કોઈ માયુસ થતું નથી.''

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુના બયાનથી ચેતવી રહ્યા છે.

પહેલું કે કોઈ મુત્તકી અને નેક હોય, દરેક જગ્યાએ તેની નેકીની ચર્ચા થઈ રહી હોય અને બધા એમ જ સમજતા હોય કે આનાથી મોટો કોઈ જન્નતી નથી, અને જન્નતમાં સૌથી પહેલા પણ આ માણસ દાખલ થશે એટલો નેક છે. પરંતુ ઇમામ જે

વસ્તુથી ચેતવી રહ્યા છે એ વસ્તુ એ છે કે હમણાં નેક અને પરહેઝગાર છે, પરંતુ બની શકે ભવિષ્યમાં તે માણસ કોઈ ગુનાહ કરવા લાગે અથવા કોઈ ઉપર ઝુલ્મ કરવા લાગે તો તેના લીધે તે ખરાબ લોકોમાં શામિલ થઈ શકે છે. એવા ઉદાહરણ ઇતિહાસમાં ઘણા મળે છે જેમ કે નબી સ.અ.વ.ના સાથે રહીને તલ્હા અને ઝૂબૈર, નબી સ.અ.વ.ને જગ્યા-જગ્યાએ મદદરૂપ બન્યા, પરંતુ નબી સ.અ.વ.ના પછી ઇમામ અલી અ.સ.થી બયઅત તોડી અને ઇમામ અલી અ.સ. વિરુદ્ધ લશ્કર ભેગું કર્યું અને જંગે જમલ નામની જંગ થઈ જેમાં ઘણા મુસલમાન શહીદ થયા. અને તેઓ બંને પણ તે જંગમાં કત્લ થયા.

કુરઆન મજીદમાં બીજું ઉદાહરણ રૂપે બલઅમ બિન બાઉર નામના માણસ વિષે બયાન થયું છે જે એક મોટો ઝાહિદ અને પરહેઝગાર હતો, લોકોના વચમાં ખુદાના વલી તરીકે મશહૂર હતો, પરંતુ દુનિયાની મોહબ્બતના લીધે તે હકથી હટી ગયો, અને કુરઆન મજીદમાં તેને કુતરા જેવા શબ્દથી યાદ કરેલ છે.

બીજી વસ્તુ ઇમામે બયાન ફરમાવી કે: ખરાબમાંખરાબ માણસો વિષે પણ અલ્લાહની રહેમતથી માયુસ ન થવું જોઈએ. બની શકે તે તૌબા કરે અને પોતાની ભૂલો પર પછતાવો કરે, અલ્લાહની બારગાહમાં માફી માંગે તો તે અલ્લાહની રહેમતનો હકદાર બની જાય છે. અલ્લાહની રહેમતથી કોઈ

દિવસ નાઉમ્મીદ ન થવું જોઈએ. કાફિરોની સિફત છે કે તેઓ અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ થાય છે.

ઇતિહાસમાં ઘણા એવા લોકોનો ઉલ્લેખ છે જેઓ પહેલા ખરાબીમાં અને બદમાશીમાં એવા મશહૂર હતા કે તેમનાથી મોટું કોઈ ખરાબ ન હતું, પરંતુ કોઈ નસીહત સાંભળવાના લીધે અથવા કોઈ કારણસર તૌબાની તૌફીક મળે છે અને નેક લોકોમાં શામિલ થઈ જાય છે.

આ હિકમતથી જાણ થાય છે કે કોઈને પોતાની નેકીઓ પર ઘમંડ ન કરવો જોઈએ, નથી ખબર ક્યારે શૈતાની વસવસામાં ફસાઈને ગુનેહગાર બની જાય, અને ન તો

ગુનાહોથી માયુસ થવું જોઈએ કેમ કે તૌબા કરવાથી ગુનાહો માફ થઈ જાય છે અને રહેમત-એ-ખુદામાં દાખલ થઈ જાય છે.

હિકમત ૩૭૮

કંજૂસી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કંજૂસી તમામ ખરાબ સિફતોને એક સાથે લાવે છે, અને તે એવી લગામ છે જે બધી બુરાઈ તરફ દોરી જાય છે."

ઇમામ અ.સ. આ હિકમતમાં કંજૂસીને દરેક બુરાઈઓનું મૂળ બયાન ફરમાવે છે.

કંજૂસ માણસ એટલે જે શરીયતના બતાવેલા હકોને અદા નથી કરતો, સગાંવહાલાંઓની મદદ ન કરીને સિલારહેમ નથી કરતો.

તે સિવાય પોતાના માલને વ્યાજ, દગો આપવા, યા ખોટા કામો અને હરામ કામો કરવા તેમજ કોઈને ખોટી રીતે ફસાવવામાં વાપરે છે.

કંજૂસ માણસને અલ્લાહ પર ભરોસો નથી હોતો, જો ભરોસો હોત તો ખર્ચવામાં કંજુસાઈ ન કરતે. કંજૂસીના પણ દરજ્જા છે જેમાં જેટલી વધારે કંજૂસી હશે તે પ્રમાણે તેમાં ખરાબીઓ હશે.

કંજૂસ કોને કહેવાય તેના વિષે જુદી જુદી વસ્તુઓ બયાન થઈ છે, જે માલ, ઇલ્મ અને બીજા ફાયદા હાસલ કરવાની વસ્તુઓથી બીજાને રોકે.

કુરઆન મજીદમાં કંજૂસ વિષે સૂરએ નિસા આયત ૩૭માં અલ્લાહ ફરમાવે છે: "જે લોકો કંજુસાઈ કરે

અને બીજાને કંજુસી કરવાનો હુકમ આપે છે અને અલ્લાહે જે પોતાના ફઝલથી આપ્યું છે તેને છુપાવે છે, અમે તો કાફિરો માટે ઝિલ્લતવાળો અઝાબ નક્કી કર્યો છે.''આ આયતમાં કંજૂસને કાફિરમાં ગણતરી કરી છે.

હદીસમાં ઇમામ ફરમાવે છે કે: ''કંજૂસ દુનિયાના થોડા માલને પણ પોતાના માટે હરામ બનાવી દે છે, પરંતુ બધી વસ્તુઓ પોતાના વારસદારના ઇખતિયારમાં આપી દે છે.''કંજૂસના મોત પછી વારસદારોના હાથમાં તમામ માલ ચાલ્યો જાય છે, તે પછી હલાલ કે હરામનો કોઈ ખયાલ નથી કરતા.

બીજી હદીસમાં છે કે: ''કંજૂસ અલ્લાહથી દૂર હોય છે, જન્નતથી

દૂર હોય છે અને દોઝખથી નજીક હોય છે.”

આ હદીસો અને રિવાયતોથી સાફ જાહેર થાય છે કે કંજૂસ માણસની ઘણી ખરાબી બયાન થઈ છે. કંજૂસ ફક્ત માલ બીજાને ન આપે એ જ નથી, બલ્કે જેના પાસે ઇલ્મ હોય, કોઈ હુનર હોય, કોઈ સારી વસ્તુ શીખવા જેવી હોય અને તે બીજા સુધી ન પહોંચાડે તો તે પણ કંજૂસ ગણાશે.

જ્યારે કંજૂસી આવી જાય છે તો તેના લીધે ઘણી બધી બુરાઈઓ અને ખરાબ સિફતો અને ખરાબ આદતો આવી જાય છે જેના લીધે વારંવાર ઝલીલ અને બેઇઝ્ઝતી થાય છે. કંજૂસના મુકાબલામાં

સખાવત છે જેના કિતાબોમાં ઘણા વખાણ કરવામાં આવ્યા છે.

હિકમત ૩૭૯

બે પ્રકારની રોઝી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "રોઝી બે પ્રકારની છે: એક જેને તમારે શોધવી પડે છે અને બીજી જે તમને શોધે છે, જો તમે તેના સુધી નહીં પહોંચો તો તે તમારા સુધી પહોંચી જશે, તેથી તમારા આવતા વરસની ચિંતા આજના દિવસે ન કરો, જે દરેક દિવસની રોઝી છે તે તમારા માટે કાફી છે, જો તમારી જિંદગીનું કોઈ વરસ બાકી હશે તો અલ્લાહ દરેક નવા દિવસની રોઝી જે તમારા માટે નક્કી છે તે આપીને રહેશે, અને જો તમારી જિંદગીનું કોઈ વરસ બાકી નથી તો શા માટે

તમે તેની ચિંતા કરો છો જે તમારા માટે નથી, તમને ખબર હોવી જોઈએ કે જે તમારા નસીબની રોઝી છે તેને કોઈ નથી લઈ શકતું, અને ન તો કોઈ તાકતવાળો પોતાની તાકતથી તેને હાંસિલ કરી શકે છે, અને જે રોઝી તમારા માટે નક્કી છે તે તમારા સુધી પહોંચવામાં મોડું પણ નહીં થાય.''

(સય્યદ રઝી ર.અ. કહે છે કે આ વિષે આગળ બયાન થઈ ગયું છે, બસ અમુક વધારે બયાન છે તેથી અહીંયા ઝિક્ર કરીએ છીએ.)

આ હિક્મતના જેમ ૨૬૭ હિક્મતમાં આ વિષે બયાન થયું છે. અસલ આ હિક્મતનો અર્થ છે કે દુનિયાની લાલચથી દૂર રહેવું જોઈએ અને એવું ન બનવું જોઈએ

કે પૂરી કોશિશ ફક્ત રોઝી મેળવવા માટે હોય અને બીજી જવાબદારીઓ પૂરી ન કરે.

બેશક અલ્લાહની રોઝી બે પ્રકારની છે: એક જે મુકદ્દર કરવામાં આવી છે કે આ માણસને આટલી રોઝી મળવાની છે તો તેને કોઈ રોકી નહીં શકે અને તે રોઝી મળીને જ રહેશે. બીજી પ્રકારની રોઝી મહેનત અને કોશિશ સાથે જોડાયેલી છે, જો મહેનત અને કોશિશ કરશો તો તમને મળશે નહીં તો વંચિત રહી જશો.

ઇમામ અ.સ. આ હિકમતમાં એક વસ્તુ ફરમાવે છે કે આવતા દિવસની રોઝી માટે આખા વરસની ચિંતા ન કરો, જે કાલનો દિવસ આવશે તો તેની પણ રોઝી મળશે.

એટલે દુનિયા હાસલ કરવા માટે લાલચુ ન બનો કે દૌલત ભેગી કરવા સિવાય બીજા વાજીબાતની ચિંતા જ ન રહે.

ઇમામ અ.સ. અલ્લાહ પર યકીન હોવું જોઈએ તેના તરફ ઇશારો ફરમાવે છે કે જે તમારી રોઝી છે તે તમારા સુધી પહોંચીને રહેશે, અગર કોઈ તાકતવાળો લઈ લેવા ચાહે તો પણ નહીં લઈ શકે. જો અલ્લાહ પર યકીન છે તો જે આજે આપે છે તે આવતા વરસે પણ રોઝી આપશે અને જો જિંદગીના દિવસો આવતા વરસ પહેલા પૂરા થઈ જશે તો શા માટે તેની ચિંતા કરો છો જેમાં રહેવાનું જ નથી. દરેકને આવું યકીન રાખવું જોઈએ કે જ્યાં સુધી જિંદગીના દિવસો

બાકી છે ત્યાં સુધી અલ્લાહ તરફથી રોઝી બંધ નથી થવાની.

ઘણા લોકો પોતાની જિંદગીમાં જે કંઈ ભેગું કર્યું છે તેનો એક ટકો પણ પોતાના ઉપર વાપરતા નથી અને મોતનો ફરિશ્તો આવીને રૂહ કબ્ઝ કરી લે છે, અને બધું જ વારસદાર કબ્જે કરી લે છે.

આનો અર્થ એ નથી કે રોઝી મેળવવા માટે કોશિશ ન કરે, બલ્કે મતલબ એ છે કે દુનિયા વિષે વધારે પડતી લાલચ અને ચિંતા ન કરે.

હિકમત ૩૮૦

જિંદગી અને મોત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ઘણા લોકો દિવસને આવતા તો જુએ છે પરંતુ તેને પૂરો થતા નથી જોઈ શકતા, અને ઘણા લોકો રાત સુધી

બીજાઓની ઇર્ષાનો શિકાર હતા પરંતુ સવાર પડતાજ શોક મનાવનારા તેમના પર રડી રહ્યા છે.

ઇમામ અલી અ.સ. આ કલામમાં લોકોને દુનિયાની બેવફાઇ બતાવી રહ્યા છે કે અમુક લોકો જે સવારે જીવંત હતા પરંતુ તેઓ સાંજે મૌજૂદ નથી રહેતા, અને રાત્રે જેમણે જોઈને લોકો ઇર્ષા કરતા હતા કે કાશ અમે પણ એવા ધનવાન અને દૌલતવાળા બની જઈએ, યા અમારા પાસે પણ તેના જેવું ઇલ્મ આવી જાય, યા દુનિયાની બીજી વસ્તુઓને જોઈને તમન્ના કરતા હતા પરંતુ હજુ તો સવાર પણ નથી થતી અને તેમના ઘરમાંથી રડવાની અવાજ આવવા લાગે છે, લોકો તેમના ઘરે પુરસો આપવા માટે ભેગા થવા લાગે છે,

અને જેના જેવા બનવાની તમન્ના કરતા હતા હવે તે દુનિયામાં જ નથી રહ્યો.

જે લોકો એમ સમજતા હોય કે અમે હંમેશા જવાન અને તંદુરસ્ત રહેશું, હંમેશા અમીર અને માલદાર રહેશું તેઓ મોટી ભૂલમાં છે. ઇતિહાસ ગવાહ છે કે જેઓ શક્તિશાળી હતા, મોટી-મોટી જંગમાં કોઈથી હાર્યા ન હતા, લાંબા અને મજબૂત હતા, મોટા અમીરોમાં તેમનું નામ હતું, એક દિવસ એવો આવે છે કે ન તો તેમની શક્તિ કામ આવે છે કે ન તો તેમની હોશિયારી, ન કોઈ હુકુમતના સિપાહી કામ આવે છે કે ન તો તેમનું રાજપાટ બચાવે છે.

અમુક તો રાતના સાથીઓ સાથે જશ્નમાં ડૂબેલા હતા, ખુશખુશાલ હતા, કુટુંબ સાથે મજા કરી રહ્યા હતા, સવાર થાય એ પહેલા જ ઘરમાં મોતનો સન્નાટો છવાઈ જાય છે. જે ખુશખુશાલ હતા તેઓ પોતાના સગાની મોત ઉપર ચીસો પુકાર કરવા લાગ્યા. આ વસ્તુ બતાવે છે કે દુનિયા હંમેશા રહેવા માટે નથી, દુનિયા દગો આપે છે.

કુરઆન મજીદમાં કારૂન વિષે બયાન થયું છે કે લોકો તેની દૌલતને જોઈને પોતાના પાસે આવે એવી તમન્ના કરતા હતા અને છેલ્લે અઝાબનો હકદાર બન્યો. ત્યારે કહેવા લાગ્યા કે સારું થયું આવી દૌલત આપણા પાસે નથી.

અમુક બાદશાહ જેમની સવારે હુકુમત હતી સાંજે તે જ બીજાના ખભા પર કબર ભેગા થઈ રહ્યા છે.

આ તમામ વસ્તુઓ આપણને શિખામણ આપે છે કે દુનિયા કોઈથી વફા નથી કરી અને આપણાથી પણ વફા નહીં કરે. આ વિષે ઇમામ અલી અ.સ. પોતાના પુત્ર જ. મુહમ્મદ હનફિયા ર.અ.થી કિતાબ મન લા યહઝુરુહુલ ફકીહમાં ફરમાવે છે: "અલ્લાહની વધારે નેઅમતોથી અને અઝાબ થવામાં મોડું થવાથી છેતરાઈ ન જજો, જો ખુદાને ડર હોત કે સજા નહીં આપી શકે તો તેને મોત પહેલા જ જલ્દીથી સજા આપી દીધી હોત."(મન લા

યહઝુરુહુલ ફકીહ ભાગ ૪ પેજ ૩૮૬)

કોઈ પણ આ દુનિયાથી દિલ ન લગાવે અને એવી રીતે જિંદગી ગુજારે કે જ્યારે અલ્લાહ તરફથી ફરિશ્તો લેવા આવે તો જવા માટે તૈયાર હોય.

હિકમત ૩૮૧

બોલવામાં કંટ્રોલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "વાણી તમારા બંધનમાં છે જ્યાં સુધી તમે તેને બોલશો નહીં, પરંતુ જો તમે તેને બોલશો તો તમે તેના બંધનમાં આવી જશો, તેથી તમારી જીભને તમે તમારા સોના-ચાંદીની જેમ સાચવો. કેમકે અમુક વાતો એવી હોય છે કે જેનાથી નેઅમત

છીનવાઈ જાય છે અને બલા-મુસીબત આવી જાય છે.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બોલવા પર કંટ્રોલ વિષે ત્રણ વસ્તુ ફરમાવે છે. જ્યાં સુધી આપણા મોઢામાંથી શબ્દો નથી નીકળ્યા, ત્યાર સુધી તે આપણા બંધનમાં છે, આપણે જેમ ચાહીએ તેમ બયાન કરી શકીએ છીએ. પરંતુ જો એક વખત આપણી ઝબાનથી વાત નીકળી જાય પછી આપણા કંટ્રોલમાં વાત નથી રહેતી અને આપણે તે શબ્દોથી ઓળખાશું. જો સારું બોલ્યા હશો તો સારી રીતે ઓળખાણ થશે અને જો ખરાબ શબ્દો બોલ્યા હશો તો તેના પછી ગમે તેવા અર્થ કાઢશો કોઈ નહીં માને, હવે આપણે આ વાતોના

અસીર બની ગયા છીએ. એટલે ઇમામ બયાન ફરમાવે છે કે જે બોલો સોચી સમજીને બોલો, બોલ્યા પછી પછતાવો થાય તેના કરતાં શું બોલી રહ્યા છો તેના તરફ ધ્યાન આપવું જરૂરી છે.

અને પછી આ બોલવા વિષે ફરમાવે છે કે તમારી જીભને સોના-ચાંદીના જેમ સાચવો. કોઈ પણ પોતાની કિંમતી વસ્તુ બધાયના સામે નથી રાખતું, તેને ખરાબ અને બરબાદ થવાનો હંમેશા ડર રહે છે. એ પ્રમાણે આપણી જીભથી જે બોલો છો તે બહુ જ કિંમતી છે, તેને બધાય સામે વિચાર્યા વગર ન વાપરો.

ત્રીજી વસ્તુમાં ઇમામ ઝબાનના નુકસાનને બયાન કરતા ફરમાવે છે

કે ઘણી વખત એક વાત જે ઝબાનથી નીકળી ગઈ હોય તેનું બહુ જ મોટું નુકસાન ઉઠાવવું પડે છે. મોટા મોટા બિઝનેસમેન વેપારની ડીલ કેન્સલ કરી દે છે, ઘણી વખત નેતાની એક વાતથી આખું દેશ સળગવા લાગે છે, બે કુટુંબમાં ઝઘડો થઈ જાય છે અને મુસીબત-બલામાં ફસાઈ જાય છે.

જ્યાં ન બોલવું જોઈએ ત્યાં ચૂપ રહેવામાં જ ફાયદો છે. અને જ્યાં બોલવું વાજીબ હોય ત્યાં ચૂપ રહેવામાં ખોટ છે.

હિકમત ૩૮૨

ચૂપ રહેવું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે વસ્તુને ન જાણતા હોય તેના વિષે ન બોલો, બલ્કે જે વસ્તુને જાણતા

હોય તે પણ બધું ન બોલો, (શક્ય છે તેનાથી કોઈની આબરૂ જતી રહે અથવા કોઈના ભેદ ખુલા પડી જાય.) કારણ કે અલ્લાહે તમારા બધા અંગો પર અમુક જવાબદારીઓ રાખી છે જેના વિષે કયામતના દિવસે તમારાથી સવાલ થશે.''

ઇમામ અલી અ.સ. આ હિક્મતમાં બે વસ્તુ બયાન ફરમાવી છે. પહેલું કે જે વસ્તુ ન જાણતા હોય તે વિષે જબાન ન ખોલો. આજના સમયમાં ઘણા લોકો અધૂરું જ્ઞાન લઈને પોતાને સૌથી મોટા વિદ્વાન સમજતા હોય છે અને તેમાં પણ દીનના વિષે જે જાહિલ અને અભણ હોય તે પણ આલિમો અને મુજતહિદો વિષે ટિપ્પણી કરવા લાગે છે અને અમુક તો કુરાન અને

હદીસમાં પોતાનો મત આપતા હોય છે જે અફસોસની વાત છે. કુરઆન મજીદમાં ઘણી જગ્યા ઉપર આવા લોકોને સખતીથી રોકવામાં આવ્યા છે કે જે વસ્તુ ન જાણતા હોય તે વિષે ન બોલો. "જે વસ્તુની જાણકારી ન હોય તેના પાછળ ન પડી જાવ, કેમ કે કાન, આંખ અને દિલ દરેક વિષે સવાલ થશે."(સૂરએ બની ઇસરાઈલ આયત ૩૬).

જે વસ્તુ વિષે ન જાણતા હોય તે વિષે બોલવું અક્કલમંદી નથી, અને હદીસ તેમજ રિવાયતોમાં આ વિષે પણ સખતીથી મનાઈ કરવામાં આવી છે. ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "જ્યારે કોઈ આલિમથી સવાલ કરવામાં આવે

અને તે ન જાણતો હોય તો કહે છે અલ્લાહ બેહતર જાણકાર છે અને ગેરે આલિમ (જાહિલ) ન જાણતો હોય તો પણ જવાબ આપે છે.''આલિમ જે સત્ય હોય તે જ બતાવે છે એટલે જે ન આવડતું હોય તેના વિષે સાફ સાફ કહી દે છે કે મને નથી ખબર, અને આ શબ્દ બોલવો પણ કમાલ છે. અને જાહિલને આવડે કે ન આવડે તે એમ સમજતો હોય છે કે ''લોકો મને શું કહેશે,''તેથી લોકોને ગુમરાહ કરે છે. ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. તેમના સાથી ઝોરારાને ફરમાવે છે: ''અલ્લાહનો તેના બંદાઓ પર હક છે કે બંદો જે વસ્તુ જાણે તે બોલે અને જે ન જાણતો હોય તેમાં કહી દે કે મને નથી ખબર.''

ઇમામ અ.સ. આ હિકમતમાં બીજી વસ્તુ ફરમાવે છે કે જે વસ્તુ વિષે જાણતા હોય તો પણ બધું ન બોલો, જેમ કે કોઈ મોમિનની રાઝની વાત, કોઈની ગીબત, આપસમાં લડાઈ-ઝઘડા થાય એવી વસ્તુઓ, ગુમરાહી ફેલાવનારી વાતો, બીજાના ગુનાહ જાહેર કરવા, પોતાના મોઢે પોતાના વખાણ, દુશ્મનના વખાણ, બીજા સામે બડાઈ મારવી વગેરે ન બોલવામાં જ ભલાઈ છે.

શા માટે ન બોલવું? બે કારણ છે: એક ગુનાહ, બીજું અલ્લાહ આપણા અંગો વિષે સવાલ પૂછશે કે તમે કઈ વસ્તુમાં ઉપયોગ કર્યા, શું આપણામાં શક્તિ છે કે જવાબ આપી શકીએ?

એક વસ્તુ ખાસ ધ્યાન રાખવી જોઈએ કે અલ્લાહના એહકામ અને દીનની વાતો બયાન કરવી જરૂરી છે, અહીંયા ચૂપ ન રહેવું જેથી સમાજમાંથી જેહાલત દૂર થાય.

હિકમત ૩૮૩

ગુનાહ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "એ વાતથી ડરતા રહો કે અલ્લાહ તમોને ગુનાહ વખતે તો હાજર જુએ અને ઇતાઅતના સમયે તમને ગાયબ, આ રીતે તો તમે મોટી ખોટમાં છો. જ્યારે તમે શક્તિશાળી બનો તો અલ્લાહની ઈતાઅતમાં પણ મજબૂત બનો, અને જ્યારે તમે કમઝોર બનો તો અલ્લાહની નાફરમાનીમાં પણ કમઝોર રહો."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુ બયાન કરીને ચેતવ્યા છે કે પોતાના આમાલનું ધ્યાન રાખવું જોઈએ. એવું ન બને કે અલ્લાહની નાફરમાની જ્યાં થતી હોય ત્યાં તો હાજર હોય અને જ્યાં અલ્લાહની ફરમાંબરદારીનો સમય અને હુકમ માનવાનો સમય આવે તો ત્યાંથી ગાયબ રહો. જો આમ હોય તો મોટી ખોટમાં છો. આ વસ્તુમાં ઇશારો છે કે અલ્લાહ બધી જગ્યા પર હાજર છે, અલ્લાહ આપણા ખયાલ અને વિચાર, જે દિમાગમાં આવે છે તેના કરતાં પણ વધારે નજીક છે, તો કેવી રીતે બને કે અલ્લાહ અને તેના ખાસ બંદાઓ જોઈ રહ્યો હોય તેમના સામે

અલ્લાહની નાફરમાની કરવામાં આવે.

ઇમામ સાદિક અ.સ.થી કાફી કિતાબમાં રિવાયત છે કે એક સહાબી ઇસહાક બિન અમ્મારને ઇમામ ફરમાવે છે: "અય ઇસહાક! અલ્લાહથી એવી રીતે ડરો જાણે અલ્લાહને જોઈ રહ્યા છો અને જો તમે નથી જોઈ રહ્યા તો ખુદા તો તમને જોઈ રહ્યો છે. જો તું એમ વિચારે કે અલ્લાહ તને નથી જોઈ રહ્યો તો તું કાફિર બની ગયો અને તું જાણતો હોય કે અલ્લાહ તને જોઈ રહ્યો છે તે છતાં તેની સામે જો તું ગુનાહ કરે તો તું બીજા જોવાવાળાઓ કરતાં પણ અલ્લાહને સૌથી મામૂલી ગણ્યો. (કેમ કે એક આમ ઇન્સાન સામે યા બચ્ચા સામે

ગુનાહ કરવાની તો હિંમત નથી તો અલ્લાહ સામે ગુનાહની હિંમત કેમ થઈ?)"આથી સમજાય છે કે અલ્લાહથી ન ડરવાનું કારણ એ છે કે ઇમાનમાં કમજોરી અને કયામત પર યકીન ન હોવું, તેમજ અલ્લાહને હાજર અને જોઈ રહ્યો છે તે નથી સમજતો, યા સવાબ અને અઝાબને હલકામાં લઈ રહ્યો છે.

અલ્લાહથી ડરવાનો અર્થ ઇમામ જાફર સાદિક અ.સ. બયાન ફરમાવે છે કે: "અલ્લાહ જે કામો કરવાનો હુકમ આપ્યો છે ત્યાંથી ગાયબ ન રહે, અને જે કામોથી રોક્યો છે ત્યાં હાજર ન રહે."

ઇમામ અલી અ.સ. બીજા ભાગમાં ફરમાવે છે કે જ્યારે તાકત આવી જાય તો તે તાકતને

અલ્લાહના કામોમાં ખર્ચ કરો અને જો કમઝોર હોવ તો તે કમઝોરી અલ્લાહની નાફરમાનીમાં હોવી જોઈએ. એટલે અલ્લાહે જે શક્તિ આપી છે તો તેના વાજીબાતમાં, લોકોની મદદરૂપમાં, મઝલુમની મદદ કરવામાં, બેગુનાહને આઝાદ કરવામાં વાપરવામાં આવે, ન કે અલ્લાહના બંદાઓને હેરાન કરવામાં, અથવા અલ્લાહના હુકમને પામાલ કરવામાં વાપરે, અને જો કમઝોર હોવ તો તે કમઝોરી ગુનાહ કરવામાં કમઝોર હોવું જોઈએ, અલ્લાહની નાફરમાની કરવામાં પોતાને કમઝોર સમજવું જોઈએ. એવું ન બને કે દૌલતમાં કમઝોર હોય તો ચોરી કરવા લાગે, ગુસ્સાથી કુટુંબ અને બીજાઓને તકલીફ

આપવા લાગે. એટલે જરૂરી છે કે પોતાની એનર્જીને અલ્લાહના હુકમ મુજબ વાપરે, નેગેટિવિટીમાં ન વાપરે.

અલ્લાહ સૂરએ નિસા આયત ૧૦૮માં ફરમાવે છે: "આ લોકો (પોતાના ગુનાહોને) લોકોથી તો છુપાવી શકે છે પરંતુ અલ્લાહથી નથી છુપાવી શકતા."

એક આરીફ કહે છે કે: "જો ગુનાહને અલ્લાહ માફી માંગવાથી માફ પણ કરી દે તો પણ મને અલ્લાહના સામે શરમ આવે છે કેમ કે તે મને ગુનાહ કરતા જોયો છે."

હિકમત ૩૮૪

દુનિયા પર ભરોસો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દુનિયાથી મોહબ્બત અને તેના પર

ભરોસો કરવો જ્યારે કે (તેની બેવફાઈને) પોતાની આંખે જુઓ છો નાદાની છે.
નેકી કરવામાં આળસ કરવી જ્યારે કે તેના બદલા વિષે યકીન છે (કે તેમાં જન્નત છે અને હંમેશ માટે આરામ છે) તો પછી ખોટમાં છો.
કોઈને અજમાવ્યા વગર તેના પર ભરોસો કરી નાખવો તારી નબળાઈ છે.''

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં ત્રણ વસ્તુ વિષે ફરમાવે છે.

પહેલી વસ્તુ કે બધા જ જાણે છે કે આ દુનિયા બેવફા છે, ઘણા લોકો સાથે દગો કર્યો છે ચાહે પહેલાના લોકો હોય કે આજના, અમીર હોય કે હાકિમ, તંદુરસ્ત હોય

કે કમઝોર, કોઈને છોડ્યા નથી, છેલ્લે દુનિયાને છોડીને બધા ચાલ્યા ગયા છે. અમીર ગરીબ બની ગયા, તંદુરસ્ત બીમાર થઈ ગયા, હાકિમ દેશ છોડીને ભાગી ગયા. આ બધા જ બદલાવ આ દુનિયામાં જોઈ રહ્યા છે છતાં જો કોઈ આ દુનિયા પર ભરોસો કરે તો શું તે નાદાન નથી? હોશિયાર એ છે કે જે આ દુનિયાની દરેક વસ્તુ હોવા છતાં પણ તેનાથી દિલ ન લગાવે, સાદી જિંદગી જીવે છે અને તેમાં જ અલ્લાહ સુધી પહોંચે છે.

બીજી વસ્તુ આ હિકમતમાં ઇમામ અ.સ. ફરમાવે છે કે નેકી કરવામાં આળસ કરવી જ્યારે કે યકીન છે કે ખુદા નેકીનો બદલો જરૂર આપશે, તે છતાં તેમાં કોતાહી અને

આળસ કરવી બહુ જ મોટું નુકસાન કરી રહ્યો છે. એનો અર્થ છે કે જ્યારે ઇન્સાનને કયામત અને આખેરત ઉપર ઇમાન ન હોય તો જ નેકી કરવામાં કોતાહી અને આળસ કરે છે. જો કોઈ બેઈમાન નેકી કરવામાં કોતાહી કરે તો સમજાય છે પરંતુ મોમિન જો કોતાહી કરે તો તેના પર તાઅજ્જુબ થાય છે. નુકસાન એટલે જે તેના પાસે છે તેમાં વધારો ન કરે, તો જેના બંને દિવસ આજ અને કાલનો બરાબર હોય અને નેકીમાં કોઈ વધારો ન કર્યો હોય તો તે નુકસાનમાં છે અને જે પોતાના જિંદગીના સમયને નકામી વસ્તુઓમાં ખર્ચ કરે અથવા કાંઈ પણ ન કરીને સમયને વેડફી નાખે તો તે પણ નુકસાનમાં છે.

ઇમામ અ.સ. આ હિકમતની ત્રીજી વસ્તુમાં ફરમાવે છે કે જે લોકો બીજા ઉપર આંધળો ભરોસો કરે છે તે લોકો કમઅક્કલ છે. વગર વિચાર્યે કોઈ સાથે દોસ્તી કરવી અને ભરોસો કરવો સારું નથી, કેમ કે તેઓ દગો આપી શકે છે. ઘણાય લોકો એવા પણ હોય છે કે દેખાવમાં સારા હોય પરંતુ ખયાનત કરતા હોય છે, જાહેરમાં ઇમાનદાર દેખાય છે પરંતુ મુનાફીક હોય છે. તેથી જરૂરી છે કે આપણા કામમાં યા જિંદગીના દીન અને દુનિયાના કામોમાં ત્યાર સુધી ભરોસો ન કરો જ્યાં સુધી તેને આજમાવી ન લેવામાં આવે. ઇમામ અલી અ.સ.ની ગરરુલ હેકમ કિતાબમાં હદીસ છે કે: "દોસ્તોને પસંદ કરવા પહેલા, તેમની

કસોટી કરો, કારણ કે કસોટી જ એવી રચના છે કે જેથી સારા અને ખરાબ જુદા પડે છે.”

સવાલ ઊભો થાય છે કે બીજી જગ્યાએ હદીસમાં છે કે બધા મુસલમાનો વિષે સારા વિચાર રાખો, તો શું આ બંને હદીસમાં ટકરાવ છે? જવાબ: જ્યારે સંપૂર્ણપણે મુસલમાન વિષે વાત કરવામાં આવે તો મુસલમાન વિષે સારા વિચાર રાખવા જોઈએ, અને જો કોઈને દોસ્ત બનાવવો હોય, યા કામમાં કોઈને ભાગીદાર બનાવવો હોય, યા દીન દુનિયાની જવાબદારી સોંપવી હોય તો પહેલા કસોટી કરો અને પછી સાથી બનાવો.

હિક્મત ૩૮૫

દુનિયાની હલકાઈ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "આ દુનિયાની ખરાબી માટે આટલું જ બસ છે કે એક આ જ જગ્યા છે જ્યાં અલ્લાહની નાફરમાની થાય છે, અલ્લાહના ઇનામ (જન્નત) સુધી પહોંચવા માટે દુનિયાને છોડવા સિવાય બીજો કોઈ રસ્તો નથી."

દુનિયાની બેકિંમત અને હલકાઈ હોવા વિષે કુરઆન મજીદમાં અલગ અલગ જગ્યાએ બયાન થયું છે: "દુનિયાની જિંદગી ખેલકૂદ છે", બીજી જગ્યાએ ફરમાવે છે કે "કાફિરો માટે શોભીતી બનાવી છે". હદીસમાં પણ છે કે: "તમારી દુનિયા ઝાડના તે પાંદડા જેવી છે જે તીડના મોઢામાં ચાવેલું હોય

છે.''એટલે જેની કોઈ કિંમત નથી હોતી.

ઇમામ અ.સ. આ હિકમતમાં પણ એ જ બયાન ફરમાવે છે કે આ દુનિયાની કોઈ કિંમત નથી અથવા એટલી હલકી છે કે જેમાં અલ્લાહનો ગુનાહ થાય છે, અને જો અલ્લાહનું ઇનામ, સવાબ કે જન્નત જુએ તો તેને છોડવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. અલ્લાહનો બદલો દુનિયાથી દિલ લગાવનાર માટે નથી બલ્કે દુનિયામાં રહીને અલ્લાહની નેકી કરવામાં છે.

ઇમામ ઝયનુલ આબેદીન અ.સ. ફરમાવે છે કે: ''જ્યારે અમે અને મારા પિતા કરબલા માટે ઘરેથી નીકળ્યા ત્યારથી વારંવાર જ. યાહ્યા અ.સ. અને તેમની

શાહાદતને વધારે યાદ કરતા હતા.''એક વખત ફરમાવ્યું કે: ''આ દુનિયાની ખરાબી માટે એટલું જ બસ છે કે યહ્યા ઇબ્ને ઝાકરિયા જેવા નબીના માથાને એક ખરાબ સ્ત્રીના માટે તોહફા રૂપે મોકલવામાં આવ્યું.''આ બયાન ઇમામનું ઇશારો આપે છે કે શહીદ થવાના છે.

એક વખત હ. રસૂલે ખુદા સ.અ.વ. કોઈ જગ્યાથી ગુજરી રહ્યા હતા, રસ્તામાં એક જગ્યાએ કચરામાં ઘેટું મરેલું જોયું તો પોતાના સાથીઓને પૂછ્યું કે: ''આની કિંમત કેટલી હશે?''તેઓએ કહ્યું કે: ''જો જીવતું હોત તો એક દીરહમ કરતાં વધારે ન હોત, આ તો મરેલું છે.''ત્યારે નબી સ.અ.વ. ફરમાવ્યું કે: ''અલ્લાહની કસમ કે જેના

હાથમાં મારો જીવ છે આ દુનિયા અલ્લાહના નજીક કિંમત વગરની છે જે રીતે આ મરેલા ઘેટાંની કિંમત મારા સાથીઓના નજીક કઈ નથી.”

જો આ દુનિયાથી આખેરતમાં કામયાબ ન થઈ શકાય તો તેની કોઈ કિંમત નથી અને જો દુનિયામાં રહીને આખેરતમાં કામયાબ થઈ શકાય તો આ દુનિયા વખાણના પાત્ર છે.

હિકમત ૩૮૬

કોશિષનું ફળ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “જે કોઈ મેળવવા માટે કોશિષ કરે છે તેને તે વસ્તુ પૂરેપૂરી અથવા તેમાંથી થોડુંક મળી જાય છે.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં મહેનત અને કોશિશના

ફળ વિષે બયાન ફરમાવે છે કે જે કોશિશ કરશે તેને તે વસ્તુ મળી જશે અને જો પૂરી ન મળે તો થોડુંક તો મળશે. બેશક મકસદ સુધી પહોંચવા માટે અલગ અલગ તરીકાથી જો કોઈ મહેનત કરે તો તે જરૂર પોતાના મકસદ સુધી પહોંચી જશે. આપણી નજરના સામે જ છે કે વિજ્ઞાનીઓ કેટલાય વરસો સુધી જુદી જુદી વસ્તુઓ પર રિસર્ચ કરે છે અને તેમને તેમાં કામયાબી પણ મળે છે અને જે આજની દુનિયામાં તરક્કી છે તેઓની મહેનત અને કોશિશોના કારણે છે. જો એક વિદ્યાર્થી પોતાના મકસદને પૂરો કરવા માટે મહેનત કરે તો તે નાકામ નથી થતો. મહેનતનું જ કારણ છે કે દરિયામાં લાખો ટનની શીપમાં

સામાન હેરફેર થાય છે, હવામાં હઝારો ટનનું વિમાન ઉડે છે, આ દુનિયાથી બીજા ગ્રહ સુધી માણસ પહોંચ્યો, અને ચાંદમાં પોતાનો ઝંડો લહેરાવ્યો છે. આ બધું એક રાત-દિવસમાં નથી થયું, બલ્કે તેના માટે મુસલસલ મહેનત અને કોશિશો કરી છે. એટલા માટે એક કહેવત પણ છે કે: "જે વારંવાર કોશિશ કરે છે તે મકસદ સુધી પહોચી જાય છે,"બીજી એક કહેવત: "જે દરવાઝાને વારંવાર ખટખટાવે છે એકને એક દિવસ ખુલી જાય છે,"આવી જ વાત ઇમામ અલી અ.સ.થી પણ બયાન થઈ છે.

જો કોઈ પોતાની રૂહાની દુનિયામાં પણ કોશિશ કરે તો તેમાં

પણ તે અલ્લાહની નજીક પહોંચી જાય છે.

ઇમામ અ.સ.ના આ કલામમાં છે કે સંપૂર્ણપણે મહેનત કરવાથી પહોંચશે, નહીં તો કમ સે કમ થોડી ઘણી કામયાબી તો જરૂર મળશે, અનુભવ થશે, યા ઘણું બધું જાણવાનું મળશે. એવું તો નથી થવાનું કે કાંઈ ન મળે. બીજું કે જો એક વખત મહેનતથી મકસદ પૂરો ન થયો હોય તો વારંવાર તૈયારી કરે, એક દિવસ જરૂર કામયાબી મળશે. યાદ રાખવું જોઈએ કે જે મહેનત અને કોશિશ કરવાથી થાકી જાય તેના માટે કામયાબી નથી.

હિકમત ૩૮૭

નેકી અને બુરાઈ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: તે નેકી હકીકતમાં નેકી નથી જેના પછી દોઝખમાં ફેંકવામાં આવે, અને તે બુરાઈ હકીકતમાં બુરાઈ નથી જેના પછી જન્નતમાં દાખલ કરવામાં આવે, જન્નત સામે દરેક નેઅમત ઓછી છે અને દોઝખ સામે દરેક મુસીબત આરામ છે.”

અમુક લોકો નેકીને બુરાઈ અને બુરાઈને નેકી સમજે છે, તેઓ માટે ઇમામ અલી અ.સ. આ બયાનમાં સમજાવે છે કે નેકી અને બુરાઈમાં શું ફરક છે? જેમની નઝર ફક્ત દુનિયાદારી અને માદ્દી વસ્તુઓ પર હોય છે તેઓ નેકીને માદ્દી અને દુનિયાની લઝઝત સમજે છે અને

બુરાઈને માદ્દી અને દુનિયાનું નુકસાન સમજે છે, પરંતુ અલ્લાહ વાળા નેકીને હંમેશ માટે રહેવાવાળી કામયાબી સમજે છે જેમાં અખ્લાક, ઇન્સાનિયત અને આખેરતની કામયાબી હોય છે ભલે આ કામો કરવાથી દુનિયાનું નુકસાન થતું હોય પરંતુ અલ્લાહ વાળા કામયાબી સમજે છે, અને બુરાઈ એટલે ખરાબ અખ્લાક અને ગેરે ઇન્સાનિયત જેવા કામોને મોટું નુકસાન સમજે છે. આ લોકો દુનિયાના નુકસાનને નુકસાન નહીં બલ્કે આખેરતના નુકસાનને બુરાઈ સમજે છે.

એટલે કે હકીકતમાં નેકી અને બુરાઈ જે દુનિયાદાર સમજે છે તે બરાબર નથી, કેમ કે તેઓ ફક્ત જાહેરી અને આ દુનિયાના સુખ-

આરામને નેકી સમજે છે અને આ દુનિયાના નુકસાનને બુરાઈ સમજતા હોય છે જે બિલકુલ ખોટું છે. આ દુનિયા હંમેશ માટે નથી તો તેના થોડાક એવા આરામ જેના પછી બેચૈની અને આરામ ન હોય તે શું કામનો? જેમ કે અગર કોઈ જમવાનું જમે તેનાથી લઝ્ઝત મળે પરંતુ તે જમવાથી એક અઠવાડિયું બીમાર પડી જાય તો શું તે એક સમયના જમવાની લઝ્ઝતને લઝ્ઝત કહી શકાય? દરેક અક્કલવાળો આને સારું નહીં કહે. એ જ પ્રમાણે અગર કોઈ કડવી દવા ખાય ત્યાર પછી તેની તબિયતમાં સુધારો આવે તો શું કોઈ અક્કલવાળો માણસ તેને નુકસાન કહેશે? ના. તેથી જરૂરી છે કે લાભ અને નુકસાન હંમેશ માટે

હોય તે મુજબ નેકી તથા બુરાઈને સમજવું જોઈએ. દુનિયાવાળાના નજીક શહાદત નુકસાન છે પરંતુ દીનમાં મોટી કામયાબી ગણવામાં આવી છે.

જે કામને લોકો નેકી સમજીને કરતા હોય પરંતુ તેવા કામથી લોકોમાં ઝઘડો યા ફિતનો ઊભો થતો હોય તો તેવું કામ નેકીમાં નહીં ગણાય અને આવું કામ દોઝખ તરફ લઈ જશે, સવાબના બદલે સજા મળશે.

ઇમામ અ.સ. આ હિકમતમાં બીજી વસ્તુ બયાન ફરમાવે છે કે જન્નત સામે દુનિયાની ગમે તેવી સારી નેઅમત હોય તો પણ તેની કોઈ કિંમત નથી, કેમ કે દુનિયાની સારામાં સારી વસ્તુની લઝઝત કે

આરામ ટૂંક સમય માટે હોય છે અને જન્નતમાં જે લઝઝત અને આરામ છે તે હંમેશ માટે હોય છે. આગળ ઇમામ ફરમાવે છે કે દોઝખની સજા અને અઝાબના સામે દુનિયાની બલા, તકલીફ કે મુસીબત આરામ જેવી છે. કેમ કે દોઝખની આગ અને સઝાનો દુનિયાની કોઈ વસ્તુ મુકાબલો નથી કરી શકતું. અવલિયાએ ખુદા, અલ્લાહની બારગાહમાં તડપીને દોઝખથી બચવા માટે દુઆ કરતા હોય છે.

હિકમત ૩૮૮

મોટી બલા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જાણી લો કે ગરીબી મોટી બલા છે, અને તેનાથી પણ વધારે ખરાબ શરીરની બીમારી છે, તેનાથી પણ

વધારે ખરાબ દિલની બીમારી (અખ્લાકી બીમારી અને ખરાબ અકીદો) છે, જાણી લો કે દિલમાં તકવા હોવું શરીરનું તંદુરસ્ત હોવાની દલીલ છે.”

ઇમામ અ.સ. આ બયાનમાં ચાર વસ્તુ ફરમાવી છે તેમાંથી ૩ વસ્તુ એકથી ચઢિયાતી મોટી મુસીબતો છે.

૧. સૌથી પહેલા ગરીબી અને કોઈનો મોહતાજ હોવું. જિંદગી જીવવાની જરૂરી વસ્તુઓ ન હોવી ખરેખર મોટી મુસીબત છે. હિકમત ૧૧૬માં ઇમામ અ.સ. “ગરીબીને મોટી મોત કહે છે,”અને નબી સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: “ગરીબી દુનિયા અને આખેરતમાં ઝલીલ કરે છે.”ગરીબીના લીધે માણસ ચોરી, અમાનતમાં ખયાનત

કરે છે તેમજ પોતાનો દીન પણ વહેંચી નાખે છે. ગરીબીના લીધે માણસ ખુદા સામે નાશુકરી કરવા લાગે છે, તેથી તે અલ્લાહ અને તેના બંદાઓથી દૂર થઈ જાય છે.

૨. બીજા વાક્યમાં ઇમામ ગરીબી કરતાં પણ મોટી મુસીબત બયાન ફરમાવે છે, ગરીબી કરતાં પણ વધારે મોટી મુસીબત શરીરની બીમારી છે. ઘણા લોકો ગરીબ છે પરંતુ તેઓ તંદુરસ્ત છે જેના પર અલ્લાહનો શુક્ર અદા કરે છે અને જેઓ પાસે માલો-દૌલત સાત પેઢી સુધી ઐશોઆરામ કરી શકે એટલું છે પરંતુ એવી બીમારી છે કે આરામથી જમી પણ નથી શકતા કે ન આરામથી સુઈ શકે છે. માલદાર આ સિવાય જે વસ્તુથી વધારે

પરેશાન થાય છે એ છે કે રાત-દિવસની મહેનત કરીને પોતાની દૌલતને ભેગી કરી પરંતુ અફ્સોસ કે પોતે ઉપયોગ નથી કરી શકતો પરંતુ તેના સામે તેની ઔલાદ અને સગાંવહાલાં હલાલ કે હરામ જોયા વગર ખર્ચ કરે છે.

૩. ત્રીજી વસ્તુમાં ફરમાવે છે કે શરીરની બલા અને મુસીબત કરતાં મોટી બલા દિલની બીમારી છે. અહીંયા દિલની બીમારીનો અર્થ એ નથી કે જેમાં ખૂન ફરવાનું બંધ થઈ જાય, બલ્કે આનો અર્થ છે કે રૂહ અને જાનમાં મુસીબત આવવી એટલે ઇન્સાનનો અકીદો ખરાબ થઈ જાય, ઇમાન ખતરામાં આવી જાય કે પછી તેમાં અખ્લાકી બુરાઈ આવવા લાગે, અલ્લાહ અને

અહલેબયત અ.સ.ના રસ્તાથી વિમુખ થઈ જાય. આ વસ્તુઓને ઇમામ અ.સ. સૌથી વધારે મોટી બલા અને મુસીબત ગણે છે. જો ઇમાન અને અકીદો સલામતી સાથે કબર સુધી લઈ જવામાં આવે તો તે મોટી કામયાબી છે.

છેલ્લી વાતમાં ઇમામ ફરમાવે છે કે જો માણસ મુત્તકી (દિલમાં તકવા) હશે તો શરીર સલામત, અખ્લાક સારા, બુરાઈથી દૂર, વાજીબાતનો પાબંદ હશે અને હરામ તથા નકામા કામોથી પોતાને બચાવશે.

આ કલામથી જાણ થાય છે કે આપણી જિંદગીનો પૂરો મકસદ ફક્ત માલ ન હોવો જોઈએ બલ્કે આપણી મંઝિલ મુત્તકી બનવાનું છે અને સલામત દિલ સુધી પહોંચવાનું છે.

ત્યાર સુધી પહોંચવામાં અડચણો અને રૂકાવટો ઘણી હોય છે, પરંતુ ઇરાદો મજબૂત હોય તો કોઈ વસ્તુ અલ્લાહ સુધી પહોંચવામાં નથી રોકી શકતી.

હિકમત ૩૮૯

હસબ નસબ

હ. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેણે તેનાં કર્મો પાછળ ધકેલી દે, તેને તેનો વંશ (નસબ) આગળ નથી લાવી શકતો.
(બીજી હદીસમાં આ મુજબ આવેલું છે: જો પોતાના અંદર કોઈ ખૂબી ન હોય તો તેને તેના બાપ દાદાઓની ફઝીલતથી લાભ નથી મળતો.)."

બીજી હદીસમાં આ મુજબ આવેલું છે: "જો પોતાના અંદર કોઈ ખૂબી

ન હોય તો તેને તેના બાપ દાદાઓની ફઝીલતથી લાભ નથી મળતો.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં તેઓ તરફ ઇશારો ફરમાવે છે કે જેમનામાં કોઈ ખૂબી યા કોઈ ફઝીલત નથી ફક્ત પોતાના બાપ દાદાઓની ફઝીલત બયાન કરીને પોતાને મોટો સમજે છે, આ લોકો ગાફીલ છે. અસલમાં પોતાના અંદર ખૂબીઓ લાવીને આગળ વધવું પડશે. જેમ કે ઇલ્મના મૈદાનમાં મહેનત અને કોશિશ કરીને સૌથી વધારે આગળ વધે, પોતાના અંદર અખ્લાક અને ભલાઈમાં વધારો કરે જેથી લોકો ઓળખે, અમાનતદારી, બહાદુરી અને સખાવતમાં સૌથી બહેતર હોય,

આવી જ બીજી સારી સિફતો પોતાના અંદર હોવી જોઈએ. જો કોઈના પિતા નેક, આલિમ, ડૉક્ટર, હક પરસ્ત... હોય તો તેમનામાં ખૂબીઓ છે તેમને અજર મળશે પરંતુ જો ઔલાદમાં નહીં હોય તો ઔલાદને કોઈ લાભ નહીં મળે.

બુઝૂર્ગો કહે છે કે: "અજબ થવા જેવું છે કે જીવતા પોતાના મુર્દાઓ પર ફખર કરે છે, જેમના હાડકા કબરમાં સડી ગયા છે તેમની ફઝીલતને જીવતા લોકો પોતાની ફઝીલત સમજે છે."હકીકતમાં ફઝીલત વિષે ખુદા કુરઆન મજીદ સૂરએ હુજુરાત આયત ૧૩માં ફરમાવે છે: "અલ્લાહના ત્યાં તમારામાંથી સૌથી વધારે ઇઝઝત અને

ફઝીલતવાળો એ છે જેના પાસે તકવા છે.''

ઇન્સાનની ફઝીલત તેની ખૂબીઓના લીધે છે, તેથી પોતે ફઝીલત હાસલ કરવાની કોશિશ કરે.

હદીસમાં છે કે હ. ઇમામ અલી રઝા અ.સ. પાસે એક માણસ આવીને કહ્યું કે: ''ખુદાની કસમ આ ધરતી ઉપર તમારા બાપ દાદાઓ કરતાં વધારે શરાફત બીજા કોઈ પાસે નથી,''ઇમામ અ.સ. ફરમાવ્યું: ''અલ્લાહનો તકવા તેમને શરાફત આપી છે અને અલ્લાહની ઇતાઅત તેમને બુલંદ દરજ્જો આપ્યો છે.''તે ફરીથી કહ્યું કે: ''અલ્લાહની કસમ તમે લોકોમાં સૌથી બહેતર છો,''ઇમામે ફરમાવ્યું: ''અય માણસ!

કસમ ન ખા, મારાથી બહેતર એ છે કે જે તકવામાં બહેતર અને અલ્લાહની ઇતાઅતમાં સૌથી બહેતર હોય, આ આયત (૪૯:૧૩) હજુ પણ ચાલુ જ છે કે જેમાં અલ્લાહ ફરમાવે છે, અલ્લાહ તમને આપસમાં જુદા જુદા કુટુંબ અને કબીલામાંથી બનાવ્યા, જેથી એક બીજાને ઓળખો, તમારામાં અલ્લાહના સામે ઇઝઝતવાળો એ છે કે જેમાં સૌથી વધારે તકવા હોય.''

ઇમામ અલી રઝા અ.સ.ના ભાઈ ઝૈદ બિન મૂસા હુકુમતના વિરુદ્ધ મદીનામાં જંગનું એલાન કર્યું અને મદીનામાં અમુકના ઘરોને આગ લગાવી અને તેમાં અમુક લોકોને કત્લ કર્યા, તેથી તેમનું નામ ઝૈદે નાર પડી ગયું. મામૂનના સિપાહીઓ

તેને પકડીને મામૂન સામે લાવ્યા, મામૂને કહ્યું કે: "એમને અલી ઇબ્ને મૂસા અરરેઝા સામે લઈ જાવ," ઇમામ અ.સ.નો ગુલામ યાસીર કહે છે કે જ્યારે ઝૈદને ઇમામની ખિદમતમાં લાવવામાં આવ્યા તો ફરમાવ્યું કે: "શા માટે લોકોના જેમ દલીલ વગરની વાતો લોકોને કહે છે કે જ. ફાતેમા ઝહરા સ. પાકો પાકીઝા હતા તેથી તેમની ઔલાદ ઉપર અલ્લાહે દોઝખની આગને હરામ કરી છે, તને છેતરવામાં આવ્યો છે, ઔલાદે ફાતેમા સ. એટલે ઇમામ હસન અને ઇમામ હુસૈન અ.સ. માટે આ વાત છે, જો એમ સમજતો હોય કે તું ગુનાહ કરે અને ખુદા જન્નતમાં મોકલશે અને મૂસા ઇબ્ને જાફર અ.સ. અલ્લાહની ઇતાઅત કરે અને

તે પણ જન્નતમાં દાખલ થશે તો આ રીતે તો તારો મરતબો મૂસા ઇબ્ને જાફર કરતાં વધારે થયો ગણાશે.''પછી ઇમામે ફરમાવ્યું કે: ''અલ્લાહની કસમ કોઈ પણ અલ્લાહના ત્યાં બુલંદ મરતબા નથી પહોંચી શકતું સિવાય કે તેની ઇતાઅત કરે, અને તું સમજે છે કે અલ્લાહના નજીક ગુનાહ કરીને પહોંચીશ, કેવો ખોટો વિચાર છે.''પછી ઝૈદે કહ્યું: ''હું તો તમારો ભાઈ અને આપણા બંનેના એક જ પિતા છે.''ઇમામે ફરમાવ્યું: ''કે તું ત્યાર સુધી મારો ભાઈ છે જ્યાં સુધી અલ્લાહની ઇતાઅતમાં રહે.''જ. નૂહ અ.સ. અરજ કરી: ''અય મારા અલ્લાહ! આ મારો દીકરો મારા ખાનદાનથી છે અને તારો વાયદો

સાચો છે (મારા ખાનદાનને નજાત અતા કર) અને તું અહકમુલ હાકિમીન છે,"અલ્લાહે ફરમાવ્યું: "અય નૂહ! આ તમારા ખાનદાનમાંથી નથી કેમ કે તે નેક નથી,"અલ્લાહે તેને નાફરમાનીના લીધે નૂહ નબીના ખાનદાનથી જુદા કરી નાખ્યો. નેકીથી જ અલ્લાહના ત્યાં ઇઝઝત છે.

હિકમત ૩૯૦

ઇસ્લામી જિંદગી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "મોમિન પોતાની જિંદગીના હરરોજના સમયને ત્રણ ભાગમાં વહેંચે છે: ૧- અલ્લાહની બારગાહમાં મુનાજાત (ઈબાદત) માટે. ૨- પોતાની રોઝી કમાવવા માટે. ૩-

પોતાને હલાલ અને પાકીઝા વસ્તુઓથી લઝઝત ઉઠાવવા માટે. અક્કલમંદ માટે સારું નથી કે તે પોતાને ઘરથી દૂર રાખે સિવાય ત્રણ કામો માટે: ૧- રોઝી માટે, ૨- આખેરતના કામ માટે, ૩- એવી લઝઝત માટે જે હરામ ન હોય.''

''અક્કલમંદ માટે સારું નથી કે તે પોતાને ઘરથી દૂર રાખે સિવાય ત્રણ કામો માટે: ૧- રોઝી માટે, ૨- આખેરતના કામ માટે, ૩- એવી લઝઝત માટે જે હરામ ન હોય.''

ઇમામ અ.સ. આ હિકમતમાં મોમિનના દિવસ-રાતના ૨૪ કલાકને ત્રણ ભાગમાં વહેંચ્યા છે. જિંદગીમાં દરેક વસ્તુનું બેલેન્સ હોવું જોઈએ. સૌથી પહેલો ભાગ અલ્લાહની ઈબાદત, દુઆ અને એકલામાં

મુનાજાતનો છે જે બહુ જ એહમિયત રાખે છે. આજના ઝમાનામાં લોકો પાસે જમવા અને સુવા માટે પણ સમય નથી, એ લોકો આ વસ્તુ તરફ વધારે ધ્યાન આપે. જે અલ્લાહે આપણને જિંદગી આપી, સૌથી પહેલા તેની બંદગીનો હક આવે છે, તેના માટે સમય કાઢવો એ જ પ્રમાણે જરૂરી છે જે રીતે જમવા અને બીજી વસ્તુઓ માટે કાઢતા હોઈએ છીએ. અલ્લાહની બંદગી, ઈબાદત અલ્લાહનો શુક્ર છે અને ગમ અને મુસીબતમાં તેનાથી દુઆ અને મુનાજાત કરવી દિલને આરામ પહોંચાડે છે.

બીજી વસ્તુ ઇમામે ફરમાવી છે કે તમારી હલાલ રોઝી માટે એક ભાગ નક્કી કરો, જેથી પોતાની

અને કુટુંબની જરૂરતો પૂરી કરી શકો, ઇઝ્ઝતની જિંદગી જીવવામાં મદદરૂપ બને, કોઈ સામે હાથ ન લંબાવવો પડે. જો સારી કમાણી થાય તો લોકોને મદદરૂપ બની શકો. જે લોકો રાત-દિવસ ઈબાદત અને સૂફી બની જાય છે અને પોતાના બાલ-બચ્ચાને લોકોના હવાલે છોડીને ઘરથી દૂર જઈને મુસલ્લો બિછાવે છે, ખાસ તેઓ માટે છે કે પોતાના સમયનો એક ભાગ હલાલ રોઝી કમાવવા માટે રાખે અને આ પણ મોટી ઈબાદત છે, બલ્કે બાલ-બચ્ચાઓનું ભરણપોષણ માટે હલાલ રોઝી કમાવવી મહાન ઈબાદત ગણવામાં આવી છે.

ત્રીજી વસ્તુ ઇમામે ફરમાવી છે કે આરામ, જાએઝ લઝ્ઝત વગેરે

માટે સમય આપવો, ખરેખર પોતાના ફેમેલી માટે સમય આપવો બહુ જ મહત્વ ધરાવે છે. આજની કામકાજની દુનિયામાં કે લોકો પાસે ફક્ત કામ અને કામ, ઓફિસ અને ઘરે પણ કામકાજનો વિચાર કરતા હોય છે અને ફેમિલી માટે સમય નથી હોતો, તેઓને ખાસ ધ્યાન આપવાનું છે કે બાલ-બચ્ચાઓ સાથે બેસીને ખુશખુશાલ રહેવું, તેમના માટે સમય આપવો ઘરમાં પાકીઝા માહોલને બાકી રાખે છે. જો ઘરમાં પ્યાર-મહોબ્બત અને બચ્ચાઓ સાથે હળીમળીને રહેવાનો સમય નહીં હોય તો ઘરવાળાને જ્યાં પ્યાર-મહોબ્બત મળશે ત્યાં જઈ શકે છે, તેનાથી ઘરવાસમાં અને બાલ-બચ્ચાઓમાં ઘણા પ્રોબ્લેમ ઊભા થઈ જાય છે.

તો જાએઝ લઝઝત, કુટુંબ તથા દોસ્ત-બિરાદરોથી મુલાકાત જિંદગીમાં મહત્વ ધરાવે છે. જો આ મુજબ રાત-દિવસને વિતાવે તો જિંદગી સારી રીતે વીતશે.

એક બીજી હદીસમાં રાત-દિવસને ચાર ભાગમાં વહેંચવાનું ઇમામ મૂસા કાઝિમ અ.સ. બયાન ફરમાવે છે: "૧- ઈબાદત, ૨- રોઝી કમાવવા, ૩- દોસ્તોથી મુલાકાત અને જે ભરોસામંદ માણસોથી મુલાકાત કરવી જેઓ આપણી ભૂલોને બતાવે, ૪- જાએઝ લઝઝતને હાસલ કરવા માટે."હદીસમાં ત્રણ ભાગ બયાન થયા હોય કે ચાર, બંનેમાં લગભગ બધી જરૂરી વસ્તુઓ શામિલ થઈ ગઈ છે.

છેલ્લે હિકમતમાં બયાન ફરમાવ્યું છે કે અક્કલમંદ માટે બરાબર નથી કે પોતાના ઘરથી કે બાલ-બચ્ચાઓથી પોતાને દૂર રાખે, અમુક કામો માટે દૂર રહી શકે છે, રોઝી કમાવવા માટે બીજી જગ્યાએ મુસાફરી કરે, આખેરતના કામો માટે ઘરેથી કદમ બહાર કાઢે અને જાએઝ લઝ્ઝતને હાસલ કરવા માટે. આ હદીસનો અર્થ છે કે જો સફરમાં જવું પડે તો જઈ શકો છો તેમાં કોઈ વાંધો નથી.

હિકમત ૩૯૧

દુનિયાથી દૂરી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દુનિયાની મોહમાયાથી દુર રહો (ઝાહીદ બનો) જેથી અલ્લાહ તમને દુનિયાની ખામીઓ બતાવે, અને

(પોતાના કામોથી) ગાફિલ ન થઈ જાવ કેમકે (ખુદા તમારા કામથી) ગાફિલ નથી.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બે વસ્તુ બયાન ફરમાવી છે: દુનિયાના જાહેરી દેખાવથી દૂર રહીને ઝોહદ ઇખ્તિયાર કરો, જેથી અલ્લાહ દુનિયામાં જે ખરાબીઓ અને તેની મોહબ્બતમાં જે નુકસાન અને ખતરા છે તે દેખાડે.

જ્યાં સુધી કોઈ આંધળી મોહબ્બત કરતો હોય ત્યાર સુધી તેમાં જે ખરાબી હોય છે તે નજર નથી આવતી, બલ્કે તેની ખરાબી પણ સારી લાગે છે. થોડોક તેનાથી દૂર થાય ત્યારે તેની કમી અને ખરાબી દેખાવા લાગે છે.

નબી સ.અ.વ. હદીસમાં ફરમાવે છે કે: "કોઈ સાથે વધુ પડતી મોહબ્બત આંધળા અને મૂંગા બનાવી દે છે."

તેથી કહેવાય છે પોતાની ભૂલો અને કોતાહીઓ બીજાથી સાંભળો, પોતાની ઝાતને બીજાના અરીસામાં જુઓ, કેમ કે માણસ પોતાને હંમેશા સારો જ સમજે છે.

હદીસમાં ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "દુનિયાની રંગબેરંગીથી પોતાને દૂર રાખો, અલ્લાહ તેના દિલમાં ઇલ્મ અને સારી સારી વાતો નાખશે, તે વાતો તેની ઝબાનથી જાહેર કરશે અને દુનિયાની બુરાઈઓ તેને ઓળખાવશે, દુનિયાનું દુખ અને તેની દવા બતાવશે, અને દુનિયાથી

(ઇમાનની) સલામતી સાથે રૂખસત થશે.''

ઇમામ અ.સ. બીજા ભાગમાં ફરમાવે છે કે ગાફિલ ન રહો, આખેરત વિષે જાગૃત બનો, કેમ કે અલ્લાહ અને તેના નક્કી કરેલા ફરિશ્તા અને બીજી મખ્લૂક તમારાથી ગાફિલ નથી. ફરિશ્તા આપણા આમાલ લખે છે, આજુબાજુની જગ્યા આપણા આમાલ પર સાક્ષી હોય છે, એટલે તે બધા જ પોતાના કામો અંજામ આપી રહ્યા છે તો ઇન્સાન શા માટે ગાફિલ છે.

અહીંયા વાક્ય આગળથી જોડાયેલ છે કે ધ્યાન રાખજો દુનિયા તમને છેતરી ન નાખે, ગફલતમાં ન રહેજો, આહિસ્તા-આહિસ્તા કેવી રીતે દુનિયાની

મોહબ્બત અને પછી એકએક કરીને બુરાઈઓ આવી જશે કે ખબર પણ નહીં રહે તેથી ચેતીને રહેવું.

હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "હું અજબ થાઉં છું ગાફિલથી જ્યારે કે તેનાથી (ખુદા અને ફરિશ્તા) ગાફિલ નથી, અજબ થાઉં છું દુનિયા તલબ કરનારથી જ્યારે કે મોત તેને તલબ કરી રહી છે, અજબ થાઉં છું ઠઠ્ઠા-મશ્કરી કરનારથી જ્યારે કે તેને ખબર નથી કે અલ્લાહ તેનાથી રાજી છે કે નારાજ."

દુનિયા વિષે ઘણી બધી હદીસો મૌજૂદ છે. ટૂંકમાં કે જે દુનિયાની મોહબ્બતમાં ફસાઈ જાય છે તેને દુનિયા ખતમ કરી નાખે છે.

હિકમત ૩૯૨

ઓળખાણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "વાત કરો જેથી ઓળખાણ થાય કેમ કે માણસ પોતાની જીભ નીચે છુપાયેલો છે."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બોલવાનું મહત્વ સમજાવે છે કે તમારી ફઝીલત, ઇલ્મ, કમાલાત, ઇમાન કે કિંમતને ઓળખાવવા માટે ઝબાનથી જેવા શબ્દો નીકળશે એ પ્રમાણે ઓળખાણ થશે. જો સારી વાતો નીકળશે તો સારી ઓળખાણ થશે, લોકો સારા નામથી યાદ કરશે, અને જો ખરાબ શબ્દો નીકળશે તો ખરાબ ઓળખાણ થશે. જ્યાં સુધી ઝબાનથી શબ્દો નથી નીકળ્યા

ત્યાર સુધી માણસની જેહાલત અને હોશિયારી બંને છુપી હોય છે. જો એક માણસ વરસો સુધી લોકોના વચમાં રહીને ખામોશીની જિંદગી જીવે અને કોઈ ન ઓળખે, તેનાથી લોકો લાભ ન મેળવે તો તમે બીજાઓ માટે જિંદગીને તાળું લગાવ્યું છે, લોકોને ફાયદાથી મેહરૂમ કરી દીધા છે.

ઇમામ અ.સ. ફરમાવે છે કે માણસ પોતાની જીભ નીચે છુપાયેલો છે. આનો અર્થ છે કે માણસનું ખામોશ રહેવું કમાલ સુધી પહોંચાડે છે. પરંતુ જ્યાં બોલવું જરૂરી હોય ત્યાં બોલવું વાજીબ થઈ જાય છે. આ વસ્તુ વિષે ઇમામ સજ્જાદ અ.સ.થી બયાન મૌજૂદ છે.

એક માણસ આવીને ઇમામ સજ્જાદ અ.સ.થી સવાલ કર્યો કે: "બોલવું બહેતર છે કે ચૂપ રહેવું?" ઇમામ સજ્જાદ અ.સ. જવાબમાં ફરમાવે છે કે: "બંને મુસીબત છે, પરંતુ જો બોલવાથી મુસીબત દૂર થતી હોય તો બોલવું બહેતર છે." તે કહ્યું કે: "અય રસૂલે ખુદાના દીકરા, સમજાવો?" ઇમામ ફરમાવ્યું: "અલ્લાહે નબીઓ અને તેમના જાનશિનોને ખામોશ રહેવા નથી મોકલ્યા બલ્કે તેમને બયાન કરવા મોકલ્યા છે." જન્નત ખામોશ રહેવાવાળાને નથી મળવાની, વિલાયતે ખુદા ખામોશીમાં નથી, દોઝખની આગથી દૂરી ચૂપ રહેવાથી નહીં મળે, આ બધું જ બોલવાથી

મળશે. (બેહારુલ અનવાર ભાગ ૬૮ પેજ ૨૭૪).

મહત્વ એ છે કે શું બોલો છો અને ક્યાં ખામોશ રહો છો. જો કોઈ પાસે ફઝીલત યા ઇલ્મ કે સારું બોલતા ન આવડતું હોય, યા બોલવાથી લોકોમાં ફસાદ થતો હોય તો આવી જગ્યાએ ન બોલવું અને ખામોશ રહેવું જોઈએ.

યાદ રાખો કે જ્યાં બોલવાથી દીન અને સમાજનો ફાયદો થતો હોય ત્યાં બોલવાની એહમિયત છે અને ત્યાં ન બોલવું કોતાહી છે, અને જ્યાં ખામોશ રહેવાથી દીન અને સમાજનો લાભ થતો હોય ત્યાં ખામોશ રહેવામાં ફઝીલત છે.

હિક્મત ૩૯૩

દુનિયાની ચાહત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દુનિયામાંથી તેટલું લઈ લો જેટલું તમારા પાસે આવે, અને જે તમારાથી મોઢું ફેરવી લે તેના પાછળ ન દોડો, જો એમ ન કરી શકો તો દુનિયા હાંસિલ કરવામાં (શરીઅત મુજબ) સુંદર રસ્તો અપનાવો."

ઇમામ અલી અ.સ. આ હિક્મતમાં દુનિયા પાછળ લાગ્યા રહેવાની મનાઈ ફરમાવે છે કે જેટલી દુનિયા તમારા પાસે આવે તેટલી લઈ લો, અને જે ન આવે તો તેના તરફ ધ્યાન ન આપો, તેનાથી મોઢું ફેરવી લો.

દરેક માણસની કામકાજ કરવાની શક્તિ અને આદતો જુદી

જુદી હોય છે, તે મુજબ દુનિયા માટે મહેનત કરે છે, પરંતુ તેના પાછળ હંમેશા ભાગતો ન ફરે. ઇમામ અ.સ. બયાન ફરમાવે છે કે દુનિયા હાસલ કરવામાં એટલા મશગૂલ ન થઈ જાવ કે ઘર તથા સમાજના માટે પણ સમય ન રહે.

બીજી વસ્તુ ફરમાવી કે જો તમારા તરફ દુનિયા ન આવે તો પાછળ ન લાગેલા રહો, એટલે મહેનત કરવા છતાં પણ જો તે જગ્યાથી રોઝી ન મળે, નુકસાન ઉઠાવવું પડે તો તે છોડીને બીજું કામ કરો, કેમ કે જો ત્યાં મહેનત કરવા છતાં રોઝી ન મળે તો બંદો પછી નાશુકરી કરવા લાગે છે, અને કાફિર બની જાય છે, ગુનાહમાં પડવાનો ડર રહે છે. બીજું કે બની

શકે છે તમારી રોઝી ત્યાં લખાયેલી ન હોય તો તેના પાછળ ન લાગ્યા રહો.

છલ્લા વાક્યમાં ઇમામ ફરમાવે છે કે કમ સે કમ એટલું તો કરો કે અક્કલથી કામ લો, દરમિયાનનો રસ્તો અપનાવો, ગુનાહના રસ્તા ન અપનાવો, એવા લાલચુ અને દુનિયાના પૂજારી ન બનો કે દરેક પાસે હાથ ફેલાવતા ફરો. સાદી જિંદગી પરંતુ ગુનાહ વગર હોય તે ગુનાહો સાથે સાદી જિંદગી કરતાં ઘણી બહેતર છે.

શેખે કુલૈની ર.અ. અલ કાફીમાં એક હદીસ ઇમામ જાફર સાદિક અ.સ.થી બયાન ફરમાવી છે કે: ‘‘એક વખત નબી સ.અ.વ. પરેશાન અને ગમમાં ઘરેથી બહાર નીકળી

ગયા. એક ફરિશ્તો જમીનના તમામ ખઝાનાઓની ચાવીઓ લઈને મુલાકાત કરી અને અરજ કરી કે અય મુહમ્મદ સ.અ.વ.! અલ્લાહ સુ.વ.ત. આ ઝમીનના ખઝાનાઓની ચાવીઓ આપી છે. આનાથી ખઝાનાને ખોલો અને જેટલું લેવું હોય લઈ લો, આમ કરવાથી તમારા મરતબા અને ફઝીલતમાં કંઈ પણ ઓછું નહીં થાય.''નબી સ.અ.વ. ફરમાવ્યું: ''દુનિયા તેનું ઘર છે જેના પાસે બીજું કોઈ ઘર ન હોય, જેના પાસે અક્કલ નથી તે આમાં ભેગું કરે છે.''ફરિશ્તાએ અરજ કરી કે: ''અલ્લાહની કસમ જે તમને હક સાથે મોકલ્યા છે આવું જ બયાન ચોથા આસમાન પર ફરિશ્તાથી હું સાંભળ્યું હતું જ્યારે આ ઝમીનના

ખઝાનાઓની ચાવીઓ મને આપી હતી.”(કાફી ભા. ૨ પેજ ૧૨૯).

આ દુનિયાના માલમાં વધારો કરવા માટે, લોકો એક બીજાના હકોને હજમ કરી દે છે, મોટી-મોટી જંગો થાય છે, આપસમાં દુશ્મની ઊભી થાય છે. જો ઇમામ અલી અ.સ.ના કલામ મુજબ અમલ કરવામાં આવે તો પ્યાર-મહોબ્બતમાં વધારો થાય, આપસની લડાઈ ખતમ થઈ જાય, કોર્ટ અને કચેરીના દરવાઝા પર ન જવું પડે અને સુકૂન અને આરામની જિંદગી જીવી શકે.

હિકમત ૩૯૪

વાતનો અસર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “ઘણી વાતોનો અસર બળપ્રયોગ કરતાં વધારે હોય છે.”

ઇમામ અ.સ. આ કલામમાં વાતનો અસર કેટલો બધો હોય છે તેના તરફ ઇશારો ફરમાવે છે. સારી વાતો હોય તો સારા અસર થાય છે જેમ કે કોઈ ખતીબનો અસર સમાજની સુધારણા માટે યા ભાષણ કરનારના ભાષણનો અસર દુશ્મનોના મુકાબલામાં લોકોમાં ઉત્સાહ વધારવાથી જંગ જીતી શકાય છે. એ જ મુજબ કોઈ ફિતના-ફસાદ કરવા ચાહે તો પોતાના ભાષણ અને વાત થકી હુલ્લડ-હંગામો પણ થાય છે, એટલે સારા અને ખરાબ બંને અસરો થાય છે.

કોઈને મારી મારીને સમજાવશો તો કદાચ નહીં સમજે પરંતુ જો સારી વાતોથી સમજાવવાથી જલ્દી

સમજી જશે. એ જ પ્રમાણે કોઈથી લડાઈ-ઝઘડામાં લોકોનું જે નુકસાન થાય છે તે ભૂલી જાય છે પરંતુ ઝબાનથી નીકળેલા આકરા, સખત શબ્દો દિલમાં ચૂભતા રહે છે.

અલ્લાહના રસૂલ સ.અ.વ. ફરમાવે છે કે: "ઝબાનનું ઝખ્મ તલવારના વાર કરતાં વધારે ખતરનાક છે."

ઇમામ અલી અ.સ. પોતાના સાથીઓને બયાન ફરમાવે છે: "તમારી વાતોને તમારા કામો દરમિયાન ચેક કરો જેથી તમારી વાતો નેક કામો માટે હોય, તમારી ઝબાનની હિફાઝત કરો, અલ્લાહના હુકમ સામે માથું જુકાવી દો જેથી સલામત રહો. કેટલીએ વાતો છે કે જે હુમલા કરતાં વધારે અસર રાખે

છે અને ઘણી વાતોથી ફિતનાઓ પણ ઊભા થતા હોય છે.”

ઝબાન વિષે ઘણી હદીસો આવેલી છે. ટૂંકમાં કહીએ કે ઝબાનને સોચી સમજીને વાપરવામાં આવે તો તેનાથી સમાજને આગળ લઈ જવામાં મદદરૂપ મળે છે.

હિકમત ૩૯૫

સંતોષ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “જે કંઈ તમારી પાસે છે તેના પર સંતોષી રહો તે તમારી (જિંદગી માટે) પુરતી છે.”

ઇમામ અ.સ. આ હિકમતમાં જિંદગીમાં જેની ઘણી જરૂરત છે તે સંતોષ વિષે સમજાવે છે. આ દુનિયામાં જે કંઈ વસ્તુઓ છે તેના

પર સંતોષ માનવો સારી જિંદગી માટે બહેતર છે.

જો સંતોષ હશે તો થોડીક વસ્તુઓ હશે તો પણ તેને જિંદગી ગુજારવા માટે કાફી થશે, અને જો સંતોષ નહીં હોય તો વધારે વસ્તુઓ હોવા છતાં જેમ કે મોટું મકાન, નોકર, ગાડીઓ વગેરે હોવા છતાં પણ તેને ઓછી લાગશે. આ બધી જ વસ્તુઓને જિંદગી માટે જરૂરી સમજે છે જ્યારે કે એવું નથી આ તો ફક્ત નફ્સની ઇચ્છાઓ છે, અને જો જરૂરતથી વધારે વસ્તુઓ હોય તો તેને ખોટા ખર્ચમાં ગણવામાં આવે છે.

આ વિષે બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૭૬માં ઇમામ અ.સ.થી એક હદીસ બયાન થઈ છે કે: "જેને

ઓછી વસ્તુઓથી સંતોષ ન મળે તેને વધારે વસ્તુઓ સંતોષ નથી આપી શકતી.”

હદીસમાં છે કે: “અય આદમના ફરઝંદ! દુનિયામાં જે વસ્તુની જરૂરત છે તેના પર સંતોષ માનીશ તો સાદી જિંદગી પણ તારા માટે કાફી છે, અને જો તું જરૂરતથી વધારે ચાહીશ તો પૂરી દુનિયા પણ આપી દેવામાં આવે તો પણ પૂરતી નથી.”(કાફી ભા. ૨ પેજ ૧૩૮).

હદીસો અને અનુભવથી સાબિત થાય છે કે જો માણસ થોડી વસ્તુઓમાં પોતાની જિંદગી ગુજારે તો તેના માટે કાફી થઈ જાય છે અને અગર કોઈ લાલચ કરે પોતાના માટે જાતભાતની વસ્તુઓ ભેગી કરે તો પણ તેના માટે જિંદગી અધૂરી

રહે છે અને તેને પૂરી કરવા માટે રાત-દિવસ મહેનત કરે છે તો પણ સંતોષ નથી માણી શકતો અને સુકૂન નથી મળતું. હકીકતમાં નફ્સે અમ્મારા ઇચ્છાઓને વધારતો રહે છે જેથી તેનું કોઇ દિવસ પેટ નથી ભરાતું.

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે કે હદીસે કુદસીમાં છે: "માણસ પાસે સોના અને ચાંદીની વહેતી નહેરો હોય તે છતાં ત્રીજી નહેરની તમન્ના કરે છે, અય ફરઝંદે આદમ! તારું પેટ મોટા દરિયામાંથી એક દરિયો અને મોટી ખીણમાંથી એક ખીણ છે જેને ધૂળ માટી સિવાય બીજી કોઇ વસ્તુથી નથી ભરી શકાતું."(મન લા યહઝુરુહુલ ફકીહ ભા. ૪ પેજ ૪૧૮).

ટૂંકમાં કહીએ કે બીજાને જોઈને અસંતોષ ન બની જવાય. કોશિશ હોવી જોઈએ કે ઓછામાં ઓછી વસ્તુઓથી જિંદગી ગુજારવી જોઈએ નહીં તો પૂરી દુનિયાની સહૂલતો મળી જશે તો પણ પૂરી નહીં થાય. વસ્તુઓ વધારે હોવાથી સારી જિંદગી નથી બનતી, જે છે તેના પર અલ્લાહનો શુક્ર અને સંતોષથી જિંદગી બહેતર બને છે.

હિક્મત ૩૯૬

બે દિવસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "મોત કબૂલ પરંતુ ઝિલ્લત તો ક્યારેય નહીં,

થોડા પર રાજી રહેવું કબૂલ પરંતુ ચાપલુસી અને (અમીરો) સામે હાથ લાંબો કરવો ક્યારેય નહીં,

જેને કોશિશથી સારી અને પાક વસ્તુ નસીબ ન થાય તો તેને ખોટી જગ્યા પર કોશિશ કરવાથી પણ તે વસ્તુ નહીં મળે (જો નહીં મળવાનું હશે તો નહીંજ મળે તેના માટે હરામ રસ્તો નથી અપનાવવાનો).

દુનિયા બે દિવસની છે: એક દિવસ તારા તરફેણમાં અને બીજો દિવસ તારા વિરુદ્ધમાં, જ્યારે દિવસ તારા તરફેણમાં હોય તો ઘમંડ ન કરો, અને જ્યારે દિવસ તારા વિરુદ્ધમાં હોય તો સબ્ર કર."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં ચાર વસ્તુ બયાન ફરમાવી છે.

૧. મોત કબૂલ પરંતુ ઝિલ્લત કબૂલ નથી. જો માણસ એવા બે રસ્તા ઉપર આવીને ઊભો રહી જાય

કે એક તરફ શહાદત અને બીજી તરફ ઝિલ્લત, આવી જગ્યાએ અલ્લાહના દોસ્ત ઝિલ્લતને કબૂલ નથી કરતા. અલ્લાહ પાસે જવાનું તો પસંદ કરે છે પરંતુ હલકા અને નીચ લોકોના હેઠળ જીવવું પસંદ નહીં કરે. આ વસ્તુ ખાસ ઇમામ હુસૈન અ.સ. સામે કરબલામાં પેશ આવી કે યઝીદની બયઅત કરીને ઝિલ્લતની જિંદગી જીવો યા મોત માટે તૈયાર રહો, ત્યારે ઇમામ હુસૈન અ.સ. ફરમાવ્યું: "આ નાપાક અને નાપાકનો દીકરો મને તલવાર અને ઝિલ્લત દરમિયાન છોડી દીધો છે. મારાથી અશક્ય છે કે એવું કામ કરું. મારાથી નામુમકીન છે કે હું ઝિલ્લતને કબૂલ કરું. અલ્લાહ, રસૂલ, મોમિનો અને પાક પાકીઝા

બાપ દાદાઓ આ કામની રજા નથી આપતા, અને ન તો ખરાબ લોકોને સારા લોકો પર મુકદ્દમ રાખવાની રજા આપે છે.”

૨. થોડા પર સંતોષ કબૂલ છે પરંતુ અમીરોની ચાપલુસી કબૂલ નથી. ઇઝઝતદાર માણસ થોડા ઉપર જિંદગી વિતાવી લેશે પરંતુ કોઈની સામે તેના ખોટા વખાણ કરીને પૈસા નહીં કઢાવે, યા ગુનાહ અને ખરાબ ધંધા કરીને રોઝી નહીં કમાવે. નબી સ.અ.વ.ની એક હદીસમાં છે કે: “મારી ઉમ્મતના નેક લોકો સંતોષી છે અને મારી ઉમ્મતના ખરાબ લોકો લાલચી છે.”(મિઝાનુલ હિકમત - કનાઅત).

૩. જેને કોશિશથી સારી અને પાક વસ્તુ નસીબ ન થાય તો તેને

ખોટી જગ્યા પર કોશિશ કરવાથી પણ તે વસ્તુ નહીં મળે. એટલે રિઝક-રોઝી માટે પાક હલાલ અને જાએઝ રસ્તો અપનાવવો જોઈએ. એવું નહીં થાય કે પાક અને હલાલ રસ્તાથી વસ્તુ નથી મળી તો હરામનો રસ્તો અપનાવી લઈએ. જો હલાલમાં નસીબ હશે તો જરૂર મળીને રહેશે અને જો ન પણ મળે તો તે મહેનતનો અજરો-સવાબ તો જરૂર મળશે.

૪. દુનિયા બે દિવસની છે: એક દિવસ તારા તરફેણમાં અને બીજો દિવસ તારા વિરુદ્ધમાં. જ્યારે દિવસ તારા તરફેણમાં હોય તો ઘમંડ ન કરો, અને જ્યારે દિવસ તારા વિરુદ્ધમાં હોય તો સબ્ર કરો. આ દુનિયામાં એવું નથી કે ફક્ત સુખ

હોય અને એવું પણ નથી કે ફક્ત દુખ જ હોય, ક્યારેક દુખ તો ક્યારેક સુખ, ક્યારે અંધારું તો ક્યારે અંજવાળું હોય છે. મહત્વની વસ્તુ એ છે કે તે સમયને કેવી રીતે પસાર કરો છો? ઘમંડ અને તકબ્બુરમાં કે પછી સબ્ર અને શુક્રમાં. જ્યારે સખતીમાં હોવ તો સબ્ર સાથે આસાનીનો ઇન્તેઝાર કરો અને અલ્લાહની શિકાયત તેના બંદાઓને ન કરો. અને જ્યારે ખુશહાલીમાં હોવ ત્યારે શુક્ર કરો જેથી અલ્લાહ ખુશહાલીમાં વધારો કરે. યાદ રાખવું જોઈએ કે દુખ અને સુખ અલ્લાહ તરફથી ઇમ્તેહાન છે.

હિક્મત ૩૯૭

કસ્તુરી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કસ્તુરી કેટલું સરસ પરફ્યુમ છે જે લઈ જવામાં હલકું અને ખુશબુદાર છે."

ઇમામ અલી અ.સ. આ કલામમાં ખુશબુ વિષે બયાન ફરમાવ્યું છે અને તેમાં પણ કસ્તુરી (જે અમુક હરણમાંથી મળે છે)ની ખાસિયત બતાવી છે.

ઇસ્લામમાં ખુશબુની ઘણી ફઝીલત બયાન થઈ છે. નબી સ.અ.વ. અને ઇમામોએ તેના ઘણા વખાણ કર્યા છે, મુસલમાનોને ખુશબુ વાપરવાનો આગ્રહ કરેલ છે ખાસ નમાઝ પઢતી વખતે ખુશબુ લગાવવાની તાકીદ કરી છે. શેખ

કુલૈની અ.ર. અલ કાફીના છઠ્ઠા ભાગમાં એક હદીસ નકલ કરી છે કે ઇમામ સજ્જાદ અ.સ. કસ્તુરીને એક વાસણમાં સજદાની બાજુમાં રાખતા હતા અને જ્યારે નમાઝ પઢવાની તૈયારી કરતા તો પોતાને તેનાથી ખુશ્બુદાર કરતા. ઇમામ જાફર સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે કે: "ખુશ્બુ લગાવીને નમાઝ પઢવી વગર લગાવ્યા કરતાં ૭૦ ઘણી વધારે ફઝીલત છે."

રોઝાની હાલતમાં ખાસ જડીબુટ્ટીની ખુશ્બુ સૂંઘવું મકરૂહ છે, પરંતુ બીજી બધી ખુશ્બુ લગાવવામાં કંઈ વાંધો નથી. ઇમામ જાફર સાદિક અ.સ. જ્યારે રોઝો રાખતા તો ખુશ્બુ લગાવતા અને ફરમાવતા કે: "ખુશ્બુ રોઝાદાર માટે

ઇનામ છે.”નબી સ.અ.વ. ખુશ્બુ માટે અલગથી રકમ જમા કરતા જેથી ખુશ્બુ પર ખર્ચ કરી શકાય.

ખુશ્બુ લગાવવાની આટલી તાકીદ હોવા છતાં સ્ત્રીઓને નામહરમ માટે, ઘરથી બહાર નીકળતી વખતે, તથા જ્યાં જવાથી લોકો માટે ગુનાહનું કારણ બને તો સખતીથી રોકવામાં આવે છે બલ્કે હરામ છે.

ઇમામ અ.સ. આ હિકમતમાં ખાસ કસ્તુરીના વખાણ કર્યા છે, આની ખુશ્બુના વખાણ સાથે સાથે તેને બીજી જગ્યાએ લઈ જવી હોય તો પણ આસાન છે, મોટા વાસણની જરૂરત રહેતી નથી. બીજું કે આ પ્રવાહી નથી કે ઢળી જાય કે બીજી કોઈ તકલીફ પડે, આ તો જામેલી

ખુશ્બુ હોય છે તે ઉપયોગમાં પણ સહેલું હોય છે.

ટૂંકમાં કહીએ તો ઇમામો પણ કસ્તુરીની ખુશ્બુ વધારે ઉપયોગ કરતા હતા અને સારી ખુશ્બુ દિલ અને દિમાગમાં તાજગી લાવે છે.

હિકમત ૩૯૮

નમ્રતા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અહંકાર (બડાઈ મારવા)થી બચો, ઘમંડ ન કરો, પોતાની કબરને યાદ કરો."

ઇમામ અલી અ.સ. આ બયાનમાં ત્રણ વસ્તુ બતાવી છે જે કામયાબી સુધી પહોંચાડે છે.

૧. બડાઈ મારવાથી બચો. પોતાના અંદર કોઈ ખૂબી હોય જેમ કે ઇલ્મ, અખ્લાક, ઇબાદત, માલ,

ઔલાદ વગેરે તો બડાઈ મારવાથી અને બીજા સામે ફખર કરવાથી બચવું જોઈએ. કુરઆન મજીદમાં સૂરએ લુકમાન આયત ૧૮માં બયાન થાય છે કે: "(અય બેટા) લોકો સાથે અહંકાર ન કર, ધરતી પર ઘમંડથી ન ચાલ, કારણ કે અલ્લાહ કોઈ પણ ઘમંડીને પસંદ નથી કરતો."અહંકાર એટલું ખતરનાક છે કે ઇમામ અલી અ.સ. તેનાથી ચેતવ્યા છે, ફરમાવે છે કે: "બે પ્રકારના લોકો હલાક થશે, મોહતાજીનો ડર રાખનાર અને બડાઈ મારનાર."ઇમામ સજ્જાદ અ.સ. દુઆએ મકારેમુલ અખ્લાકમાં ફરમાવે છે: "અય અલ્લાહ... મને બડાઈ મારવાથી બચાવ."બડાઈ મારવાથી આજુબાજુના લોકો દૂર

ચાલ્યા જાય છે, કોઈ સારો સાથી બાકી નથી રહેતું.

૨. બીજી વસ્તુમાં ઇમામ ફરમાવે છે કે "ઘમંડ ન કરો,"બની શકે છે કે કોઈમાં અહંકાર ન હોય પરંતુ ઘમંડી હોય, ઘમંડી તેની ચાલવાની રીત, તેની હરકતો યા તેની એક્શનથી જાહેર કરતો હોય છે કે હું "કંઈક"છું. અને પોતાના મનમાં બીજાઓ કરતાં ફઝીલતવાળો સમજવા લાગે છે. ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "જેના દિલમાં થોડુંક પણ ઘમંડ હશે તે જન્નતમાં દાખલ થશે નહીં."નબી સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે કે: "કયામતના દિવસે અલ્લાહ ત્રણ પ્રકારના માણસોથી વાત નહીં કરે, તેમના તરફ નજર નહીં કરે અને

તેમને પાક નહીં કરે, તેઓ માટે સખત અઝાબ હશે: ૧- ઘરડો માણસ જે ઝિના કરતો હોય, ૨- ઝુલ્મ કરનાર બાદશાહ, ૩- ઘમંડી ફકીર.”ઘમંડી હોવાનું સૌથી મોટું નુકસાન છે કે તે પોતાના સિવાય બીજાને કબૂલ કરવા તૈયાર જ નથી અને તે ચાહતો હોય છે કે તેના સામે લોકો જીહજૂરી કરે. ઘમંડીને આ દુનિયા અને આખેરત બંનેમાં ઘણા નુકસાન થાય છે. ઇમામ સાદિક અ.સ. એક લાંબી રિવાયતમાં તેમના એક સહાબીને ફરમાવે છે કે: “જે માણસ બીજા માણસને હલકો સમજે અને પોતાને તેનાથી મરતબામાં મોટો સમજે તે માણસ જબ્બાર છે.”

૩. કબરને યાદ રાખો, એટલે મોત, આખેરત, કયામતની મંઝિલોને યાદ કરો અને તેના માટે ભાતું તૈયાર કરો, જેથી ત્યાં કામ આવે. હરરોજ માલ, દૌલત, શોહરત, શરીરને સજાવવામાં, કુદરત-તાકત માટે સમય છે, પરંતુ આખેરત જ્યાં હંમેશા રહેવાનું છે તેને સજાવવા માટે સમય નથી, ઘણા અફસોસનો મકામ છે. કબર અને મોત ને યાદ કરવાથી અહંકાર, અને ઘમંડથી બચે છે અને ગફલતથી મેહફૂઝ રહે છે. અલ્લાહના નેક બંદાઓ ફક્ત મોત ને યાદ નથી કરતા, બલ્કે તેઓ તમન્ના રાખે છે કે શહાદતની મોત નસીબ થાય.

હિકમત ૩૯૯

બાપ-દીકરાના હકો

હ. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "એક હક દીકરાનો બાપ પર છે અને એક હક બાપનો દીકરા પર. બાપનો દીકરા પર હક એ છે કે બાપનું દરેક વસ્તુમાં કહેવું માનવું જોઈએ સિવાય અલ્લાહની નાફરમાની (ગુનાહના કામો)માં. અને દીકરાનો હક બાપ પર એ છે કે સારું (ઇસ્લામી) નામ રાખે, સારા અખ્લાક શીખવે અને તેને કુરઆનની તાલીમ આપે."

ઇમામ અ.સ. આ હિકમતમાં બાપ-દીકરા બંનેના ટૂંકમાં હક બયાન થયા છે. બાપનો હક ઔલાદ પર એક જ બયાન કર્યો અને

ઔલાદના હક બાપ પર ત્રણ બયાન કર્યા છે.

સૌથી પહેલી વસ્તુ કે ઔલાદ માટે જરૂરી છે કે પોતાના માતા-પિતાની દરેક વસ્તુમાં ઇતાઅત કરે. જો મા-બાપ અલ્લાહની નાફરમાનીનો હુકમ કરે અથવા કોઈ ગુનાહનું કામ કરવાનો હુકમ કરે તો હવે મા-બાપની પેરવી નથી કરવાની બલ્કે અલ્લાહના હુકમને માનવાનો છે. એટલે જો માઁ-બાપ અને ખુદાના હુકમમાં ટકરાવ થાય તો માઁ-બાપના હુકમને છોડીને અલ્લાહના હુકમને માનવો જરૂરી છે. મા-બાપનો હુકમ જાએઝ કામોમાં માનવો જોઈએ, અહીંયા સુધી કે જો સુન્નત કામથી રોકે અને દીકરાને તે કામ કરવાથી મા-બાપને તકલીફ

થતી હોય તો દીકરા માટે જરૂરી છે કે સુન્નત કામને છોડી દે. પરંતુ વાજીબ કામમાં અલ્લાહના હુકમને માનવો જરૂરી છે ભલે મા-બાપ નારાજ થઈ જાય, અલ્લાહ નારાજ ન થવો જોઈએ. ગુનાહના કામમાં મા-બાપની વાત માનવી જોઈએ નહીં.

અમુક માઁ-બાપના એવા હુકમ આપે જેમાં ગુનાહ નથી, તે છતાં તે હુકમને ન માનવો જોઈએ, જેમ કે માઁ-બાપ દીકરાને તેની પત્નીને તલાક આપવાનું કહે જ્યારે કે તેણી પત્નીમાં શરીયત મુજબ કોઈ ખોટ કે ભૂલ ન હોય તો આવા સંજોગોમાં મા-બાપને સમજાવવા જોઈએ અને જો તલાક આપવા માટે ઝીદ કરે તો આ જગ્યાએ તેમના હુકમનું

પાલન કરવું જરૂરી નથી પરંતુ મા-બાપનો એહતેરામ હર હાલમાં જાળવવો જોઈએ. યાદ રાખવું જોઈએ કે મા-બાપના એહતેરામ વિષે કુરાન અને હદીસમાં ઘણો ભાર આપ્યો છે.

બાપના તેણી ઔલાદ પર ત્રણ હક બયાન ફરમાવ્યા છે જેમાં પહેલું છે કે તેનું નામ સારું રાખો. નામ એક વસ્તુ એવી છે કે જેને દિવસમાં વારંવાર તેનાથી બોલાવવામાં આવે છે. જો કોઈ પોતાના દીકરાનું નામ "ઝાલીમ"રાખી લે તો તે નામથી પોતાના દીકરાને વારંવાર પુકારશે તો તેનો ખરાબ અસર ચોક્કસ તેની રૂહ પર પડશે, અને જો મોટો થઈને હકીકતમાં ઝાલિમ બની જાય તો અજબ થવા જેવું નથી. હદીસમાં

છે કે જો કોઈ માણસનું કે કોઈ જગ્યાનું નામ ખરાબ રાખવામાં આવ્યું હોય તો તેને બદલી નાખો કેમ કે તેનો ખરાબ અસર હોય છે. તેના વિરુદ્ધ જો કોઈનું સારું નામ રાખવામાં આવે તો "મુહસ્સિન, હસન, હુસૈન, અલી, ફાતેમા..."તો તેનો સારો અસર ઔલાદમાં આવે છે અને નેકી તરફ આગળ વધે છે. બાળકનું નામ રાખવા વિષે ઇમામ અલી અ.સ.થી રિવાયત છે કે: "તમારા જન્મ થનાર બાળકનું જનમ પહેલા નામ રાખો, જો ખબર ન હોય કે દીકરી છે કે દીકરો તો બંને માટે નામ રાખો, જો કસુવાવડના લીધે બાળક દુનિયામાં આવી જ ન શકે અને જો તેનું નામ નહીં રાખ્યું હશે તો કયામતના દિવસે શિકાયત કરશે

કે મારું નામ શા માટે ન રાખ્યું? જ્યારે કે હ. રસૂલે ખુદા સ.અ.વ. (પોતાની દીકરી ફાતેમા ઝહરા સ.અ.ના દીકરાનું) મુહસિન નામ જનમના પહેલા રાખ્યું હતું.''

બીજો હક છે કે ઔલાદની સારી તરબિયત કરે, સારા અખ્લાક શીખવાડે. ઔલાદને પૈદા કરવું ફક્ત કાફી નથી, અથવા મદ્રેસા કે સ્કૂલમાં મોકલવું પૂરતું નથી, તેના અદબ અને અખ્લાક વિષે ઘરે પણ મહેનત કરવી જરૂરી છે.

ત્રીજો હક બાપ પર છે કે ઔલાદને કુરઆન મજીદની તાલીમ આપે. જે માઁ-બાપ ઔલાદને કુરાન મજીદની તાલીમ આપે છે તેનો મોટો મરતબો છે. હ. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: ''જે પોતાની ઔલાદને

કુરઆન મજીદની તાલીમ આપે માઁ-બાપ (તેને અને તેની ઘરવાળી)ને કયામતમાં બોલાવવામાં આવશે અને તેમને જન્નતી કપડાં પહેરાવવામાં આવશે જેના લીધે જન્નત નુરાની બની જશે.”(કાફી ભાગ ૬ પેજ ૪૯).

માઁ-બાપ અને ઔલાદ બંનેના હકને અદા કરવા એક બીજાની ફરજોમાંથી છે જેના માટે કોઈ બહાનું નહીં ચાલે.

હિકમત ૪૦૦

હકીકત અને અંધશ્રદ્ધા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “બદ નજર હક છે, તાવીઝ હક છે, જાદુ-મંતર હક છે, અને નેક ફાલ પણ હક છે, પરંતુ ફાલે બદ (અપશુકન) હક નથી અને

અંધશ્રદ્ધા સાચી નથી, એકનો અસર બીજા ઉપર થવો તે સાચું નથી, સારી ખુશ્બુ સુંઘવાથી, મધ ખાવાથી, સવારી કરવાથી અને હરિયાળી જોવાથી તાજગી મળે છે.”

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં એ વસ્તુ તરફ ધ્યાન દોર્યું છે જે દરરોજ આપણી જિંદગીમાં લાગતી-વળગતી હોય છે.

બદ-નજર: સૂરએ કલમ આયત નં ૫૧માં આનો ઝિક્ર થયો છે. અમુક લોકોનું માનવું છે કે અમુકની આંખોમાં એક ખાસ એનર્જી યા શક્તિ કુદરતી યા કોઈ ખાસ અમલ કરવાથી હોય છે, અને તેઓ જ્યારે કોઈ ખાસ મકસદ સાથે જુએ છે તો સામેવાળા પર તેનો ખરાબ અસર થાય છે તે ઇન્સાન હોય કે જાનવર,

તેનો ખતરનાક અસર પડે છે, અને ક્યારેક આ પ્રકારના કામો શીખીને પોતાની આંખોને એટલી મજબૂત બનાવે છે કે જેના લીધે બીજાના દિમાગ ઉપર કાબૂ મેળવી લે છે અને પોતાના વિચારો તેના દિમાગ સુધી પહોંચાડે છે. આ એક હકીકત છે અને ઇમામ અ.સ. આ હદીસમાં તેને હક કહ્યું છે. નજરે બદથી બચવા માટે સૂરએ નાસ, સૂરએ ફલક, સૂરએ ઇખલાસ, સૂરએ કાફિરૂન, તેમજ કુરાનની આયતો, અને લા હવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ, દરરોજ પઢવું જોઈએ અને ઇમામોથી જે દુઆઓ અને તાવીઝો નકલ થયા છે તેનો ઉપયોગ કરવો જોઈએ.

જાદુ-મંતર: કુરઆન મજીદની ઘણી આયતોમાં ખાસ કરીને જનાબે

મૂસા અ.સ. અને ફિરઔનના કિસ્સામાં જાદુની વાતો બયાન થઇ છે અને જનાબે મૂસા અ.સ. મોઅજિઝા થકી તેઓનું જાદુ બાતીલ કરી દે છે અને સૂરએ બકરામાં પણ જાદુ વિષે બયાન થયું છે જ્યારે બે ફરિશ્તા બાબુલ નામની જગ્યા પર આવે છે ત્યારે પણ જાદુ વિષે બયાન થયું છે. જાદુનો પણ લોકોની જિંદગી ઉપર ખરાબ અસર થાય છે, યાદ રહે કે જાદુ શીખવું, કરવું અને કરાવવું ઇસ્લામમાં હરામ છે.

ફાલે નેક: આ પણ હકીકત છે. અહીંયા જે ફાલે નેકનો ઝિક્ર થયો છે તે આ રીતે છે જેમકે જ્યારે કોઇ બાળક ઇમામની વિલાદતના દિવસે જન્મે તો આ એક સારો દિવસ કહેવાય અથવા આપણે જ્યારે સવારે

ઘરની બહાર નીકળીએ ત્યારે કોઈ એક મુત્તકી અને પરહેઝગારથી મુલાકાત થાય તો આપણે એમ સમજીએ કે આજનો મારો દિવસ સારો જશે. આ વસ્તુને ફાલે નેક કહેવાય કેમકે આપણે જ્યારે સારું વિચારીએ છીએ તો આપણી સાથે પણ સારું થાય છે. રસૂલે ખુદા સ.અ.વ. પણ સુલ્હે હુદૈબિયાના સમયે ફરમાવ્યું હતું જ્યારે મુસલમાન અને મક્કાના મુશરિકોમાં જંગ થાય છે ત્યારે મક્કાના મુશરિકો તરફથી સુહૈલ બિન અમ્ર આવે છે તો રસૂલે ખુદા સ.અ.વ. સુહૈલનું નામ સાંભળીને કહે છે સુહૈલ આવ્યો એટલે હવે કામ સહેલું થઈ જશે. આ એક નેકફાલ કહેવાય. અલ્લાહ ઉપર ભરોસો કરીને પોઝિટિવ

વિચાર રાખશો તો તેમાં જ અડધી સફળતા મળી જશે.

ફાલે બદ: પરંતુ ફાલે બદની કોઈ હકીકત નથી એટલે કાગળ અથવા ચિઠ્ઠીમાં અમુક વસ્તુ લખેલી હોય જે ખરાબ અને અયોગ્ય હોય છે અને લોકોને કહેવામાં આવે કે તમે આમાંથી એક ચિઠ્ઠી લો અને તેમાં જે વાત લખેલી હોય છે તે વધારે પડતી ખોટી અને અયોગ્ય હોય છે, તે સામેવાળાને બતાવીને બીવરાવવામાં આવે છે અને આ એક એવી વસ્તુ છે કે જે બની ઇસરાઈલના નબીઓના સમયમાં પણ થતી, ત્યારે અલ્લાહના મોકલાવેલ નબીઓ કહેતા આ વાતો બિલકુલ ખોટી છે, આવી વાતો ઉપર યકીન ન કરવું જોઈએ અને બધી જ વસ્તુ

અલ્લાહના હાથમાં છે. અને જો કોઈ ખોટી વાત કહે અને તેના પર યકીન રાખશો તો આપણને ખોટા વિચાર આવશે. તો ફાલે બદ ઉપર યકીન રાખવું ન જોઈએ. જિંદગી અલ્લાહના હાથમાં છે, જો કોઈ બીજી વ્યક્તિ તમને કહે તમારી સાથે આ વસ્તુ થશે તો તે ખોટું છે કેમકે ફક્ત અલ્લાહ જ દરેક વસ્તુ ઉપર કુદરત રાખે છે. અને એક હદીસમાં હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે કે ફાલે બદ શિર્ક છે કેમકે અલ્લાહ સિવાય આપણી જિંદગી બીજું કોઈ લખી શકતું નથી.

અને અમુક લોકો જે વસ્તુને અપશુકન સમજે છે તે પણ ફાલે બદ છે જેમકે ઘરની બહાર નીકળતી વખતે બિલાડી સામે આવે

અને કહે કે હવે તો મારું કામ સફળ નહીં થાય તો તે પણ ફાલે બદ છે કેમકે બધી જ વસ્તુ અલ્લાહના હાથમાં છે અને અલ્લાહ જે ચાહે તે જ થાય છે બિલાડી કંઈ બગાડી શકતી નથી, અને જો આવા સંજોગોમાં શક થવા લાગે તો ઇસ્લામે મુસીબતથી નીકળવાનો સારો રસ્તો બતાવ્યો છે અને તે સદકો છે, સદકો બલા, મુસીબત, પરેશાનીને દૂર કરે છે. ફાલે બદ પર તે લોકો વધારે ભરોસો કરે છે જેમને અલ્લાહ પર ભરોસો હોતો નથી.

બીમાર પાસે જવાથી આપણને તેની બીમારીનો ચેપ લાગી જશે આ વાતમાં હકીકત નથી. અહીંયા આ વાત ઇમામ એ માટે બયાન કરે છે

કે જુના જમાનામાં લોકો એવું વિચારતા કે જો આપણે કોઈ બીમારની ખબર પૂછવા માટે જશું તો તે બીમારનો ચેપ આપણને લાગી જશે, તો ઇમામ ફરમાવે છે વધારે પડતી બીમારીનો ચેપ આપણને લાગતો નથી. અમુક બીમારીઓ જેમ કે શરદી, ઉધરસમાં ચેપ લાગવાની શક્યતા હોય છે, જો બિમારને મળ્યા પછી હાથ મોઢું ધોઈ લઈએ તો કંઈ વાંધો નથી આવતો અને ઘણી બીમારીઓમાં ચેપ હોતો જ નથી, જેમકે બીપી, ડાયાબિટીસ, હાથ-પગ દુખવા વગેરે...

હવે પછીની જે ચાર વસ્તુ છે જે બીમાર માટે આનંદ અને લાભદાયક છે તેમજ ગમને પણ દૂર કરે છે.

ખુશ્બુ સૂંઘવી
મધ ખાવું.
સવારી ઉપર સવાર થવું
હરિયાળી જોવી

જો કોઈ આ ચાર વસ્તુ અથવા આમાંથી કોઈ એક વસ્તુનો ઉપયોગ કરે તો તેની બીમારી અને ગમ દૂર થઈ જાય છે.

હિકમત ૪૦૧

સારો વ્યવહાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો સાથે નેક વ્યવહાર અને સારા અખલાક સાથે પેશ આવવું તેમના નુકસાનથી બચવાનું કારણ બને છે."

એમાં કોઈ શક નથી કે દરેક કૌમ અને સમાજના લોકોનો અખલાક અને વ્યવહાર અલગ

અલગ હોય છે. તો જો આપણે સામેવાળા વ્યક્તિની દુશ્મની અને નફરતથી બચવું હોય તો સામેવાળાનો જેવો અખલાક અને વ્યવહાર છે તેવા અખલાકમાં ઢળી જવાથી તેના નુકસાનથી બચી શકીએ છીએ. અહીંયા અખલાક એટલે સારા રિવાજ અને સારો વ્યવહાર છે. જો ઇસ્લામ વિરુદ્ધ, હરામ અથવા અક્કલ વિરુદ્ધ કામ કરતા હોય તો તેવા કામો અપનાવવા ન જોઈએ, કેમકે બુરા કામો ઇસ્લામ અને અક્કલ બંનેના વિરુદ્ધ છે.

બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો સાથે નરમ સ્વભાવથી પેશ આવો જેથી તમે તેઓની દુશ્મની અને ફરેબથી

બચી શકો.”(ગોરરુલ હિકમ હદીસ ૧૦૧૭૯).

દરેકને નેક ઇન્સાન બનવા માટે કુરાન અને હદીસની તાલીમ ઉપર ચાલવું જોઈએ. એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: “જો લોકો પાસે આ ત્રણ વસ્તુ ન હોય તો તેનું કોઈ પણ કામ ઠેકાણે નહીં પડે: ૧- તકવા, જો તકવા નહીં હોય તો તે અલ્લાહની નાફરમાની અને ગુનાહથી નહીં બચી શકે. ૨- નેક અખલાક, જો નેક અખલાક નહીં હોય તો તે લોકો સાથે હળીમળીને નહીં રહી શકે. ૩- સબ્ર અને સહનશીલતા, જો સબ્ર નહીં હોય તો જાહિલ અને જેહાલતથી નહીં બચી શકે.”(કાફી ભાગ ૨ પેજ ૧૧૬).

તો જેવી રીતે લોકો ઉપર નમાઝ-રોઝા વાજીબ છે, એવી જ રીતે નેક અખલાક અને સારા વ્યવહાર પણ જરૂરી છે અને સારા અખલાક અડધા ઇમાન બરાબર છે. લોકો સાથે હળીમળીને રહેવાનો હરગીઝ એ મતલબ નથી થતો કે ઇસ્લામ વિરુદ્ધ કામોમાં પણ કોઈનો સાથ આપો, દરેક વસ્તુમાં ઇસ્લામની જે હદ છે તેને ઓળંગવાની કોઈને રજા નથી.

હિકમત ૪૦૨

સમય વગર બોલવું

કોઈ માણસ આવીને ઇમામ અલી અ.સ. સામે પોતાની હેસિયતથી વધારે મોટી વાતો કરવા લાગ્યો, ત્યારે ઇમામ અલી અ.સ. ફરમાવ્યું: તું તો પાંખો આવવા પહેલાં ઉડવા

લાગ્યો અને બાલીગ થવા પહેલાં અવાજ કાઢવા લાગ્યો.
(સય્યદ રઝી ર.અ. કહે છે: ઇમામ અ.સ. આ હદીસમાં બે અરબી વાક્ય બયાન કર્યા છે તેનો મતલબ આ મુજબ છે: "શકીર"એટલે મજબૂત પાંખ નીકળવા પહેલાં ઉડવા જવું, અને "સકબ"એટલે એ ઊંટનું બચ્ચું કે જે જવાન થવા પહેલાં રાડો નથી પાડતું.)

તે માણસ તેની હદથી વધારે બોલતો હતો એટલે નાનું મોટું અને મોટી વાત કરતો હતો. ઇમામ અ.સ. તેને શિખામણ આપવા માટે આ હદીસમાં બે વાતો ફરમાવે છે જે આપણા બધા માટે પણ છે. ઇમામ અ.સ. ચાહતા હતા કે બે લાઈનમાં

તેને એવી રીતે સમજાવી દે કે પછી કોઈ દિવસ આવી વાતો ન કરે.

ઇમામ અ.સ. આ હદીસમાં સમજાવે છે કે જ્યારે કોઈ મોટા માણસો સામે બેઠા હોય તો વાત કઈ રીતે કરવી, શું બોલવું અને શું ન બોલવું તે સમજ હોવી જોઈએ. બચ્ચાઓને મોટાઓ સામે કેવી રીતે પેશ આવવું જોઈએ તેની પણ સમજ હોવી જોઈએ. નાના હોય તો મોટી-મોટી વાતો જે હેસિયત કરતાં વધારે ન કરવી જોઈએ. જો કોઈ સમય પહેલાં એવી વાતો કરવા લાગે તો તેના માટે કહેવાય છે કે પાંખો આવવા પહેલાં ઉડવા લાગ્યો, અને આવી વાતોથી બીજાઓ સામે શરમિંદા થવું પડે છે, લોકો તેની મઝાક ઉડાવે છે.

ઇમામ અલી અ.સ. એક હદીસમાં ફરમાવે છે: "અલ્લાહ રહેમત નાઝિલ કરે તે માણસ ઉપર જે પોતાની કિંમતને ઓળખે છે અને હદ કરતાં વધારે આગળ નથી જતો."(ગોરરુલ હિક્મ હદીસ ૪૬૬૬).

એટલે જ ગુજરાતીમાં પણ કહેવત છે જેનું જેટલું મોઢું એટલી જ વાત કરો. વાત કરવી એટલે કઈ જગ્યાએ શું બોલવું, કેટલું બોલવું એ પણ મોટી કળા છે. જો કોઈ સમય અને સંજોગ વગર બોલશે તો તેને સાંભળવું પડશે, જ્યાં મોટા માણસો અને વડીલ હાજર હોય ત્યાં બની શકે ત્યાં સુધી ચૂપ રહેવું જોઈએ.

હિકમત ૪૦૩

બધાની ચાહતનું નુકસાન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે માણસ જુદા જુદા કામો કરે છે તે પોતાના મકસદ સુધી નથી પહોંચતો. (તે કોઈ પણ વસ્તુ હાંસિલ કરી શકતો નથી.)"

અમુક લોકો એવા હોય છે જે એક સાથે અનેક કામો કરવાની કોશિષ કરે છે જેના લીધે કોઈ પણ કામમાં કામયાબી નથી મળતી. જે કામમાં સરખું ધ્યાન આપી શકતા હોય તે જ કામ કરવાથી કામયાબી મળે છે.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે: વધારે કામો તરફ ધ્યાન ન આપો, નહીં તો કોઈ પણ કામમાં કામયાબી નહીં મળે.

આ હદીસની તફસીરમાં બીજા અમુક આલિમોનું કહેવું છે કે હક અને બાતીલ બંને એક સાથે ન રહી શકે. જો કોઈ હક તરફ હોય અને બાતીલથી પણ રાઝી હોય તો તે કામયાબ નહીં થઈ શકે. અને અમુક આલિમો કહે છે કે આ હદીસનો અર્થ છે કે જો કોઈ ચાહે કે તેને દુનિયાની તમામ વસ્તુઓ મળી જાય અને આખેરત પણ મળી જાય તો તે પણ મુમકીન નથી.

ઇમામ સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે: "જે કોઈ એક મકસદ ઉપર કામ કરશે તો અલ્લાહ તેને મકસદ તરફ પહોંચવામાં મદદ કરશે અને જો કોઈ એક કરતાં વધારે મકસદ રાખશે તો તે હલાક થઈ જશે અને અલ્લાહ પણ તેની

મદદ નહીં કરે.”(કાફી ભાગ ૨ પેજ ૨૪૬).

હિકમત ૪૦૪

લા હવલ વલા કુવ્વત...

ઇમામ અલી અ.સ.ને “લા હવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ”નો અર્થ પૂછવામાં આવ્યો? તો આપે ફરમાવ્યું: દરેક વસ્તુનો માલિક ફકત અલ્લાહ છે અને આપણને જે કંઈ આપ્યું છે તેને ફકત ઉપયોગ કરવાની રજા આપી છે અને આપણને જે માલ અથવા કુદરત અતા કરી છે તેમાં આપણને શરીયતના હુકમ મુજબ અમલ કરવાની જવાબદારી આપી છે જયારે કે (અલ્લાહ) આપણા કરતાં વધારે અધિકાર રાખે છે (કે આપણી મરજી મુતાબિક અમલ કરવાના

બદલે તેના હુકમનું પાલન કરીએ.) અને જ્યારે તે વસ્તુઓને પાછી લઈ લેશે તો જવાબદારી પણ ખતમ થઈ જશે.”

એક માણસ ઇમામ અ.સ.ને “લા હવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ”ના વિષે પૂછ્યું જેમાં તે પોતે શક કરતો હતો અને તે શક દૂર કરવા માટે ઇમામને તેનો અર્થ પૂછે છે? ત્યારે ઇમામ અ.સ. એક ખૂબસૂરત જવાબ આપી આ વાક્યનો અર્થ સમજાવે છે. આપણે અલ્લાહની માલિકીમાં છીએ અને આપણે કોઈ વસ્તુના માલિક નથી અને આપણો હકીકી માલિક તો ફક્ત અલ્લાહ છે. આપણે તેના કામમાં ભાગીદાર નથી. બધી જ વસ્તુને બનાવનાર

અલ્લાહ છે અને તેનો માલિક પણ અલ્લાહ છે.

અને બીજા વાક્યમાં ઇમામ અ.સ. ફરમાવે છે: જે કંઈ આપણી પાસે છે તેનો માલિક પણ અલ્લાહ છે, આપણને તો ફક્ત અલ્લાહે તે વસ્તુઓ વાપરવાની રજા આપી છે અને અલ્લાહ જે ચાહે તે આપે છે અને જે ચાહે તે લઈ લે છે.

અને ત્રીજા વાક્યમાં ઇમામ અ.સ. ફરમાવે છે: જે વસ્તુ અલ્લાહે આપી છે તેની અંદર પણ શરીયત મુજબ જવાબદારી રાખવામાં આવી છે. જ્યાં સુધી તે વસ્તુ આપણી પાસે છે તેને કેવી રીતે વાપરવી, ક્યાં વાપરવી? તેના નિયમ નક્કી કરેલા છે અને જ્યારે સુધી આપણી પાસે છે ત્યાર સુધી જ જવાબદારી રાખી

છે. જો વસ્તુ ન હોય તો જવાબદારી પણ નથી રાખી, જેમ કે હજ ત્યારે અદા કરવાનો હુકમ છે જ્યારે સુધી આવવા જવાનો ખર્ચ તેમજ બીજી શરતો મૌજૂદ હોય, નમાઝ અક્કલમંદ હોય તો વાજીબ છે, રોઝા રાખી શકતા હોય તો વાજીબ છે, ખુમ્સ અને ઝકાત જ્યારે માલ વગેરે હોય તો વાજીબ છે. જો આપણા પાસે તે વસ્તુઓ ન હોય તો આપણા ઉપર તે કામ કરવું વાજીબ પણ નથી અને ન તો કોઈ જવાબદારી છે.

અલ્લાહે જે વસ્તુ આપણને આપી છે તેનો હકીકી માલિક તો ફક્ત અલ્લાહ છે, આપણને તો ફક્ત ઉપયોગ કરવા આપી છે અને તેણે ઉપયોગ કરવાના નિયમો પણ બતાવ્યા છે. જો અલ્લાહના હુકમ

મુજબ ઉપયોગ કરીશું તો જ અજરના હકદાર બનીશું, જો તેની નાફરમાની અને ગુનાહમાં ખર્ચ કરીશું તો ગુનેહગાર થઈશું અને કયામતના દિવસે સવાલ પૂછવામાં આવશે. બસ એટલું યાદ રાખો જે કંઈ આપણી પાસે છે તે બધું જ અલ્લાહનું છે: હાથ, પગ, શરીર, ઘર, માલ, દૌલત, ગાડી, ઔલાદ, ઓહદો વગેરે... અને અલ્લાહે તેના વાપરવાના નિયમ પણ બનાવેલા છે. જો અલ્લાહના બતાવેલા નિયમ મુજબ અમલ કરીશું તો આપણને અલ્લાહના ત્યાં ફાયદો થશે, અને જો અલ્લાહની નાફરમાની કરીશું તો બહુ જ મોટા ગુનેહગાર કહેવાઈશું.

હિકમત ૪૦૫

મુગૈરા બિન શોઅબા

જ્યારે ઇમામ અ.સ.ને ખબર પડી કે અમ્માર યાસીરની મુગૈરા બિન શોઅબા (મુનાફિક) સાથે વાદ વિવાદ થઈ રહ્યો છે ત્યારે આપ અ.સ.એ ફરમાવ્યું: "અય અમ્માર! તેને છોડી દો, કેમકે તેણે દીનમાંથી એટલી જ વસ્તુ લીધી છે જેટલી તેની દુનિયા સુધરી શકે અને તે જાણી જોઈને હક વિષે શક કરે છે જેથી શકના લીધે (ઇસ્લામ) વિરુદ્ધ જવાનું બહાનું મળે."

આ હદીસથી એવું સાબિત થાય છે કે જનાબે અમ્મારે યાસીર કે જે એક ખૂબ જ મુખ્લિસ અને ઇમાનદાર સહાબી હતા તેમની મુગૈરા બિન શોઅબા કે જે એક મુનાફિક

માણસ હતો તેની સાથે ધર્મની કોઈ વાત ઉપર વાદ વિવાદ અને ગરમ ચર્ચા થઈ રહી હતી. અલ્લામા શુશ્તરી પોતાની કિતાબમાં લખે છે કે અમ્માર, મુગૈરાને ઇમામ અલી અ.સ.ની બયઅત કરવાની દાવત આપે છે અને મુઆવિયાની વિરુદ્ધ જવાનું કહે છે ત્યારે મુગૈરા આ વાત સ્વીકારવાની મનાઈ કરે છે તેથી ચર્ચા વધવા લાગી. ત્યારે ઇમામ અલી અ.સ. અમ્માર યાસીરને ફરમાવે છે કે અય અમ્માર! આવા લોકો જે જાહેરમાં તો સારા હોવાનો ડોળ કરતા હોય અને ધર્મના નામથી પોતાની દુનિયાને બનાવતા હોય છે તેવા લોકો સાથે કોઈ પણ વસ્તુમાં વાદ વિવાદ અને ચર્ચા ન કરો.

આ હદીસમાં મુગૈરા બિન શોઅબાની બે ખરાબ સિફ્તો બયાન કરી છે: એક જે દીન થકી દુનિયાને ફાયદો મેળવે છે અને બીજું કે આ માણસનું દીને ઇસ્લામ પ્રત્યે ઇમાન નથી અને ન તો તેના પર અમલ કરે છે અને ન તો આખેરત ઉપર યકીન રાખે છે. જ્યારે દીનથી ફાયદો મળવાનો હોય તો દીનદાર બની જાય છે અને જ્યારે દુનિયામાં નુકસાન થતું હોય તો દીનને છોડી દે છે અને આ માણસ ઇસ્લામી એહકામ ઉપર અમલ નથી કરતો તેમજ આ મુનાફિક છે.

અને કુરાનમાં મુનાફિકની નિશાની સૂરએ નિસા આયત ૧૫૦ માં બયાન ફરમાવી છે: "જે અલ્લાહ અને નબીનો ઇનકાર કરે છે અને

ચાહે છે કે અલ્લાહ અને નબીની (વાતોમાં) તફાવત રાખે અને તેઓ કહે છે અમે અમુક વાતો ઉપર ઇમાન લાવીશું અને અમુકનો ઇનકાર કરીશું અને તેઓ આ રીતે કુફ્ર અને ઇમાન વચ્ચે એક રસ્તો શોધે છે.''મુનાફિક યહૂદી જેવા હોય છે જેઓ ફક્ત દુનિયાથી મોહબ્બત કરે છે અને આવા લોકોને દર્દનાક અઝાબ આપવામાં આવશે.

ઇમામ હસન અ.સ. કરબલામાં લોકોના દીનની હાલત વિષે બયાન ફરમાવે છે: ''લોકો દુનિયાના ગુલામ છે અને દીન તો ફક્ત તેમની જીભ ઉપર છે, જ્યાં સુધી દીન તેને પહોંચાડે ત્યાં સુધી દીનદાર દેખાય છે અને જ્યારે તેમની ઉપર કોઈ બલા-મુસીબત આવે છે ત્યારે

દીનદાર લોકો ખૂબ જ ઓછા જોવા મળે છે.”(બિહારુલ અનવાર ભાગ ૪૪ પેજ ૩૮૩). પરંતુ જેઓ સાચા મોમિન છે તેઓ હંમેશા અલ્લાહના હુકમ મુજબ જિંદગી ગુજારે છે, અલ્લાહ, રસૂલ અને ઇમામોના બતાવેલા હુકમ મુજબ અમલ કરે છે, ચાહે તેઓને દુનિયામાં કોઈ ફાયદો મળે યા ન મળે તેઓ દીનના પાબંદ હોય છે.

મુનાફિક અને આવા મુગૈરા બિન શોઅબા જેવાંની બીજી નિશાની એ છે કે તેઓ હક અને હકીકતમાં શક કરે છે અને શક નાખે છે, હકને કબૂલ ન કરવા માટે કોઈને કોઈ બહાનું કાઢે છે જેથી તે પોતાના ખોટા કામોને સહી ઠેરવી શકે, આ પ્રકારના માણસો મુનાફીક છે અને

ઇસ્લામથી દૂર હોય છે. આવા લોકો માટે કુરાનમાં સૂરએ કયામત આયત ૫-૬ માં છે કે: "માણસ ચાહે છે કે ભવિષ્યમાં –જિંદગીભર– બુરાઈ કરતો રહે અને તેઓ પૂછે છે કે કયામત કયારે આવશે?"આ પ્રકારના લોકો કયામત ઉપર શક કરી આઝાદ જિંદગી ગુજારવા માંગે છે અને જેટલા પણ ગુનાહ કરે તેઓને કોઈ કંઈ બોલે નહીં, આવા લોકો કયામતની હકીકત ઉપર શક રાખી પોતાનો અકીદો ખરાબ તો કરે છે પણ તેઓને તે નથી ખબર કે આવા લોકો માટે કયામતના દિવસે કેવો દર્દનાક અઝાબ છે.

ઇમામ અ.સ. અમ્માર યાસીરને બયાન ફરમાવે છે કે આવા લોકો સાથે કોઈ દિવસ વાદ વિવાદ ન

કરો. અને આવા ઇન્સાન તમારી વાતો માનશે પણ નહીં. કુરાનમાં પણ આવા લોકો માટે સૂરએ બકરા આયત ૬ માં આવ્યું છે કે: "જે લોકો કુફ્ર કરેલ છે તેઓને કોઈ ફરક નથી પડતો તેમને સમજાવો યા ન સમજાવો, તેઓ ઇમાન નહીં લાવે."આથી સમજાય છે કે જે લોકોને સુધરવું જ ન હોય તેઓ કોઈ દિવસ નહીં સુધરે ચાહે તેમને સમજાવો કે ન સમજાવો.

હિકમત ૪૦૬

અમીરો અને ગરીબો વિશે

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કેટલું સરસ કહેવાય જો માલદાર અલ્લાહની ખુશી માટે ગરીબો સામે નમ્રતાથી પેશ આવે અને તેનાથી પણ વધારે સરસ એ છે કે ગરીબો

અલ્લાહ ઉપર ભરોસો રાખીને અમીરોથી કોઈ વસ્તુની ઈચ્છા ન કરે (પરહેજ કરે).”

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં બે અનમોલ વાત બયાન ફરમાવી છે. જો આ બંને વસ્તુ આપણા સમાજમાં આવી જાય તો ઘણી બધી પરેશાનીઓ દૂર થઈ જાય: એક માલદાર લોકોનું ગરીબો સાથે નમ્રતા અને બીજું જરૂરતમંદનું અમીર સામે હાથ ન ફેલાવવું. આ બંને વસ્તુ ઇસ્લામી અખલાક છે જેમાં આ બંને સિફતો આવે તે બાઅખ્લાક્ કહેવાય છે.

એટલે ઇમામ અ.સ. ફરમાવે છે: જો માલદાર, ગરીબ અને જરૂરતમંદ સાથે નમ્રતાથી પેશ આવે અને ઘમંડ ન કરે તો અલ્લાહ તેને

તેની નમ્રતા પર ઘણો અજર અતા કરશે અને ગરીબોના માટે પણ જરૂરી છે કે તેઓ પણ અલ્લાહ ઉપર ભરોસો રાખે અને બની શકે ત્યાં સુધી કોઈ સામે હાથ ન ફેલાવે અને હાથ ફેલાવવાની ઝિલ્લતથી પોતાને બચાવે. જો અમીર ગરીબ સાથે નમ્રતા અને સારા અખ્લાકથી પેશ આવે અને ગરીબને મદદરૂપ બને તો આપસમાં મોહબ્બત વધશે અને અમીર અને ગરીબના વચમાં જે દૂરી છે તે ખતમ થશે, સારા અખ્લાકવાળા અમીરને અલ્લાહ દુનિયા અને આખેરતમાં અજર આપશે, અને જિંદગીમાં આસાની અને મીઠાસ નસીબ થશે. નમ્રતા બધા માટે જરૂરી છે, બધા લોકો સાથે ઇઝઝતથી પેશ આવવું જોઈએ

પરંતુ જ્યારે માલદાર નમ્રતા અને ઇઝ્ઝત સાથે મળે તો તે ખૂબ જ સુંદર છે અને તેના સારા અખ્લાકની નિશાની છે, અને પોતાને શૈતાની સિફ્ત ઘમંડથી દૂર રાખ્યો ગણાશે અને માલદારને એ વાતનું પણ યકીન હોવું જોઈએ કે મારી પાસે જે કંઈ છે તે અલ્લાહે અતા કરેલું છે તો પછી ઘમંડ શા માટે? યાદ રાખવું જોઈએ કે માલ અલ્લાહનો છે અને અલ્લાહના બંદાઓને આપવામાં આવી રહ્યો છે.

સૂરએ હદીદ આયત ૭ માં છે: "અલ્લાહ અને તેના રસૂલ ઉપર ઇમાન લઈ આવો અને તે માલમાંથી ખર્ચ કરો જેમાં તમે ફક્ત જાનશીન બનાવવામાં આવ્યા છો, બસ તમારામાંથી જે લોકો ઇમાન લાવ્યા

(અને રાહે ખુદા) માં ખર્ચ કરે તેને ખૂબ જ સવાબ અતા કરવામાં આવશે.''

સાથે સાથે ગરીબ અને જરૂરતમંદ માટે પણ જરૂરી છે કે તેઓ અમીરો સામે હાથ ન ફેલાવે અને ફક્ત અલ્લાહ ઉપર ભરોસો રાખે. જે અલ્લાહ પર ભરોસો કરે છે અલ્લાહ દરેક હાલમાં તેની મદદ કરે છે. જ્યારે કોઈ ગરીબ માલદાર પાસે હાથ ફેલાવે છે ત્યારે તે પોતાને ઝલીલ કરે છે અને તેના લીધે વધારે પડતો દીન ખતમ થઈ જાય છે અને તે ધીરે ધીરે દિને ઇસ્લામથી દૂર થતો જાય છે. જ્યારે કોઈ એક વખત માંગે અને તેને મહેનત કર્યા વગર મળી જાય તો તે ધીરે ધીરે તેની આદત બનાવી લે છે.

ઇસ્લામમાં દાન કરવાનો હુકમ છે માંગવાનો નહીં.

આપણા નબીઓ અને ઇમામો હંમેશા લોકોની મદદ કરતા અને જ્યારે મદદ કરતા તો પોતાને મોટા ન સમજતા, બલ્કે કહેતા: "જે વસ્તુ અલ્લાહે અમને આપી છે અમે તે વસ્તુથી લોકોની મદદ કરીએ છીએ."

એક વખત એક ગરીબ માણસ ઇમામ હસન અ.સ. પાસે આવે છે અને શાયરી થકી પોતાની ગરીબી ઇમામ સામે બયાન કરે છે અને કહે છે: "યા ઇમામ, મારી પાસે કંઈ નથી, મારી મદદ કરો,"ત્યારે ઇમામ તેના એક ગુલામને કહે છે: "જાવ જેટલા પૈસા હોય લઈ આવો"અને તે ૧૨ હજાર દિરહમ લઈ આવે છે

અને કહે છે: "યા ઇમામ, આ ૧૨ હજાર દિરહમ જ છે."ઇમામ કહે છે: "તે આ ગરીબને આપી દો,"તે ગુલામ કહે છે: "પછી આપણું શું થશે?"તો ઇમામ કહે છે: "અલ્લાહ મદદ કરશે"અને ઇમામ તે ગરીબને આપીને કહે છે કે તે મારી પાસે આવીને તારી ઇઝ્ઝત બચાવી અને મેં તારી ઇઝ્ઝત જવા ન દીધી.

એક વખત એક માણસ ઇમામ સાદિક અ.સ. પાસે બેઠો હતો અને તે એક માલદારની બુરાઈ કરે છે ત્યારે ઇમામ કહે છે: "ચૂપ રહો.""માલદાર માણસ જ્યારે સિલારહેમ કરે છે અને પોતાના દીની ભાઈઓની મદદ કરે છે તો અલ્લાહ તેને બમણો સવાબ અતા કરે છે."(મુન્તહુલ આમાલ).

હિકમત ૪૦૭

અક્કલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહે કોઈને અક્કલ નથી આપી સિવાય કે એક દિવસ તેઓ પોતાને હલાકતથી નજાત આપે."

અલ્લાહે જે કંઈ પણ આપણને આપ્યું છે તે હિસાબ-કિતાબ સાથે આપ્યું છે અને અક્કલ અતા કરવાનું પણ કારણ છે કે તે આપણને હલાકતથી બચાવે અને કામયાબી સુધી પહોંચાડે. આ અક્કલ થકી જ માણસ દુનિયા અને આખેરત બંનેમાં કામયાબ બની શકે છે. જો માણસ અક્કલનો સરખી રીતે ઉપયોગ કરશે તો દુનિયાના બધા જ કામકાજ આસાનીથી હલ કરી શકશે અને

જો આખેરત માટે પણ વિચારશે તો તેની આખેરત પણ સુધરી જશે.

જો આ અક્કલનો સરખી રીતે ઉપયોગ કરવામાં આવે તો આ અક્કલ સારી વસ્તુ છે. જેવી રીતે જનાબે સલમાન ર.અ. જંગે ખંદક્માં સલાહ આપે છે કે ચારો તરફ ખાડો ખોદીને આગ લગાડવામાં આવે જેથી દુશ્મન મુસલમાનના લશ્કરમાં ન ઘુસી શકે, અને જો અક્કલ ફક્ત દુનિયાનું વિચારે અને દુનિયામાં જ લાભ લેવા માંગે તો તેને દુનિયામાં લાભ જરૂર મળશે પરંતુ આખેરતના લાભથી વંચિત થઈ જશે. જેમકે અમ્ર ઇબ્ને આસ અને મુઆવિયા, જે ખાલી મક્કારી કરી દુનિયામાં તો ફાયદો મેળવી લે છે પરંતુ આખેરતને ખોઈ નાખે છે.

અક્કલ તેને કહેવાય કે જેનાથી જન્નત હાસલ થાય તો તે સૌથી બહેતર છે.

હિકમત ૪૦૮

હક

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે કોઈ હકથી ટકરાશે તો હક તેને ખતમ કરી દેશે "

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે કે જે કોઈ હક સામે ઊભું થશે, અથવા ટકરાશે તો હક તેને પછાડી દેશે, હક તેને ખતમ કરી દેશે, હક તેને નાબૂદ કરી દેશે.

અને આ એક એવી સત્ય હકીકત છે કે ઇતિહાસ પણ આ વાતની ગવાહી આપે છે. ઘણા બધા બનાવો જોવા મળે છે કે જ્યારે કોઈ

હકની સામે આવ્યું તો તે બરબાદ થઈ ગયું, કેમકે હક સાચું છે અને નાહક ખોટું છે અને નાહક થોડા સમય માટે લાલચ આપી ફાયદો મેળવી શકે છે પરંતુ અંતમાં જીત તો હકની થાય છે અને બાતીલને નુકસાન ઉપાડવું પડે છે. જેમકે બની ઉમય્યા યઝીદ અને મુઆવિયાના કુટુંબીજનો જ્યારે તેઓ બાદશાહ હતા અને બની બેઠેલા ખલીફા હતા ત્યારે મોલા અલી અ.સ.ના નામને લેવું મોટો ગુનાહ હતું, એટલું જ નહીં બલ્કે ઇમામ અલી અ.સ. ઉપર (નઊઝુબિલ્લાહ) બૂરું બોલવા માટે એલાન કરવામાં આવ્યું, નમાઝે જુમ્આના ખુતબામાં પણ લાનત મોકલવામાં આવતી. કોઈને પોતાનું યા ઔલાદનું નામ

અલી, હસન અને હુસૈન રાખવાની રજા ન હતી, કોઈ ઇમામ અલી અ.સ.ની હદીસો યા કુરાન મજીદની તે આયતો જે અહલેબયત અ.સ.ની શાનમાં નાઝિલ થઈ હતી તેની તફસીર બયાન કરવાનો હક ન હતો, એટલે દરેક રીતે કોશિષ કરી કે અલી અને ઔલાદે અલી અ.સ.ના નામને ખતમ કરવામાં આવે તેમને કોઈ ન ઓળખે પરંતુ અમુક સમયમાં બની ઉમય્યા ખતમ થઈ ગયા, આજે યઝીદ અને મુઆવિયાની કબરની નિશાની પણ કોઈને ખબર નથી. પરંતુ આજે ઇમામ અલી અ.સ.નું નામ બાકી છે અને કયામત સુધી મોલા અલી અ.સ.નું નામ બાકી રહેશે કેમકે રસૂલે ખુદા સ.અ.વ.ની હદીસ છેઃ “અલી હક

સાથે છે અને હક અલી સાથે છે.''તો હકને કોઈ મિટાવી શકે નહીં કેમકે હકને ખુદ અલ્લાહ બચાવે છે.

મોલા અલી અ.સ. વિષે સુન્નીના એક મોટા આલિમે દીન ફરમાવે છે કે: ''મને તાઅજ્જુબ થાય છે કે મોલા અલી અ.સ.ની ફઝીલત દુશ્મનોએ ઇર્ષાના લીધે છુપાવી અને દોસ્તોએ ડરના લીધે છુપાવી તે છતાં આજે આટલી બધી ફઝીલતો મૌજૂદ છે, અને જો મોલા અલી અ.સ.ની બધી ફઝીલતો બયાન થઈ હોત તો કેટલી બધી ફઝીલતો મૌજૂદ હોત.''કુરઆન મજીદ સૂરએ રઅદ આયત ૧૭ માં પણ હક અને બાતીલ વિષે આ મુજબ બયાન થયેલ છે: ''હક પાણીની જેમ સાફ

છે અને બાતીલ પાણીના ઉપર ફીણના જેમ છે, આ ફીણ થોડોક સમય જોશ દેખાડશે પરંતુ થોડાક સમયમાં જ ખતમ થઈ જશે, પાણી હક છે જે બાકી રહે છે.”

હિક્મત ૪૦૯

દિલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “દિલ આંખની કિતાબ છે (માણસ જે કંઈ આંખોથી જુએ છે તે દિલમાં ઊતરી જાય છે).”

આ હિક્મતની બે તફસીર બયાન કરવામાં આવી છે.

૧. દિલ આંખની કિતાબ છે એટલે માણસ જે કંઈ આંખોથી જુએ છે તે તેના દિલમાં ઊતરી જાય છે. જ્યારે માણસ કંઈ જુએ છે તો તે વાતને તેના દિલ સુધી ઊતારી દે

છે. જ્યારે માણસ આ દુનિયાની બનાવટ જુએ છે કે કેવી સરસ મજાની અને ખૂબસૂરત અલ્લાહે દુનિયાને બનાવી છે તે દિલમાં ઊતરી જાય છે અને વધારે પડતી વસ્તુ આજના સમયમાં આપણે મોબાઈલ કે ટીવીમાં જોઈએ છીએ તે દિલમાં જગ્યા બનાવી લે છે. આ બધી વસ્તુઓને જ્યારે આપણે જોઈએ છીએ તો તે આપણા દિલમાં ઊતરી જાય છે.

૨. બીજી તફ્સીરમાં આલિમો બયાન કરે છે કે આંખ દિલને રસ્તો દેખાડે છે એટલે જે કંઈ વાત દિલ સુધી પહોંચાડવી હોય તો તેનો રસ્તો આંખથી ગુજરે છે.

ઇમામ અલી અ.સ.થી કોઈ સવાલ કર્યો કેઃ "કેવી રીતે આંખોને

બુરાઈથી બચાવીએ?"તો ઇમામ અ.સ. જવાબમાં ફરમાવ્યું કે: "જ્યારે માણસ અલ્લાહના હુકમનો પાબંદ બની જાય અને જે વસ્તુથી અલ્લાહે બચવાનું કીધું છે તેનાથી બચીને રહે અને આંખો જે તમારા દિલની જાસૂસ અને અક્કલ સુધી પયગામ પહોંચાડનાર છે તેને અને જેનાથી દિલ અને અક્કલ રોકે તેનાથી બચાવીને રાખો."(બિહારુલ અનવાર ભાગ ૧૦૧ પેજ ૪૧).

કુરાન મજીદ સૂરએ હજ આયત ૪૬માં છે: "શું આ લોકો જમીન ઉપર ચાલતા-ફરતા નથી કે તેઓના દિલ સમજવાવાળા અને તેઓના કાન સાંભળવાવાળા બની જાય? બેશક આંખો આંધળી નથી હોતી પરંતુ તે દિલ આંધળું હોય છે જે છાતીમાં

છે.''આ આયત સમજાવવા માંગે છે કે જો આંખો ખુલ્લી હોય તો સાથે દિલથી પણ સમજવું જરૂરી છે નહીં તો દુનિયાની બધી વસ્તુઓ જોવા છતાં પણ સમજાતું નથી. આ લોકો ખરેખર આંધળા છે કેમકે આંખોથી તો જુએ છે પણ તેના દિલમાં વાત ઉતરતી નથી.

બંને તફસીરથી ખબર પડે છે કે જે આંખ જુએ છે તે અક્કલ સુધી પયગામ પહોંચાડે છે ત્યાર પછી અક્કલ તેના દિલમાં વાત ઉતારે છે અને જે વાત દિલમાં બેસી જાય તે પછી હંમેશા યાદ રહે છે.

હિકમત ૪૧૦

તકવા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તકવા તમામ સદગુણો (સારી સિફતો)નો સરદાર છે."

તકવા એટલે તે દરેક વસ્તુ જેને કરવાનો અલ્લાહે હુકમ આપ્યો છે તેને અંજામ આપવું અને તે દરેક વસ્તુ જેનાથી રોકવામાં આવ્યા છે તેનાથી બચવું. ગુનાહોથી બચવું અને વાજીબાતના પાબંદ બનવું તકવાનો સૌથી નીચો દરજ્જો છે. મોમિનમાં જેમ જેમ અલ્લાહની મારેફતમાં વધારો થાય છે તેમ તેમ અલ્લાહના હુકમનો પાબંદ બની જાય છે, જેઓ ગુનાહોથી નથી બચતા તેનું એક કારણ એ પણ છે

કે ખુદાની મારેફત હજુ દિલ સુધી પહોંચી નથી.

જ્યારે તકવા આવી જાય તો તેના ઘણા બધા ફાયદા છે: હંમેશા અલ્લાહને યાદ કરે છે, અખ્લાક સારા બની જાય છે, લોકો સાથે સારી રીતે પેશ આવે છે, પોતાના અંદર એવી સમજણ આવી જાય છે જેથી હક અને બાતીલના વચમાં ફરક સમજવા લાગે, તકવાથી ઇલ્મ મળે છે, મુત્તકીની ખુશી અલ્લાહની ખુશીમાં હોય છે જેના લીધે દરેક ખરાબ કામોથી બચે છે ભલે પછી પોતાના નફ્સની બુરાઈ હોય કે બહારની. જેમકે કંજુસી, ઇર્ષા, નફરત, દુશ્મની, ગીબત, અત્યાચાર, ઘમંડ વગેરે... એટલે જ ઇમામ અ.સ. આ હદીસમાં તકવાને

અખલાકનો સરદાર કહે છે અને જેને પણ મુત્તકી બનવું હોય તેણે પોતાને સારા વ્યવહાર અને સારા અખ્લાકથી શણગારવું જોઈએ.

અને કુરાનમાં તકવાને લિબાસ સાથે જોડવામાં આવ્યો છે સૂરએ અઅરાફ આયત ૨૬ માં છે: "અય ઔલાદે આદમ! અમે તમારા માટે લિબાસ નાઝિલ કર્યો જેથી તમે શરમની જગ્યા છુપાવો અને તેનાથી શણગાર કરો અને સૌથી સારો લિબાસ તકવા છે અને આ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે કદાચ તમે નસીહત હાસલ કરો."જેવી રીતે લિબાસથી ઘણી બધી ગંદગી વગેરે...ને છુપાવવામાં આવે છે એવી જ રીતે તકવાનો લિબાસ પણ તમને ઘણા બધા

ગુનાહો અને બુરાઈથી બચાવીને રાખે છે.

ઇમામ અલી અ.સ. ખુત્બા નં. ૨૩૦ માં ફરમાવે છે કે: "બેશક તકવા બધા જ સાચા દરવાજાની ચાવી છે, કયામતનું ભાતું છે અને તેના થકી માણસ બધા જ ગુનાહોથી અને હલાકતથી બચે છે, તકવા થકી તેના અસલી મકસદ સુધી પહોંચે છે અને ગુનાહોથી બચનાર અલ્લાહના અઝાબથી પણ બચે છે અને તકવા થકી માણસ બુલંદી અને ઉચ્ચ દરજ્જા સુધી પહોંચે છે."

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "અલ્લાહે નબીઓને મકારેમુલ અખલાકથી (બેહતરીન વ્યવહાર) શણગારેલા છે જે કોઈ પાસે આ ફઝીલત હોય તે અલ્લાહનો શુક્ર

કરે અને જેની પાસે નથી તે અલ્લાહ પાસે વારંવાર માંગે.”પછી રાવીએ પૂછ્યું કે: “આ મકારેમુલ અખલાક શું છે?”તો ઇમામ અ.સ. ફરમાવે છે: “તકવા, સંતોષ, સબ્ર, શુક્ર, સહનશીલતા, શરમ, સખાવત, શૂજાઅત, ગૈરત, નેક કામો, સચ્ચાઈ અને અમાનતદારી.”(કાફી ભાગ ૨ પેજ ૫૬). જેમાં આ ૧૨ સારી સિફતો આવી જાય તે એક બેહતરીન માણસ બની જાય છે અને તે નબીઓ અને ઇમામોના રસ્તા ઉપર ચાલીને જ પ્રાપ્ત થાય છે.

હિક્મત ૪૧૧

એહતેરામ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “જેણે તમને બોલતા શીખવ્યું તેની સામે ઝબાન ન ચલાવો, (એટલે કે

માં-બાપ સામે) અને જેણે તમારા બોલને સીધા રસ્તા ઉપર લગાવ્યા છે તેમની સામે ન બોલો. (ઉસ્તાદ સામે)”

આ હદીસ એ વાત તરફ ઇશારો કરે છે કે જેણે તમને બોલતા શીખવ્યું છે તેમની વિરુદ્ધ તમારી ઝબાનની તેજી ન વાપરો કેમકે તે એક નાઇન્સાફી અને નાશુક્રી છે. આ હદીસમાં કોઈનું નામ ઉલ્લેખ નથી થયો પણ જોવા જઈએ તો માઁ-બાપ, ઉસ્તાદ અને વડીલો જેમણે સરખી રીતે બોલતા શીખવ્યું છે, મોટા થઈને તેમના વિરુદ્ધ ઝબાન ન ચલાવો. અને અલ્લાહની વિરુદ્ધ પણ એક શબ્દ ન બોલો કેમકે આ બોલવાની શક્તિ જેવી બેહતરીન

નેઅમત અલ્લાહે આપણને અતા કરેલી છે.

માણસને પોતાના માઁ-બાપ અને ઉસ્તાદ સામે એક શબ્દ પણ ન બોલવો જોઈએ. જો કોઈ પોતાના માઁ-બાપ અને ઉસ્તાદ સામે બોલે તો તેને બહુ જ ખરાબ કાર્ય કર્યું ગણાશે. સૂરએ ઇસરા આયત ૨૩માં છે કે: "અને તમારા રબના તરફથી ફેસલો કરવામાં આવ્યો છે કે તમો તેના સિવાય બીજા કોઈની ઇબાદત ન કરો અને તમારા માઁ-બાપ સાથે નેકી કરો અને જો તેઓમાંથી કોઈ એક અથવા બે તમારી સાથે હોય અને તેઓ ઝઇફ થઈ જાય તો તેની સામે ઉફ પણ ન કરો અને તેઓને ધૂતકારો નહીં, પરંતુ તેઓ સામે ઇઝઝત અને માનથી વાત કરો."

અને એવી જ રીતે જેઓએ તમને લખતા અને બોલતા શીખવ્યું તેઓ સામે પણ ઊંચા અવાજથી વાત ન કરો અને જો કોઈ આ બંને વસ્તુ ઉપર અમલ નથી કરતા એટલે કે માઁ-બાપની અને ઉસ્તાદની ઇઝ્ઝત નથી કરતા તો તેઓને દુનિયા અને આખેરત બંને જગ્યા ઉપર નુકસાન ઉપાડવું પડશે. દુનિયામાં તેની જિંદગી ઓછી થઈ જશે અને કયામતમાં સખત અઝાબ મળશે.

જો માણસ પોતાની જીભને કાબૂમાં નહીં રાખે તો આ જીભ તેને લઈ જશે, તેથી જરૂરી છે કે જીભને કાબૂમાં રાખે અને ઇસ્તેગ્ફાર કરતા રહે. મોલા અલી અ.સ. ખુત્બા ૧૮૬ માં ફરમાવે છે: "માણસ પોતાની

જીભને (ખરાબ વાતો બોલવાથી) બચાવીને રાખે કેમકે આ જીભ પોતાના માલિક માટે બાગી છે, અલ્લાહની કસમ હું કોઈ પણ બંદાને નથી જોતો કે તેને તેનો તકવા ફાયદો પહોંચાડે છે પણ તે પોતાની જીભને (ખરાબ વાતોથી) બચાવીને રાખે.''સૌથી વધારે જહન્નમમાં પોતાની જીભ થકી દાખલ થશે.

હિકમત ૪૧૨

અદબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ''તમારા નફસને અદબ શીખવવા માટે એટલું જ બસ છે કે જે વસ્તુ બીજાઓ માટે નાપસંદ કરો છો તેનાથી પોતે બચો.''

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં એ વાત તરફ ઇશારો કરે છે કે જો માણસ પોતાને સુધારવા માંગે અને અદબ શીખવવા માંગે તો તેને એ વસ્તુથી બચીને રહેવું જોઈએ જે વસ્તુ બીજા માટે પસંદ નથી, એટલે જે વસ્તુ બીજા માટે પસંદ નથી તેને પોતા માટે પણ પસંદ ન કરે.

માણસને બીજાની ભૂલ તો તરત જ દેખાય છે પણ પોતાની ભૂલ દેખાતી નથી, તો જ્યારે તે બીજામાં ભૂલ જુએ તો તપાસ કરે કે શું આ ભૂલ પોતાના અંદર છે કે નહીં? અને જો તે ભૂલ હોય તો તેને સુધારવાની કોશિષ કરે જેથી તેની ભૂલ સુધરી જાય અને બાઅદબ બની જાય. જો કોઈને સારા અદબ

અને સારા અખ્લાકવાળો બનવું હોય તો કોઈ મોટી વાત નથી, ફક્ત જે બુરાઈઓને બીજામાં નાપસંદ કરતા હોય તે જ બુરાઈઓથી પોતાને દૂર રાખે.

આ બયાનને વધારે સમજવા માટે ઇમામ અલી અ.સ.નો પત્ર નં. ૩૧ તરફ નજર કરીએ. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તમારા અને અન્ય લોકો વચ્ચે ફેંસલો આપવામાં માપદંડવાળો ફેંસલો આપો, જે વસ્તુ પોતા માટે પસંદ કરો તે વસ્તુ બીજા માટે પણ પસંદ કરો, અને જે વસ્તુ પોતા માટે પસંદ ન કરો તે બીજા માટે પણ પસંદ ન કરો, જેમ તમને પસંદ નથી કે કોઈ તમારા ઉપર અત્યાચાર કરે તેમ તમે પણ બીજા ઉપર અત્યાચાર ન કરો, જેમ તમે

ચાહો છો કે બીજા તમારા સાથે નેકી કરે તેમ તમે પણ બીજા સાથે નેકી કરો, જે વસ્તુને તમારા માટે ખરાબ સમજો છો તેમ બીજા માટે પણ ખરાબ સમજો, જે વસ્તુથી તમે રાઝી થાઓ છો તે વસ્તુ લોકોને આપીને રાઝી કરો, અને જે વસ્તુ તમે ન જાણતા હોય તે વિષે ન બોલો ભલે તમે જે જાણતા હોય તે થોડુંક હોય, અને જે તમે તમારા વિશે સાંભળવા નથી માંગતા તે અન્ય લોકો વિશે પણ ન બોલો.”

હિકમત ૪૧૩

સબ્ર (૧)

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “આઝાદ લોકોની જેમ સબ્ર કરો (જેથી અજર મેળવી શકો) નહીં તો (સમય પસાર થતા) જાહિલોની જેમ

બેદરકાર બની જશો, (પરંતુ તેમાં કંઈ અજર નહીં મળે.”

ઇમામ અલી અ.સ. આ હદીસને મુસીબત અને દુખી માણસને દિલાસો આપતા ફરમાવે છે. કદાચ હદીસ ૪૧૩ અને ૪૧૪ બંને અશ્અસ બિન કૈસ માટે હોય.

હદીસમાં છે સબ્ર કરો, જો તમે સબ્ર કરશો તો તમને સબ્ર કરવાવાળાની સાથે રાખવામાં આવશે અને તેઓના જેવો સવાબ અને બદલો આપવામાં આવશે, અને આરામ અને સુકૂનવાળી જિંદગી મળશે. અને જો સબ્ર નહીં કરો તો એક જાહિલની જેમ ગાફિલ બની જશો, અને તેનો કોઈ પ્રકારનો અજર નહીં મળે. અજર તો નહીં મળે પરંતુ સાથે સાથે સબ્ર ન

કરવાના લીધે બેચેની, બીમારીઓ અને મુસીબતો વધી જશે.

તો જ્યારે પણ કોઈ મુસીબત યા તકલીફ આવે તો પહેલા વિચાર કરે કે અલ્લાહ તરફથી હતી કે પોતાના ખરાબ આમાલની સઝા હતી. અને જે મુસીબત અલ્લાહ તરફથી હોય તેમાં આપણો કોઈ બસ નથી ચાલતો જેમ કે મોત. આવા સંજોગોમાં બેતાબ થઈને અલ્લાહની ફરિયાદ ન કરે, બલ્કે સબ્ર કરે જેથી અજરનો હકદાર બને. અને જો મુસીબત પોતાના ખરાબ આમાલ થકી આવી હોય તો ગુનાહોની તૌબા કરે, જે ગુનાહ થકી મુસીબત આવી હોય તે ગુનાહથી પોતાને દૂર કરે, જેમ કે માઁ-બાપની નાફરમાની કરી હોય તથા તેમણે તકલીફ આપી હોય તો

રાઝી કરી લે, સગાંવહાલાં સાથે રિશ્તો તોડ્યો હોય તો રિશ્તાને જોડે, સિલારહેમ કરે વગેરે તો તેનાથી પરેશાની જલ્દી દૂર થઈ જાય છે.

અલ્લાહ કુરાન મજીદ સૂરએ બકરા આયત ૧૫૫ થી ૧૫૭માં ફરમાવે છે: "બેશક અમે તમારી ડર, ભૂખ, જાન અને માલ, ફળ દ્વારા જરૂર પરીક્ષા લઈશું અને તમે સબ્ર કરવાવાળાઓને ખુશખબરી સંભળાવી દો, અને જેઓ પરેશાનીમાં કહે છે કે અમે તો અલ્લાહના છીએ અને અમારે તો અલ્લાહ તરફ પાછું જવાનું છે, તો આ લોકો તે છે જેની ઉપર પરવરદિગાર દુરુદ અને રહેમત નાઝિલ કરે છે, અને આ લોકો હિદાયત પામેલા છે."

પણ જેઓ સબરના મોટા અજરથી ગાફિલ અને જાહિલ હોય છે તે સબ્ર નથી કરતા અને દુખ-ગમ કે તકલીફને ભૂલવા માટે ખોટો અને હરામ રસ્તાના સહારાથી ગમ ભૂલવાની કોશિષ કરે છે. પરંતુ ખાસ યાદ રાખવું જોઈએ કે ખોટા અને નાજાએઝ રસ્તા કોઈ દિવસ સુકૂન નથી આપી શકતા બલ્કે મુસીબત હોય કે તકલીફ, ખુશી હોય કે આરામ, સુકૂન તો ઝિક્રે ખુદાથી અને રસૂલોના બતાવ્યા મુજબ જ મળે છે.

દુખ અને સુખ, ગમ અને ખુશી જિંદગીના સિક્કાની બે છાપ છે ક્યારેક દુખ તો ક્યારેક સુખ, એમાં ગભરાવવું ન જોઈએ બલ્કે તે દુખ યા મુસીબતને દૂર કરવાના રસ્તા

શોધવા જોઈએ. અને જો તો પણ કંઈ ખબર ન પડે તો સબ્રનું દામન પકડે કેમકે આપણા છેલ્લા નબી અ.સ. સબ્ર વિષે ફરમાવે છે: "સબ્ર બેહતરીન સવારી છે અને અલ્લાહે પોતાના બંદાઓને સબ્ર કરતાં વધારે બેહતરીન વસ્તુ કંઈ નથી આપી."(બિહારુલ અનવાર ભાગ ૭૯ પેજ ૧૩૯). બીજી એક હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દુખમાં સબ્ર કરવું સલામતી કરતાં વધારે બેહતર છે કેમકે આખેરતમાં જે સવાબ મળવાનો છે તેના મુકાબલામાં (આ પરેશાની) કંઈ નથી."(ગોરરુલ હિકમ હદીસ નં ૬૨૭૧).

હિકમત ૪૧૪

સબ્ર (૨)

ઇમામ અલી અ.સ. બીજી એક રિવાયતમાં અશઅસ બિન કૈસને તેના દીકરાની મોત ઉપર તસ્લિયત આપતા ફરમાવે છે: "જો વડીલોની જેમ સબ્ર કરશો તો સારું છે, નહીં તો પશુઓની જેમ એક દિવસ ભૂલી જશો."

આ હદીસ ૪૧૩ની જેવી જ છે જેમાં ઇમામ અ.સ. અશ્અસ બિન કૈસને ફરમાવે છે અને તેનો એક બીજો ભાગ અહીંયા બયાન કરવામાં આવ્યો છે કે ઇમામ ફરમાવે છે કે જો તમે આઝાદ ઇન્સાનની જેમ અને વડીલોની જેમ સબ્ર કરશો તો તમને સબ્ર કરવાવાળા જેટલો સવાબ મળશે, નહીં તો પશુઓની જેમ એક

દિવસ ભૂલી જવાના છો. આ હદીસને વધારે સમજવા માટે ૪૧૩ નંબરની હિક્મત વાંચવામાં આવે.

હિક્મત ૪૧૫

દુનિયાની બેવફાઈ

ઇમામ અલી અ.સ.એ દુનિયાની હાલત વિષે ફરમાવ્યું કે: "દુનિયા દગો કરે છે, નુકસાન પહોંચાડે છે, અને ચાલી જાય છે.

અલ્લાહે (આ દુનિયાને) ન તો સારા લોકોને સવાબ દેવા માટે પસંદ કરેલી છે કે ન તો ખરાબ લોકોને અઝાબ દેવા માટે પસંદ કરી છે.

દુનિયાવાળા એ કાફલાના સવાર જેવા છે કે હજુ તો પડાવ નાખવામાં આવ્યોજ હતો ત્યાં તો કાફલા સાલારે અવાજ આપ્યો કે ચાલો

સફર કરવાનો સમય થઈ ગયો છે અને પછી ચાલી નીકળ્યા.''

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં દુનિયાની પાંચ સિફત બયાન ફરમાવી છે. પહેલા ભાગમાં જે ત્રણ સિફત ફરમાવે છે કે આ દુનિયા: દગો કરે છે, નુકસાન પહોંચાડે છે, અને પછી હાથથી ચાલી જાય છે. દુનિયા દગો આપે છે; દુનિયાની ચમક-દમક માલ, દૌલત, બાગ, મહેલ, ઔલાદ, તાકાત, હુકુમત, શોહરત વગેરે... આ બધી જ વસ્તુઓ માણસને એ રીતે દગો આપે છે કે ખબર પણ નથી પડતી અને ગાફિલ બની જાય છે જેથી નુકસાનને ઓળખી પણ નથી શકતો. દુનિયા નુકસાન પહોંચાડે છે; દુનિયાની પરેશાનીઓ,

તકલીફો, દુખ, દર્દ, હાર, ગમ. વગેરે... હજુ માણસ જવાન નથી થયો કે પરેશાનીઓ તેને ઘેરી લે છે તેના વાળ સફેદ થવા લાગે છે, થોડોક સમય સલામતીમાં હતો કે બીમારી આવી જાય છે વગેરે... આ બધી જ પરેશાનીઓ આવે છે અને લોકો જોઈ રહ્યા છે એહસાસ કરે છે તે છતાં દુનિયાની મોહમાયા છૂટતી નથી. જે લોકો દુનિયાની મોહમાયામા ફસાયેલા હતા અને તેમને એમ હતું કે આ દુનિયામાં હંમેશા રહેવાનું છે તેવા લોકોને પણ દુનિયા છોડી નથી અને ઇતિહાસ પણ આ વાતનો ગવાહ છે કે કોઈ પણ આ દુનિયામાં બાકી નથી રહ્યું, ફિરઔન, નમ્રૂદ, શદ્દાદ, જેવા મોટા-

મોટા બાદશાહો પણ ચાલ્યા ગયા, અને પછી પણ બાકી નહીં રહે.

ઇમામ અલી અ.સ. આગળ ફરમાવે છે: આ દુનિયા અલ્લાહે ન દોસ્તો માટે રાખેલી છે અને ન દુશ્મનો માટે રાખેલી છે, અહીંયા કોઈ પણ નથી રહેવાનું. દુશ્મનને જો અઝાબ આપવામાં આવે તો તે મુખ્તસર હોય છે, સાચો અઝાબ તો મર્યા પછી આપવામાં આવશે અને જો દુનિયામાં સત્તા મેળવી પણ લે તો પણ એક ખાસ સમય સુધી પોતાની મરજી ચલાવી શકશે અને સમય આવતા તેને દુનિયામાંથી ઉઠાવી લેવામાં આવશે તો આ દુનિયા કોઈ માટે નથી અને અલ્લાહના દોસ્ત માટે તો જન્નત છે જ્યાં હંમેશા રહેવાનું છે. દુનિયાથી મોહબ્બત

હલાક કરે છે પરંતુ જો આ દુનિયામાં અલ્લાહના બંદા બનીને રહે તો કામયાબ બની જાય છે.

ઇમામ અ.સ. છેલ્લા ભાગમાં ફરમાવે છે: આ દુનિયા એક મુસાફિર જેવી છે જ્યારે સુધી કાફલા સાલાર અલ્લાહ તરફથી રહેવાનું નક્કી કર્યું છે ત્યાં સુધી આ દુનિયામાં રોકાવાનું છે અને જ્યારે અલ્લાહ તરફથી દુનિયા છોડીને આખેરત તરફ જવાનું કહેવામાં આવે ત્યારે ચૂપચાપ રવાના થઈ જવાનું છે. હોશિયાર માણસ એ છે કે જે હંમેશા રહેવાની જગ્યા આખેરત માટે પોતાને તૈયાર કરે.

હિકમત ૪૧૬

બીજાઓ માટે માલ ભેગો કરવો

ઇમામ અલી અ.સ. ઇમામ હસન અ.સ.ને ફરમાવે છે: દુનિયાના માલને પોતાના પાછળ ન છોડો, કારણ કે તમે તે બે માણસોમાંથી એક માટે છોડી જશો, યા તો તે માલને અલ્લાહની રાહમાં ખર્ચ કરશે અને તેના થકી માલ ખર્ચ કરનારને નેકી મળશે અને જે માલ મૂકીને ગયો છે તે આ નેકીથી વંચિત રહી કમનસીબ બની જશે, યા તો માલને અલ્લાહની નાફરમાનીમાં ખર્ચ કરવામાં આવશે અને તે આ માલ થકી ગુનેહગાર થશે અને જે માલ મૂકીને ગયો છે તે પણ ગુનાહમાં મદદરૂપ બનવાના લીધે ગુનેહગાર ગણાશે, તો આ બંને માંથી કોઈ પણ

તમારા પોતાના કરતાં બહેતર નથી. (પોતે જ પોતાના હાથે નેકી કરી લો).

(મર્હુમ સય્યદ રઝી ર.અ. કહે છે કે આ હદીસ બીજી રીતે પણ નકલ થયેલી છે; અલ્લાહના વખાણ પછી ઇમામ અ.સ. ફરમાવે છે: "દુનિયાનો જે માલ અત્યારે તમારી પાસે છે તમારી પહેલાં તે માલ બીજા કોઇ પાસે હતો અને તમારી પછી પણ બીજા કોઇ પાસે ચાલ્યો જશે તો તમે આ માલ બે પ્રકારના લોકો માટે ભેગો કરો છો, એક તે કે જે આ માલ અલ્લાહના રાહમાં ખર્ચ કરશે અને તે સુખ અને શાંતિ પ્રાપ્ત કરશે અને જેનો માલ છે તે આ નેકીથી વંચિત રહી જશે યા બીજો તે માલથી અલ્લાહની નાફરમાની કરશે

તો એ માલ જે ભેગો કર્યો એટલે તેના ખરાબ કાર્યમાં તને મદદરૂપ ગણાવવામાં આવશે, આ બંને માંથી કોઈ પણ તમારા માટે બેહતર નથી કે જે સારા કામ કરી તારા કરતાં આગળ વધી જાય યા જે ગુનાહ કરે અને તારી ઉપર તેનો ભાર આવે, તો જે ગુજરી ગયા છે તેઓ માટે અલ્લાહની રહેમતની આશા રાખો અને જે આવવાવાળા છે તેઓ માટે અલ્લાહના રિઝકની આશા રાખો.) (તમે તમારી જિંદગીમાં નેકી કરી લો).”

ઇમામ અ.સ. અહીંયા ઇમામ હસન અ.સ.ને નસીહત કરી બધા જ લોકોને સમજાવે છે અને સંબોધિત કરે છે કે દુનિયાના માલ માટે લાલચુ ન બનો અને તમારી

જિંદગીમાં તેને સારી જગ્યા ઉપર ખર્ચ કરો. જો તમારો માલ બાકી રહેશે તો ખબર નથી તમારા પછી તમારા માલને કઈ જગ્યા પર ખર્ચ કરવામાં આવશે, જો સારી જગ્યા પર ખર્ચ થશે તો પણ તેનો સવાબ વાપરવાવાળાને મળશે, અને ખરાબ રસ્તામાં ખર્ચશે તો ગુનાહમાં મદદરૂપ બનવાના લીધે તમે ગુનેહગાર બનશો. જો વારસદાર સારા હશે તો માલ સારી જગ્યા ઉપર ખર્ચ કરશે અને તેનો સવાબ વધારે તેને મળશે અને જન્નતમાં સુખ-શાંતિવાળી જિંદગી ગુજારશે પરંતુ તમે તેનાથી વંચિત રહેશો અને જો વારસદાર સારા નહીં હોય તો તે માલને ખરાબ રસ્તા ઉપર ખર્ચ કરશે તો તમે પણ તેના ગુનાહમાં

ભાગીદાર બનશો કેમ કે તમે તેના માટે માલને ભેગો કર્યો છે, એટલે જે સજા ગુનાહ કરનારને મળશે તે માલ છોડી જનારને પણ મળશે કેમકે તે ગુનાહમાં ભાગીદાર બન્યો છે.

હિકમત ૩૫રમાં પણ આવ્યું છે કે તમે તમારા સગા-સબંધીઓ માટે વધારે ચિંતા ન કરો. જો તેઓ અલ્લાહના ખાસ બંદાઓ છે તો અલ્લાહ પોતાના ખાસ બંદાઓનું ધ્યાન રાખે છે અને જો તેઓ અલ્લાહના ગુનેહગાર બંદા છે તો શા માટે તમે ગુનેહગાર બંદાની ચિંતા કરો છો?

આ હદીસને વધારે સમજવાની કોશિષ કરીએ જે હિકમત ૪૨૯માં બયાન કરવામાં આવેલી છે; જનાબે ઇસા અ.સ. એક વખત પોતાના

સાથીઓ સાથે એક બાગ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આપના સાથીઓને ભૂખ લાગી અને તેઓ કહેવા લાગ્યા: "યા નબી અ.! અમને ભૂખ લાગી છે" ત્યારે અલ્લાહ તરફથી વહી આવી કે તેઓને રજા છે કે તેઓ આ બાગમાંથી ખાવાની વસ્તુઓ ખાઈ શકે છે અને જ્યારે આ લોકો ખાય રહ્યા હતા ત્યારે બાગનો માલિક આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે: "આ બાગ મારો છે મને મારા બાપ દાદા તરફથી વારસામાં મળેલ છે તમે કોની રજાથી ખાઈ રહ્યા છો?" ત્યારે જનાબે ઇસા અ.સ. અલ્લાહ પાસેથી રજા માંગે છે કે: "યા અલ્લાહ, શું હું આ બાગના તમામ માલિકો જે અત્યાર સુધી મરી ગયા છે તેઓને જીવતા

કરી શકું?''અલ્લાહ તરફથી રજા મળે છે એટલે નબી ઇસા અ.સ. બધા માલિકોને જીવતા કરે છે ત્યારે તેઓ ફરિયાદ કરે છે કે: ''આ તો મારો બાગ હતો જે મારા બાપ દાદા થકી મને મળ્યો હતો''ત્યારે તે માલિક આ મંજર જોઈને ડરી જાય છે અને તે કહેવા લાગે છે કે: ''હું મારા બાગમાંથી જે લોકોએ ખાધું તેઓને રજા આપું છું, મને કંઈ વાંધો નથી,''પછી જનાબે ઇસા અ.સ. તે માણસને કહે છે: ''આ જમીન તને વારસામાં મળી છે અને તારી પહેલાં પણ જેટલા લોકો હતા તેઓ જમીનના માલિક હતા અને તેઓ ગુજરી ગયા અને તું પણ એક દિવસ જવાનો છે અને તેઓની સાથે ભળી જવાનો છે, આ જમીન અને તારો

માલ તો અહીંયા જ રહી જશે.”(શરહે નેહજુલ બલાગાહ અલ્લામા શુશ્તરી ભાગ ૧૪ પેજ ૬૨૩).

ઉપર દર્શાવેલ હદીસને સરખી રીતે સમજવાની જરૂરત છે. ઇમામ અ.સ. આ હદીસ લાલચી લોકો માટે બયાન કરેલી છે કે જેઓ પોતાની મહેનતથી માલ ભેગો કરે છે અને ઔલાદ હરામ-હલાલ જોયા વગર મન ફાવે ત્યાં માલ ખર્ચ કરવા લાગે છે. તો બેહતર છે કે આવા લોકો દોલત ભેગી કરવા પર ધ્યાન આપવા કરતાં પોતાની જિંદગીમાં સારા રસ્તામાં માલ ખર્ચ કરે અને લાલચુ ન બને.

અને જો લોકો સારા હોય તે તેઓની માટે કુરાનમાં અને બીજી

હદીસોમાં આવ્યું છે કે તમે તમારા સગા-સબંધીઓ માટે વારસો મૂકી જાવ અને બધા જ લોકો વચ્ચે સારી રીતે વહેંચણી કરો અને આ વસ્તુને ઇસ્લામમાં નેક કામ તરીકે બયાન કરવામાં આવેલી છે. સૂરએ બકરા આયત ૧૮૦ માં આવ્યું છે કે: "તમારી માટે આ લખી દેવામાં આવ્યું છે કે જ્યારે તમારામાંથી કોઈને મોતનો સમય આવે અને જો તે અમુક માલ છોડી જાય તો તેને પોતાના માઁ-બાપ અને સગા-સબંધી માટે વસિયત કરવી જોઈએ અને મુત્તકી માટે આ એક જવાબદારી છે."તો જો માણસ લાલચી ન હોય તો તે પોતાની જિંદગીમાં પણ વાપરે અને મરી જાય ત્યારે પોતાના સગા સંબધીઓ માટે પણ છોડીને જાય.

અહીંયા બીજો એક સવાલ આવે છે કે જેમ ખરાબ કાર્યમાં માણસ ભાગીદાર બને છે તો શું ઔલાદ સારા કાર્ય કરે તો તેમાં પણ ભાગીદાર છે કે નહીં? હા, સારા કામમાં પણ તેનો ભાગીદાર છે અને સવાબ મળે છે, પરંતુ જો પોતે જ જિંદગીમાં નેક કામ કરે તો તેનો જેવો સવાબ મળે છે તેવો નહીં મળે, કેમકે જે માલ પોતાના હાથે ખર્ચ કર્યો હોય તેનો સવાબ વધારે છે તેવો સવાબ મર્યા પછી નથી, અને કયામતમાં અફસોસ કરશે કે કાશ આ નેકી મેં મારા હાથે કરી હોત તો વધારે સવાબનો હકદાર બની શકત, પરંતુ હું આ સવાબથી વંચિત રહી ગયો. વિચારવું જોઈએ જે માલ આજે આપણી પાસે છે તે ગઈ કાલે

બીજા કોઈ પાસે હતો અને આવતી કાલે બીજા કોઈ પાસે જવાનો છે, તો જ્યાં સુધી આપણી પાસે છે તેને અલ્લાહની બંદગીમાં ખર્ચ કરવામાં આવે. અને જો આપણે ખર્ચ કરીશું તો અલ્લાહના ત્યાં તેનો બેહિસાબ અજર છે.

હિકમત ૪૧૭

સાચી તોબા અને તેની શરતો

એક માણસ ઇમામ અલી અ.સ. સામે અસ્તગફિરુલ્લાહ કહ્યું તો આપે તે માણસને ફરમાવ્યું: "તારી માઁ તારા સોગમાં બેસે, શું તને ખબર છે કે ઇસ્તેગફાર એટલે શું? ઇસ્તેગફાર મહાન હસ્તીઓનો દરજ્જો છે, આ એક એવું વાક્ય છે જે છ વસ્તુઓથી પૂરું થાય છે: ૧- જે ગુનાહ કર્યા છે તેના પર અફસોસ

કરે, ૨- તે ગુનાહને ફરીથી કદી ન કરવાનો મક્કમ ઈરાદો કરે, ૩- લોકોના હક અદા કરે અહીંયા સુધી કે જ્યારે અલ્લાહ પાસે પહોંચે તો કોઈનો હક બાકી ન હોય અને પાક-સાફ હોય, ૪- જે વાજીબ કામો છૂટી ગયા છે તેને અંજામ આપવા અને તેની કઝા કરવી, ૫- શરીર જે હરામ ખોરાકથી બન્યું છે તેને દુ:ખ અને તકલીફ આપી પિઘળાવવું, અહીંયા સુધી કે હાડકા ચામડી સાથે ભળી જાય અને ફરીથી નવું ગોશ્ત નીકળવાનું શરૂ થાય, ૬- જેવી રીતે શરીરને ગુનાહની લિઝ્ઝત આપી છે એવી જ રીતે અલ્લાહની ઇતાઅતમાં તકલીફને સહન કરે. આ બધી જ

વસ્તુ અંજામ આપ્યા પછી કહો અસ્તગફિરુલ્લાહ.”

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં સંપૂર્ણ માફી વિષે બતાવી રહ્યા છે, ફક્ત ઝબાનથી અસ્તગફિરુલ્લાહ કહેવું પૂરતું નથી, બલ્કે જ્યારે આ છ શરતો પૂરી થશે ત્યારે ઇસ્તેગફારનો ફાયદો થશે. આ નુરાની કલામમાં ઇસ્તેગ્ફારનો સાચો અર્થ સમજાવેલો છે અને સાચી માફી ક્યારે મળે તેની તરફ ધ્યાન દોરેલું છે, જે ભૂલ અને ગુનાહ થયા છે તેની માફી માંગે, લોકોના હકોને અદા કરે ત્યાર પછી અલ્લાહ પાસે પણ માફી માંગે ત્યારે તૌબા કહેવાશે. અત્યાર સુધી જે સમજી રહ્યો હતો કે ફક્ત ઝબાનથી અસ્તગફિરુલ્લાહ કહો એટલે પૂરતું

છે, ઇમામ અ.સ. તે માણસને સમજાવ્યું કે તે પૂરતું નથી.

આ વાતની એટલી એહમિયત છે કે ઇમામ અ.સ. સખત લહેજો વાપરે છે કે: "તારી માઁ તારા સોગમાં બેસે,"અરબ દેશમાં એક રિવાજ છે જ્યારે કોઈ માણસ સારું કામ ન કરે અથવા સારું ન બોલે તો તેના માટે આ મુજબ શબ્દો વાપરવામાં આવે છે. પછી ઇમામ અ.સ. ફરમાવે છે કે ઇસ્તેગ્ફાર મહાન હસ્તીઓ માટે છે, જો કોઈ ઇસ્તેગ્ફાર કરવા ચાહે તો પહેલાં તમામ ગુનાહ છોડી દે, પછી ફરી કદી ગુનાહ ન કરે, ગુનાહ થઈ જવા બદલ પછતાવો કરે, જે વાજીબ છૂટી ગયા છે તેની કઝા કરે અને હરામ ખોરાકથી શરીરમાં જે શક્તિ આવી છે તેને

પિઘળાવે જેથી ગુનાહ સાફ થઈ જાય અને જેટલી ગુનાહની લિઝ્ઝત લીધી છે એટલી અલ્લાહની બંદગીની લિઝ્ઝત હાસલ કરે, ત્યાર પછી તે ઇસ્તેગ્ફાર કરે તો તે ઇસ્તેગ્ફાર કહેવાશે. ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. ફરમાવે છે: "જો કોઈ ગુનાહ કરતો રહે અને સાથે ઇસ્તેગ્ફાર પણ કરે તો તે (નઊઝુબિલ્લાહ અલ્લાહ સાથે) મજાક કરે છે."(કાફી ભાગ ૨ પેજ ૪૩૭).

જો કોઈનો હક આપણી પાસે છે અને તેને નથી આપતા તો પહેલાં હક અદા કરો પછી માફી માંગો. સૂરએ બકરા આયત ૧૬૦ માં આવ્યું છે: "જેઓ તોબા કરી લે અને પોતાને સુધારી લે અને (જે વસ્તુ

છુપાવી છે) તેને બયાન કરી દે તો તેની તૌબા કબૂલ થશે અને અલ્લાહ તો ખૂબ જ વધારે માફ કરવાવાળો છે.”

અત્યાર સુધી જે હરામથી શરીર બનાવ્યું હતું તેને પહેલાં તકલીફ આપીને પિઘળાવવું જોઈએ, ત્યાર પછી ઇસ્તેગ્ફાર કરે, જેમ કે રોઝા રાખી પોતાને ભૂખ્યા રાખે અને જ્યાં સુધી તે હરામ ગોશ્ત શરીરમાંથી પિઘળી ન જાય ત્યાં સુધી હરામ ખાવા પીવાથી દૂર રહે અને તોબા પણ કરે. અમુક લોકો કહે છે પહેલી ચાર શરત ઉપર અમલ કરે તો પણ તૌબા કબૂલ કરવામાં આવે છે પરંતુ આયતુલ્લાહ ખુમૈની પોતાની કિતાબ મકાસિબે મુહર્રમામાં લખે છે પહેલી બે શરતો સાચી તોબા માટે છે અને

બીજી બે શરતો તૌબા કબૂલ થવા માટે છે અને છેલ્લી બે શરતો માણસને કમાલ સુધી પહોંચાડે છે.

જો ગુનાહ થઈ જાય તો તરત જ તોબા કરવી જોઈએ કેમકે જ્યારે કોઈ ગુનાહ કરે તો જ્યારે સુધી સાચી તોબા કરીને ગુનાહોથી પાક ન થઈ જાય ત્યાં સુધી તે અલ્લાહની નજીક નથી થઈ શકતો. લોકો કહે છે કે અમે નમાઝ પઢીએ છીએ, દુઆ માંગીએ છીએ પણ દુઆ કબૂલ નથી થતી, એવું શા માટે? સૌથી પહેલાં સાચી તોબા કરે અને જીભ પર એ અસર લાવે જેના થકી તે અલ્લાહથી નજીક થાય ત્યાર પછી દુઆ માંગે તો તરત જ દુઆ કબૂલ થશે અને અલ્લાહે પોતાના બંદા માટે તોબાના દરવાજા ખુલ્લા

રાખેલા છે. ગુનાહની સાચી માફી માટે આ ૬ શરતો હોવી જોઈએ. અને ગુનાહની માફી માંગતી વખતે અલ્લાહ માફ કરશે તે યકીન પણ હોવું જોઈએ.

સાચા દિલથી માફી કેવી રીતે માંગવી તે વિષે ઇમામ સાદિક અ.સ.ના જમાનામાં એક માણસ જેનું નામ અબુ બસીર હતું, તેનો પડોશી બાદશાહના ત્યાં કામ કરતો હતો તેથી તેના પાસે હુકુમતથી કમાયેલી ઘણી દૌલત હતી. તે ઘરમાં ગીત અને સંગીતનો પોગ્રામ રાખતો અને ગુનાહની પાર્ટીઓ કર્યા કરતો. અબુ બશીર તેને ગુનાહ ન કરવા માટે સમજાવે છે પરંતુ તે વાત માનતો ન હતો, કહ્યું કે મરીને અલ્લાહને જવાબ દેવાનો છે તો તે કહેતો:

“મારા ગુનાહ બહુ જ વધારે છે મને કોણ માફ કરશે?”“જો તમે મદીના જાવ છો જો ઇમામ સાદિક અ.સ. કહે કે મને માફી મળશે તો હું ગુનાહ છોડી દઈશ,”અબુ બસીર હજ બાદ મદીના ઇમામની ઝિયારત કરવા ગયો અને ઇમામ અ.સ.ને પોતાના પડોશીની વાત કરી તો ઇમામે ફરમાવ્યું: “જો તે ગુનાહ છોડી દેશે અને કફ્ફારો અદા કરી દેશે તો હું માફીની ઝમાનત લઉં છું,”ત્યાંથી અબુ બસીર પાછો કુફા આવ્યો ત્યારે લોકો ઘરે મળવા આવ્યા તો આ પડોશી પણ આવ્યો. જ્યારે તે મળીને પાછો જઈ રહ્યો હતો ત્યારે અબુ બસીર કહે છે: “તારા માટે ઇમામનો એક પયગામ છે,”જ્યારે બધા ચાલ્યા ગયા ત્યારે ઇમામ

અ.સ.નો પયગામ તેને આપે છે કે જો તું બધા હરામ કામો છોડી દઈશ અને સાચી તોબા કરીશ તો ઇમામ અ.સ. તારી માફીની ઝમાનત લે છે. તે અબુ બસીરના ઘરેથી નીકળીને પોતાના ઘરે જાય છે અને બધા જ ગુનાહ છોડી દે છે અને તેના પાસે જે લોકોનો માલ હતો તેમને પાછો આપી દે છે અને બાકી વધેલો માલ રાહે ખુદામાં ખર્ચ કરી દે છે. અહીંયા સુધી કે એક વખત અબુ બસીર તેના ઘરે તેને મળવા જાય છે તો શું જુએ છે કે ઘરમાં તેના પાસે પહેરવાના કપડા પણ નથી રહ્યા, બધી જ વસ્તુ આપી દીધી છે. ત્યારે અબુ બસીર તેને પૂછે છે: "બધું ક્યાં ગયું?"તે કહે છે: "જેની વસ્તુઓ મારી પાસે હતી તેને આપી

દીધી, હવે મારી પાસે કોઈ વસ્તુ બચી નથી,"ત્યારે અબુ બસીર પોતાના ઘરેથી અમુક કપડા અને ખાવા પીવાની વસ્તુ તેના માટે લાવે છે અને અમુક દિવસ પછી તે પડોશી દુનિયાથી રૂખસત થઈ જાય છે અને પછી જ્યારે અબુ બસીર ફરી વખત મદીના જાય છે ત્યારે ઇમામ અ.સ. કહે છે: "અય અબુ બસીર! મેં મારો વાયદો વફા કરી દીધો છે."

હિકમત ૪૧૮

સહનશીલતા

<u>ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સહનશીલતા એક કુટુંબ છે."</u>

ઇમામ અ.સ. એક નાના એવા વાક્યમાં સમાજને મોટી નસીહત કરી છે, લોકોના ખરાબ વર્તાવને

સહન કરવું, જ્યારે કોઈ બેઇઝઝતી કરે ત્યારે સહન કરવું, જ્યારે તમારાથી કોઈ ઇર્ષા કરે ત્યારે સહન કરવું, કુટુંબને સાચવીને રાખે છે. કુરાન અને હદીસોમાં બયાન થયું છે કે ખરાબ માણસોને સહન કરો. સૂરએ ફુરકાન આયત ૬૩ માં આવ્યું છે: "અને રહેમાનના બંદાઓ તે છે જે જમીન ઉપર ઘમંડ વગર નમ્રતાથી ચાલે છે અને જ્યારે જાહિલો તેઓ સાથે બોલચાલ કરે તો તેઓ કહે છે કે તમે સલામત રહો."એટલે જ્યારે કોઈ જાહીલ કોઈ વાત થકી પરેશાન કરવા માંગે યા બોલચાલમાં ઝઘડો કરવા ચાહે તો તેને કોઈ જવાબ ન આપો ફક્ત કહી દો કે અલ્લાહ તમને સલામત રાખે, કેમ કે જાહીલની વાતચીતમાં

ઝીદ હોય છે અને અંતમાં લડાઈ-ઝઘડા પર વાતો ખતમ થાય છે.

આવી જ રીતે હિકમત નં ૨૬૦ માં બયાન થયેલી છે: "નાદાન લોકોને ચૂપ કરવાનો સારામાં સારો રસ્તો તેની સામે ચૂપ રહેવું છે જો સામેવાળો સમજદાર વ્યક્તિ હોય તો તેને સારો જવાબ આપો અને સમજાવો, પણ જો સામેવાળી વ્યક્તિ નાદાન હોય તો આવા માણસ સામે ખામોશ રહેવું અને સહન કરવું જ બહેતર હોય છે અને જો તેની બદઅખ્લાકીને સહન કરશો તો તમે એક કુટુંબ અને સમાજને બચાવ્યો છે અને આપસમાં વેરવિખેર થતાં અટકાવ્યા છો."

સહનશીલતા ફક્ત આપણાથી બદઅખ્લાકી યા કોઈ બેઇઝ્ઝતી

જેવા કામો કરે ત્યારે છે પરંતુ જો કોઈ ઇસ્લામ વિરુદ્ધ અને દીન વિરુદ્ધ બોલે યા દીનને પોતાના અમલ અને વાતોથી નુકસાન પહોંચાડે ત્યારે ચૂપ ન રહેવું અને જવાબ દેવો જરૂરી છે.

ઇમામ સાદિક અ.સ. પાસે ઉનવાને બસરી નામનો માણસ આવે છે અને તે કહે છે: "અય ઇમામ, મને નસીહત કરો"તો આપ અ.સ. ફરમાવે છે: "આ ૯ વસ્તુ યાદ રાખો અને તમામ લોકો સુધી પહોંચાડો; પહેલી ૩ વસ્તુ નફ્સ માટે છે. બીજી ૩ વસ્તુ સહનશીલતા માટે છે અને ત્રીજી ૩ વસ્તુ ઇલ્મ માટે છે. પહેલી ૩ વસ્તુ નફ્સ માટે: ૧- જે વસ્તુની ઈચ્છા ન હોય તે ન ખાવ, તે છતાં પણ જો કોઈ ખાય તો તેમાં ગાંડપણ

છે. ૨- જ્યારે પેટ ભરાઈ જાય તો હાથ રોકી લો, ૩- અને જ્યારે કંઈ ખાવાની ઇચ્છા થાય તો હલાલ ખોરાક ખાવ અને અલ્લાહનું નામ લઈને ખાવ. બીજી ત્રણ વસ્તુ સહનશીલતા માટે: ૧- જ્યારે તમને કોઈ કહે તું મને એક વખત અપશબ્દ બોલ તો હું તને ૧૦ વખત બોલીશ ત્યારે તેને કહેવું કે તું મને ૧૦ વખત ખરાબ બોલીશ તો હું તને એક પણ વખત નહીં બોલું. ૨- જો તને કોઈ ખરાબ વાક્ય બોલે અથવા ખરાબ નામથી પુકારે તો તેને કહો, તે જે કહ્યું છે તેમાં તું સાચો હોય તો અલ્લાહ મને માફ કરે અને જો તું ખોટો હોય તો અલ્લાહ તને માફ કરે, ૩- જે કોઈ તમને ખોટા વચન આપે તો તમે તેને

સાચા વચન આપો. ત્રીજી ૩ વસ્તુ ઇલ્મ માટે: ૧- જે વસ્તુ નથી જાણતા તેને આલિમ પાસેથી શીખી લો, ૨- લોકોની પરીક્ષા લેવા કોઈથી સવાલ ન પૂછો, ૩- ફક્ત તમારા મત મુજબ કામ કરવાનું ટાળો આવા સમયે સાવચેતીથી કામ આગળ વધારો.”(બિહારુલ અનવાર ભાગ ૧ પેજ ૨૨૬). જેમાં આ ૯ સારી સિફતો આવી જાય તે એક બેહતરીન માણસ બની જાય છે.

હિકમત ૪૧૯

લાચાર માણસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “જનાબે આદમની ઓલાદ કેટલી લાચાર છે! મોત છૂપી છે, બીમારીઓ છૂપી છે, તેના અમલને સાચવીને રાખવામાં આવે છે, મરછર

કરડે તો રાડો પાડે છે અને ગળામાં કોઈ વસ્તુ ફસાઈ જવાથી મરી જાય છે અને પરસેવાથી ગંધાવા લાગે છે.”

ઇમામ અ.સ. આ હદીસમાં ફરમાવે છે કે માણસ કેટલો લાચાર અને બેબસ છે કે તેની કોઈ પણ વસ્તુ આ દુનિયામાં સાથ નથી આપવાની. ઇમામ અ.સ. આ નુરાની કલામમાં ૬ વસ્તુ ફરમાવે છે. ત્રણ વસ્તુ માણસની અંદરની વસ્તુ છે અને બીજી ત્રણ વસ્તુ બહારની છે.

પહેલી ત્રણ અંદરની વસ્તુ: ૧- બિચારો માણસ કે જેને ખબર નથી કે તેની મોત ક્યારે આવવાની છે, રાત્રે સૂવે છે ખબર નથી હોતી સવાર થવાની છે કે નહીં? બપોરે સૂવે છે ખબર નથી સાંજે ઊઠશે કે

નહીં? જવાન હોય કે ઝઇફ ખબર નથી ક્યારે મોત આવવાની છે? ૨- માણસને શું બીમારી છે તેને પોતાને ખબર નથી હોતી ખાસ કરીને આજના સમયમાં કેમિકલવાળા ખોરાકના લીધે શરીરમાં બીમારીઓ વધતી રહે છે પરંતુ માણસને ખબર નથી હોતી અને અચાનક મોત આવી જાય છે. ૩- માણસ જે પણ અમલ કરે છે સારા હોય કે ખરાબ તેને ફરિશ્તાઓ સાચવીને રાખે છે અને કાલે કયામતના દિવસે તેની સામે પેશ કરવામાં આવશે, ફરિશ્તાઓ લખે છે અને સાથે સાથે આપણા શરીરના અવયવો પણ બધું યાદ રાખે છે, કયામતના દિવસે આ બધા અવયવો પણ બોલશે કે તેઓ શું શું કર્યું છે.

બીજી ત્રણ બહારની વસ્તુ: ૧- એક નાનો એવો મચ્છર માણસને કેટલી હદ સુધી પરેશાન કરે છે કે જેના લીધે પૂરું શરીરને નુકસાન પહોંચે છે, ક્યારેક તો એટલો નાનો મચ્છર હોય છે કે જે દેખાતો પણ નથી, જેના કરડવાથી બીમાર પડી જાય છે, માણસનું ખૂન ચૂસી લે છે અને માણસની ઊંઘ બરબાદ કરી નાખે છે અને અમુક સમયે એવી બીમારીમાં લઈ જાય છે કે મોત સુધી પહોંચી જાય છે. ૨- ક્યારેક એક નિવાળો યા એક પાણીનો ઘૂંટ ગળામાં ફસાઈ જવાથી મોત આવી જાય છે. ૩- માણસમાં કુદરતી રીતે પરસેવો નીકળે છે અને આ પરસેવો એવો ગંધાય છે કે તેના લીધે બીજાઓ પણ પરેશાન થઈ જાય છે.

તે છતાં માણસ ઘમંડ શા માટે કરે છે? તો પછી જેની પાસે કુદરત, તાકાત, કંટ્રોલ છે તેને અલ્લાહની પેરવી હર હાલમાં કરવી જોઈએ, અલ્લાહની સામે માથું જુકાવીને બંદગી કરવી એ જ મોટો શુક્ર છે.

હિક્મત ૪૨૦

ગુનાહની નજર

ઇમામ અલી અ.સ. પોતાના સાથીઓ સાથે બેઠા હતા, ત્યાંથી એક ખૂબસૂરત સ્ત્રી પસાર થઈ, સાથીઓની નજર તેની ઉપર પડી ત્યારે ઇમામ અ.સ. ફરમાવે છે: "માણસોની નજર બળવાખોર હોય છે અને આવી નજરથી હવસ ભડકે છે, જો કોઈની નજર આવી રીતે ખૂબસૂરત સ્ત્રી ઉપર પડે તો પોતાની

ધર્મપત્ની સાથે સહવાસ કરવો જોઈએ કેમકે બધી જ સ્ત્રીઓ એક જેવી હોય છે (અલ્લાહે બધી જ સ્ત્રીઓને એક જેવી જ બનાવેલી છે).

ત્યાં એક ખારિજી પણ હતો તે કહે છે: ખુદા આ કાફિરને કત્લ કરે, આ કેવો મોટો ફકીહ છે! (ઇમામ અ.સ.એ ગુનાહથી બચવા માટે એક સારો જવાબ આપ્યો અને એક સારો રસ્તો દેખાડ્યો જે આ ખારિજીને ગમ્યો નહીં એટલે તે ઇમામ અ.સ.ની આવી રીતે ગુસ્તાખી કરી).

ત્યાં હાજર લોકો ખારિજીને કત્લ કરવા ઊભા થયા તો ઇમામ અ.સ. તેઓને ફરમાવે છે:

વધુમાં વધુ ખરાબ વાતનો જવાબ ખરાબ વાત થકી હોવો જોઈએ

અથવા તેના ગુનાહને માફ કરી દેવો જોઈએ.”

ઇમામ અ.સ. એક વખત પોતાના સાથીઓ સાથે બેઠા હતા ત્યારે એક ખૂબસૂરત સ્ત્રી ત્યાંથી પસાર થઈ જેણે પોતાનું મોઢું છુપાવ્યું ન હતું અને ત્યાં બેઠેલા લોકોની નજર તે સ્ત્રી ઉપર પડી અને લોકો તેણીને જોતાં રહી ગયા ત્યારે ઇમામ અ.સ. ફરમાવે છે: લોકોની નજર શૈતાની નજર છે, જો કોઈ પોતાની આંખોને કાબૂમાં ન રાખે તો તેના માટે નુકસાનકારક હોય છે. જો કોઈ પોતાને ગુનાહથી બચાવવા માંગે તો ઇમામ અ.સ. તેને ઇલાજ પણ બતાવે છે, કે જ્યારે આવો મંજર આવે તો તમે તમારા ઘરે જાઓ તમારી પત્ની પણ આ સ્ત્રી જેવી છે, જે વસ્તુ આ

સ્ત્રીમાં છે એ તમારી પત્ની પાસે પણ છે તો પછી શા માટે પારકી સ્ત્રીને બુરી નજરે જોવું? ત્યારે એક ખારિજી કે જે ઇમામ અ.સ.નો દુશ્મન હતો તે કહે છે કે આ માણસ કેટલો ફકીહ છે, ઉચ્ચ દરજ્જાવાળું ઇલ્મ છે, ગુનાહથી બચવાના રસ્તા બતાવે છે, "અય અલ્લાહ આ કાફિરને કત્લ કર"આ મુજબ બોલવા લાગે છે. ત્યારે ઇમામ અ.સ.ના સાથીઓ તેને મારવા માટે ઊભા થાય છે. ઇમામ અ.સ. કહે છે: "તેને માફ કરી દો"અને જ્યારે ઇમામ અ.સ.ના સાથીઓ આ ખારિજીની ગુસ્તાખીના જવાબમાં કત્લ કરવા માટે ઊભા થાય છે તો ઇમામ અ.સ. ફરમાવે છે; ખરાબ શબ્દો (ગાળી)નો જવાબ ખરાબ

શબ્દ હોઈ શકે અથવા તેને માફ કરી દેવો જોઈએ અને માફ કરવું વધારે સારું છે. (અહીંયા ખરાબ શબ્દ હોઈ શકે તેનો અર્થ એ નથી કે તમારે પણ તેવા જ શબ્દો બોલવા, પરંતુ જો જવાબ આપવો જ પડે તો તે અપમાનના સ્તરનો હોઈ શકે, જોકે માફ કરવું એ શ્રેષ્ઠ છે).

ઇમામ અ.સ. ગુનાહથી બચવાનો રસ્તાઓ બતાવે છે અને માશાઅલ્લાહ આપણે ખુશનસીબ છીએ કે આપણી પાસે આવી મહાન હસ્તીઓ છે જે આપણને બધી જ વસ્તુનો હલ બતાવેલો છે. હવે જો કોઈ માણસ લગ્ન નથી કર્યા તો શું કરે તે કેવી રીતે પોતાને ગુનાહથી બચાવે? જો કોઈ જવાન છોકરો

હોય અને તેની માટે લગ્ન કરવા જરૂરી છે તો તરત જ લગ્ન કરી લેવા જોઈએ અને તેની માટે જરૂરી છે કે તે જલ્દીથી લગ્ન કરી લે, અને તેના ઘરવાળાની જિમ્મેદારી બને છે કે જવાન છોકરા અને છોકરીના લગ્ન સમય થાય એટલે તરત જ કરી દે, નહીં તો છોકરા અને છોકરી સાથે તેઓના માઁ-બાપ અને કુટુંબના લોકો પણ ગુનાહના જિમ્મેદાર બની જશે. આપણા છેલ્લા નબી સ.અ.વ. ફરમાવે છે: "જો કોઈ લગ્ન કરી લે તો તેનો અડધો દીન બચી જાય છે અને બીજો અડધો દીન પરહેઝગાર બનીને સંપૂર્ણ કરે."(કાફી ભાગ ૫ પેજ ૩૨૮).

સ્ત્રી માટે જરૂરી છે કે પોતાને હિઝાબમાં રાખે અને જો કોઈ સ્ત્રી પોતાના પતિ સિવાય બીજાઓને દેખાડવા માટે શણગારશે તો તે ગુનેહગાર થશે અને જો પોતે શણગારીને ઘર બહાર નીકળે તો પોતાને સંપૂર્ણપણે ઢાંકીને રાખે જેથી લોકોની નજર તેણી ઉપર પડે નહીં, અને લોકો તેને જુએ નહીં અને સમાજ પણ ગુનાહોથી બચીને રહે. ઇસ્લામમાં પુરુષ અને સ્ત્રી બંનેને ખ્યાલ રાખવાનો છે, પુરુષ માટે જરૂરી છે કે તેઓ પોતાની આંખો નીચે ઝુકાવીને રાખે, નામહરમ સ્ત્રીઓ સામે જુએ નહીં. અને સ્ત્રીઓ માટે હુકમ છે કે પોતાને હિઝાબમાં ઢાંકીને રાખે જેથી સમાજ ગુનાહથી બચીને રહે.

એક સવાલ શા માટે ઇમામ અ.સ. પોતાના સાથીઓને આ કામની મનાઈ ન કરી બલ્કે તેને એક અલગ રીતે સમજાવીને એક સારો રસ્તો બતાવ્યો? કેમકે જે સાથીઓ હતા તેઓએ જાણી જોઈને આ કામ કર્યું ન હતું, અચાનક તેઓનું ધ્યાન તે સ્ત્રી ઉપર પડ્યું હતું અને પછી તરત જ નજર હટાવી લીધી હતી. જો કોઈ ભૂલથી કોઈ નામહરમ સ્ત્રી સામે જુએ અને પછી તરત જ નજર હટાવી લે તો ગુનાહ નથી અને જો કોઈ નામહરમ સ્ત્રી ઉપર નજર નાખે અને પછી તે નજર ન હટાવે અને જોતો રહે તો ગુનાહ છે.

અને બીજો એક સવાલ પણ આપણા મગજમાં આવે છે કે જો

કોઈ આપણને બૂરું બોલે તો આપણે પણ તેને બૂરું બોલી શકીએ? તો જવાબ છે: નહીં. અહીંયા જે ઇમામ અ.સ. સામે જવાબ આપવાનું કહે છે તે લાનત સુધી છે એટલે જો કોઈ તમને બૂરું બોલે તો તમે તેની ઉપર લાનત મોકલી શકો છો ત્યાં સુધી ઇજાઝત છે. અને જો માફ કરી દો તો વધારે સારું છે. તો ખરાબ લોકો સાથે ખરાબ ન બનવું જોઈએ. જો ખરાબીને ખરાબીથી દૂર કરીશું તો પછી ખરાબ કરનાર અને પોતાના વચમાં ફરક જ શું રહેશે?

હિકમત ૪૨૧

અક્કલથી હિદાયત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તમારા માટે એટલી જ અક્કલ

કાફી છે કે તમે ગુમરાહી અને હિદાયતના રસ્તાને ઓળખી શકો (અલગ કરી શકો).”

અક્કલથી ઘણી રીતે ફાયદો ઉપાડી શકીએ છીએ પરંતુ શૈતાની કામોમાં ચાલાકી કરવી અને અક્કલમાં ફરક છે. બંનેમાં ફરક એ છે કે અક્કલ સારા કામ તરફ લઈ જાય છે અને ગુમરાહ થવા દેતી નથી, અને શૈતાની વસવસાને પોતાના તરફ આવવા દેતી નથી.

ઇમામ અ.સ. અહીંયા ફરમાવે છે: અક્કલ માણસને નજાત આપે છે, જો અક્કલ શૈતાની કામ, ફિતના, ફસાદ અને મક્કારી તરફ આગળ વધારે તો તે ગુમરાહ કરી દેશે અને જો અક્કલ થકી તમે તમારી દુનિયામાં અલ્લાહની બંદગી સાથે

આખેરત સારી કરવા માંગો છો તો તમને આ અક્કલ ત્યાં સુધી પહોંચાડશે અને અલ્લાહે પણ આપણને અક્કલ એ માટે આપી છે કે દુનિયામાં રહી આખેરતને સારી બનાવીએ.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "અલ્લાહ તઆલાએ બંદાઓને અક્કલ કરતાં બીજી કોઈ સારી નેઅમંત નથી આપી."(કાફી ભાગ ૧ પેજ ૧૨). ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "જેની પાસે અક્કલ હોય છે તે દીનદાર હોય છે અને જે દીનદાર છે તેની જગ્યા જન્નત છે."(કાફી ભાગ ૧ પેજ ૧૧).

અમુક સમય એવું બને છે કે માણસ હક ઉપર હોય, દીનદાર હોય પરંતુ તેની પાસે અક્કલ નથી હોતી

અથવા અક્કલનો સરખો ઉપયોગ નથી કરતો એટલે તે શૈતાની રસ્તા ઉપર ચાલવા લાગે છે, શૈતાને અક્કલને સરખી રીતે ઉપયોગ ન કરી અને તે ઘમંડ અને ઇર્ષા કરીને ગુમરાહ બની ગયો.... તો અક્કલ હોવા સાથે સાથે તેનો સરખો ઉપયોગ કરવો જોઈએ જેથી ગુમરાહીથી બચીએ.

રસૂલે ખુદા સ.અ.વ. આ વિષય ઉપર પણ એક હદીસ નકલ કરે છે: "જ્યારે તમને ખબર મળે કે ફલાણો માણસ બહુ જ સારો માણસ છે તો તરત જ વિશ્વાસ ન કરો પરંતુ તેની અક્કલને પારખો કેમકે માણસને તેની અક્કલ પ્રમાણે બદલો દેવામાં આવશે."(કાફી ભાગ ૧ પેજ ૧૨).

સમાજમાં એવા ઘણા લોકો હોય છે જે અક્કલમંદ અને હોશિયારીમાં મશહૂર છે, તેઓ જ્યારે બોલે તો જાહેરમાં સારું બોલે, પરંતુ જ્યારે હક અને બાતીલના વચમાં ફરક કરવો હોય તો ન કરી શકે, ગુમરાહીથી નજાત હાસલ ન કરી શકે. તો અક્કલમંદ માણસ એ છે જે આ દુનિયામાં હક અને બાતીલને પારખીને હક તરફ કદમ વધારે જેના લીધે આખેરતમાં નજાત હાસલ કરે. આજના ઝમાનામાં અક્કલમંદ અને હોશિયાર તેને ગણવામાં આવે છે જેના પાસે પુષ્કળ નાણું હોય, તે હલાલનું છે કે હરામનું એના તરફ નજર નથી, જેની સરકારમાં કે સત્તાધારીઓ સાથે ઓળખાણ હોય ભલે પછી અલ્લાહ, રસૂલ અને

અહલેબયત અ.સ.ને ઓળખતો હોય કે ન હોય. જેના પાસે અલ્લાહનો ખૌફ અને તકવા હોય અને અહલેબયત અ.સ.ની મહોબ્બત હોય અને તેમના બતાવેલા રસ્તા ઉપર ચાલતો હોય તો આવા લોકો અક્કલમંદ છે, બાકી તો મક્કારી અને ચાલાકી છે જે શૈતાનના રસ્તા તરફ ધકેલી દે છે.

હિક્મત ૪૨૨

નાની નેકી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "નેક કાર્ય અંજામ આપો અને નાની નેકીને નાની ન સમજો કેમકે નાની નેકી પણ મોટી છે અને થોડીક ભલાઈ પણ વધારે છે. અને તમારામાં કોઈ એમ ન કહે કે આ નેક કામ માટે બીજો માણસ મારાથી વધારે

લાયક છે, નહીં તો ખુદા કસમ! એમ જ થઈ જશે, અમુક લોકો નેકી કરનારા અને અમુક લોકો બુરાઈ કરનારા હોય છે જો તમે કોઈ કાર્ય છોડી દેશો તો તે કામ બીજું કોઈ અંજામ આપી દેશે. (જો નેક કામની તૌફીક મળે તો કરી લેવું જોઈએ નહીં તો એ નેકીની તૌફીક બીજા સુધી પહોંચી જાય છે).”

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં બે મહત્વની વાત બયાન ફરમાવે છે: એક નાની નેકીને નાની ન સમજો. અમુક લોકો નાની નેકી સમજીને તેને મહત્વ નથી આપતા, જ્યારે કે તેવું ન હોવું જોઈએ જ્યારે કે આ નાની નેકી ઇન્સાનના નસીબ બદલી શકે છે અને લોકોની જિંદગી પણ બચાવી

શકે છે. જો કોઈ એક ગ્લાસ પાણી કોઈ જાનદારને પીવડાવે કે જેની જાન ખતરામાં હોય તો આ એક ગ્લાસ પાણી તેની જાન બચાવી શકે છે. આવી નાની-નાની નેકીઓ મોટો દરિયો બની જાય છે, તો નાની નેકીને નાની સમજવામાં ન આવે. જો આપણે આ નાની નેકી અલ્લાહ માટે અંજામ આપીએ તો અલ્લાહના ત્યાં આ નેકીનો બેહિસાબ સવાબ છે. હિકમત નં ૯૫માં ઇમામ બયાન કરેલું છે કે: "જે કામ અલ્લાહ માટે કરવામાં આવે તે નાનું નથી હોતું અને તેનું ઘણું મહત્વ છે."એવી જ રીતે જો કોઈ નાના ગુનાહ સમજી ગુનાહ કરે અને કહે આ તો નાનો ગુનાહ છે તો હવે તે નાનો નથી રહી જતો બલ્કે તે મોટો બની જાય

છે અને તેની સજા પણ સખત હોય છે, તે એ ન જુએ કે નાનો ગુનાહ કરી રહ્યો છે બલ્કે એ નજરમાં રાખે કે મહાન અલ્લાહની નાફરમાની કરી રહ્યો છે. જેવી રીતે એક દીવાસળી આખું ગામ સળગાવી શકે છે એવી જ રીતે એક ગુનાહ પણ બધી જ નેકી બરબાદ કરી શકે છે, ગુનાહ તો ફક્ત ગુનાહ છે બસ. યાદ રાખવું જોઈએ કે એક ખોટી વાત, એક તોહમત, એક ચુગલી આખા પરિવાર અને સમાજને બરબાદ કરી શકે છે.

બીજી વાત- નેકીથી ભાગવા માટે બહાના ન કાઢવા જોઈએ અને એમ ન કહેવું જોઈએ કે આ નેક કામ માટે તો ફલાણા ભાઈ વધારે યોગ્ય છે. જો તમને કોઈ નેકી

કરવાનો મોકો મળે તો અંજામ આપો બહાના ન કાઢો, જો તમે કોઈ નેકી નથી કરતા તો એનો મતલબ એ નથી કે તમે નથી કરી પરંતુ તમને તૌફીક મળી હતી અને આ નેકીનો અજર બીજાના હવાલે કરી દીધો અને તમે મેહરૂમ રહી ગયા, અને બીજો સવાબનો મોકો લઈ ગયો, યા તમારામાં કોઈ એવી ખામી હતી જેના લીધે આ નેકી ન થઈ અને આ મોકો તમારી પાસેથી લઈ લેવામાં આવ્યો. નેકી હોય કે બુરાઈ તેનો જે લાયક હોય ત્યાં પહોંચી જાય છે, જો નેકી કરવાનો લાયક હોય તો નેકી તેના સુધી પહોંચી જાય છે અને માણસ નેકીને અંજામ આપે છે અને જો કોઈ બુરાઈનો અહેલ હોય તો બુરાઈ તેના સુધી પહોંચી જાય

છે. જો કોઈ નેક કામ કરશે તો બુરાઈથી દૂર રહેશે અને બુરાઈ તેની પાસે નહીં આવે અને જો કોઈ નેકીમાં પોતાની જિંદગી નહીં ખર્ચ કરે તો બુરાઈમાં ખર્ચ થઈ જશે, જો નેકીમાં ધન નહીં વાપરે તો ચોક્કસ બુરાઈમાં ખર્ચ થઈ જશે.

કુરાનમાં પણ સૂરએ અનઆમ આયત નં ૮૯ માં ઝિક્ર થયો છે: "આ લોકો જેને અમે કિતાબ હિકમત અને નબુવત અતા કરી અને આ લોકોએ તેનો ઇનકાર કર્યો તો અમે એવા લોકો પણ રાખેલા છે જે ઇનકાર નથી કરતા"(જો કોઈ નેક કામમાં ભાગ નહીં લે તો તેની બદલે બીજું કોઈ તે કામ કરી નાખશે). જો નેકીનો મૌકો નસીબ થાય તો તેને જરૂર અંજામ આપે અને વિચાર

કરે કે આટલી મખલૂકમાં મને જ અલ્લાહે મૌકો નસીબ કરેલો છે અને તે બદલ અલ્લાહનો શુક્ર કરવો જોઈએ.

હિકમત ૪૨૩

દુનિયા સુધારવા શું કરવું?

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે પોતાની અંગત બાબતોને સુધારે છે અલ્લાહ તેના જાહેરને સુધારશે અને જે પોતાના દીન માટે કામ કરશે અલ્લાહ તેની દુનિયાના કામો સુધારી દેશે અને જે પોતાના અને અલ્લાહના વચમાં બેહતર કરશે અલ્લાહ તેના અને લોકોના વચમાં બેહતર કરશે."

લોકો આ દુનિયામાં ત્રણ વસ્તુઓ ઠીક કરવા માંગે છે અને તેની માટે રાત દિવસ મહેનત કરે છે પરંતુ

તેઓ ઇમામ અ.સ.ના આ બેહતરીન કલામ તરફ ધ્યાન નથી દેતા. લોકો આ દુનિયામાં ત્રણ વસ્તુની ઈચ્છા કરે છે: ૧- પોતાનું જાહેર સારું કરે. ૨- પોતાને માલદાર બનાવે. ૩- લોકો તેની ઇઝઝત કરે. આ ત્રણ વસ્તુ જોઈતી હોય તો ઇમામ અ.સ.ના આ નુરાની કલામ ઉપર અમલ કરે તેની દુનિયા સારી થઈ જશે.

૧- જે પોતની અંગત બાબતોને સુધારશે તો અલ્લાહ તેના જાહેરને સુધારી દેશે, એટલે અમુક કામ એવા હોય છે જેને લોકો જોતા હોય અને અમુક કામ એવા હોય કે જેને કોઈ જોવાવાળું ન હોય. અડધી રાત્રે એકલામાં નમાઝે શબ પઢે જેને કોઈ જોવાવાળું ન હોય, કોઈની

છુપી રીતે મદદ કરવી જ્યાં બીજું કોઈ ન હોય, એવી જગ્યા પહોંચી ગયા જ્યાં ગુનાહ કરવાથી કોઈ રોકવાવાળું ન હોય, દિલમાં ખુદાનો ખૌફ રાખવામાં આવે, જો આવી બાબતોને સુધારી દે તો અલ્લાહ જે જાહેર કામો છે તેને સુધારી દેશે.

૨- જે પોતાના દીન માટે કામ કરશે અલ્લાહ તેની દુનિયા સુધારી દેશે. દીન ઉપર અમલ કરવું એટલે ફક્ત નમાઝ, રોઝા વગેરે નથી... બલ્કે દરેક અમલ અલ્લાહની ખુશી માટે હોય તે દીન માટે કામ છે. હલાલ રોઝી માટે મહેનત પણ જરૂરી છે અને ઇઝ્ઝતવાળી જિંદગી પણ જરૂરી છે અને દિને ઇસ્લામમાં બધા જ કાયદા કાનૂન ઉપર અમલ કરવો પણ જરૂરી છે,

બેઇમાનીથી બચવું પણ જરૂરી છે અને જ્યારે કોઈ પોતાના દીન પર સરખી રીતે અમલ કરે છે તો અલ્લાહ પણ તેની મદદ કરે છે. કુરાનમાં સૂરએ તલાક આયત ૨ અને ૩ માં છે: "જે કોઈ પરહેઝગાર બની જશે તો અલ્લાહ તઆલા તેને તકલીફોમાંથી છુટકારાનો રસ્તો બતાવે છે અને એવી જગ્યાથી રિઝક અતા કરે છે કે જ્યાંથી ઉમ્મીદ પણ ન હોય, અને જે અલ્લાહ ઉપર ભરોસો રાખે છે તેના માટે અલ્લાહ કાફી છે અને અલ્લાહ પોતાના હુકમને અંજામ આપવાવાળો છે અને બેશક અલ્લાહે બધી જ વસ્તુ ઉપર એક હદ નક્કી કરી છે."આપણને દીન ઉપર સરખી રીતે અમલ કરવો જોઈએ.

૩- જે કોઈ પોતાના અને અલ્લાહના મામલાને ઠીક કરે છે અલ્લાહ તેના અને લોકોના મામલા ઠીક કરી દે છે. જે હંમેશા અલ્લાહના હુકમ મુજબ અમલ કરે અને કોઈ દિવસ ખાયાનત ન કરે વિશ્વાસઘાત ન કરે, અને હંમેશા સાચું બોલે, બેઈમાની ન કરે, લોકોની મદદ કરે, લોકો સાથે હસીખુશીથી પેશ આવે, લોકો સાથે નેકી કરે અને લોકોને નેકી કરવાની દાવત આપે, પોતે બુરાઈથી બચે અને લોકોને બુરાઈથી બચાવે, લોકો માટે સારું વિચારે, કોઈ દિવસ બીજા લોકો માટે ખરાબ ન વિચારે તો તે પોતાના મામલા અલ્લાહ સાથે ઠીક કરેલા છે અને અલ્લાહ પણ તેના મામલા ઠીક કરી

દે છે. કુરાનમાં સૂરએ મરયમ આયત ૯૬ માં આવ્યું છે: "જે લોકો ઇમાન લાવ્યા અને નેક અમલ અંજામ આપ્યા તો અલ્લાહ તઆલા તેના માટે જલ્દી (લોકોના દિલમાં) મોહબ્બત નાખી દેશે."તો જે કોઈ આ ત્રણ વસ્તુ ઉપર અમલ કરી પોતાનો દીન સુધારશે તો અલ્લાહ તેની આખેરત પણ સુધારી દેશે, નતીજામાં તેની દુનિયા અને આખેરત બંને સારી થઈ જશે અને બંને જગ્યા ઉપર ખુશ રહેશે.

એક કિસ્સો: એક વખતનો કિસ્સો છે કે બની અબ્બાસના સમયમાં એક શખ્સ જે જેલર હતો તેના સપનામાં નબી સ.અ.વ. આવે છે અને કહે છે: "ફલાણા માણસને આઝાદ કરી દે"અને પછી અમુક

નિશાનીઓ બતાવી. તે જેલર એ માણસથી પૂછપરછ કરી જાણવા મળ્યું કે તે માણસે એક ખૂન કર્યું હતું અને તેની સજા મોત હતી. જેલર તે માણસને બોલાવે છે અને કત્લના બનાવ વિષે જાણકારી મેળવે છે તો તે પોતાની પૂરી વાત બયાન કરે છે કે અમારું એક ગ્રુપ હતું અમે મોટા ગુનેહગાર હતા અને દરરોજ ગુનાહ કરતા હતા અને દરરોજ એક ઘરડી ઓરત કોઈ જવાન છોકરીને લઈ આવતી. એક વખત તે એક પાકીઝા ઓરતને લાલચ અને ખોટી વાતો કહીને ફસાવીને લાવવામાં આવી તેને કહ્યું કે: "એક મોટો ખજાનો દેખાડું," જ્યારે તેણે અમારી પાસે લાવવામાં આવે છે તો આ પાકીઝા

સ્ત્રીને બેહકાવવામાં આવી છે તે જ્યારે અમારા ઘરે આવી તો ખઝાનાની બદલી ઇઝઝત ખતરામાં જુએ છે અને જ્યારે આ કાતિલ શખ્સ તે ઓરતની ઇઝઝત લૂંટવા માટે આવે છે તો તે પોતાની બધી જ હકીકત બતાવી, તેથી તેના દિલમાં તેની પ્રત્યે રહેમ આવે છે અને તે પોતાને ગુનાહથી રોકી લે છે અને પોતાના દોસ્તને કહે છે કે: "આ ઓરતને છોડી દેવામાં આવે કેમ કે તેને બેહકાવવામાં આવી છે"પણ બીજો માણસ નથી માનતો અને તે ઓરત ઉપર હાથ નાખે છે પણ હું તે માણસથી બચાવું છું અને બંનેની લડાઈ થાય છે અને મારા હાથે મારો દોસ્ત કત્લ થઈ જાય છે અને ત્યાં બીજા બધા લોકો મારા

વિરુદ્ધ મારા કત્લ કરવા ઉપર ગવાહી આપે છે. પરંતુ જ્યારે તે ઓરત બચી જાય છે તો એક દુઆ આપે છે કે: "તે મારી ઇઝ્ઝત બચાવી તો અલ્લાહ તને બચાવે."અને તે શખ્સ કહે છે: "જોયું તે ઓરતની દુઆ કબૂલ થઈ ગઈ કેમકે મને બધાએ કત્લ કરતા જોયો હતો તો પણ નબી સ.અ. થકી મારી બક્ષીશ થઈ અને હું બચી ગયો."જો આપણે કોઈ માટે સારું કરીશું તો અલ્લાહ આપણા માટે સારું કરશે.

હિકમત ૪૨૪

સહનશીલતા અને અક્કલ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સહનશીલતા ઢાંકી લેનાર ચાદર છે અને અક્કલ કાપવાવાળી તલવાર

છે તેથી પોતાના ખરાબ અખ્લાકને સહનશીલતાથી છુપાવો અને પોતાની અક્કલ થકી નફ્સની ઈચ્છાઓનો મુકાબલો કરો.”

ઇમામ અ.સ. અહીંયા અલ્લાહની બે મહાન નેઅમતોનો ઝિક્ર કરી ફરમાવે છે કે આ બંને થકી કેવી રીતે સારો ઉપયોગ કરવો જોઈએ, તે વિષે ઇમામ અ.સ. ફરમાવે છે. જો કોઈ સરખી રીતે આ બંનેનો ઉપયોગ કરવાથી જાહેરી અને છુપી ખરાબીથી બચી શકે છે. સહનશક્તિથી ગુસ્સા પર કંટ્રોલ કરી શકે છે અને જ્યારે કોઈ અપશબ્દ બોલે તો પોતાને શાંત રાખે અને કોઈ જવાબ ન આપે, આ રીતે સહનશીલ બનીને ગુસ્સા પર કાબૂ મેળવી શકે છે. કુરાનમાં સૂરએ

આલે ઇમરાન આયત ૧૩૪ માં છે: "મુત્તકી લોકો એ છે જે ગુસ્સો પી જાય છે અને (ભૂલ કરનાર) લોકોને માફ કરે છે અને નેકી કરનારને પસંદ કરે છે."ઇમામ અલી રઝા અ.સ. ફરમાવે છે: "માણસ જ્યારે સુધી અલ્લાહનો સાચો બંદો નથી બની શકતો જ્યાં સુધી તે સહનશીલ ન બની જાય."(કાફી ભાગ ૨ પેજ ૧૧૧).

અને બીજી વસ્તુ જે આ હદીસમાં ઇમામ અ.સ. બયાન કરે છે કે અક્કલ થકી વાસનાઓ અને નફ્સની ઈચ્છાઓને કત્લ કરો, માણસનો સૌથી મોટો દુશ્મન તેની ખરાબ ઈચ્છાઓ છે અને ફક્ત અક્કલની તલવાર જ આ ખતરનાક દુશ્મનને હરાવી શકે છે. એટલે

અક્કલને વાપરીને નફ્સની ઈચ્છાઓ પુરી કરવી કે કેમ, તેનાથી લાભ થશે કે નુકસાન? તેના વિષે વિચાર કરે. જો અક્કલનો ઉપયોગ થશે તો નફ્સની ખરાબ ઈચ્છાઓ હાર સ્વીકારી લેશે, જો અક્કલ મજબૂત હશે તો જીત અક્કલને થશે અને જો અક્કલ કમજોર હશે તો ઈચ્છાઓ જીતી જશે. જેમકે શૈતાન ગુનાહ કરવાનું કહે તો જો કોઈની અક્કલ મજબૂત હશે તો અક્કલ તેની શૈતાની વાત ઉપર અમલ કરવાની મનાઈ કરશે અને કહેશે કે: "અય નફ્સ! બે મિનિટની ખુશી માટે શા માટે જન્નતથી દૂર થાય છે"અને જો અક્કલ જીતી ગઈ તો માણસ જન્નતમાં જશે.

ઇમામ અલી અ.સ. એક હદીસમાં ફરમાવે છે: "જો કોઈ ચાહતું હોય કે ફઝીલતના ઊંચા દરજ્જાને હાસલ કરે તો તે નફ્સની ઈચ્છાઓ ઉપર જીત મેળવે."(ગોરરુલ હિક્મ હદીસ ૪૮૯૩). ઇમામ બાકિર અ.સ. એક હદીસમાં ફરમાવે છે: "ખરાબ કામો અને નફ્સની ઈચ્છાઓને અક્કલના સારા ઉપયોગથી દૂર કરો અને જો નફ્સની ઈચ્છાઓ જીતવા ચાહે તો ઇલ્મ અને સારા વિચારો થકી તેનો મુકાબલો કરો."(બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૧૬૩). જ્યાં અક્કલનો વપરાશ થાય ત્યાં કામયાબી મળે છે અને જ્યાં નફ્સનો ગુલામ બને છે ત્યાં નાકામી હોય છે, યાદ રાખવું જોઈએ કે અક્કલ અલ્લાહની

ઈતાઅત તરફ લઈ જાય છે ગુનાહ તરફ નથી લઈ જતી.

હિકમત ૪૨૫

માલદારોની જવાબદારી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "બંદાઓને લાભ પહોંચાડવા માટે અલ્લાહે અમુક લોકોને ખાસ (વધારે) નેઅમતોથી નવાજ્યા છે, તેઓ જ્યાર સુધી દાન કરતા રહે છે ત્યાં સુધી અલ્લાહ તેઓને નેઅમતો આપતો રહે છે અને જ્યારે દાન કરવાનું બંધ કરી દે છે તો અલ્લાહ તેઓ પાસેથી નેઅમતો પાછી લઈ લે છે અને બીજાના હવાલે કરી દે છે."

આ નુરાની હદીસમાં ઇમામ અ.સ. અમીરોને ચેતવે છે કે આ દુનિયામાં અમુક લોકો ગરીબ અને

કમજોર છે અને તેઓનું રિઝક માલદારોને સોંપેલ છે અને આ માલદારો અલ્લાહ તરફથી વકીલ અને અમીન છે. હદીસે કુદ્સીમાં અલ્લાહ ફરમાવે છે: "આ માલ જે તમારી પાસે છે તે મારો (અલ્લાહનો) માલ છે અને ગરીબો મારી હિફાઝતમાં છે અને માલદારો મારા વકીલ છે, જો આ માલદાર મારા માલથી ગરીબોની મદદ નહીં કરે જેઓ મારી હિફાઝતમાં છે તો તેઓને હું જહન્નમમાં નાખી દઈશ અને પછી મને પણ તેમની કોઈ પરવા નથી."(જામેઉલ અખબાર પેજ ૮૦).

અમીર પાસે ગરીબોનો હક છે તો અમીરોને ગરીબોની મદદ કરવી જોઈએ અને જો તેઓ ગરીબોની મદદ કરવાનું બંધ કરી દેશે તો તે

માલ બીજા કોઈ પાસે ચાલ્યો જશે જેથી ગરીબોની મદદ થઈ શકે. આ વાત માલદારો માટે ખાસ એક ચેતવણી છે, જે કંઈ તમારી પાસે છે જો તેનો ઉપયોગ હકદારો માટે નહીં કરો તો તમારી દૌલતમાં કમી આવશે, જો કોઈ ચાહતું હોય કે તેની દૌલતમાં વધારો થાય અને બાકી રહે તો તેમાંથી ગરીબ અને જરૂરતમંદોનો ખ્યાલ રાખે, તેઓ ભૂખ્યા ન રહે તેમની જાએઝ જરૂરતો પૂરી કરે.

માલદાર માણસને એ ન સમજવું જોઈએ કે આ માલ મારો છે હું જે ચાહે કરું? નહીં! બધા જ માલદાર આ દુનિયામાં અલ્લાહ તરફથી વકીલ અને અમીન (અમાનતદાર) છે અને તેઓએ એવી જ રીતે માલ

ખર્ચ કરવો જોઈએ જેવી રીતે અલ્લાહ ફરમાવ્યું છે અને જો કોઈ અમાનતમાં ખયાનત કરશે અને વિશ્વાસઘાત કરશે તો તેની પાસેથી અલ્લાહ અમાનત લઈ બીજા કોઈને આપી દેશે જે આ કામને સરખી રીતે અંજામ આપી શકે.

બીજી એક હદીસમાં મોલા ફરમાવે છે: "જો તમારી પાસે નેઅમતો આવવા લાગે તો એ નેઅમતની નાશુક્રી કરીને તમારાથી દૂર ન કરો."(હિકમત ૧૩). કેમકે શુક્રનો એક મતલબ એ છે કે જે જગ્યા ઉપર નેઅમત ખર્ચ કરવી જોઈએ તે જગ્યા ઉપર ખર્ચ કરો, જો તે જગ્યા ઉપર ખર્ચ નહીં કરો તો તે પણ નાશુક્રી કહેવાશે. બીજી એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ.

ફરમાવે છે: "અલ્લાહની નેઅમતો તેના કોઈ પણ બંદા પાસે વધતી નથી પરંતુ જ્યાં સુધી તે પોતાના માલમાંથી લોકોની મદદ કરે અને જો કોઈ મદદ ન કરે તો તે નેઅમતો ધીમે ધીમે ઓછી થવા લાગે છે (માલ ઓછો થવા લાગશે)."[વસાએલુશ શિયા ભાગ ૧૧ હદીસ].

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "ઇસ્લામ અને મુસલમાનોને બાકી રાખવા માટે જરૂરી છે કે માલ એવા લોકો પાસે હોય જે પોતાની જવાબદારી સમજે, અને માલ-દૌલતને સારા કામોમાં ખર્ચ કરે, અને જો ઇસ્લામ અને મુસલમાનોને ખતમ થવું હોય તો માલ એવા લોકો પાસે આવી જશે કે જે પોતાની જવાબદારી ન સમજતા હોય અને

નેક કામ અંજામ ન આપતા હોય (આવી ઘણીબધી હદીસો આપણને કિતાબમાં જોવા મળે છે).”{કાફી ભાગ ૪ પેજ ૨૫}. જ્યારે નેકી કરવાની તૌફીક મળે તો અલ્લાહનો શુક્ર અદા કરે કે અલ્લાહે બધામાંથી મને આ કામ માટે ચૂંટેલો છે અને જો કોઈ નેકી નથી થતી તો અલ્લાહ પાસે દુઆ માંગવી જોઈએ કે મને પણ બીજાઓની મદદ કરવાની તૌફીક આપ અને હું પણ સારા કામો અંજામ આપી શકું.

હિક્મત ૪૨૬

તંદુરસ્તી અને દૌલત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “કોઈ પણ માણસ આ બે વસ્તુ ઉપર ભરોસો ન કરે, તંદુરસ્તી અને દૌલત, કેમકે તંદુરસ્ત માણસ

અચાનક બીમાર થઈ જાય છે અને માલદાર માણસ અચાનક ગરીબ થઈ જાય છે.”

આ દુનિયામાં કોઈ પણ વસ્તુ હંમેશા રહેવાની નથી ખાસ કરીને આ બે નેઅમતો, તંદુરસ્તી અને દૌલત. જો કોઈ આ બે વસ્તુ ઉપર ભરોસો કરશે તો તેને પછતાવવું પડશે કેમકે જે આજે તંદુરસ્ત છે તે કાલે બીમાર થઈ જાય છે અને જે આજે માલદાર અને દૌલતમંદ છે તે કાલે ગરીબ અને લાચાર બની જાય છે.

આ વાત એટલી સત્ય છે કે જેનો કોઈ ઇન્કાર નથી કરી શકતું, દરેક આ દુનિયામાં આંખેથી જોયું પણ છે. જે હમણાં સુધી તંદુરસ્તી સાથે હરતો-ફરતો હતો તે અચાનક

બીમાર પડી જાય છે અને હવે તેના પાસે ચાલવાની તાકાત પણ નથી રહેતી, તો પછી માણસ ઘમંડ શા માટે કરે છે? જે કંઈ આજે તેની પાસે છે તે કાલે નથી રહેવાનું. જે આજે માલદાર છે અચાનક ધંધામાં ખોટ આવે, અથવા ધરતીકંપ આવે, અથવા કોઈ તેના માલને હડપી જાય તો જે આજે માલદાર હતો કાલે ગરીબ બની જાય છે. જે આજે ઘમંડથી ચાલતો હતો તે કાલે મોઢું દેખાડવા લાયક નથી રહેતો, તો પછી ઘમંડ શા માટે? આજે દુનિયામાં છે કાલે કબરમાં ચાલ્યો જવાનો છે ત્યાં ન માલ કામ આવશે અને ન કોઈ બીજી વસ્તુ સિવાય અમલ અને અકીદાના.

ઇમામ અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે કે: "હંમેશા દુઆ કરતા રહો, બધા જ માણસોને દુઆની જરૂરત હોય છે ખાસ તેના માટે જે તકલીફમાં નથી તેને વધારે દુઆ કરવી જોઈએ કે જે આજે દૌલત અને તંદુરસ્તી છે તે મોત સુધી બાકી રહે, એવું ન થાય કે આજે હું ખુશ છું તો કાલે હું દુખી બની જાઉં."દરેકને હંમેશા પોતાની હદમાં રહેવું જોઈએ જે અલ્લાહ આપેલું છે તે આપણી પાસે થોડાક સમય માટે છે, આજે આપણી પાસે તો કાલે બીજા કોઈ પાસે ચાલ્યું જવાનું છે તો પછી ઘમંડ શા માટે? અને ઘમંડ તો શૈતાનની નિશાની છે. આ દુનિયામાં અલ્લાહ પાકની ઝાત સિવાય બીજું કોઈ બાકી નથી

રહેવાનું અને બીજી વસ્તુ અમલ છે જે બાકી રહેશે.

એક નાનો કિસ્સો: ફુરસતનો ફાયદો ઉપાડવો જોઈએ, આજનું કામ કાલ ઉપર ન નાખવું જોઈએ. એક માણસ પોતાના ગામમાંથી મક્કા જવા રવાના થાય છે જેથી તે ઇસ્લામ કબૂલ કરે. રસ્તામાં એક મુશરિક માણસ મળે છે તે કહે છે: "શા માટે ઇસ્લામ કબૂલ કરવા જાય છે?"ઇસ્લામમાં ઝિના હરામ છે તો તે શખ્સ કહે છે: "હું આ કામને પસંદ નથી કરતો કંઈ વાંધો નહીં,"પછી પેલો મુશરિક શખ્સ કહે છે: "ઇસ્લામમાં શરાબ પણ હરામ છે"તો તે કહે છે કે મને તો દારૂ બહુ જ પસંદ છે, "અચ્છા ચાલો હું મારા ગામમાં પાછો જાઉં એક વર્ષ

શરાબ પીવું અને પછી ઇસ્લામ કબૂલ કરીશ,"તે પોતાના ગામમાં ફરી પાછો જાય છે અને થોડાક સમય પછી તે ઇસ્લામ કબૂલ કર્યા વગર મરી જાય છે. (સિરાએ ઇબ્ને હેશામ ભાગ ૧ પેજ ૩૮૮). કોઈ પણ નેક કામ કરવાનો ઈરાદો હોય તો જલ્દી કરો, આજે છો કાલે નથી, ઘણા બધા લોકો એવા છે તેઓ આજ કાલ કહીને નેકી કરવામાં આળસ કરે છે પછી શૈતાન પોતાની જાળમાં ફસાવીને નેકીથી દૂર કરી દે છે. જો કલ કરના હૈ વોહ આજ કર, ઔર જો આજ કરના હૈ વોહ અભી.

હિકમત ૪૨૭

પરેશાની કોને કહેવી?

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે કોઈ પોતાની હાજત મોમિનને બયાન કરે તો જાણે તે અલ્લાહને બયાન કરી, અને જે પોતાની હાજત કાફિરથી બયાન કરે તો જાણે તે અલ્લાહની ફરિયાદ કરી."

આ હદીસમાં આપણને સમજાવવામાં આવ્યું છે કે તમારી કોઈ પણ હાજત કે પરેશાની હોય તો મોમિનને કહો, જો તમે મોમિનને કહેશો તો જાણે અલ્લાહને કહ્યું ગણાશે, અને તે તમારી પરેશાની દૂર કરશે અને જો તમે તમારી પરેશાની કાફિરને કહેશો તો તમે અલ્લાહની ફરિયાદ એક કાફિરથી કરી ગણાશે કેમકે જ્યારે કોઈ મોમિન,

કાફિર સામે હાજત લઈને જાય છે તો તે ખુશ થાય છે. તેથી આપણી હાજત ઘરમાં અને સમાજમાં મોમિનો સામે બયાન કરવામાં આવે જેથી જરૂરત પણ પૂરી થાય અને વાત પણ બહાર ન જાય, બીજાઓ સુધી વાત પહોંચે છે તો તેઓ નિવેડો લાવવાની જગ્યાએ તકલીફને વધારતા હોય છે અને મુસલમાનની મઝાક પણ ઉડાવતા હોય છે.

તો જરૂરી છે કે કોઈ પણ હાજત, જરૂરત કે પરેશાની આવે તો પહેલાં અલ્લાહ સામે બયાન કરો અને ત્યાર પછી કોઈ નેક મોમિનને કહો જે તકલીફને દૂર કરવા યા હાજત પૂરી કરવા કુદરત રાખતો હોય પણ કાફિર સામે ક્યારેય બયાન ન કરો. જ્યારે કોઈને

પોતાની પરેશાની બતાવો તો અલ્લાહની શિકાયત ન થાય એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

જનાબે યાકુબ અને જનાબે યુસુફ અ.સ.ના કિસ્સામાં કુરાનમાં સૂરએ યુસુફ આયત ૮૬માં છે; યાકુબ કહે છે: "હું મારી પરેશાની અને દુખ ફક્ત અલ્લાહ સામે બયાન કરીશ."આ આયત સમજાવે છે કે ફરિયાદ એ દર્દે દિલ છે જે ફક્ત અલ્લાહ સામે બયાન કરવામાં આવે બીજા કોઈ સામે નહીં અને પછી આગળ આયતમાં છે કે: "હું અલ્લાહ તરફથી એ વાતો જાણું છું જે તમે નથી જાણતા."જનાબે યાકુબ અ.સ., નબી હતા અને તે જાણતા હતા કે શું થવાનું છે... તો પોતાની પરેશાની અલ્લાહ સામે બયાન કરો

અને જ્યારે જનાબે યાકુબ અલ્લાહ સામે પોતાની પરેશાની બયાન કરી તો થોડાક દિવસમાં જનાબે યાકુબની દુઆ કબૂલ થઈ અને પરેશાનીઓ ખતમ થઈ ગઈ. દરેક પરેશાની અને સખતી પછી આસાની હોય છે.

અને જો કોઈ મોમિન સામે પણ પરેશાની બયાન કરે છે તો તે અલ્લાહ સામે બયાન કરે છે કેમકે મોમિન આ દુનિયામાં અલ્લાહ તરફથી વકીલ છે, અને મોમિન બીજા મોમિનની મદદ ન કરે તો એ મોમિન નથી. એક હદીસમાં શૈખ કુલૈની ર.અ. પોતાની કિતાબ કાફીમાં ઇમામ સાદિક અ.સ.થી હદીસ નકલ કરે છે: "જ્યારે કોઈ પરેશાની આવે તો દુશ્મનો સામે

બયાન ન કરો, જો તમે મોમિન સામે બયાન કરશો તો આ ચારમાંથી એક લાભ જરૂર મળશે: ૧- માલ થકી મદદ કરશે, ૨- પોતાની લાગવગ થકી ફાયદો પહોંચાડશે, ૩- યા તમારા માટે દુઆ કરશે જે કબૂલ થઈ જાય, ૪- યા એક સારી એવી સલાહ આપશે જેથી ફાયદો મળે.”(કાફી ભાગ ૮ પેજ ૧૭૦). આ હદીસ બતાવે છે કે પહેલાં અલ્લાહ સામે બયાન કરે, મહેનત કરે અને પછી મોમિન થકી તકલીફને દૂર કરે.

હિકમત ૪૨૮

ઇદ

ઇમામ અલી અ.સ. ઇદના દિવસે ફરમાવે છે: “આજનો દિવસ ફક્ત એ લોકો માટે ઇદ છે જેઓના રોઝા

અલ્લાહની બારગાહમાં કબૂલ થયા અને રાતોની ઇબાદત કબૂલ થઈ, અને જે દિવસે અલ્લાહની નાફરમાની ન થાય તે ઇદનો દિવસ છે.”

ઇમામ અ.સ. ઇદ વિષે ફરમાવે છે કે ઇદનો દિવસ ફક્ત એ લોકો માટે છે જેની નમાઝ કબૂલ થઈ અને રાતોની ઇબાદત કબૂલ થઈ અને પછી છેલ્લે નતીજો આપતા ફરમાવે છે કે માણસ જે દિવસે કોઈ ગુનાહ ન કરે તે તેના માટે ઇદનો દિવસ છે. દુનિયામાં તમામ લોકો પોતાના ધર્મ પ્રમાણે અલગ અલગ દિવસે એક ખુશીનો દિવસ મનાવે છે અને જ્યારે તે ખુશીનો દિવસ આવે છે ત્યારે મોટા-મોટા ગુનાહ કરી ખુશ થાય છે જ્યારે કે ઇમામ અ.સ. અહીંયા આ

હદીસમાં ઇદ વિષે ફરમાવે છે; ઇસ્લામમાં ઇદનો અર્થ ઇબાદતને કબૂલ થવાનો દિવસ છે, ગુનાહથી દૂર રહેવાનો દિવસ છે, ગુનાહ કરવાનો દિવસ નથી.

તો પછી જે લોકો રમઝાન મહિનામાં રોઝા નથી રાખતા તેઓ માટે ઇદે ફિત્ર ઇદનો દિવસ નથી કેમકે આ ઇદ ફક્ત એ લોકો માટે છે જેઓએ અલ્લાહની ઇબાદત કરી હોય, નમાઝ પઢી હોય અને અલ્લાહની નાફરમાની ન કરી હોય. ઇદનો મતલબ અલ્લાહ તેને ઇબાદતના બદલામાં ઇનામ આપે છે અને ખુશ કરે છે તો ઇદ ફક્ત એ લોકો માટે છે જે ઇબાદત કરે અને ગુનાહથી બચીને રહે અને અલ્લાહ તરફથી ઇનામ મેળવે.

ઇસ્લામમાં ઇદ: ઇદે ફિત્ર, ઇદે કુરબાન, ઇદે ગદીર, ઇદે મુબાહેલા, જુમ્આનો દિવસ, અને જે દિવસોમાં આપણા ૧૪ માસૂમીન અ.સ.ની વિલાદત છે તે દિવસો ઇદના દિવસો ગણવા જોઈએ અને આ ઇદના દિવસોમાં આપણને ખુશ થવું જોઈએ અને બીજાઓને ઇદી આપી અથવા દાવત આપી ખુશ કરવા જોઈએ, જે તમારા માટે પસંદ કરો એ મોમિન માટે પસંદ કરો. ઇદના દિવસે ખુશ થવું શિઆની નિશાનીમાંથી છે જેઓ અહલેબયત અ.સ.ની ખુશીમાં ખુશ થાય છે અને અહલેબયત અ.સ.ના ગમમાં ગમગીન થાય છે.

હિકમત ૪૨૯

અફસોસ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કયામતના દિવસે સૌથી વધારે અફસોસ એ લોકો કરશે જે અલ્લાહની નાફરમાની (હરામ) કરીને માલ ભેગો કર્યો હશે અને તેના વારસદાર તે માલને અલ્લાહની ઇતાઅતમાં ખર્ચ કર્યો હશે જેના લીધે તેઓ જન્નતમાં દાખલ થશે અને તે હરામ કમાણીના લીધે જહન્નમમાં જશે."

આ હદીસ એક ખૂબ જ સરસ વાત તરફ ઇશારો કરે છે. જ્યારે કયામતનો દિવસ આવશે તો બાપ સૌથી વધારે અફસોસ કરશે કેમકે જે માલના લીધે તે જહન્નમમાં ગયો છે એ જ માલના લીધે તેના

વારસદારો જન્નતમાં જશે કેમકે તેઓએ રાહે ખુદામાં માલ ખર્ચ કર્યો, લોકોની મદદ કરી... આ રીતે તેઓ જન્નતમાં દાખલ થશે. અમુક લોકો પાસે માલ-દૌલત હોય છે પરંતુ તેને તે સાચવીને રાખે છે અને કોઈ પણ સારી જગ્યા ઉપર વાપરતા નથી, તેઓ પછી અફસોસ કરશે કે શા માટે દૌલતને ખુદાની ઇતાઅતમાં ખર્ચ ન કર્યો? રાહે ખુદામાં ખર્ચ ન કર્યો? જો માલ ખર્ચ કર્યો હોત તો દુનિયા અને આખેરત બંને જગ્યા ઉપર ફાયદો મળ્યો હોત...

બીજો અફસોસ એ માટે થશે કે શા માટે મેં હલાલ રીતે દૌલત હાસલ ન કરી? અને તે કયામતના દિવસે જોશે કે જે દૌલતને કેટલીય મહેનતથી હરામ-હલાલ જોયા-

વિચાર્યા વગર ભેગી કરી હતી પોતે તેના લીધે જહન્નમમાં દાખલ થયો છે અને તેની ઔલાદ યા વારસદાર આ દૌલતથી લોકોની મદદ કરી, સારી જગ્યા ઉપર ખર્ચ કર્યા. તેમને તો ખબર ન હતી કે આ માલ હલાલ છે કે હરામ? અલ્લાહ તેમને આ નેકીના લીધે જન્નતમાં દાખલ કરશે. જે માલને વારસામાં મળ્યો છે તે વિષે જો વારસદારોને ખબર પડી જાય કે આ માલ કોઈનો હડપ કરેલો છે તો જેનો માલ હોય તેને પાછો આપી દેવો જોઈએ અને જો ખબર ન હોય કે માલ કોનો છે તો તે માલ મજહુલુલ માલ (જેનો માલિક ન હોય) સમજીને રાહે ખુદામાં સદકો આપવો જોઈએ જેથી અલ્લાહની

રાહમાં માલ ખર્ચ કરવાનો સવાબ મળી શકે.

ઇમામ અ.સ.થી પૂછવામાં આવ્યું કે: "કયામતના દિવસે સૌથી વધારે કોણ અફસોસ કરશે?"તો ઇમામ અ.સ. ફરમાવે છે: "કયામતના દિવસે જ્યારે પોતાના માલને બીજાના અમલના તરાજુમાં જોશે, કેમકે અલ્લાહ માલિકને જહન્નમમાં મોકલશે અને તેના વારસદારોને તે માલના નેક કામમાં ખર્ચ કરવા બદલ જન્નતમાં મોકલશે,"ત્યારે કોઈએ પૂછ્યું: "એ કેવી રીતે?"ઇમામ અ.સ. ફરમાવ્યું કે: "એક મોમિનને મને આ કિસ્સો બયાન કરેલો છે કે એક ભાઈ પાસે હું ગયો હતો તે મોત અને સકરાતના સમયમાં હતો, મેં તેને પૂછ્યું? કે આ

એક લાખ દિરહમ કે જે તે સંદુકમાં રાખ્યા છે તેની શું હાલત છે?"તે મરનાર કહે છે: "મેં આ માલથી કદી પણ ઝકાત અને ખુમ્સ નથી આપ્યું, કોઈ સગા-સબંધીઓની મદદ નથી કરી અને કોઈને ફાયદો નથી પહોંચાડ્યો,"તો બીજો માણસ પૂછે છે: "તો આ માલ શા માટે ભેગો કર્યો છે?"તે જવાબમાં કહે છે; "ટેક્સ ભરવા માટે, લોકોને દેખાડવા માટે, સગા-સબંધીઓની વાહ વાહ માટે..."તે હજુ તો ઘરેથી નીકળી રહ્યો હતો અને તેની રૂહ નીકળી જાય છે અને પછી તેની ઔલાદ તે માલથી લોકોની મદદ કરી જન્નતમાં જવાની કોશિષ કરી."(બિહારુલ અનવાર ભાગ ૧૦૦ પેજ ૧૪).

જે આલિમે તેના ઇલ્મથી ફાયદો હાસલ ન કરે તો તે પણ બિચારો છે અને તે પણ અફસોસ કરશે કે બીજા તો તેની નસીહતો સાંભળી જન્નતમાં જશે અને પોતે ઇલ્મ પર અમલ ન કરવાના લીધે દોઝખમાં જશે. આ વાત હદીસમાં પણ નકલ થઈ છે. હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "કયામતના દિવસે જહન્નમમાં જનાર એ લોકો અફસોસ કરશે કે જેઓ બીજાને તો સારા રસ્તા દેખાડતા હતા અલ્લાહ તરફ દાવત દેતા હતા અને લોકોએ તેની વાતો પર અમલ કર્યો અને જન્નતમાં દાખલ થશે અને જે દાવત આપવાવાળો હતો તે દોઝખમાં જશે કેમકે તેણે પોતાના ઇલ્મ ઉપર અમલ ન કર્યો, દુનિયાની આરઝુ અને

લાલચ રાખતો હતો.”(કાફી ભાગ ૧ પેજ ૪૪). સબક લેવા જેવી વાત એ છે કે જો આપણી પાસે માલ અને દૌલત છે તો તેને રાહે ખુદામાં ખર્ચ કરો, જે વસ્તુથી અલ્લાહ ખુશ થાય એવા કામ કરે. અને હંમેશા હલાલ કમાણી માટે મહેનત કરે હરામથી બચીને રહે, હલાલ રિઝકમાં બરકત છે એટલે જે માલ આપણી પાસે છે ભલે ઓછો હોય પણ કદી ગરીબી નથી આવવા દેતી, આરામથી જિંદગી ગુજારે છે.

હિકમત ૪૩૦

નકામી મહેનત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “વેપારમાં સૌથી વધારે ખોટમાં તથા મહેનત અને તલાશમાં સૌથી વધારે નિષ્ફળ એ લોકો છે જે દૌલતને

મેળવવા માટે પોતાના શરીરને થકવી દે છે, અને નસીબ પણ તેનો સાથ નથી આપતું અને છેવટે તે દુનિયા છોડીને ચાલ્યો જાય છે અને આખેરતમાં પોતાના ગુનાહોનો બોજ (હક્કુન્નાસ અને હક્કુલ્લાહના ગુનાહ) લઈને પહોંચે છે.”

આ નુરાની હદીસ ઇમામ અ.સ. તે લોકો વિષે બયાન કરે છે જેઓ દુનિયામાં માલ, દૌલત, શોહરત કમાવવા માટે બેહદ કોશિષ તો કરે છે પરંતુ તેને કંઈ હાસલ થતું નથી, તે હલાલ, હરામનું ધ્યાન રાખ્યા વગર માલ, દૌલત, શોહરત કમાવવા માટે કોશિષ કરે છે પરંતુ તેના હાથમાં કાંઈ નથી આવતું. મહેનત તો કરી પરંતુ નસીબ સાથ ન આપવાના લીધે મકસદ સુધી નથી

પહોંચતો, અંતમાં આ દુનિયા છોડી ચાલ્યો જાય છે અને હંમેશના ઘર આખેરત તરફ ખાલી હાથે નેકીઓ વગર રવાના થઈ જાય છે. જો નેકીઓ જમા નહીં કરી હોય તો અફસોસ સિવાય બીજું કંઈ મળવાનું નથી.

સૂરએ અસ્રમાં બયાન છે કે જેમાં અલ્લાહ તઆલા ફરમાવે છે: "બધા જ લોકો નુકસાન અને ઘાટામાં છે સિવાય જેઓ ઇમાન લાવ્યા અને અમલે સાલેહ અંજામ આપે છે."એટલે ઇમાન અને નેક અમલ બંને સાથે સાથે છે એક બીજાથી જુદા નથી થઈ શકતા, બંને જરૂરી છે.

આ વાત તરફ મોલા અલી અ.સ. ઇશારો કરી એક બીજી હદીસમાં ફરમાવે છે: "સૌથી વધારે

નુકસાનમાં તે લોકો છે જેઓ આખેરત વેચીને દુનિયા ખરીદી લે છે (આ લોકો દુનિયા કમાવવા માટે ગુનાહથી પરહેજ નથી કરતા).''{ગોરરુલ હિકમ ૨૪૭૨}.

કુરાનમાં સૂરએ હદીદ આયત ૧૪ માં છે: ''તમોએ પોતાને ફિતના (લડાઈ)માં નાખ્યા છે અને તમે (કંઈ થવાની) રાહ જોવો છો અને (બધી જ વસ્તુમાં) શક કરતા રહ્યા અને લાંબી-લાંબી આશાઓ તમને દગો આપ્યો અહીંયા સુધી કે અલ્લાહ પાસે જવાનો સમય આવી ગયો અને બેહકાવનાર (શૈતાન) તમને અલ્લાહ વિષે બહેકાવતો રહ્યો.''અલ્લાહ ફરમાવે છે કે: ''શૈતાન તમારો ખુલ્લમખુલ્લો દુશ્મન છે''તો આપણને શૈતાનથી બચીને રહેવું જોઈએ.

દુનિયામાં મહેનત કરતા રહો પરંતુ તે આખેરત માટે નેકીઓ જમા કરવામાં હોવી જોઈએ, બેકાર અને નકામા કામમાં મહેનત કયામતમાં અફસોસ કરવો પડશે.

હિકમત ૪૩૧

રિઝક પાછળ ન ભાગો.

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "રિઝક બે પ્રકારના છે, (૧) રિઝક માણસ પાસે પોતે જ આવે છે અને (૨) માણસ તેની પાછળ ભાગે છે. અને જે દુનિયાની તલબમાં હોય છે મોત તેની પાછળ પાછળ હોય છે અહીંયા સુધી કે તેને દુનિયાથી કાઢી મૂકે છે, અને જે આખેરતને તલબ કરે છે દુનિયા તેની પાછળ પાછળ આવે છે અહીંયા સુધી કે તે

પોતાનું સંપૂર્ણ રિઝક હાંસિલ કરી લે.”

ઇમામ અ.સ. અહીંયા પોતાના નુરાની કલામમાં બે વસ્તુ બયાન ફરમાવે છે કે દુનિયા તથા માલ-દૌલતની વધારે ચાહત ન રાખો. જે દુનિયા પાછળ ભાગે છે મોત તેની પાછળ પાછળ આવે છે અને જે આખેરત સુધારવાની કોશિષ કરે છે દુનિયા તેના પાછળ પાછળ આવે છે અને તે માણસ જ્યારે સુધી દુનિયાથી નથી જવાનો જ્યાં સુધી તેના નસીબની રિઝકને સંપૂર્ણ હાસલ ન કરી લે.

જ્યારે દરેકનું રિઝક નક્કી છે તો શા માટે ઉતાવળ કરી હરામ રસ્તેથી હાસલ કરવું જોઈએ? જે નસીબમાં છે તેટલું રિઝક મળીને જ

રહેશે તો પછી હરામ રસ્તાથી ભેગું કરવામાં ઉતાવળ શા માટે? જો સબ્ર કરે તો હલાલ રસ્તા ઉપરથી એટલું જ રિઝક મળશે જે નક્કી છે, કેમકે મોત એ સમય સુધી નથી આવતી જ્યાં સુધી તે સંપૂર્ણ રિઝક ન ખાઈ લે. આ દુનિયામાં અમુક લોકો મહેનત કર્યા વગર આસાનીથી રિઝક હાસલ કરી લે છે અને અમુક લોકો વધારે મહેનત કરે છે તો પણ તેને જેટલું જુએ એટલું નથી મળતું, તેનો અર્થ છે કે જેટલું તેના નસીબમાં છે એટલું જ મળવાનું છે તેનાથી વધારે નહીં મળે.

તો શું એનો અર્થ એ છે કે મહેનત અને કોશિષ ન કરવી જોઈએ? જે નસીબમાં હશે તે મળશે? ના, એનો મતલબ એ નથી

કે મહેનત ન કરે બલ્કે અમુક રિઝક જે નસીબમાં છે તે મહેનત કરવા સાથે મળવાનું છે તેથી કોઈ ફક્ત ઘરમાં બેસીને દુઆ કરે તો પણ મહેનત વગર કાંઈ નથી મળવાનું, હદીસમાં પણ છે કે જે લોકોની દુઆ કબૂલ નથી થતી તેમાંથી આ લોકો પણ છે જે મહેનત અને કોશિષ વગર ફક્ત દુઆ કરે છે.

આ દુનિયામાં કેવી રીતે જીવવું જોઈએ તે માટે ઇમામ મુહમ્મદ બાકિર અ.સ. રિવાયતે હાશ્મીયામાં ફરમાવે છે: "અક્કલમંદ લોકો દુનિયામાં ઝોહદ (સંતોષ, ઓછી વસ્તુમાં રાઝી અને પરહેઝગારી) સાથે જિંદગી ગુજારે છે અને આખેરતની ચાહત રાખે છે કેમકે તેઓ જાણે છે કે દુનિયા તાલિબ

અને મતલુબ છે અને આખેરત પણ તાલિબ અને મતલુબ છે એટલે જે લોકો આખેરત ચાહે છે દુનિયા તેની તરફ આવે છે જેથી તેનું રિઝક સંપૂર્ણ મળી જાય અને જેઓ દુનિયાની ચાહત રાખે છે તેની આખેરત ચાહત રાખે છે એટલે મોત તેને પકડી લે છે, (દુનિયાની) ચાહતમાં ન તો દુનિયા મળે છે કે ન તો આખેરત.”(કાફી ભાગ ૧ પેજ ૧૮).

આ હદીસનો એ મતલબ થાય છે કે જેઓ આ દુનિયામાં રહીને આંખેરતની તૈયારીમાં લાગેલા હોય છે પોતાના વાજીબાત અને કુટુંબ-કબીલા સમાજ વગેરેની જવાબદારીને પૂરી કરે છે તેઓ દુનિયા તલબ નથી બલ્કે દુનિયાના

ઝરીયાથી આંખેરત હાસલ કરનાર છે. પરંતુ જેઓનો મકસદ ફક્ત આ દુનિયા (દેખાવ, ગૈર ખુદા, નકામી વસ્તુઓ...) માટે બધી મહેનત કરતા હોય તેઓ પોતાની દુનિયાની લાલચની પ્યાસને નથી બુઝાવી શકતા અને અંતમાં તેવા લોકો ન તો અહીંયાનો મકસદ પૂરો કરી શકે છે અને ન આંખેરતમાં કામયાબી મેળવે છે અને મોત આવી જાય છે. મકસદ આંખેરત હાસલ કરવાનો હશે તો દુનિયાના બધા કામો આસાન થઈ જશે.

હિકમત ૪૩૨

અલ્લાહના દોસ્તો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહના દોસ્તો એ છે જેઓ દુનિયાની હકીકતને જુએ છે જ્યારે

કે લોકો દુનિયાના જાહેરને જુએ છે, અલ્લાહના દોસ્ત આખેરત માટે કામ કરે છે જ્યારે કે દુનિયાદાર આજની દુનિયા માટે કામ કરે છે, તેઓને જે કામોથી ડર લાગતો હોય કે એ તેમને બરબાદ કરી દેશે તો તેઓ એ વસ્તુને ખતમ કરી નાખે છે, અને તેઓ જે વસ્તુ વિષે જાણે છે કે તેમને છોડી દેશે તો તેઓ તેને જ છોડી દે છે, લોકો દુનિયાને વધારે સમજે છે અલ્લાહના દોસ્ત તેને ઓછી સમજે છે અને તેને હાંસિલ કરવાને ગુમાવવા જેવી સમજે છે, દુનિયાને ચાહવાવાળા જે વસ્તુથી સમાધાન કરે છે અવલીયાએ ખુદા તેને દુશ્મન સમજે છે, અને દુનિયાવાળા જે વસ્તુને દુશ્મન સમજે છે તેના સાથે

અલ્લાહના દોસ્ત સમાધાન કરે છે, અલ્લાહના દોસ્ત થકી અલ્લાહની કિતાબ (કુરાન મજીદ) સમજમાં આવે છે, અને તેઓ કુરઆન થકી હકીકતોને સમજે છે, તેઓ થકી કુરઆન મેહકૂઝ છે અને તેઓ કુરઆન થકી બાકી છે, તેઓ જે વસ્તુની ઉમ્મીદ રાખે છે તેનાથી મોટી કોઈ ઉમ્મીદ નથી અને તેઓ જે વસ્તુથી ડરે છે તેનાથી વધારે ડરવા જેવી બીજી કોઈ વસ્તુ નથી.”

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. અલ્લાહના ખાસ બંદાઓ, દોસ્તો અને અવલીયાની સિફતો બયાન કરી છે કે જે ૧૨ છે:

૧. અવલીયાએ ખુદાનું ધ્યાન આખેરત તરફ હોય છે જ્યારે કે

દુનિયાદાર ફક્ત દુનિયાના જાહેરને જુએ છે. કુરાનમાં દુનિયાદાર માટે છે કે: "તેઓ ફક્ત પોતાની જાહેર જિંદગી જુએ છે અને આખેરતથી ગાફિલ છે."(સૂરએ રૂમ આયત ૭). દુનિયાદારનો મકસદ ફક્ત આ દુનિયાને કમાવવું છે અને અલ્લાહના દોસ્તોનો મકસદ આ દુનિયામાં રહીને આખેરત હાસલ કરવું છે, તેઓ આ દુનિયાને આખેરત માટે ખેતી સમજે છે અને આ દુનિયાને એક મુસાફરખાનાથી વધારે નથી સમજતા.

૨. અવલીયાએ ખુદા દુનિયાને એક રસ્તો સમજે છે જ્યારે કે દુનિયાપરસ્ત આ દુનિયામાં હંમેશા રહેવાનું ઘર સમજે છે, આ બંને પોતાના વિચાર પ્રમાણે દુનિયામાં

જિંદગી જીવે છે. કુરાનમાં સૂરએ કહફ આયત ૨૮માં ફરમાવે છે કે: "(અય રસૂલ) પોતાને એ લોકો સાથે મેહદુદ રાખો જેઓ સવાર-સાંજ અલ્લાહને પુકારે છે અને તેની ખુશી ચાહે છે અને તેઓથી પોતાને અલગ ન કરો, અને શું આપ દુનિયાની ઝીનત અને આરામની ચાહત રાખો છો? તમે તેઓની પેરવી ન કરો જેઓના દિલને અમે અલ્લાહની યાદથી ગાફિલ કર્યું હોય અને જેઓ પોતાના ઈચ્છાઓની પેરવી કરે છે અને જેઓ એકદમ (ઇફરાત) ખરાબ થઈ ગયા છે."

૩. અવલીયાએ ખુદા એ વસ્તુને ખતમ કરી દે છે જેનાથી ડર હોય કે એ વસ્તુ તેના ઇમાન માટે ખતરો છે એટલે જે વસ્તુ તેને નુકસાન

પહોંચાડવા ચાહે તેની પહેલાં તેને ખતમ કરી નાખે છે જેમકે હવસ, લાલચ, શૈતાની વસવસા વગેરે... જ્યારે કે દુનિયાપરસ્ત એવા દુનિયામાં વ્યસ્ત હોય છે કે રસૂલ તેઓને બોલાવે છે તો રસૂલની અવાજ પણ નથી સાંભળતા.

૪. અવલીયાને જે છોડવા ચાહે તે પહેલાં અવલીયા તેને છોડી દે છે જેમકે માલ, દૌલત, ઔલાદ, ઘર વગેરે... જ્યારે મોત આવશે તો આ બધી જ વસ્તુ તેને છોડી દેશે એટલે તેઓ આ બધી જ વસ્તુને પહેલાંથી જ છોડી દે છે અને બધી જ વસ્તુની મહોબ્બત દિલમાંથી કાઢી મૂકે છે કેમકે તેઓને ખબર છે એક કફન સાથે જવાનું છે બીજું કંઈ નથી આવવાનું.

૫. દુનિયાપરસ્ત જે વસ્તુને વધારે મહત્વ આપે છે અવલીયા તેની તરફ ઓછું ધ્યાન આપે છે જેમકે દુનિયાપરસ્ત માલ-દૌલત-શોહરતને વધારે મહત્વ આપે છે અને અવલીયાએ ખુદા સમજે છે કે આ બધી જ વસ્તુ ફાની અને ખતમ થઈ જવાની છે તો જરૂરત પ્રમાણે જેટલી વસ્તુ જુએ એટલી જ લે છે.

૬-૭. અવલીયાએ ખુદા તે વસ્તુને દુશ્મન સમજે છે જે વસ્તુ માટે દુનિયાપરસ્ત સમાધાન કરે છે અને દુનિયાપરસ્ત જે વસ્તુને દુશ્મન સમજે છે અવલીયા તેનાથી સમાધાન કરે છે જેમકે હકનો સાથ દેવો અને બાતીલથી દોસ્તી કરવી.

૮-૯. કુરાન તેઓ થકી સમજાય છે અને તેઓ પણ કુરાન થકી

હકીકત સુધી પહોંચાડે છે, કુરાન સમજવું હોય તો તેઓ પાસે જવું પડે અને તેઓને સમજવા માટે કુરાન પાસે જવું પડે.

૧૦-૧૧. તેઓ થકી કુરાન બાકી છે અને તેઓ કુરાન થકી બાકી છે, કેમ કે કુરાનને લોકો સુધી પહોંચાડનાર, તબલીગ કરનાર એ લોકો છે, પરંતુ અવલીયાનું બાકી રહેવું કુરાન થકી એટલે તમામ ઇલ્મનો ખઝાનો કુરાન છે.

૧૨. અવલીયાએ ખુદા એ વસ્તુની ઉમ્મીદ રાખે છે જેનાથી મોટી કોઇ ઉમ્મીદ નથી અને એ વસ્તુથી ડરે છે જેનાથી વધારે બીજી કોઇ ડરવા જેવી વસ્તુ નથી. કેમકે તેઓની ઉમ્મીદ અલ્લાહની ખુશી છે

અને તેઓનો ડર અલ્લાહનો ડર છે.

આ સિફતો જે પણ અપનાવશે બેશક વલીએ ખુદા બની જશે.

હિકમત ૪૩૩

લિઝઝતની સજા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "યાદ રાખો કે (ગુનાહની) લિઝઝત ખતમ થઈ જાય છે અને તેનો ખરાબ અસર (ઘણા સમય સુધી) બાકી રહે છે."

આ હદીસમાં ગુનાહ કરનારને શું નુકસાન થાય છે તે સમજાવવામાં આવ્યું છે કેમકે ગુનાહની લિઝઝત તો થોડાક સમય માટે રહે છે, થોડાક સમય માટે મજા આવે છે પરંતુ તેનો અસર લાંબા સમય સુધી બાકી રહે છે, દુનિયામાં પણ તેની

સજા ભોગવવી પડે છે અને આખેરતમાં પણ સઝા મળે છે તો જ્યારે પણ કોઈ ગુનાહનો મોકો મળે તો તેના પરિણામને યાદ રાખવું જોઈએ. ઇતિહાસમાં ઘણા બધા બનાવ જોવા મળે છે કે અમુક લોકો જેઓ આરામ અને શાંતિથી જિંદગી ગુજારતા હતા પણ જ્યારે તે કૌમમાં કોઈ ગુનાહ થવા લાગ્યા તો અલ્લાહ તે કોમ અને સમાજ ઉપર અઝાબ નાઝિલ કર્યો.

ઇમામ અલી અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે: "જો કોઈ તકવા અને પરહેઝગારીથી દૂર થાય છે અને ગુનાહ તરફ જાય છે તો તે ગુનાહોના દલદલમાં ફસાઈ જાય છે અને તેના ગુનાહોનો અસર સજા રૂપે તેની સાથે હંમેશ માટે બાકી

રહી જાય છે.”(ગોરરુલ હિક્મ હદીસ ૩૫૧૭).

એક વાત તરફ અહીંયા ઇશારો કરવો જરૂરી છે જો કોઈ ગુનાહ કર્યા પછી અફસોસ કરે અને માફી માંગી લે અને પછી કોઈ દિવસ ગુનાહ ન કરે તો અલ્લાહ તેને માફ કરી દે છે અને જો પહેલેથી જ ગુનાહ ન કરવામાં આવે તો તૌબા અને માફીની જરૂરત જ નથી રહેતી. બીજું કે જો કોઈ ગુનાહનો ઈરાદો કરે એમ વિચારીને કે પછી તૌબા કરી લઈશું તો યાદ રાખવું જોઈએ કે ઘણા લોકો આવા ખયાલથી ગુનાહ કરતા હતા પરંતુ છેલ્લે તૌબા કરવું પણ નસીબ ન થયું અને દુનિયાથી ચાલ્યા ગયા.

લિઝ્ઝત બે પ્રકારની છે: એક હલાલ અને જાએઝ અને બીજી હરામ અને નાજાએઝ, ઇમામ અ.સ. આ હદીસમાં હરામ અને નાજાએઝ લિઝ્ઝતની વાત કરી રહ્યા છે જેનું નુકસાન બહુ જ મોટું છે જ્યારે કે હલાલ અને જાએઝ લિઝ્ઝત હાસલ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

હિકમત ૪૩૪

ઇમ્તિહાન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "પરીક્ષા લો જેથી દુશ્મન બનો, (કેમ કે લોકોનું જાહેર સારું હોય છે પરંતુ જ્યારે અજમાવવામાં આવે ત્યારે હકીકત સમજાય છે તો દુશ્મન બની જાય છે.")

(સય્યદ રઝી ર.અ. ફરમાવે છે કે આવી જ એક હદીસ રસૂલે ખુદા

સ.અ.વ. તરફથી બયાન થઈ છે. પરંતુ ઈમામ અલી અ.સ.થી બયાન થઇ હોવાની વાતની તાકીદ આ પરથી માલુમ થાય છે કે સઅલબ નામના માણસે ઇબ્ને એઅરાબીથી નકલ કર્યું છે કે મામુન કહેતો હતો: ઈમામ અલી અ.સ.એ આમ ન ફરમાવ્યું હોત કે "પરીક્ષા લો જેથી દુશ્મન બનો"તો હું આ રીતે કહેત: "દુશ્મન બનો જેથી પરીક્ષા લઇ શકો."

ઇમામ અલી અ.સ. આ હિકમતમાં બયાન ફરમાવે છે કે લોકોના જાહેર જોઈને કોઈ પણ ભરોસો ન કરો બલ્કે તેમને અજમાવો, જ્યારે અજમાવશો તો જેને સારા સમજતા હતા તેમને

દુશ્મન સમજશો. જરૂરી નથી કે અજમાવવા પછી દુશ્મન જ બને.

મુઆવિયા માલ-દૌલતની લાલચ આપીને લોકોને બેહકાવતો અને પોતાના મનપસંદ કામ કરાવતો, તેઓ ચહેરા અને વર્તાવથી એવો દેખાવ આપતો કે ઇમામ અ.સ.ના દોસ્ત છે પરંતુ અંદરખાને મુઆવિયાના માણસો રહેતા, જેઓ મુનાફિક હતા અને તેમનાથી બહુ જ મોટું નુકસાન ઇ.અલી અ.સ.ના ચાહવાવાળાઓનું થતું. તેનું ઉદાહરણ જંગે સિફ્ફીન છે જેમાં ઇમામ બિલકુલ કામયાબીના નજીક હતા કે ઇમામના લશ્કરના અંદરથી જંગ બંધ કરવા માટે ઇમામને કત્લ કરવા આવી પહોંચ્યા. જો આવા માણસો હોય તો જરૂરી છે કે અજમાવવામાં

આવે અને જેઓ પરીક્ષામાં પૂરા ન ઉતરે તેઓ દુશ્મન બની જાય છે અને જે ઇમ્તિહાન લીધું હોય તે પણ તેની સત્યતા ઓળખીને તેનો દુશ્મન બની જાય છે.

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "લોકો સાથે જિંદગી ગુજારો અને તેમને અજમાવો અને જ્યારે તમે અજમાવશો તો ઘણા લોકોને દુશ્મન સમજશો."

આજે જરૂરતોમાંથી એક જરૂરત દોસ્ત છે કેમ કે દોસ્ત તકલીફમાં મદદરૂપ બને છે, ગમમાં તસલ્લી અને સુકૂનનું કારણ બને છે, હાજરી કે ગાયબમાં તેનો સાથ હોય છે, દુનિયાના રોજના ફિતના અને ફસાદમાં એક મજબૂત સલાહ સૂચન આપનાર હોય છે. આવો

ખૂબીવાળો માણસ ત્યારે હોઈ શકે જ્યારે તેને અજમાવવામાં આવે અને જ્યારે તે પરીક્ષામાં કામયાબ થઈ જાય તો તેનાથી દોસ્તી કરો તેના પર ભરોસો કરો. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અજમાવવા પહેલાં તમારા દોસ્ત પર ભરોસો ન કરો."

કંઈ રીતે દોસ્તને અજમાવવું જોઈએ તેના વિષે ઇમામ જાફર સાદિક અ.સ. બયાન ફરમાવે છે: "ત્રણ વસ્તુથી દોસ્તને અજમાવો, જો તેમાં બરાબર લાગે તો તમારો પાકો દોસ્ત છે નહીં તો તમારી ખુશહાલીમાં તો દોસ્ત છે પરંતુ તે તમારા દુખમાં છોડીને ચાલ્યો જશે, તેનાથી કંઈક રકમ માંગો, યા તેના પાસે માલ રાખીને જુઓ યા એવું

કામ કે જેને તે પસંદ ન કરતો હોય તેમાં સાથી બનીને જુઓ.''બીજી એક હદીસમાં ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે કે દોસ્તને ગુસ્સા વખતે અજમાવો કે તે હક અને સત્યથી હટીને બાતીલ તરફ તો નથી જતોને? માલ-દૌલત વખતે અને ત્રીજું તેના સાથે સફર કરીને ઓળખો. અંતમાં કે આજની દુનિયામાં જ્યારે સુધી અજમાવી ન લો ત્યાં સુધી કોઈના ઉપર ભરોસો ન કરો, કેમ કે અજમાવવા ટાણે ઘણા ઓછા લોકો પૂરા ઉતરતા હોય છે, અને પછી દુશ્મની થાય છે.

હિકમત ૪૩૫

શુક્ર, દુઆ અને તૌબા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: ''એવું નથી કે અલ્લાહ બંદા માટે

શુક્રનો દરવાજો તો ખોલે અને નેઅમતોમાં વધારો થવાનો દરવાજો બંધ કરી દે, એવું નથી કે અલ્લાહ દુઆનો તો દરવાજો ખોલે અને કબૂલ થવાના દરવાજા બંધ કરી દે, અને એવું પણ નથી કે તૌબાનો દરવાજો તો ખોલે અને માફીનો દરવાજો બંધ કરી દે.”

આ નુરાની કલામમાં ત્રણ વસ્તુ બયાન કરવામાં આવી છે જેની કુરાનમાં પણ બશારત આપવામાં આવી છે:

૧. શુક્ર: કુરાનમાં સૂરએ ઇબ્રાહિમ આયત ૭માં અલ્લાહ વાયદો કરે છે કે: “જો તમે શુક્ર કરશો તો હું તમને જરૂર વધારે (નેઅમતો) આપીશ.”અને જો કોઇ અલ્લાહની નેઅમતોને સરખી રીતે

ઉપયોગ કરશે અને અલ્લાહની રાહમાં ખર્ચ કરે અને જીભથી અને અમલથી નેઅમતોનો શુક્ર અદા કરે તો અલ્લાહ તેની નેઅમતોમાં જરૂર વધારો કરે છે.

૨. દુઆ: કુરાનમાં સૂરએ ગાફિર આયત ૬૦માં છે કે: "તમારો રબ ફરમાવે છે કે મને પૂકારો હું તમારી દુઆ કબૂલ કરું છું અને જે લોકો ઘમંડના કારણે મારી ઇબાદતથી મોઢું ફેરવી નાખે છે તેઓ ઝલીલ થઈને જલ્દી દોઝખમાં દાખલ થશે."અલ્લાહનું વચન લોકો જેવું નથી કે કહીને ફરી જાય, અને ન તો અલ્લાહનો ખઝાનો ઓછો છે કે આપવામાં કંજુસાઈ કરે, અને એવું પણ નથી કે દુઆ કબૂલ કરશે તો કંઈ ઓછું થઈ જશે. જો દુઆ કરવા

છતાં પણ કબૂલ ન થાય તો વિચારવું જોઈએ કે દુઆ કબૂલ ન કરવાથી અલ્લાહનો કોઈ લાભ નથી, જરૂર દુઆ કબૂલ ન થવી પણ બંદાના હકમાં સારું હશે, ભલે તેની મસલેહત ન સમજી શકીએ. આપણને એવું લાગે છે કે અલ્લાહ દુઆ કબૂલ નથી કરતો પરંતુ હકીકતમાં એવું નથી, બલ્કે અલ્લાહ કબૂલ કરે છે ફક્ત તેનો અજર દુનિયામાં ઘણી વખત દેખાતો નથી પરંતુ આંખેરતમાં જરૂર મળે છે.

૩. તૌબા: તૌબા વિષે કુરાનમાં સૂરએ શૂરા આયત રપમાં છે કે: "અલ્લાહ તેના બંદાની તૌબા કબૂલ કરે છે અને ગુનાહો માફ કરે છે અને જે કંઈ કરો છો તેની જાણકારી રાખે છે."બીજી જગ્યા પર

છે કે: "અલ્લાહ તોબા કરનારને પસંદ કરે છે."અને અલ્લાહ જે કરે છે તેની જાણકારી પણ રાખે જ છે, અલ્લાહ એક વસ્તુનો હુકમ આપે તો બીજી વસ્તુથી બેખબર નથી હોતો.

ખરેખર તે માણસ ખુશનસીબ છે જેમાં આ ત્રણ સારી નેકીઓ હોય, હર હાલમાં શુક્ર કરવો, દરેક સંજોગોમાં દુઆ માંગવી અને અલ્લાહ પાસે માફી માંગતા રહેવું. બેશક અલ્લાહ દરેકને તેની નેકીનો અજર આપે છે.

હિકમત ૪૩૬

ઉદાર કોણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકોમાં સૌથી વધારે ઉદાર (કરીમ) એ માણસ છે કે જેના લીધે

ઉદાર (કરીમ) લોકો ઓળખાતા હોય.”

કરમ અને કરીમના બે અર્થ થાય છે. જ્યારે કરીમ અલ્લાહની સિફ્તમાં વાપરવામાં આવે છે તો અલ્લાહ બંદાઓ ઉપર બેહિસાબ કરમ અને સખાવત કરનાર છે અને લોકો માંગે તે પહેલાં જ અતા કરે છે એટલે અલ્લાહને કરીમ કહેવાય છે. અને કરમ શબ્દ જ્યારે લોકો માટે વાપરવામાં આવે છે તો જેમાં સૌથી સારી સિફ્ત ઉદાર અને શરાફ્ત હોય છે અને તેને ઉદાહરણ રૂપે કહેવામાં આવે છે કે આ ભાઈ તો બિલકુલ ફ્લાણા ભાઈ જેવા કરીમ છે.

આ હિકમતમાં ઇમામ અ.સ. કરીમની ફ્ઝીલત તરફ્ ઇશારો

ફરમાવી રહ્યા છે. જ્યારે કોઈ કરીમ અને સારી સિફતોની ફઝીલત બયાન કરે તેનો અર્થ થાય છે કે બયાન કરનાર આ સિફતોને પસંદ કરે છે અને તેના અંદર તે સિફત મૌજૂદ છે, જો કોઈ હાતિમ તાઈની સખાવતના ગુણ ગાય તો તેમાં પણ થોડો ઘણો ભાગ હોવો જોઈએ. તો ઇમામ અલી અ.સ.થી વધારે કોણ કરીમ, સખી, બહાદુર, આલિમ હોઈ શકે? ઇમામ હુસૈન અ.સ. કરતાં વધારે કોણ કરીમ હોઈ શકે જેઓ દીન માટે પોતાની અને પોતાના કુટુંબની કુરબાની પેશ કરી છે.

અમુક એવા લોકો પણ છે જેઓ બીજાની ફઝીલત, કરમ અને સખાવતને પસંદ તો કરે છે પરંતુ

પોતાના અંદર એવી ખૂબી ઉત્પન્ન નથી કરતા અને તેમના રસ્તા પર નથી ચાલતા. આ વિષે ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે: "કયામતમાં જે લોકો સૌથી વધારે અફસોસ કરશે તેઓ જે ઇન્સાફના વખાણ તો કરતા હતા પરંતુ પોતે તેના ઉપર અમલ કરતા ન હતા."(કાફી). કરીમ, સખી આવી સારી સિફતો સારા કુટુંબથી આવે છે જો બાપ સખાવત કરશે તો ચોક્કસ ઔલાદમાં આ સિફત આવશે....

ઇસ્લામી દ્રષ્ટિએ અને સમાજની નજરમાં બધી જ સારી સિફતના માલિકને કરીમ માણસ કહેવાય છે.

હિક્મત ૪૩૭

ન્યાય કે ઉદારતા

ઇમામ અલી અ.સ.થી પૂછવામાં આવ્યું કે આ બંને વસ્તુ માંથી શું બેહતર છે ન્યાય કે ઉદારતા (ઇન્ફાક)? ઇમામ અ.સ. જવાબમાં ફરમાવ્યું કે: "ન્યાય કેમકે તે વસ્તુઓને યોગ્ય જગ્યાએ રાખે છે, અને ઉદારતા તેમની યોગ્ય જગ્યાએથી બહાર લાવે છે, ન્યાય એ બધા માટે છે પરંતુ ઉદારતા ખાસ લોકો માટે છે તેથી ન્યાય બેહતર છે."

ઇમામ અ.સ.ના સાથીઓ આપસમાં ચર્ચા કરી રહ્યા હતા કે ન્યાય અને ઉદારતા (સારા કામમાં ખર્ચ કરવું) આ બંનેમાંથી કઈ વસ્તુ સારી છે? તેવામાં ઇમામ અ.સ. ત્યાં

આવી પહોંચ્યા, તે લોકો ઇમામને પૂછ્યું કે ન્યાય અને ઉદારતા માંથી કઈ વસ્તુ બેહતર છે? ઇમામ અ.સ. જવાબમાં ફરમાવ્યું કે: "ન્યાય કરવો બેહતર છે કેમકે ન્યાય થકી જેની જે જગ્યા યોગ્ય હોય ત્યાં રાખવામાં આવે છે પરંતુ ઉદારતા (ઇન્ફાક) માં એવું નથી હોતું કેમ કે જ્યારે કોઈ દાન કરે છે તો તેને જેટલું આપવું હોય આપે તેના માટે કોઈ ખાસ નિયમ નથી હોતો, અમુકને વધારે આપે છે તો અમુકને ઓછું આપે છે, દાન કરવું સારું કામ છે પરંતુ જો દાનનો દુરુપયોગ થાય તો લોકોને મફત મળતી મદદના લીધે કામચોર અથવા આળસુ બની શકે છે, અને લોકોમાં કામ કરવામાં આળસ થવા લાગે છે

અને મહેનત કરવાથી દૂર ભાગવા લાગે છે,"જ્યારે કે ન્યાયથી બધાનો હક તેમના સુધી પહોંચે છે, દરેક વસ્તુ તેની જગ્યા પર રહે છે, એટલે દરેક માણસ ન્યાયના લીધે પોતાનો હક મેળવી શકે છે. તેના લીધે સમાજમાં વિશ્વાસ, ઇઝ્ઝત, સન્માન, તરક્કી વધે છે, પરંતુ નેક કામો માટે ખર્ચ કરવું (ઇન્ફાક) અમુક ખાસ લોકો માટે જ હોય છે.

કુરાનમાં આ વિષે સૂરએ નહલ આયત ૯૦માં બયાન કરવામાં આવેલી છે: "બેશક અલ્લાહ ન્યાય, નેકી અને સગા-સબંધીઓને તેઓનો હક દેવાનો હુકમ આપે છે અને બેહયાઈ અને ગુનાહથી રોકે છે અને એ તમને નસીહત કરે છે કે કદાચ તમે સ્વીકારી લો."આ આયતમાં

સૌથી પહેલાં ન્યાયની વાત કરવામાં આવી છે પછી નેકી અને ઇન્ફાકની. અને બની શકે છે કયારેક દાન પ્રથમ આવી જાય. કુરાનમાં આ વાત તરફ પણ ઇશારો કરવામાં આવ્યો છે જયારે કોઈ પાસે કત્લનો બદલો લેવામાં આવે તો કત્લની બદલે કત્લની જગ્યાએ માલ આપી પણ કેસાસ કરી શકો છો.

છેલ્લે ઇમામ સાદિક અ.સ.ની એક હદીસ જેમાં ન્યાયની ફઝીલત બયાન ફરમાવી છે: "ન્યાય મધ કરતાં વધારે મીઠું, માખણ કરતાં વધારે નરમ અને કસ્તુરી કરતાં વધારે સુગંધિત હોય છે."(કાફી ભાગ ૨ પેજ ૧૪૭). સમાજની સુધારણા માટે લોકો સાથે

ન્યાયપૂર્વક વર્તાવ બહુ જ જરૂરી છે, અને જો દાન અને સખાવત કરવાથી સમાજની સુધારણા થતી હોય તો તેને દાન કરવું જોઈએ. હુકૂમત કુફ્ર સાથે બાકી રહી શકે છે પરંતુ અન્યાય અને ઝુલ્મ સાથે બાકી નથી રહી શકતી. આજની દુનિયામાં ન્યાય ફક્ત નામનો રહી ગયો છે, દરેકને બધા સાથે ન્યાયથી વર્તાવ કરવાથી જ સારો સમાજ બની શકે છે.

હિકમત ૪૩૮

દુશ્મનીનું કારણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો જે વસ્તુને નથી જાણતા તેના દુશ્મન હોય છે."

આવી જ એક હદીસ હિકમત નં ૧૭૨ માં પણ બયાન થયેલી છે

અને ત્યાં ત્રણ વસ્તુ બયાન ફરમાવી છે (વધારે માહિતી માટે ૧૭૨ નં. હદીસ તરફ રજૂ કરે).

અહીંયા થોડુંક વધારે આ હદીસ વિષે રોશની નાખીએ કે જ્યારે માણસ કોઈ વસ્તુ વિષે જાણતો ન હોય અથવા કોઈ મહાન હસ્તીને ઓળખતો ન હોય તો તેની સાથે દુશ્મની કરવા લાગે છે અથવા તે દુશ્મન બની જાય છે અને જ્યારે કોઈની દિલમાં નફરત અને દુશ્મની આવી જાય તો તે ફક્ત હંમેશા તેના વિષે વિચારતો હોય છે તેથી બીજા કામોમાં મન નથી લાગતું, આ મોટું નુકસાન છે દુશ્મન બનાવવાનું, તો જ્યાં સુધી બની શકે એકબીજાથી દુશ્મની ન કરો.

કોઈ સાથે દુશ્મનીનું મોટું કારણ જેહાલત છે જ્યારે તેના વિષે સરખી રીતે જાણી લે છે તો તેની દુશ્મની પણ ખતમ થઈ જાય છે એટલે જ્યાં સુધી તે નથી જાણતો દુશ્મની કરે છે અને જ્યારે જાણવા લાગે છે તો દુશ્મની મોહબ્બતમાં બદલાઈ જાય છે. એક વખત એક ભાઈ પોતાના નાના દીકરા સાથે ટ્રેનમાં સફર કરી રહ્યા હતા અને તેનું નાનું બાળક તોફાન કરી રહ્યું હતું એટલે સામેવાળી વ્યક્તિ તેના બાપને કહે છે: "અય ભાઈ! તમારું બાળક બહુ જ તોફાન કરે છે તેને સંભાળો,"બાળકના પિતા કહે છે: "માફ કરજો મારી પત્ની બીમાર છે અને તે હોસ્પિટલમાં છે તેના વિચારમાં હતો,"હવે પેલા ભાઈ તે

નાના બાળકનું પોતે ધ્યાન રાખવા લાગ્યા અને તેનાથી મોહબ્બત કરવા લાગ્યા કેમકે તે પહેલાં હકીકતનો ન હતો જાણતા અને જ્યારે ખબર પડી તો તે ભાઈ પણ તેની સાથે રમવા લાગ્યા.

કુરાનમાં સૂરએ બકરા આયત ૨૧૬માં અલ્લાહ ફરમાવે છે: "દુશ્મનો સામે તમને જંગનો હુકમ આપવામાં આવ્યો છે જે હુકમ તમને પસંદ નથી, બની શકે જે વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ એ તમારા માટે બેહતર હોય અને તમે જે વસ્તુને પસંદ કરો છો એ તમારા માટે ખરાબ હોય. (હકીકી ફાયદો અને નુકસાન) અલ્લાહને ખબર છે જે તમે નથી જાણતા."અલ્લાહના હુકમને સરખી રીતે ન જાણવાના

લીધે લોકો ખુદાની મસલેહતથી નારાજ થઈ જાય છે પરંતુ અલ્લાહના ખાસ બંદાઓ અલ્લાહના બધા જ હુકમોને ખુશીખુશી અંજામ આપે છે, તેની મરજી ઉપર રાઝી રહે છે ભલે પછી જાહેરમાં તેમાં નુકસાન જ કેમ ન દેખાતું હોય. અલ્લાહે આપણને એ જ વસ્તુનો હુકમ આપ્યો છે જે આપણા માટે ફાયદાકારક હોય.

બસ એટલું યાદ રાખવું જોઈએ કે જેવી રીતે કડવી દવા નાના બાળકો પસંદ નથી કરતા તેનાથી નફરત કરે છે કેમકે તેને ખબર નથી આ વસ્તુ તેના માટે ફાયદાકારક છે? અને તેઓ તે દવાથી દૂર ભાગે છે પરંતુ જે લોકો દવાના ફાયદા જાણતા હોય તે લોકો

આ દવા મેળવવા માટે ખર્ચ કરીને મેળવે છે અને તેનાથી ફાયદો મેળવે છે. તો સમાજ સુધારવો હોય લોકોમાંથી દુશ્મની ખતમ કરવી હોય તો ઇલ્મ અને જ્ઞાન મેળવો કેમકે જેહાલત ઇલ્મ થકી ખતમ થાય છે જ્યારે માણસ કોઈ વસ્તુની હકીકત જાણવા લાગે છે તો નફરત ખતમ થઈ જાય છે. ઇલ્મ રોશની છે અને જેહાલત અંધારું છે, અંધારાને રોશનીથી દૂર કરવું જોઈએ.

હિકમત ૪૩૯

ઝોહદ એટલે શું?

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઝોહદ (દુનિયાથી દૂરી)ની સંપૂર્ણ વ્યાખ્યા કુરઆનના આ બે વાક્યમાં છે, "કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે: જે વસ્તુ તમારા પાસેથી

ચાલી જાય તેના પર અફસોસ ન કરો અને જે વસ્તુ અલ્લાહે તમને આપી છે તેના પર ખુશ ન થાવ.” એટલે જે ભૂતકાળ પર અફસોસ ન કરે અને ભવિષ્ય સાથે દિલ ન લગાવે (ખુશ ન થાય) તે પહેલેથી છેલ્લે સુધી ઝાહીદ છે.

ઝોહદ વિષે કુરઆન મજીદમાં અને હદીસોમાં ઘણું બધું બયાન થયું છે તે છતાં અમુક લોકો હજુ સુધી ઝોહદને સરખી રીતે સમજ્યા નથી અને અમુક લોકો ઝોહદને ખોટા કામોમાં સમજે છે તો બીજા અમુક લોકો જાહિલો જેવા કાર્યોથી ઝોહદની વ્યાખ્યા કરે છે. ઇમામ અલી અ.સ. પોતાના આ નુરાની કલામમાં કુરાનની આયત સૂરએ હદીદ આયત ૨૩માં જે ઉલ્લેખ થયો

છે તે બે વાક્યથી સમજાવે છે કે: "જે ચાલ્યું ગયું છે તેના પર અફ્સોસ ન કરવો અને જે છે તેના પર ખુશ ન થવું."ઇમામ અ.સ. ફરમાવે છે: જો આ સિફ્ત હોય તો મુકમ્મલ ઝાહીદ છે. એટલે જે વસ્તુ છે તેના પર ખુશ ન થાય અને જે વસ્તુ હાથથી ચાલી ગઈ છે તેના પર અફ્સોસ ન કરે.

કુરાન થકી સમજાવવામાં આવ્યું છે તે હકીકી ઝોહદની વ્યાખ્યા છે અને ઇસ્લામમાં ઝોહદનો અર્થ ઉપર જે દર્શાવવામાં આવ્યો છે. જો કોઈ પાસે આજે દુનિયાની તમામ વસ્તુ હોય અને તેના પાસેથી એ વસ્તુ છીનવી લેવામાં આવે અથવા કોઈ કારણસર ખતમ થઈ જાય તો તે બિલકુલ અફ્સોસ ન કરે કેમકે તેણે

આ વસ્તુથી દિલ લગાડ્યું જ નથી એટલે તેને આ બધી જ વસ્તુ જવા ઉપર અફસોસ નથી અને એવી જ રીતે દુનિયાની બધી જ વસ્તુ માલ, ગાડી, ઘર, અને તમામ સુહૂલત હોય તો પણ ઝાહીદ એ વસ્તુઓથી દિલ લગાડતો નથી કેમકે તેને ખબર છે આજે આ વસ્તુ મારી પાસે છે અને કાલે નથી રહેવાની, અને હું પણ આ બધી જ વસ્તુ છોડીને જવાનો છું અને તેને ખબર છે કે આ તમામ વસ્તુઓ અલ્લાહની અમાનત છે તો શા માટે આ ફાની વસ્તુઓથી દિલ લગાડું.

આ હદીસનો કોઈએ ઊંધો અર્થ ન લેવું જોઈએ કે હવે શા માટે મહેનત કે કામ કરીએ? યા આ હદીસના લીધે કામકાજમાં આળસ

કરવા લાગે તો તેમના માટે નબી સ.અ.વ.ની આ વાત સમજવા જેવી છે. નબી સ.અ.વ.ને ખબર મળી કે અમુક લોકો કામધંધો છોડીને બેસી ગયા છે ત્યારે નબી સ.અ.વ. તેમની સખત નિંદા કરી અને તેમની આ હાલતને ઇસ્લામી તાલીમના વિરુદ્ધ બતાવી. મહેનત કરીને કુટુંબ માટે હલાલ રિઝક કમાવવું વાજીબ છે પરંતુ તેનાથી દિલ લગાવવું ખોટું છે, દુનિયા કમાતા કમાતા આખેરત હાથથી ન ચાલી જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ટૂંકમાં કહીએ કે દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર માનવો જોઈએ ચાહે દુનિયા હાથમાં રહે કે ન રહે, અને દુનિયાની વસ્તુઓ હોવું કોઈ ખરાબ વસ્તુ

નથી, પરંતુ દુનિયાને પોતાના ઉપર હાવી કરવું ખરાબ છે.

હિકમત ૪૪૦

ઊંઘ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દિવસમાં વિચારેલા ઘણા કામો ઊંઘથી ભૂલી જવાય છે."

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે કે અમુક વખત એવું બને છે કે આપણે વિચારીએ છીએ કે કાલે હું ફલાણું કામ કરીશ પરંતુ જ્યારે તે રાત્રે સૂવે છે અને સવારે ઊઠે છે તો તે કામ છોડી દે છે અથવા જેવી રીતે એ કામ કરવાનું વિચાર્યું હતું તેનાથી અલગ કરે છે અથવા જે કામ કરવાનું હતું તે ભૂલી જાય છે, અને આ વાત એ તરફ પણ ઇશારો કરે છે કે તમે

જો બીજા કોઈની વાત ઉપર ભરોસો કરો છો તો ન કરો, કેમકે જેઓ કહે છે કે હું તમારું કામ કાલે કરી આપીશ પણ કાલ થાય એટલે તેઓ આપણું કામ ભૂલી જાય છે.

આવી જ રીતે ઇમામ અલી અ.સ. ખુત્બા નં ૨૪૧માં એક બીજી વાત તરફ ઇશારો કરે છે કે રાતની વાતો સવારે ભૂલી જવાય છે, અથવા રાતનું અંધારું દિવસની તાકાત અને બનાવને ભુલાવી દે છે. કેમકે આ બધી જ વસ્તુ ફાની દુનિયાની એક નિશાની છે, દુનિયાની કોઈ પણ વસ્તુ અને કોઈ પણ વાત બાકી નથી રહેવાની, ન માલ, ન દૌલત, ન શોહરત, ન વાયદાઓ, ન વાતો, આ બધી જ વસ્તુ ખતમ થઈ જવાની છે યા એક સપનું બનીને

રહેવાનું છે કંઈ બાકી નથી રહેવાનું અને કંઈ યાદ નથી રહેવાનું.

મોલા અલી અ.સ.ની આ હદીસની એક બીજી તફસીર પણ કરવામાં આવી છે કે: "વધારે ઊંઘ ઇન્સાનને આળસુ બનાવી દે છે જેથી તે પાછળ રહી જાય છે અને નુકસાન ઉઠાવે છે."ઇમામ અલી અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે: "વધારે ઊંઘની ચાહત ખરાબ આદત છે જે જિંદગીને બરબાદ કરી દે છે અને ફાયદાઓથી દૂર કરી દે છે."(મુસ્તદ્રકુલ વસાએલ ભાગ ૧૩ પેજ ૪૪). અલ્લામા મજલિસી ર.અ. ફરમાવે છે: "બંને તફસીરમાંથી પહેલી તફસીર વધારે મુનાસીબ અને બેહતર લાગે છે."

હિકમત ૪૪૧

હુકુમત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સત્તા લોકો માટે કસોટીનું મેદાન છે."

ઇમામ અ.સ. આ નુરાની કલામમાં લોકોને ઓળખવાની એક નિશાની બતાવે છે. જ્યારે કોઈ પાસે સત્તા આવી જાય અને હુકુમત ઉપર કબજો મેળવી લે છે ત્યારે તેના માટે મોટી કસોટી શરૂ થાય છે, ક્યારેક પોતાના લોકો સામે તો ક્યારે પારકાઓ સામે, ત્યારે તેના કામો બતાવે છે કે શું તે આ જગ્યા માટે યોગ્ય છે કે નહીં? અમુક વસ્તુથી લોકોને ઓળખવામાં આવે છે: માલ, દૌલત, ગરીબી, મુસીબત અને તકલીફમાં લોકો ઓળખાય છે,

તો એવી જ રીતે અમુક લોકો જ્યારે સત્તા મેળવે છે ત્યારે ઓળખાય છે, સત્તા મેળવ્યા પછી તેનો સારો ઉપયોગ કરે છે કે ખરાબ, લોકોના લાભ માટે કામ કરે છે કે ફક્ત પોતાના માટે, તેનો વ્યવહાર બદલાઈ જાય છે કે પછી પહેલા જેવો જ હોય છે.

આ દુનિયામાં ઇમામ સિવાય બીજું એવું કોઈ નથી જેણે હુકુમત અને સત્તા મેળવ્યા પછી પોતામાં કોઈ ફેરબદલ જોવા મળ્યો હોય, એમની સિવાય જેટલા પણ લોકો સત્તામાં આવ્યા તેઓ પોતાનો અસલી રંગ દેખાડ્યો છે. ઇમામ અલી અ.સ. પાસેથી જ્યારે હુકુમત છીનવી લેવામાં આવી અને ઇમામ અ.સ. એકલા હતા ત્યારે પણ

ઝોહદવાળી જિંદગી ગુજારતા હતા અને જ્યારે ઇમામને હુકુમત મળી ત્યારે પણ ઇમામ ઝોહદવાળી જિંદગી ગુજારતા હતા. એટલે ઇમામ પાસે જ્યારે સત્તા આવી તો ઇમામ પ્રજા અને પોતાના ભાઈમાં કોઈ ફરક રાખ્યો નહીં, જે હક બીજાઓને આપતા તેટલો જ પોતાના સગા ભાઈને આપતા, જ્યારે કે બીજા હાકીમો પોતાના કુટુંબ અને સાથીઓ માટે બયતુલ માલનો દરવાજો ખોલી નાખ્યો હતો.

પોતાના તરફદારને પણ ઇમામ એવી જ રીતે ચેતવણી આપતા જેવી પોતાના દુશ્મનોને આપતા, એટલે હકની વાત આવતી તો ઇમામ એ નહોતા જોતા કે આ મારો છે નારાજ થઈ જશે તો શું થશે, બધા સાથે

સરખો વ્યવહાર કરતા. ઇમામ અલી અ.સ. માટે એક મહાન ઇરાકી લેખક લખે છે કે જ્યારે ઇમામ પાસે હુકુમત ન હતી ત્યારે પણ ઇમામ અલી અ.સ. મહેનત કરીને પૈસા કમાઈને જિંદગી ગુજારતા હતા અને જ્યારે આપની પાસે હુકુત આવી તો પણ આપ સમય કાઢી પોતાની માટે પૈસા કમાવવા જતા હતા, બીજાઓ જેવું ન હતું કે સત્તા આવી ગઈ એટલે હવે કામ કરવાની જરૂરત નથી. અને સાથે સાથે ઇમામના જે સાથીઓ હતા તેઓની જિંદગી પણ ઇમામની જેમ સાદી હતી એવું ન હતું કે હવે આપણી પાસે સત્તા છે તો જેવી રીતે મન ચાહે વાપરીએ.

એક શાઇર કહે છે: લોકોમાં પાંચ વસ્તુનો નશો હોઈ શકે છે:

માલનો નશો, જવાનીનો નશો, ઇશ્કનો નશો, શરાબનો નશો, અને સત્તાનો નશો.

અંતમાં ઇમામ જાફર સાદિક અ.સ.ની હદીસ છે કે: "જો તમારા દોસ્તને કોઈ હુકુમત યા સત્તા મળે અને ત્યાર પછી દસ ટકા પણ તમારા સાથે વ્યવહાર રાખે તો એ ખરાબ દોસ્ત નથી."આનો અર્થ કે સત્તા આવ્યા પછી વધારે મશગૂલ હોવાના કારણે જો ક્યારેક-ક્યારેક મુલાકાત થાય તો પણ સારું છે. દોસ્તને યાદ રાખવું મહત્વનું છે.

હિકમત ૪૪૨

વતન

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કોઈ પણ શહેર તમારા માટે સારું શહેર નથી, સારું શહેર એ છે જે

તમને સાથ આપે (જે તમારા માટે આરામ અને તરક્કીનું કારણ બને.)”

ઇમામ અ.સ. આ હદીસમાં ફરમાવે છે: જે તમને સાચવે, આરામ અને શાંતિ આપે, તરક્કીનો રસ્તા દેખાડે એ ગામ તમારા માટે સારામાં સારું ગામ છે. આપણું વતન એ આપણું કહેવાય, આપણા ગામથી આપણને મોહબ્બત હોય છે. પણ જો આપણા ગામમાં રહી તરક્કી ન કરી શકતા હોય, ત્યાં ઝિલ્લત અને ગરીબી હોય તો હદીસોમાં આવ્યું છે કે તમે તમારી તરક્કી માટે કોઈ એવા શહેર તરફ ચાલ્યા જાઓ જે તમને સાથ આપે અને તમને તરક્કી આપે, જો કોઈ માણસ પરેશાનીમાં હોય તો તે આંધળી તકલીદ કરી

એમ ન કહે કે હું તો મારું ગામ મૂકી ક્યાંય નથી જવાનો જે થવાનું હોય તે થાય, આ વાત બિલકુલ વ્યાજબી નથી, માણસને આગળ વધવું જોઈએ, તરક્કી માટે ગામ કે શહેર બદલવું પડે તો બદલવું જોઈએ. અને જો કોઈને પોતાના વતન અને ગામમાં ઇઝ્ઝત મળતી હોય અને તરક્કી કરી શકતો હોય તો તે પોતાના ગામમાં રહી આગળ વધે અને તરક્કી કરે અને જો કોઈને પોતાના ગામમાં આરામ અને તરક્કી ન મળતી હોય તો બીજા કોઈ ગામમાં જઈ તરક્કી અને આરામ મેળવે. જો બીજા ગામમાં જઈ તેની હાલત તેવી જ રહેવાની છે તો બીજા ગામમાં ન જવું જોઈએ

કેમકે વતનથી મોહબ્બત ઇમાનનો ભાગ છે.

ઇમામ સજ્જાદ અ.સ. એક હદીસમાં પોતાના વતનમાં રહેવા વિષે ફરમાવે છે: "એ માણસ ખુશહાલ છે જેનું કામકાજ પોતાના ગામમાં હોય અને તેના પાસે નેક દોસ્તો હોય અને તેમની ઔલાદ તેમની મદદ કરતી હોય."(કાફી ભાગ ૫ પેજ ૨૫૭). આ હદીસ ઉપર ત્યારે આપણે અમલ કરવાનું છે જ્યારે આપણા ગામમાં બધી જ સુહૂલત હોય, અને જો આપણા ગામમાં આપણી કંઈ ઇઝઝત જ ન હોય, કામ ન હોય, તો આપણે એ ગામ છોડી હિજરત કરી બીજા ગામ તરફ ચાલ્યું જવું જોઈએ જ્યાં આપણી ઇઝઝત, કામકાજ અને

તરક્કી હોય અને આરામ તથા શાંતિવાળી જિંદગી હોય.

સૂરએ અનકબૂત આયત પદ્મમાં અલ્લાહ ફરમાવે છે: "અય મારા મોમિન બંદાઓ, મારી જમીન ખરેખર વિશાળ છે ફક્ત મારી ઇબાદત કરો."જે જગ્યા ઉપર અલ્લાહની ઇબાદત કરી શકો, આરામ અને શાંતિવાળી જિંદગી જીવી શકો અને તરક્કી કરી આગળ વધી શકો એ તમારું ગામ છે પછી દુનિયાના કોઈ પણ ખૂણામાં હોય.

હિકમત ૪૪૩

માલિકે અશ્તરની મહાનતા

જ્યારે માલિકે અશ્તરની શહાદતની ખબર મળી ત્યારે ઇમામ અલી અ.સ. ફરમાવ્યું: માલિક! માલિક શું હતો! (તમને ખબર છે?) ખુદા

કસમ! જો તે પહાડ હોત તો એક બુલંદ પહાડ હોત, અને જો એક પથ્થર હોત તો મજબૂત પથ્થર હોત, ન કોઈ સવારી તેની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. અને ન કોઈ પક્ષી તેની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. (સય્યદ રઝી ર.અ. કહે છે: આ વાક્યમાં "ફીંદા"શબ્દ આવ્યો છે તેનો મતલબ એ પહાડ જે બીજા પહાડો કરતાં અલગ હોય અને એકલો અડગ હોય.)

જ્યારે ઇમામ અ.સ.ને ખબર પડી ત્યારે આપ ફરમાવે છે કે માલિક, શું માલિક હતા, તે એક ખૂબ જ મહાન મર્તબા અને દરજ્જાવાળા વ્યક્તિ હતા, પહાડ જેવા બુલંદ અને પથ્થર જેવા મજબૂત હતા, જેના વખાણ ઇમામ

અ.સ. કરે ખરેખર તે વ્યક્તિ મહાન કહેવાય, તેના વિષે બીજું કંઈ ન તો બોલી શકાય અને ન તો લખી શકાય. ઇમામ અ.સ. જનાબે માલિક અશ્તરના વખાણ સંપૂર્ણ બયાન કર્યા છે, એવા બુલંદ મર્તબાવાળા છે કે કોઈ પણ વ્યક્તિ તેમની બુલંદી સુધી નથી પહોંચી શકતું, અને કોઈ પણ પક્ષી તેમની બુલંદી સુધી ઉડી નથી શકતું. આપ એવા મજબૂત હતા કે કોઈ પણ ઘટના આપના ઇમાનને કમજોર ન કરી શકી, આપની ફિક્ર અને વિચારો ખૂબ જ બુલંદ હતા, અને આપની પાસે એટલી બધી તાકાત હતી કે કોઈ આપનો મુકાબલો કરી શકે તેવું ન હતું. ઇમામ અ.સ. બે વાક્યમાં સરખી રીતે સમજાવી દીધું કે જ.

માલિકે અશ્તર અમલના મેદાનમાં પણ બહુ જ આગળ હતા તેથી ઇમામ અ.સ. આ રીતે વખાણ કર્યા છે.

ઇમામ અ.સ. માલિકે અશ્તરની ફઝીલતમાં પત્ર નં ૧૩માં આ રીતે બયાન ફરમાવે છે : જંગે સિફ્ફીનમાં જંગ વખતે આપે ફરમાવ્યું: "માલિક તે વ્યક્તિ છે જે કદી આળસ કરતા ન હતા, ડર અને શક તેમનાથી દૂર હતો, જે કામ કરવામાં ઉતાવળ કરવી જોઈએ ત્યાં મોડું નહોતા કરતા, અને જે કામ આરામથી કરવું જોઈએ ત્યાં ઉતાવળ નહોતા કરતા,"જ્યારે આપને મિસ્ત્રના હાકીમ બનાવ્યા ત્યારે મિસ્ત્રના લોકો માટે ઇમામ અ.સ. આ રીતે પયગામ લખી મોકલે છે : અલ્લાહના

વખાણ કર્યા પછી, "હું તમારી પાસે અલ્લાહના ખાસ બંદાઓમાંથી એક બંદો મોકલું છું જ્યારે જંગ અને ડરનું મેદાન હોય ત્યારે તેમની આંખમાં ઊંઘ આવતી નથી, અને દુશ્મનોથી ડરવાના સમયે દુશ્મનોથી ડરતા નથી અને ભાગતા નથી, અને ખરાબ અને ગુનેહગાર લોકો સામે સળગતી આગ કરતાં વધારે જ્વાળા ફેંકનાર છે, અને આ માલિક અશ્તર મઝહજ કબીલાના છે."

હિકમત ૪૪૪

થોડુંક પણ સતત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "થોડુંક કામ પરંતુ સતત થતું રહે તે બહેતર છે એ વધારે કામ કરતાં કે જેમાં તમે થાકી જાઓ."

ઇમામ અ.સ. આ હિકમતમાં એક ખૂબ જ મહત્વની વાત બયાન કરે છે જે બધા જ લોકો અને દરેક સમાજને લાગુ પડે છે. ઓછું કામ કરો પણ હંમેશા અને લગાતાર કરો એવું ન બને કે વધારે કામ કરો પણ જલ્દી થાકી જાઓ અને પછી બંધ કરી દેવામાં આવે. આવી જ એક હિકમત ૨૭૮માં બયાન થયેલી છે પરંતુ સય્યદ રઝી અહીંયા પણ તેની જેવી હિકમત બયાન કરી છે થોડાક અલગ શબ્દો સાથે. જે સમયમાં આપ કિતાબ લખતા હતા ત્યારે એ સમયમાં બહુ જ વધારે ફાસલો હતો તો બની શકે છે એક હિકમત બે વખત બયાન થઈ ગઈ હોય, અહીંયા જે શબ્દો આવ્યા છે તે અને ૨૭૮માં જે વાપરવામાં આવ્યા

તે અલગ અલગ છે પરંતુ બંનેના અર્થ સરખા છે. જો કોઈ વધારે આ હિકમત સમજવા માંગતા હોય તો તેઓ ૨૭૮ હિકમત વાંચે, તે ઇબાદત માટે છે તો અહીંયા બધી જ વસ્તુ માટે છે.

કોઈ પણ વસ્તુ વધારે કરવામાં આવે તો અમુક સમયમાં થાકી જવાય છે, ભલે તે ઇબાદત હોય કે કોઈ કામકાજ, આળસ સાથે અને મન વગર કામ કરવા કરતાં બહેતર છે કે થોડુંક કામ કરવામાં આવે, થોડીક ઇબાદત કરવામાં આવે પણ આરામથી કરે, દિલ લગાડીને કરે તો તે બહેતર છે. અમુક લોકો જ્યારે જુએ છે કે તેમના વખાણ કરવામાં આવી રહ્યા છે તો તેઓ જલ્દીથી તે કામ કરવા લાગે છે તેમાં એવા

કામ કરવા લાગે છે જેથી લોકો થાકી જાય છે, અને છેલ્લે લોકો તેવા માણસથી નફરત કરવા લાગે છે, જે કામ ખુશી સાથે અને મન લગાવીને કરે ભલે ધીમે ધીમે હોય આ કામ તે કરતાં બહેતર છે જેમાં મન વગર અને થાક સાથે હોય.

આ હદીસ બધી જ વસ્તુઓમાં લાગુ પડે છે: ઇબાદત, મદદ, સમાજના કામકાજ, ઇલ્મ હાસલ કરવા, અને અમલ માટે કે કોઈ બીજી વસ્તુ હોય. હોશિયાર વ્યક્તિ બધી વસ્તુને સમજીને મન લગાવીને તેની લિમિટ અને હદમાં કરે છે અને ફાયદો મેળવે છે અને સતત કરતો રહે છે પછી ભલે તે કામ દુનિયામાં ફાયદો પહોંચાડતું હોય કે આખેરતમાં અજરનું કારણ બને.

ઓછું કામ પરંતુ સતત કરવાથી તેના લાભ મળે છે.

હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "દીને ઇસ્લામ મજબૂત અને બાકી રહેવાવાળો છે તેના સાથે સારો વ્યવહાર કરો, અલ્લાહની ઇબાદતથી નફરત ન કરો (વધારે પડતી ઇબાદત કરીને) કેમકે જે અધિક વધારે કરે છે તે પોતાના મંઝિલ સુધી નથી પહોંચતો, અને ન તો તેની સવારી સલામત રહે છે."{બિહારુલ અનવાર ભાગ ૬૮ પેજ ૨૧૮}. સવારી આજના સમય પ્રમાણે ગાડી વગેરે... હોય કે પહેલાંના સમય પ્રમાણે ઘોડા, ઊંટ હોય તે સવારી સારી નથી રહેતી જેનો ઉપયોગ હદ કરતાં વધારે કરવામાં આવે, માણસ પણ થાકી

જાય છે અને સવારી પણ ખરાબ થઈ જાય છે. એવી જ રીતે કોઈ પણ કામ હદથી વધારે કરવાથી માણસ તે કામને નાપસંદ કરવા લાગે છે અને તેનો દુશ્મન બની જાય છે.

ઇમામ સજ્જાદ અ.સ. ફરમાવે છે: "હું પસંદ કરું છું કે સારું કામ હંમેશા કરતો રહું ભલે પછી ઓછું હોય."{કાફી ભાગ ૨ પેજ ૮૩}. ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "જે માણસ કોઈ પણ નેક કામ શરૂ કરે તો તેને એક વર્ષ સુધી સતત કરે અને જો પછી બીજું કોઈ નેક કામ કરવા ચાહે તો એક વર્ષ પછી શરૂ કરે કેમકે શબે કદર વર્ષમાં એક વખત આવે છે આ તે વસ્તુ છે જે અલ્લાહ ચાહે છે."(કાફી ભાગ

૮૨ હદીસ ૧). ઉપર બયાન કરેલી હદીસ તે વાત દર્શાવે છે કે તમારા નેક અમલ એક વર્ષ સુધી સતત થતા રહે જેથી શબે કદર આવે તો તેના સાથે ભળી જાય.

હિકમત ૪૪૫

સારા ગુણનો અસર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જ્યારે કોઈ વ્યક્તિમાં સારા ગુણો હોય તો તેનાથી સારી આશા રાખો."

આ હિકમત માણસના બાતિનને જાહેર કરે છે. જ્યારે કોઈ માણસમાં સારા ગુણ જુઓ તો તેની પાસે તેના જેવી સારી વસ્તુઓની આશા રાખવામાં આવે, જેવી રીતે એક ઝાડમાં આપણને એક મીઠું ફળ મળે તો આપણી આશા હોય છે કે આ

ઝાડમાં બધા જ ફળ મીઠા હશે, અને જ્યારે આપણને કોઈ એક જગ્યા ઉપર કીમતી પથ્થર મળે તો આપણે એમ સમજીએ છીએ કે આ જગ્યા કીમતી પથ્થરનો ખઝાનો હશે, એવી જ રીતે જ્યારે કોઈ માણસમાં આપણને સારા ગુણ દેખાય તો આપણે સમજીએ છીએ કે તે માણસમાં દરેક સારી ખૂબીઓ હશે કેમકે નેકી નેકીને ખેંચે છે જો એક ખૂબી હશે તો બીજી ખૂબીઓ તેની પાસે જરૂર હશે.

અને આવી જ રીતે જો કોઈમાં એક બુરાઈ છે તો તેની અંદર બીજી બુરાઈઓ પણ હશે, જે માણસની ભાષા ખરાબ હોય અપશબ્દ બોલતો હોય, તે માણસમાં બીજી બુરાઈઓ પણ હશે, તેવા માણસથી સાચું

બોલવાની અને સારી વાતોની આશા ન રાખી શકાય, કેમકે એક બુરાઈ બીજી ખરાબ આદતોને દાવત આપે છે એટલે જરૂરી છે કે પોતામાં એક પણ ખરાબ આદત ન હોવી જોઈએ જેથી બીજી ખરાબ આદતોથી દૂર રહી શકીએ, અને સારી આદતોને અપનાવી જોઈએ જેથી સારી આદતો આવે અને નેક લોકોમાં ગણતરી થાય.

હદીસમાં છે કે બધા જ ગુનાહનું મૂળ ખોટું બોલવું છે તો જે માણસ ખોટું બોલે તેનાથી સારી ઉમ્મીદ ન રાખવી જોઈએ. એવી જ રીતે શરાબ માટે પણ છે તો જે શરાબ પીવે તેનાથી સારી ઉમ્મીદ ન રાખવી જોઈએ. એ જ પ્રમાણે કંજુસી માટે પણ છે કે તે તમામ

બુરાઈને જાહેર કરે છે. ગુસ્સા માટે પણ આવું જ છે કે તે બધી જ બુરાઈઓનું મૂળ છે. દુનિયાની મોહબ્બત પણ બધી જ બુરાઈનું મૂળ છે. જો કોઈ વ્યક્તિમાં આવી યા આમાંથી કોઈ ખરાબ આદત છે તો બીજી બધી ખરાબ આદતો પણ તેમાં જોવા મળશે.

અને સારી આદતોમાં આખેરતની યાદ, અલ્લાહ રસૂલ અને ઇમામથી મોહબ્બત, અલ્લાહનો ડર, નમાઝ પઢવું, જમાત સાથે નમાઝ પઢવું, સાચું બોલવું, અમાનતદારી, ઇમાનદારી, ગુસ્સો કંટ્રોલ કરવો વગેરે... છે. જો કોઈ પાસે આમાંથી એક પણ સારી આદત હોય તો બીજી બધી સારી આદતોની આશા તેમની પાસેથી રાખવામાં આવે છે.

ક્યારેક એવું પણ બની શકે છે કે એક ભાઈમાં એક આદત સારી છે પણ બીજી બધી જ ખરાબ આદતો તેનામાં છે અને એવી જ રીતે એક ભાઈમાં એક આદત ખરાબ છે અને બીજી બધી સારી આદતો છે તો આવું ઓછુ જોવા મળે છે પણ બની શકે છે. માણસને ઓળખવા માટે તેની સારી અથવા ખરાબ આદત મહત્વ રાખે છે.

હિકમત ૪૪૬

હકની અદાયગીનું મહત્વ.

ઇમામ અલી અ.સ., ફરઝદકના પિતા જેમનું નામ ગાલિબ બિન સઅસઆ હતું તેમની સાથે વાત કરે છે, ત્યારે ઇમામ અ.સ. પૂછે છે કે: તારા બધા ઊંટ ક્યાં ગયા? ગાલિબ કહે છે; અય અમીરુલ મોમિનિન

અ.સ., લોકોના હક અદા કરવામાં (ઝકાતમાં) મારાથી જુદા થઈ ગયા, ઇમામ અ.સ. જવાબમાં ફરમાવ્યું: "તેમને સારી જગ્યા ઉપર તમે ખર્ચ કર્યા."

કિતાબોમાં ઘણી બધી જગ્યા ઉપર આ કિસ્સો બયાન કરવામાં આવ્યો છે ખાસ કરીને એક કિતાબ કે જેનું નામ "તારીખે મદીના વ દમિશ્ક"કે જેને લખનાર ઇબ્ને અસાકિર કે જે એક મશહૂર લેખક છે તે લખે છે કે ફરઝદક એક મશહૂર શાઇર હતા, જે નાના હતા ત્યારે પોતાના પિતા જેમનું નામ ગાલિબ બિન સઅસઆ હતું, મોલા અલી અ.સ.ની ખિદમતમાં પહોંચે છે, ત્યારે ઇમામ જંગની તલવારને જોઈ રહ્યા હતા અને સજાવી રહ્યા

હતા. ઇમામ અ.સ. તેમની તરફ જોઈને પૂછ્યું કે: "તમે કોણ?"તેઓ કહે છે: "હું ગાલીબ બિન સઅસઆ છું,"ત્યારે ઇમામ કહે છે: "તું એ છો કે જેની પાસે ઘણા બધા ઊંટ હતા,"ત્યારે તે કહે છે: "હાં."પછી ઇમામે પૂછ્યું: "તેની સાથે શું કર્યું?"તે કહ્યું: "મેં લોકોના હક અદા કર્યા, ઝકાત આપી અને હવે તે મારી પાસે નથી રહ્યા અલગ અલગ જગ્યા ઉપર ખર્ચ થઈ ગયા."

ત્યારે ઇમામ અ.સ. ફરમાવ્યું કે તારું આ કામ બહુ જ સારું છે જે જગ્યા ઉપર ખર્ચ કરવાનો હક હતો ત્યાં તે ખર્ચ કર્યા છે. પછી ઇમામે ફરમાવ્યું: "શું આ નાનું બાળક તારી સાથે છે?"તે કહે છે: "હા, આ મારો દીકરો હમામ છે કે જેને

ફરઝદકથી બધા ઓળખે છે, અને તે આ નાની એવી ઉંમરમાં શાઇર બની ગયો છે,"તો ઇમામ અ.સ. કહ્યું: "તેને કુરાન શીખવો કેમકે કુરાન તેના માટે બેહતર છે."પછી ફરઝદક કહે છે; ઇમામની આ વાત મને હંમેશા યાદ આવતી અને મેં કસમ ખાધી કે હું કુરાન જરૂર યાદ કરીશ, હિફ્ઝ કરીશ, અને મેં કુરાન યાદ કરવાનું શરૂ કર્યું અને કુરાન યાદ કરીને હાફિઝે કુરાન બની ગયો.

ઝકાત નવ વસ્તુ ઉપર વાજિબ છે તેમાંથી એક ઊંટ છે, અને ઝકાતની સાથે સાથે બીજા વાજિબ અને સુન્નત હક્કો પણ છે તેને અદા કરવામાં આવે. ઇમામ બતાવવા ચાહે છે કે આજે તમે જે લોકોનો હક

અદા કરવામાં માલ ખર્ચ કર્યો છે, તે દુનિયાથી આખેરતમાં ચાલ્યો ગયો છે અને આખેરતમાં આ માલ બદલા રૂપે મળશે.

જે લોકો આ વાજિબ અદા કરવાને સારું નથી સમજતા તો તે લોકો માટે કુરાનમાં સૂરએ તૌબા આયત ૯૮માં આવ્યું છે: "અને આ બદદુ લોકોમાં અમુક લોકો એવા છે કે જેઓ અલ્લાહની રાહમાં ખર્ચ તો કરે છે પણ તેને ખંડણી (ઉઘરાણી) સમજે છે અને તેઓ તમારા પર ખરાબ દિવસો અને ખરાબ સમય આવવાની રાહ જુએ છે અને અલ્લાહ બેહતરીન સાંભળવાવાળો અને જાણવાવાળો છે."તો જેઓ લોકોના હક અદા કરવામાં ખર્ચ નથી કરતા અને ખરાબ વિચારે છે

તેઓનો હિસાબ કિતાબ અલ્લાહ કરશે અને અલ્લાહ બધી જ વસ્તુ અને બધી જ નિય્યતની જાણકારી રાખે છે અને જે વસ્તુ અહીંયા છે તે અહીંયા રહેવાની છે પણ જો તેને વાજિબ સમજી અદા કરી દેવામાં આવે અથવા રાહે ખુદામાં ખર્ચ કરવામાં આવે તો તેના માટે આખેરતમાં બેહતરીન અજર છે. પરંતુ જો કોઈ વાજિબાત અદા ન કરે અથવા રાહે ખુદામાં ખર્ચ ન કરે તો અલ્લાહના ત્યાં સખત અઝાબ રાખવામાં આવેલો છે.

હિક્મત ૪૪૭

વેપાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે વેપાર વિષેના દીની મસાએલ

જાણ્યા વગર ધંધો કરશે તે વ્યાજમાં દાખલ થઈ જશે.”

ઇમામ અ.સ. અહીંયા નુરાની કલામમાં વેપારી લોકોને ચેતવી રહ્યા છે કે જ્યારે ધંધો શરૂ કરો તો ઇસ્લામિક એહકામ જરૂર શીખો, જેથી તમે વ્યાજથી બચી શકો અને કોઈ ઇસ્લામિક એહકામ શીખ્યા વગર વેપાર શરૂ કરશે તે વ્યાજમાં દાખલ થઈ જશે જેના નતીજામાં હરામ કામો કરવા લાગશે. તો જરૂરી છે કે પહેલાં લેણદેણના ઇસ્લામિક કાનૂન વાંચે અને સમજે, જેથી ગુનાહથી બચી શકે. જ્યારે કોઈને ધંધાના દીની મસાએલની માહિતી ન હોય તો તે એવી રીતે વ્યાજમાં ફસાઈ જાય છે કે તેને ખબર પણ નથી પડતી.

વ્યાજ બે પ્રકારનું હોય છે જેના વિષે દરેકને જાણવું જરૂરી છે, અહીંયા ટૂંકમાં માહિતી આપવામાં આવી રહી છે વધારે જાણવા માટે તવઝીહુલ મસાએલ વાંચે. એક - ધંધામાં વ્યાજ; એક ભાઈ ૧૦૦ કિલો ખરાબ ઘઉં આપી ૫૦ કિલો સારા ઘઉં લે તો આ વ્યાજનો સોદો કહેવાય અને હરામ છે. બીજું ઉધારમાં વ્યાજ : એક ભાઈ બીજા ભાઈને એક લાખ રૂપિયા આપે અને કહે એક મહિના પછી તમારે મને એક લાખ દસ હજાર રૂપિયા પાછા આપવાના છે તો આ વ્યાજ છે અને હરામ છે, અમુક લોકો વ્યાજને બીજી રીતે અંજામ આપે છે એટલે કે પૈસાની બદલે કોઈ નેક કામ કરવાનું કહે છે જેમકે: "એક

લાખ રૂપિયા આપું છું અને જ્યારે તારે પાછા આપવાના હોય તો મારા તરફથી મારા મર્હુમ માટે એક કુરાન પઢી દેજે,''આ પણ વ્યાજ છે અને હરામ છે. આવી જ રીતે કોઈ પણ અલગ અલગ શરત રાખે તે હરામમાં આવે છે.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: ''લોન અથવા કર્ઝ તમને કોઈ પણ રીતે ફાયદો પહોંચાડે તે વ્યાજ છે.''(અસ્સુફ્રુલ કુબ્રા ભાગ ૫ પેજ ૩૫૦). એટલે કે લેણદેણ કરતી વખતે કોઈ પણ શરત લગાડવામાં આવે તો તે હરામ છે અને વ્યાજમાં ગણવામાં આવે છે પછી વધારે પૈસા હોય કે બીજી કોઈ વસ્તુ હોય, જેમકે: ''હું તને કર્ઝ આપું છું, તારે પણ મને કર્ઝ આપવાનો''આ બધી

જ વસ્તુ વ્યાજમાં આવી જાય છે. ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેને લેણદેણના એહકામની સરખી જાણકારી નથી તે બજારમાં ધંધો કરવા માટે ન જાય."(કાફી ભાગ ૫ પેજ ૧૫૪).

બીજી એક હદીસમાં છે કે ઇમામ અલી અ.સ. એક વખત મિમ્બર ઉપર બેસીને લોકોને બયાન ફરમાવે છે: "અય વેપારીઓ! પહેલાં મસાએલ જાણો પછી ધંધો કરો,"ઇમામ આ વાક્ય ત્રણ વખત બોલ્યા, પછી કહ્યું: "અલ્લાહની કસમ વ્યાજ આ ઉમ્મત વચ્ચે સખત પથ્થરમાં કીડીની ચાલ કરતાં પણ વધારે છુપું છે, તમે ઇમાનને હક સાથે સરખાવો અને માપો, જો કોઇ ઇસ્લામિક કાયદા કાનૂનની

વિરુદ્ધમાં મામલો કરશે તો તેની જગ્યા દોઝખ છે સિવાય એ કે જે હક જાણી મામલો કરે અને હક જાણીને હાસલ કરે.”(કાફી ભાગ ૫ પેજ ૧૫૦). કુરાનમાં આવ્યું છે: “જે કોઈ વ્યાજનો ધંધો કરે છે તે અલ્લાહ અને રસૂલ સામે જંગનું એલાન કરે છે.”

આજે સમાજમાં વ્યાજનું ચલન છે એટલે સમાજ આગળ વધી શકતો નથી, જે પૈસાવાળા છે તે વધારે પૈસાવાળા બની રહ્યા છે અને જે ગરીબ છે તે વધારે ગરીબ, કેમકે ગરીબ જેટલી પણ મહેનત કરે તેના પૈસા અમીર પાસે જાય છે અને અમીર વધારે અમીર બનતો જાય છે અને ગરીબ વધારે ગરીબ. તો સમાજમાં જે લોકો વ્યાજનું કામકાજ

કરે છે તેઓથી દૂર રહેવું જોઈએ કેમકે તેને આ દુનિયામાં પણ અઝાબ મળવાનો છે અને આખેરતમાં સખ્ત અઝાબ થશે. વ્યાજની છૂટ ઇસ્લામમાં કઈ જગ્યા, ક્યારે અને કેવી રીતે આપવામાં આવી છે તેના વિષે વધારે માહિતી મસાએલની કિતાબો અને આલિમો પાસેથી મેળવી લેવી જેથી ગુનાહમાં ન ફસાઈ શકે.

હિક્મત ૪૪૮

તકલીફને મોટી ન સમજો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે કોઈ નાની તકલીફને મોટી સમજશે તેને અલ્લાહ મોટી તકલીફમાં નાખી દેશે."

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે કે જિંદગીમાં

નાની-મોટી તકલીફો આવે છે, અને જિંદગીનું બીજું નામ તકલીફ છે, દુનિયામાં કોઈ પણ એવું નથી કે જે તકલીફમાં ન હોય, દરેક કોઈને કોઈ તકલીફમાં ઘેરાયેલો છે. પણ જો કોઈ નાની એવી તકલીફને મોટી સમજશે અને નાશુક્રી કરશે તો અલ્લાહ તેના ઉપર મોટી તકલીફો મોકલશે. તકલીફ પણ જાતજાતની હોય છે: કોઈ બીમાર છે, તો કોઈ ગરીબ છે તો કોઈના લગ્ન નથી થઈ રહ્યા, તો કોઈ પાસે કામધંધો નથી, તો કોઈ પાસે સગા-સંબંધી નથી તો કોઈ પાસે સારા દોસ્તો નથી વગેરે..... દુનિયામાં એવું કોઈ નહીં હોય જેની પાસે પરેશાની અને તકલીફ ન હોય ચાહે તે દુનિયાનો સૌથી મોટો

પૈસાવાળો જ કેમ ન હોય, તેની પાસે પણ કોઈ ન કોઈ પરેશાની હશે.

ઘણી વખત મુસીબત અને તકલીફ આપણી પરીક્ષા લેવા માટે હોય છે તો ઘણી વખત ગુનાહોનો કફ્ફારો હોય છે, યા કોઈ અન્ય કારણ હોઈ શકે છે, હવે જો કોઈ નાની એવી પરેશાનીમાં કકળાટ અને ફરિયાદ કરવા લાગે અને નાશુક્રી કરવા લાગે તો તેને મોટી તકલીફ માટે તૈયાર રહેવું જોઈએ, તેથી નાની તકલીફને નાની સમજવી જોઈએ, અને જો કોઈ નાની તકલીફમાં સબ્ર અને શુક્ર અદા કરે તો અલ્લાહ તેની તકલીફોને દૂર કરી દેશે. અલ્લાહ જે હાલમાં રાખે તેની ઉપર રાઝી

રહીએ તો તેનો સારો બદલો મળે છે.

બીજું ખાસ યાદ રાખવું જોઈએ કે તકલીફની મુદ્દત ઓછી છે અને હંમેશા બાકી નથી રહેતી, અને થોડાક સમય પછી તે મુસીબત પણ ભુલાઈ જાય છે તો પછી શા માટે કકળાટ કરીને વધારવી જોઈએ? આ દુનિયામાં ઘણા બધા ઉદાહરણ જોવા મળે છે અને મળતા રહેશે કે લોકો ઉપર કેવી કેવી મુસીબત આવી, અને તેના પર સબ્ર કર્યું અને તેનાથી કંઈ શીખ્યા પણ છે, જેવી રીતે ચીન દેશનો છેલ્લો બાદશાહ કે જે દુનિયાના બધા બાદશાહ બધા જ કરતાં મોટો હતો જ્યારે તેની બાદશાહત કોઈ કારણસર ખતમ થઈ ગઈ તો તે

પોતાની મહાન બાદશાહતને ભૂલીને એક બાગમાં નોકરી કરવા લાગ્યો અને માળી બનીને રહે છે અને ત્યાં કામ કરતા કરતા તેણે પોતાની હિસ્ટ્રી લખી અને ૨, ૪ કિતાબ લખી નાખી જેથી આવનાર પેઢી માટે ઈબરત બની શકે કે દુનિયાની કોઈ પણ વસ્તુ તમારી પાસે હંમેશા નથી રહેવાની, હું બાદશાહ હતો અને મારી સાથે શું શું થયું અને કેવી રીતે મારી બાદશાહત ખતમ થઈ દરેક વસ્તુ કિતાબમાં લખ્યું.

અક્કલમંદ માણસ પોતાની ઝાતને જન્નત સિવાય બીજી કોઈથી નથી વહેંચતો એટલે જન્નતમાં જવું હોય તો પોતાની જિંદગીને અલ્લાહની બંદગી અને તેના હુકમ મુજબ ચાલીને જ કામયાબી મળે છે.

હિકમત ૪૪૯

પાક નફ્સ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેના પાસે પાક નફ્સ (આત્મા) છે તેને પોતાની ઈચ્છાઓ નકામી લાગશે."

જે માણસ ખરાબ ઈચ્છાઓમાં જકડાયેલો હોય છે તેને પોતાની પરવા નથી હોતી, જેમનો મકસદ ફક્ત પેટ ભરવું અને હવસ હોય છે તેની અલ્લાહ અને લોકો પાસે કોઈ ઇઝ્ઝત નથી હોતી, અને જાત જાતની પરેશાનીઓ અને બીમારીઓ તેની અંદર ઘર કરી જાય છે. એટલે કહેવાય છે કે જેની પાસે પાક નફ્સ હોય છે તે પેટ અને હવસ પાછળ નથી ભાગતા બલ્કે પોતાને દરેક ગુનાહોથી બચાવે છે.

હવસ અને તેના જેવા બીજા ગુનાહ તરફ જવાનું દરેકને મન થતું હોય છે પરંતુ પાક નફ્સના માણસો અલ્લાહની ખુશી ખાતર તેને છોડી દે છે, અને દુનિયાની લિઝ્ઝત કરતાં આખેરતના અજરને વધારે મહત્વ આપે છે, અને નફ્સની હવસને નકામી સમજે છે. કુરઆન મજીદમાં ઘણી જગ્યાએ આ તરફ ઇશારો થયો છે કે નફ્સની ખરાબ ઈચ્છાઓથી બચો. જનાબે આદમ અ.સ.ને જે વસ્તુથી રોકવામાં આવ્યા હતા ફક્ત તે એક ઈચ્છા ઉપર અમલ કર્યો (તરકે અવલા કર્યું) જન્નતના કપડા લઈ લેવામાં આવ્યા, જનાબે યુસુફ અ.સ. પોતાની નફ્સની ઈચ્છાનો વિરોધ કર્યો તો ગુલામથી બાદશાહ બની

ગયા. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવ્યું: "હું મારી ઉમ્મતથી ડરું છું કે તેઓની નફ્સની ઈચ્છાઓ તેમને હકથી દૂર ન કરી દે (દીનથી દૂર ન કરી દે)."

જ્યારે ખરાબ ઈચ્છાઓ મનમાં આવવા લાગે ત્યારે અક્કલ કામ કરવાનું છોડી દે છે અને જ્યારે અક્કલ કામ કરવાનું બંધ કરી દે ત્યારે ખરાબ ઈચ્છાઓ કરવા લાગે છે, ગુનાહ કરવા લાગે ત્યારે તે શૈતાનનું હથિયાર બની જાય છે ત્યારે તે શૈતાનનો બંદો બની કામ કરવા લાગે છે. ઇમામ અલી અ.સ. એક હદીસમાં આ વિષય ઉપર ફરમાવે છે: "અક્કલ ઇલાહી લશ્કર ધરાવે છે અને ખરાબ ઈચ્છાઓ શૈતાની લશ્કર ધરાવે છે અને

માણસ આ બંને વસ્તુની વચમાં હોય છે તેમાંથી જે જીતે તે તરફ માણસ ચાલ્યો જાય છે.”(ગોરરુલ હિક્મ હદીસ ૩૦૪). એટલે જે કોઈ અક્કલથી કામ લેશે અને ખરાબ ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવશે તે ઇલાહી લશ્કરમાં શામિલ થશે અને જે માણસ ખરાબ ઈચ્છાઓ ઉપર અમલ કરે તે શૈતાની લશ્કરનો સિપાહી બની જાય છે. બીજી એક હદીસમાં ઇમામ અ.સ. ફરમાવે છે: “અક્કલ અને હવસ બંને એકબીજાના વિરોધી છે, અક્કલને ઇલ્મ મદદ કરે છે અને હવસને ખરાબ ઈચ્છાઓ મદદ કરે છે અને માણસની રૂહ આ બંનેની વચમાં હોય છે અને આ બંનેમાંથી જે જીતે

છે માણસ તેની સાથે રહેવા લાગે છે.”(ગોરરુલ હિક્મ હદીસ ૪૪૮).

હિક્મત ૪૫૦

મજાક

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “કોઈ સાથે (ખોટી) મજાક ન કરો, જો કરશો તો અક્કલનો થોડોક ભાગ ખતમ થઈ જશે.”

મોલા અલી અ.સ. આ નુરાની કલામમાં ફરમાવે છે કે ખોટી મજાક એટલે જે વ્યાજબી ન હોય અને જેનાથી લોકોને નુકસાન થાય તેવી મજાક ન કરો, જો કોઈ આવી મજાક કરશે તો તેની અક્કલનો થોડોક ભાગ ખતમ થઈ જશે. મજાક એટલે એ વાત કે જે હકીકત ન હોય, લોકોને આવી વાતોમાં મજા આવતી હોય છે પરંતુ તેનાથી

બીજાઓને તકલીફ થતી હોય છે તો આવી મજાક ન કરવી જોઈએ.

જો સાચી વાત હોય અને કોઈને ખોટું ન લાગે તેવી મજાક કરવામાં કંઈ વાંધો નથી, હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "હું મજાક કરું છું પરંતુ હક વાત સિવાય બીજું કંઈ નથી બોલતો."(શર્હે ઇબ્ને હદીદ ભાગ ૫ પેજ ૩૩૦). રસૂલ કેવી મજાક કરતા, એક વખત એક વૃદ્ધ ઓરત રસૂલની ખિદમતમાં હાજર થાય છે ત્યારે રસૂલ સ.અ.વ. ફરમાવે છે કે: "જન્નતમાં વૃદ્ધ ઓરત દાખલ નહીં થાય,"તો તે વૃદ્ધ ઓરત રોવા જેવી થઈ જાય છે ત્યારે રસૂલ સ.અ.વ. કહે છે: "અફસોસ ન કર, તને જવાન બનાવીને જન્નતમાં દાખલ કરવામાં

આવશે.''રસૂલે ખુદા મોમિનો સાથે મજાક કરી તેઓને ખુશ કરતા હતા, મજાક કરવાની મનાઈ નથી, ખોટી મજાક કરવાની મનાઈ કરવામાં આવી છે. ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: ''જે મજાકથી મોમિન ભાઈ ખુશ થાય તે સારી વસ્તુ છે.''(કાફી ભાગ ૨ પેજ ૬૩૩).

ખોટી મજાક દુશ્મની અને નફરત પેદા કરે છે અને ખોટી મજાકમાં અપશબ્દો, ગીબત અને આક્ષેપ હોય છે અને બીજાને બેઇઝઝત કરવામાં આવે છે જેથી ખોટી મજાકની મનાઈ કરવામાં આવી છે અને જો કોઈ ખોટી મજાક કરે છે તો તેની અક્કલનો એક ભાગ ખતમ થઈ જાય છે. અને જે લોકો તમને ન ઓળખતા હોય તેની

સાથે મજાક કરવાથી રોકવામાં આવ્યા છે; હઝરત ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: "લોકો સાથે સખતી સાથે બોલચાલ ન કરો એ તમારી ઇઝઝત ખતમ કરી દે છે અને જે લોકો તમને ઓળખતા ન હોય તેવા લોકો સાથે પણ મજાક ન કરો એ તમારી સામે બહાદુર બની જાય છે,"(કાફી ભાગ ૨ પેજ ૬૬૫). જો હદમાં હોય તો તે મજાકથી મહોબ્બત વધે છે અને દુશ્મની દૂર થાય છે.

હિકમત ૪૫૧

સારો વ્યવહાર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જે લોકો તમારી તરફ આવવા ચાહે તેઓથી દૂરી રાખવી તમારા માટે નુકસાનકારક છે અને જે તમારાથી

દૂરી રાખે તેની તરફ ઝુકાવ રાખવો તમારા માટે ઝિલ્લતનું કારણ છે.”

ઇમામ અ.સ. આ હિકમતમાં બે વસ્તુ બયાન કરે છે. જ્યારે સમાજમાં કોઈ પણ વ્યક્તિ આપણાથી મોહબ્બત રાખે અને તે આપણી સાથે સારો વ્યવહાર રાખવા માંગતો હોય, અને આપણે તેની મોહબ્બતનો જવાબ મોહબ્બતથી ન આપીએ અને તેનાથી દૂર રહીએ, તો આપણને જ્યારે તેની જરૂરત પડશે ત્યારે નુકસાન ઉઠાવવું પડશે. અક્કલમંદ માણસ બધા સાથે સારા સંબંધ રાખે છે કેમ કે ખરાબ સંબંધ રાખવાથી કોઈક વખત તે માણસ અડચણ બને છે.

અને બીજી વાતમાં ઇમામ અ.સ. બયાન ફરમાવે છે કે જો કોઈ

આપણા સાથે સંબંધ અને વ્યવહાર રાખવા ન માંગે તો આપણે તેની તરફ હાથ આગળ ન વધારવો જોઈએ, નહીં તો બદનામી અને ઝિલ્લતનું કારણ બનશે. તેવા લોકોથી દૂરીમાં ઇઝ્ઝત છે.

એક કહેવત છે: હજાર દોસ્ત હોય તો પણ ઓછા છે અને એક દુશ્મન હોય તો પણ વધારે છે. તો દુશ્મનોથી બચીને રહેવું અને કોઈ આપણું દુશ્મન ન બને એ ધ્યાન રાખવું. ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "જે તમારી ઇઝ્ઝત કરે, તમે તેની ઇઝ્ઝત કરો અને જે તમને મહત્વ ન આપે તેનાથી દૂર રહો."(મીઝાનુલ હિકમત ભાગ ૭૧ પેજ ૧૬૭).

દુનિયાની જિંદગીમાં બધા જ એકબીજાના મોહતાજ હોય છે, સુખમાં હોય કે દુખમાં હોય, લોકો એકબીજાને મદદરૂપ બને છે જો કોઈનો સાથ આપ્યો હશે તો તે પણ આપણો સાથ આપશે, તો જરૂરી છે કે બધા સાથે હળીમળીને રહે જેથી જિંદગીના દુખ સુખમાં લોકો સાથ આપે. ઇસ્લામની શરૂઆતથી જ લોકો સાથે સારા વ્યવહારનું મહત્વ બતાવ્યું છે એટલે જ એકબીજા મુસલમાન સાથે ભાઈચારાનો સીગો પઢાવી બધા જ મુસલમાનોને આપસમાં ભાઈ બનાવ્યા હતા.

સારા દોસ્ત દુનિયા અને આખેરત બંને જગ્યા ઉપર ફાયદો પહોંચાડે છે. હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "બની શકે

એટલા વધારે દોસ્ત બનાવો કેમકે કયામતના દિવસે દરેક મોમિન શફાઅત કરશે.”(મીઝાનુલ હિકમત હદીસ ૧૬૧). તો જો દોસ્ત વધારે હશે અને બધા સાથે સારો વ્યવહાર રાખ્યો હશે તો કયામતમાં એ તમારી શફાઅત કરશે અને તમે પણ બીજા દોસ્તોની શફાઅત કરી શકશો.

ઇમામ અ.સ.ની બીજી વાતમાં છે કે “જે કોઈ તમારાથી વ્યવહાર ન રાખવા ચાહે તો તેનાથી દૂરી કરો નહીં તો ઝિલ્લત ઉઠાવી પડશે.”એનો અર્થ હરગીઝ એમ નથી કે જે આપણાથી થોડોક દૂર થયો તો આપણે દૂર થઈ જઈએ, બલ્કે આ તેવા લોકો સાથે દૂરીની વાત છે કે જે લોકો સાથે સારો વ્યવહારની કોશિષ કરીએ, સીલે

રહેમ કરીએ તે છતાં પણ તે ભાઈચારાનો ખયાલ રાખ્યા વગર બેઇઝઝતી કરતો રહે. સમાજમાં અને લોકો સામે હલકાઈ કરતો ફરે, ઇમામ અ.સ. આવા લોકોથી દૂર રહેવામાં જ ફાયદો કહે છે.

હિક્મત ૪૫૨

અમીર અને ગરીબ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "કોઈ વ્યક્તિ અમીર છે કે ગરીબ તેને ત્યારે ખબર પડશે જ્યારે તે અલ્લાહની બારગાહમાં પહોંચશે."

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. બતાવે છે કે આ દુનિયામાં માણસ કઈ રીતે રહે છે તેની કોઈ એહમિયત નથી, ઘરમાં કે બંગલામાં? ઝૂંપડીમાં કે જમીન ઉપર, હવામાં કે દરિયામાં, પરંતુ હકીકતમાં

તે માણસ અમીર છે કે ગરીબ તે તો અલ્લાહના સામે જ્યારે તેના આમાલ પેશ થશે ત્યારે ખબર પડશે.

દુનિયા તથા આંખેરતમાં માલદાર અને ગરીબની પરિભાષા જુદી જુદી છે. દુનિયામાં જે કોઈનો મોહતાજ ન હોય તે માલદાર કહેવાય છે અને જે કોઈનો મોહતાજ હોય તેને ગરીબ કહેવાય છે. દુનિયાની અમીરી એટલે તેની પાસે માલ, દૌલત, શોહરત વગેરે તથા દુનિયાની બધી જ સુહૂલત હોય છે, પરંતુ આ બધી જ સુહૂલતો ટૂંક સમય માટે હોય છે અને જરૂરી નથી કે કાલે પણ આ વસ્તુઓ બાકી રહે, ઘણી વખત એવું બને છે કે આજે છે અને કાલે નથી, રાત્રે સૂતી વખતે અમીર અને સવારે ઊઠે ત્યારે ગરીબ, અથવા

બધી વસ્તુઓ તો છે પરંતુ બીમારીના લીધે ન સરખું ખાઈ શકે છે કે ન સરખું વાપરી શકે છે, અંતમાં દુનિયાથી રૂખસત થઈ જાય છે, અને જ્યારે તે મરી જાય છે તો કફનમાં પણ અમીર કે ગરીબ બંનેમાં કોઈ ફરક હોતો નથી, અને કબર પણ બધાની જેમ જ હોય છે, કેટલાય મણ માટી નીચે દાટી દેવામાં આવે છે. કબરમાં ગયા પછી પણ કોઈ અમીર કે ગરીબ નથી રહેતું, બંને એક જ સરખી કબરમાં પોતાનાં આમાલ લઈને જાય છે.

જ્યારે કયામતના દિવસે દરેકના આમાલ સોંપવામાં આવશે ત્યારે દુનિયામાં જે કામો કર્યા હતા તેના થકી જાણ થશે કે તે માણસ ગરીબ હતો કે અમીર, જો દુનિયામાં રહી

અલ્લાહ અને તેના બંદાઓના હકો અદા કર્યા હશે, અલ્લાહની મખ્લૂક સાથે પ્યારો મહોબ્બત ભર્યો વર્તાવ કર્યો હશે તો તેના અમલનું ત્રાજવું ભારી હશે, અને આવા લોકો જ સાચા અર્થમાં અમીર છે અને જો તેણે અલ્લાહ અને તેના મખ્લૂકના હકો અદા નહીં કર્યા હોય અને લોકો સાથે સારો વ્યવહાર નહીં કર્યો હોય તો તેના ખરાબ આમાલનું ત્રાજવું ભારી હશે અને હકીકતમાં આ માણસ ગરીબ છે.

કયામતમાં નેક આમાલનો અમીર જન્નતમાં જશે અને ત્યાંની હંમેશ માટેની લિઝ્ઝતો હાસલ કરશે, અને ત્યાં હંમેશ માટે રહેશે જ્યાં ન તો મૌત હશે અને ન તો કોઈનો મોહતાજ. અને કયામતમાં તે ગરીબ

હશે જેના આમલ સારા નહીં હોય તેને જહન્નમમાં સખતથી સખત અઝાબ આપવામાં આવશે એવો અઝાબ કે દુનિયામાં વિચાર્યું પણ નહીં હોય અને તે જન્નતીઓ પાસે ખાવાનું માંગશે, પાણી માંગશે ત્યારે જન્નતી લોકો જવાબ આપશે, જે કુરાનમાં બયાન થયું છે, સૂરએ અઅરાફ આયત ૫૦; "જ્યારે જહન્નમવાસીઓ જન્નતીઓને પુકારશે કે થોડુંક પાણી અમારી ઉપર નાખી દો અને જે રિઝક અલ્લાહ તમને આપ્યું છે તેમાંથી થોડુંક આપો, તો જન્નતીઓ જવાબ આપશે, અલ્લાહે જન્નતનું પાણી અને રિઝક કાફિરો માટે હરામ કર્યું છે."(જે અલ્લાહને ન માને, અલ્લાહની વાત ન માને અને પોતાની મરજીથી ચાલે તે

કાફિર છે). નબી સ.અ.વ.ના સાચા સહાબી કઈ વસ્તુને અમીરી કહે છે જેનો આ રિવાયતમાં ઉલ્લેખ છે.

એક કિસ્સો: હઝરત ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે, ઉસ્માનની ખિલાફતમાં જનાબે અબુઝરને ૨૦૦ દીનાર (સોનાના સિક્કા) આપવા માટે બે માણસને મોકલે છે અને કહેજો કે: "આ મેં મોકલ્યા છે આ મારો માલ છે અને આ માલમાં કંઈ પણ હરામનો ભેળસેળ નથી," ત્યારે અબુઝર કહે છે: "આ દીનાર ફક્ત મારા માટે મોકલ્યા છે કે બધા માટે મોકલ્યા છે?" તેઓ બંને કહે છે કે: "ફક્ત તમારા માટે છે," ત્યારે અબુઝર કહે છે: "હાકીમ શા માટે મારા ઉપર આટલો મહેરબાન થયો છે? મારે

તેના આ સોનાના સિક્કા નથી જોઈતા, હું અમીર છું, મને તેની જરૂરત નથી,"ત્યારે તે બંને કહે છે કે: "અમને તો તમારા ઘરમાં એવું કંઈ દેખાતું નથી જેથી તમે અમીર હોવ તો તમે અમીર કઈ રીતે?"ત્યારે જ. અબુઝર કહે છે: "આ કપડાની નીચે રોટલીનો ટુકડો છે અને મેં સવાર કરી ત્યારે મારા પાસે રોટલી ખાવા માટે હતી, અને હું મોલા અલી અ.સ.ની વિલાયતથી અમીર છું, મને આ દુનિયાની દૌલતથી અમીર નથી થવું, મારે આ સોનાના સિક્કા નથી જોઈતા અને મેં રસૂલે ખુદા સ.અ.વ.થી હદીસ સાંભળી છે કે ; વૃદ્ધ લોકો માટે સારું નથી કે તે ખોટું બોલે, અલ્લાહ મારો હાકીમ છે હું જ્યારે

અલ્લાહ સાથે મુલાકાત કરીશ ત્યારે મારા અને ઉસ્માન વચ્ચે અલ્લાહ ફેસલો કરશે.”(બિહારુલ અનવાર ભાગ ૨૨ પેજ ૩૯૮).

સાચો અમીર માલથી નથી થતો બલ્કે જેના પાસે વધારે નેકીઓ હોય તે અલ્લાહના ત્યાં અમીર છે, અને હકીકતમાં ગરીબ માલ ન હોવાના લીધે નથી હોતો બલ્કે જેના પાસે કયામતમાં નેકીઓ ઓછી હશે તે ગરીબ છે. વિલાયતે ઇમામ અલી અ.સ. એવી મોટી નેકી છે કે તેના પછી કોઇ ગરીબ નથી રહેતું.

હિકમત ૪૫૩

ઝુબૈરના ગુમરાહીનું કારણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “ઝુબૈર હંમેશા અમો એહલેબૈતનો સાથી (અને ખાસ દોસ્તોમાં) હતો

જ્યાં સુધી તેનો દુષ્ટ (ખરાબ) પુત્ર અબ્દુલ્લાહ મોટો થયો નહીં. (જેણે તેના બાપને ગુમરાહ કર્યો અને અમારો સાથ મૂકી દીધો).''

ઇમામ અ.સ. આ કલામ જંગે જમલમાં ફરમાવે છે જ્યારે બે લશ્કર સામસામે આવી ગયા હતા ત્યારે ઇમામ અલી અ.સ. ઘોડા ઉપર સવાર થાય છે અને ઝુબૈરને બોલાવે છે, ઝૂબૈર ઇમામ પાસે આવે છે, ત્યારે ઇમામ તેને પૂછે છે: ''કંઈ વસ્તુ તને અહીંયા જંગના મેદાનમાં લઇ આવી?''તે જવાબ આપે છે: ''ખિલાફત.''

જ્યારે મોલા અલી અ.સ.ને જાહેરી ખિલાફત મળી ત્યારે તલ્હા અને ઝુબૈર બંને મોલા અલી અ.સ. પાસે આવ્યા અને કુફા અને

બસરાની હુકુમત માંગી પરંતુ મોલા તે બંનેને તેના માટે લાયક સમજતા ન હતા એટલે કંઈ જવાબ આપ્યો નહીં, તે બંને સમજી ગયા અને મદીના છોડી દીધું અને મુઆવિયા પણ તે બંને સાથે ચાલ રમી અને અબ્દુલ્લાહ જે ઝૂબૈરનો દીકરો હતો તે બેહદ લાલચુ હતો તેના કહેવામાં ઝૂબૈર આવી ગયો, આ ત્રણ કારણના લીધે તે ઇમામ અ.સ.ની સામે જંગ કરી, ત્યારે ઇમામ અ.સ. ઝૂબૈરને બોલાવીને રસૂલ સ.અ.વ.ની હદીસો યાદ અપાવી, ત્યારે તે દુનિયાની ગફલતમાંથી જાગૃત થયો અને જંગ છોડી ચાલ્યો ગયો. થોડીક વાર પછી ઇમામ અ.સ.ને તેની મૌતની ખબર મળી તો ઇમામ અ.સ. તેના વિષે આ

ફરમાવ્યું કે ઝુબૈર સારો આદમી હતો અમારો સાથ આપતો હતો પરંતુ ઔલાદની મોહબ્બતે તેને અમારાથી દૂર કરી દીધો અને તેની આખેરત ખરાબ કરી નાખી.

ઝુબૈર રસૂલના કુટુંબમાંથી હતો અને તે ઇસ્લામની શરૂઆતમાં મુસલમાન થયો હતો અને ઇસ્લામની બધી જ જંગમાં ભાગ લીધો હતો, અને સકીફામાં પણ ઇમામ અલી અ.સ.નો સાથ આપ્યો હતો અને તે ખિલાફતને મોલા અલી અ.સ.નો હક સમજતો હતો, અને અબુબકરની ખિલાફતને અસ્વીકાર કરી હતી પરંતુ છેલ્લે-છેલ્લે તે એહલેબૈત અ.સ.થી ત્રણ વસ્તુના લીધે દૂર થઈ ગયો: એક મુઆવિયા તરફથી લાલચ, બીજું તેનો દોસ્ત

તલ્હા કે જે તેને ગુમરાહ કર્યો, અને ત્રીજું તેનો દીકરો અબ્દુલ્લાહ જે હુકુમતની વધુ પડતી લાલચ રાખતો હતો, ઝૂબૈરે પોતાના દીકરાની ઈચ્છાઓ પૂરી કરવા માટે મોલા અલી અ.સ.ની બયઅત તોડીને મોલા અલી અ.સ. સામે જંગ કરી, તે સમયે ઇમામ અ.સ. તેને બોલાવીને રસૂલ સ.અ.વ.ની વાતો યાદ અપાવી તો તે જંગના મેદાનને છોડીને ચાલ્યો જાય છે પરંતુ પાછળથી તેમનો જ કોઈ સાથી કત્લ કરી નાખે છે અને જ્યારે તેના કત્લના સમાચાર ઇમામ અ.સ.ને મળ્યા ત્યારે ઇમામ અ.સ. તેના આખરી સમયને યાદ કરી ફરમાવે છે કે આખરી સમય તેના દીકરાના લીધે ખરાબ થઈ ગયો અને

અફસોસ કર્યો કે સારા રસ્તા ઉપરથી ખરાબ રસ્તા ઉપર ચાલ્યો ગયો.

ઝૂબૈરનો દીકરો અબ્દુલ્લાહ: અબ્દુલ્લાહ કે જે મદીનાના મુસલમાનોમાં સૌથી પહેલું જન્મેલ બાળક હતું હિજરત કરી જ્યારે બધા જ મક્કા છોડી મદીના આવ્યા ત્યારે મુસલમાનોમાં ઝુબૈરના ઘરે આ બાળક પેદા થયું એટલે બધા જ લોકો તેને બહુ જ માન આપતા હતા. તે યઝીદની મૌત પછી ખલીફાનો દાવો કરે છે અને તેની ખિલાફત શામની અમુક જગ્યા ઉપર, મક્કા, મદીનામાં અને મિસ્ત્રમાં કાયમ કરે છે પણ જ્યારે હજ્જાજ સકફીનો જમાનો આવ્યો ત્યારે તેને મદીના અને મક્કાની વચમાં કત્લ

કરવામાં આવ્યો અને તેની લાશને અમુક દિવસો સુધી ત્યાંના દરવાજા ઉપર લટકાવી રાખી અને છેલ્લે-છેલ્લે તો તેના સાથીઓ પણ તેને છોડીને ચાલ્યા ગયા, તે કંજૂસ અને બદઅખલાક હતો અને તેના દિલમાં રસૂલ અને રસૂલ સ.અ.વ.ના કુટુંબ પ્રત્યે બહુ જ વધારે નફરત હતી તે ૪૦ જુમ્મા સુધી તેના ખુત્બામાં રસૂલ ઉપર સલવાત નહોતો પઢતો, જ્યારે કોઈ પૂછ્યું તો તે કહેતોઃ "રસૂલનું કુટુંબ સારું નથી. જો હું રસૂલ ઉપર સલવાત મોકલું તો તેમનું કુટુંબ ખુશ થશે અને હું તેઓની ખુશી જોવા નથી માંગતો,"

આ બનાવથી શીખ મળે છે કે પોતાની નાલાયક ઔલાદના લીધે પોતાની આખેરત ખરાબ ન કરે,

અને બીજી શીખ મળે છે કે પોતાના દોસ્તો સારા રાખો જે એહલેબયત અ.સ.થી નજીક કરે, ત્રીજી નસીહત એ લેવાની છે કે દુનિયાની, બાલબચ્ચાઓ અને ખરાબ સાથીની મહોબ્બત હલાકત તરફ લઈ જાય છે, આખેરત ખરાબ કરી નાખે છે. કુરઆન મજીદમાં પણ આ વાત તરફ ઇશારો કરવામાં આવ્યો છે સૂરએ મુનાફેકુન આયત ૯: "અય લોકો કે જે ઈમાન લાવ્યા છો તમારો માલ અને તમારા બચ્ચાઓ તમને અલ્લાહની યાદથી ગાફિલ ન કરી દે અને જો કોઈ આવું કરશે તો તે નુકસાનમાં છે."

હિકમત ૪૫૪

ઘમંડ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "આદમના દીકરાને અભિમાન સાથે શું લેવાદેવા? તેની બનાવટ વીર્યના ટીપાથી શરૂ થાય છે અને જેનો અંત મુરદાર શરીર છે, તે ન તો પોતાનું ભરણપોષણ કરી શકે છે અને ન તો પોતાના મૃત્યુને ટાળી શકે છે."

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં ઘમંડીને શિખામણ આપી રહ્યા છે કે તું ઘમંડ કઈ વસ્તુનું કરી રહ્યો છે? ન તો તારું ભૂતકાળ સારું હતું જે એક વીર્યનું ટીપું છે, અને ન તો તારું ભવિષ્ય ઉજળું છે, જે મુરદા શરીર બનવાનો છે, ત્યારે ન તો ઘરવાળા રાખવા

તૈયાર છે ભલે પછી તે મોટા મહેલનો માલિક જ કેમ ન હોય, જેઓ જીવતે ગળે લગાવતા હતા તેઓ જ મૌત પછી કબ્રસ્તાનના હવાલે કરી દે છે, તો પછી ઘમંડ કઈ વસ્તુનું?

એમાં કોઇ શક નથી કે અલ્લાહે ઇન્સાનને ઘણી ફઝીલતો આપી છે અને બીજી મખ્લૂક કરતાં સૌથી શ્રેષ્ઠ બનાવેલ છે પરંતુ એનો અર્થ એ નથી કે પોતાની ખિલ્કતનો મકસદ ભૂલી ઘમંડ કરવા લાગે અને ખરાબ આદતોને અપનાવી લે, અને ખુદાથી તેમજ લોકોથી દૂર થઈ જાય.

ઇમામ અ.સ. આ હદીસમાં જે ૪ વાત બયાન કરી છે તે સરખી રીતે સમજવાની અને વિચારવાની જરૂરત છે:

૧- માણસ એક વીર્યના ટીપાંથી બનેલ છે, અને તે એક નજીસ ટીપું છે.

૨- જ્યારે માણસ મરી જાય છે તો તેને એક કફનમાં બાંધી કબરમાં દાટી દેવામાં આવે છે અને જેમ બને તેમ જલદી દફન કરવામાં આવે છે જો તેને ઘરમાં રાખવામાં આવે તો તેની દુર્ગંધ બીજા જીવતા લોકો માટે તકલીફનું કારણ બને છે, તો પછી ઘમંડ શા માટે?

૩- જ્યારે માણસ પોતાની માંના પેટ માંથી બહાર આવે છે તો તેની પાસે એટલી પણ તાકાત નથી હોતી કે તે પોતાનું રિઝક પોતે મેળવી શકે તે બીજાઓનો મોહતાજ હોય છે, અને જ્યારે મોટો થઈ જાય છે તો સમજે છે કે રોઝી મારા હાથમાં છે,

ત્યારે પણ રોઝી તેના હાથમાં નથી હોતી ફક્ત રોઝી તો અલ્લાહ આપે છે, જો કુદરતી અચાનક દુર્ઘટના આવી જાય તો બધું જ એક પલમાં ખતમ થઈ જાય છે, તો પછી ઘમંડ શા માટે?

૪- જ્યારે મૌતનો નક્કી સમય આવી જાય તો એટલી પણ તાકાત નથી કે તે મૌતને હટાવી શકે, ન માલ, દવા, હોશિયારી કે ન કોઈ તાકાત મૌતને રોકી શકે છે અચાનક આ ફાની દુનિયા છોડીને જવું પડે છે.

ઇમામ અલી અ.સ.નો આ કલામ કુરાનમાં સૂરએ વાકેઆની આયત નં ૫૮થી ૭૦ મુજબ છે: "'જે વીર્ય (ગર્ભાશયમાં) મૂક્યું છે શું તેનાથી માણસ તમે બનાવો છો કે અમે?

અને અમે તમારા માટે મૌત નક્કી કરી છે અમે લાચાર નથી..... અને એ તો બતાવો કે જે બીજ તમે લગાવો છો તેને તમે ઉગાવો છો કે અમે ઉગાવીએ છીએ? અમે ચાહીએ તો તેને ટુકડે ટુકડે કરી નાખીએ અને તમે અફસોસ કરતા રહોં, ...અને એ તો બતાવો કે જે પાણી પીવો છો તેને વાદળોમાંથી તમે વરસાવો છો કે અમે વરસાવીએ છીએ? અમે ચાહીએ તો તેને ખારું પાણી બનાવી શકીએ છીએ તો પછી તમે શુક્ર કેમ નથી કરતા?'"

ઘમંડ વિષે વધારે જાણવા માટે પહેલા પણ આપણે હિકમત નં. ૧૨૬ અને ૪૧૯ માં બયાન કરી ચુક્યા છીએ માટે તે હિકમત વાંચી શકો છો.

તમે તમારી શરૂઆત અને અંત જુઓ તમે કોઈ નાની વસ્તુને પણ રોકી શકતા નથી તો પછી ઘમંડ શા માટે? ઘમંડ આ દુનિયાનો પહેલો ગુનોહ છે જે શૈતાન કર્યો હતો જેથી ખુદાની બારગાહમાં લાઅનતનો હકદાર બન્યો. બધા જ નબીઓની કૌમ નબીઓ સામે ઘમંડી હોવાના લીધે નબી અને અલ્લાહની વાત માનતા ન હતા. ઘમંડ માણસને હલાકત તરફ લઈ જાય છે.

હિકમત ૪૫૫

બેહતરીન શાઇર (કવિ)

ઇમામ અલી અ.સ.થી કોઈએ પૂછ્યું કે: શાઇરોમાં સારો શાઇર કોણ છે? તો ઇમામ અ.સ. ફરમાવ્યું: "બધા શાઇરોની રીત એક જેવી નથી હોતી અને તેઓના કલામ એક

રીતમાં નથી હોતા કે કહી શકાય કે તેમાં કોણ બધા કરતાં સૌથી સારો છે, અને જો કોઈ એકને મહત્વ આપવું હોય તો પછી તે 'મલકે ઝલીલ' (અમ્રઉલ કૈસ) છે.''

સય્યેદ રઝી ર.અ. કહે છે: ઇમામની મુરાદ ઇમરઉલ કૈસ છે.

માહે રમઝાનની એક રાત્રે ઇમામ અ.સ. અમુક લોકોને ઇફ્તારી માટે દાવત આપી અને ઇફ્તારી પછી આપસમાં ઇસ્લામિક વાતો શરૂ થઈ ત્યારે ઇમામ કહે છે; ''તમારો મકસદ દીને ઇસ્લામ તથા તકવા અને પરહેઝગારી હોવો જોઈએ, તમારી શોભા સારા વ્યવહારમાં છે, ઇલ્મની હિફ્ઝત કરો,''પછી ઇમામ અ.સ. એક સહાબી અબુલ અસ્વદને મુખાતબ કરીને પૂછે કે: ''તમે લોકો

કંઈ વસ્તુ ઉપર ચર્ચા કરી રહ્યા હતા?"ત્યારે તે કહે છે: "મૌલા અરબના બેહતરીન શાઇર કોણ છે તે વિષય ઉપર,""મૌલા તમે બતાવો કે: બેહતરીન શાઇર કોણ છે?"ઇમામ અ.સ. એક નાની એવી વાતમાં બયાન કરી દીધું કે આ કોઈ ઘોડાની હરીફાઈ નથી જે ખબર પડી જાય કે કોણ પહેલાં અને કોણ છેલ્લું, શાઇરના શેઅર અલગ અલગ રીતથી સમજાય છે એક રીતમાં નથી હોતા, અને બધા અલગ અલગ પ્રકારના શેઅર કહેતા હોય છે તો કોણ પહેલું અને કોણ છેલ્લું, તે નક્કી ન થઈ શકે, તો પણ જો તમે ચાહતા હોવ કે હું કોઈનું નામ આપું તો તે ઇમરઉલ કૈસ છે જે એક ગુમરાહ બાદશાહ

હતો પરંતુ તેના શેઅર બીજા કરતાં સારા છે.

અહીંયા ઇમામ અ.સ.ના જવાબથી એ વાતની ખબર પડે છે કે ઇમામ બધી જ વસ્તુની જાણકારી રાખે છે, ઇમામથી કોઈ પણ વિષય ઉપર સવાલ પૂછવામાં આવતો ઇમામ અ.સ. તેને એવો જવાબ આપતા કે સામેવાળાને સંતોષ થઈ જતો. અને બીજી વસ્તુ આ હદીસથી જાણવા મળે છે કે જ્યારે કોઈ બે માણસમાં અથવા તેથી વધારે લોકોમાં કોણ બેહતર સમજવું હોય તો ત્યારે સમજી શકાય જ્યારે બંને એક સરખા વિષયમાં અથવા બંનેના કામ એક જેવા હોય યા તે લોકોના કામ સરખા હોય, તો ખબર પડે કે

તેઓમાં કોણ પહેલું અને કોણ છેલ્લું છે, નહીં તો ખબર ન પડે.

હિકમત ૪૫૬

તમારી કિંમત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "શું કોઈ આઝાદ વ્યકિત છે કે જે આ ચાવેલા લુકમાં (દુનિયા)ને તેના લાયક લોકો માટે છોડી દે, તમારા નફસની કિંમત ફકત જન્નત છે જેથી તેને જન્નત સિવાય બીજી કોઈ કિંમતમાં ન વેચો."

ઇમામ અ.સ. આ કલામમાં દુનિયાદાર અને મોમિનની કિંમત બતાવી રહ્યા છે, દુનિયાદાર માટે આ દુનિયાની હેસિયત એક ચાવેલા લુકમા જેવી છે અને મોમિનની કિંમત આ દુનિયા નથી બલ્કે જન્નત છે તેને દુનિયાની કોઈ પણ વસ્તુના

બદલામાં ન વહેંચો, તમારી કિંમત ફક્ત જન્નત છે.

દુનિયામાં લોકોનું અવરજવર ચાલુ જ છે, ઘણા લોકો આવ્યા તેનાથી લાભ ઉઠાવ્યો અને ચાલ્યા ગયા, આજે આપણે દુનિયામાં છીએ અને કાલે છોડીને ચાલ્યા જશું, ફક્ત આઝાદ લોકો આ દુનિયાથી બચીને રહી શકે છે પરંતુ જે દુનિયાની શેહવત, માલ, દૌલત, વગેરે...નો ગુલામ હશે તે કદી પણ દુનિયાની મોહબ્બત અને લાલચથી બહાર નીકળી શકશે નહીં, દુનિયાદાર પાસે નાની એવી અક્કલ છે પરંતુ એટલી હિંમત નથી કે તે આ દુનિયા મૂકી શકે, અને તેઓ આ દુનિયાના પુજારી છે એટલે દુનિયા મૂકી શકશે નહીં.

ઇમામ અલી અ.સ.ના કલામનો એ અર્થ બિલકુલ એ નથી કે દુનિયા છોડી દો, બલ્કે દુનિયામાં રહીને જરૂરત પૂરી કરવામાં કંઈ વાંધો નથી પરંતુ દુનિયાના ચક્કરમાં દીની કામ ન છોડવા જોઈએ પોતાની ફરજથી ગાફિલ ન બનવું જોઈએ. ઇમામ અ.સ. આગળ બીજા એક વાક્યમાં ફરમાવે છે: તમારી કિંમત ફક્ત જન્નત છે તો જન્નત સિવાય બીજી કોઈ વસ્તુથી પોતાને ન વહેંચો.

જન્નત એક અલ્લાહની બનાવેલી પાક-પાકીઝા જગ્યા છે જ્યાં કોઈ પણ ગંદગી, બુરાઈ, બીમારી કે પરેશાની નહીં હોય, ફક્ત સુકૂન શાંતિ આરામ અને બેહતરીન જિંદગી હશે જ્યાં હંમેશા રહેવાનું છે, ત્યાં

નેક લોકો, શોહદા, આલિમો, નબીઓ, ઇમામો હશે અને ફરિશ્તાઓ તેમની ખિદમતમાં હશે, અને તે જન્નત ક્યારે મળશે જ્યારે કોઈ અલ્લાહની પેરવી કરશે અને અલ્લાહની ખુશી માટે જિંદગી ગુજારતું હશે. જો માણસને દુનિયાની બધી જ વસ્તુ આપી દેવામાં આવે તો પણ તેની કિંમત અદા નથી થઈ શકતી તો શા માટે માણસ જન્નત સિવાય બીજી કોઈ વસ્તુથી પોતાને વહેંચી દે છે. (કાફી ભાગ ૧ પેજ ૧૯).

ઇમામ મુસા કાઝિમ અ.સ. પણ એક હદીસ આવી જ ફરમાવે છે: "બધા કરતાં કિંમતી માણસ એ છે કે જે દુનિયાની કોઈ પણ કિંમતી વસ્તુને કિંમતી ન સમજે અને જાણી

લ્યો કે જન્નત સિવાય તમારી કોઈ કિંમત નથી.”

ઇમામ અલી અ.સ. દુનિયા વિષે ફરમાવે છે: “દુનિયા છોડી દો કેમકે દુનિયાની મોહબ્બત માણસને આંધળો અને બેહરો બનાવી દે છે અને ઝિલ્લત આપે છે.”(કાફી ભાગ ૨ પેજ ૧૩૬).

હિકમત ૪૫૭

બે પ્રકારના ભૂખ્યા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “બે લોકો જે ક્યારેય સંતુષ્ટ નથી થતા, ઇલ્મ (જ્ઞાન)નો શોધક અને આ દુનિયાનો શોધક.”

બે લોકોનું કોઈ દિવસ મન નથી ભરાતું, ઇલ્મની ચાહત રાખનાર અને દુનિયાની ચાહત રાખનાર. ઇમામ અલી અ.સ. આ નુરાની

કલામમાં ફરમાવે છે કે બે પ્રકારના લોકો એવા છે કે જેનું કદી પણ મન નથી ભરાતું, જેટલું પણ તેને આપવામાં આવે તે ઓછું જ લાગે છે:

૧- ઇલ્મની ચાહત રાખનાર. જે ઇલ્મની શોધખોળ કરતો હોય તે નવું નવું શીખવાની કોશિષ કરતો હોય છે તેનાથી તેનું કોઇ દિવસ મન નથી ભરાતું, કેમ કે દરેક ઇલ્મ શીખ્યા પછી એક બીજું ઇલ્મ હોય છે, આ રીતે ઇલ્મની કોઇ હદ નથી હોતી. ઇન્સાન જેટલું શીખશે તેના કરતાં જેટલું નથી શીખ્યો તે ઇલ્મ વધારે છે, તેથી લોકોને તો થોડુંક જ ઇલ્મ આપેલું છે બાકીનું અલ્લાહ પાસે અને અલ્લાહના ખાસ વલીઓ પાસે ઇલ્મ છે. કુરાનમાં સૂરએ

લુકમાન આયત ૨૭ માં બયાન છે; “’’જમીન ઉપરના બધા જ ઝાડ કલમ બની જાય, અને આ દરિયા સાથે બીજા સાત દરિયા ભેગા મળીને (શાહી) બની જાય, તો પણ ઇલાહી કલેમાત ખતમ થવાના નથી, બેશક અલ્લાહ સંપૂર્ણ કુદરતવાળો અને હિકમતવાળો છે.’“ઇલ્મ જિંદગી છે, ઇલ્મ માણસને કામયાબી આપે છે, ઇલ્મ રૂહને ચમકાવે છે અને દિલનો હકીકી ખોરાક ઇલ્મ થકી પ્રાપ્ત થાય છે તેથી જેટલું પણ ઇલ્મ આવી જાય તે છતાં તેનાથી મન ભરાતું નથી, જ્યારે કોઇ ઇલ્મવાળો ઇલ્મી વસ્તુને હલ કરે છે ત્યારે જે ખુશી મળે છે તે મોટા મોટા બાદશાહોને પણ નથી મળતી, પહેલાંના સમયમાં લોકો ઇલ્મ હાસલ

કરવા માટે અથવા એક મસઅલો સમજવા માટે લાંબો સફર કરતા હતા.

૨- દુનિયાની ચાહત રાખનાર, દુનિયાને તલબ કરનાર. એક પછી બીજી વસ્તુની ઈચ્છા કરે છે તેના પાસે દુનિયાની કોઈ પણ વસ્તુ આવી જાય તેનાથી સંતુષ્ટ નથી થતો અને તેનું મન ભરાતું નથી, એક હદીસ દુનિયાના મોહીબ માટે પહેલા પણ બયાન કરી ચુક્યા છીએ. ઇમામ મુસા કાઝિમ અ.સ. ફરમાવે છે: "'દુનિયા દરિયાના પાણી જેવું છે માણસ જેટલું પાણી પીવે છે તેને વધારે તરસ લાગે છે અહીંયા સુધી કે તે (પાણી પીતો પીતો) મરી જાય છે, (તોહ્ફુલ ઓકુલ પેજ ૩૯૬)'"દુનિયાથી વધારે

મોહબ્બત હલાક કરી નાખે છે કેમકે દુનિયાથી હદ કરતાં વધારે મોહબ્બત આખેરતને ભુલાવી દે છે, માણસનું ચેન અને સુકૂન પણ ખેંચી નાખે છે અને તે આરામની જિંદગી નથી જીવી શકતો, જો દુનિયા હોય તો પણ ઘણી તકલીફો ઉઠાવવી પડે છે, તેને સાચવવા માટે બંદોબસ્ત કરવો પડે છે રાતની ઊંઘ ખરાબ થઈ જાય છે લોકો તેનાથી ઈર્ષ્યા કરે છે પોતાની જાન બચાવવાની પણ ચિંતા હોય છે વગેરે... ઇલ્મની ચાહત રાખનાર સારા માણસ હોય છે અને દુનિયાની ચાહત રાખનાર જો દીન માટે ન જીવે તો તેમાં ફિરઔન અને નમરુદ જેવી આદતો આવી જાય છે.

હિક્મત ૪૫૮

ઈમાનની નિશાની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઇમાનની નિશાની એ છે કે જ્યાં સાચું બોલવાથી તમારું નુકસાન થતું હોય અને ખોટું બોલવામાં લાભ હોય તો પણ સાચું બોલો, અને તમારી વાતો તમારા કાર્યોથી ઉપર ન હોય, અને બીજાઓ વિષે વાત કરતી વખતે તમે અલ્લાહનો ડર રાખો."

આ કલામમાં ઇમામ અ.સ. ત્રણ વસ્તુ બયાન કરી છે જે ઇમાનની બેહતરીન નિશાની છે:

૧- જ્યાં સાચું બોલવાથી તમારું નુકસાન થતું હોય અને ખોટું બોલવામાં લાભ હોય તો પણ સાચું બોલો. જેનો ઇન્તેકાલ થયો છે તેના વિષે પૂછવામાં આવે કે: "શું તમે તે

ભાઈના કરઝવાન છો?"ત્યારે જો કરઝવાન સાચું બોલે કે હાં તે માણસ મારા પાસે રકમ માંગે છે અને હું તેનો કરઝવાન છું તો તેનું અહીંયા સાચું બોલવાથી જરૂર દુનિયાનું નુકસાન છે અને જો ખોટું બોલ્યો હોત કે મારા પાસે તે કોઈ રકમ નથી માંગતો તો તેને આમાં ફાયદો હોત પરંતુ અહીંયા તે સાચું બોલીને અલ્લાહની ખુશી હાસલ કરે છે અને અહીંયા પોતાના ઇમાનને બચાવે છે તે અલ્લાહને સામે રાખીને સચ્ચાઈ બયાન કરે છે જ્યારે કે તે ખોટું બોલીને પોતાને જાહેરી નુકસાનથી બચાવી શકતો હતો, હકીકતમાં જોઈએ તો સાચું બોલવાથી તેને નુકસાન નથી થયું બલ્કે તે પોતાનો રૂહાની ફાયદો

કર્યો છે. કુરઆન મજીદમાં ખોટું બોલનાર માટે કહેવામાં આવ્યું છે કે તેની પાસે ઇમાન નથી. સૂરએ નહલ આયત ૧૦૫; "'ફક્ત એ લોકો ખોટું બોલે છે જેઓ ખુદાની નિશાનીઓ ઉપર ઇમાન નથી લાવતા અને તેઓ જ ખોટું બોલનારા છે.'"એક હદીસમાં છે કે કોઇ રસૂલે ખુદા સ.અ.વ.થી સવાલ કર્યો: "શું મોમિનથી ભૂલ થઈ શકે અને ગુનાહ કરી શકે છે જેમકે ઝીના?"આપ હઝરત જવાબમાં ફરમાવ્યું: "હાં, બની શકે,"પછી તે માણસ પૂછે છે: "શું ચોરી કરી શકે?"આપ હઝરત ફરમાવે છે: "હાં બની શકે,"પછી તે માણસે પૂછયું: "શું ખોટું બોલી શકે?"તો આપ હઝરત ફરમાવ્યું: "નહીં."કેમકે કુરાનમાં આવ્યું છે

ઇમાનની એક નિશાની છે કે તે ખોટું નથી બોલતો. (બિહારૂલ અન્વાર ભાગ ૧૯ પેજ ૨૬૩). સાચું બોલવું કડવી દવા જેવું છે થોડાક સમય માટે તો કડવું લાગે છે પણ સારો ફાયદો પહોંચાડે છે અને હોશિયાર માણસ થોડીક કડવી દવા પીને પોતાને લાંબા સમય માટે ફાયદો પહોંચાડે છે, અને ખોટું ગરમ ગરમ પણ સરસ મજાના ખોરાક જેવું હોય છે તે ત્યારે તો સારું લાગે છે પરંતુ પછી તેના શરીર અને રૂહને નુકસાન પહોંચે છે, હોશિયાર માણસ કોઈ દિવસ થોડા સમયના લાભ માટે મોટું નુકસાન નથી કબૂલ કરતો. ખોટું કઈ જગ્યાએ બોલી શકો છો? જ્યારે જાનનો ખતરો

હોય અહીંયા તકય્યા કરી ખોટું બોલવાની રજા આપવામાં આવી છે.

૨- તમારી વાતો તમારા અમલ કરતાં વધારે ન હોય. અમુક લોકો એવા છે જે સારી સારી વાતો બયાન કરે છે અને સારી સિફ્તો બયાન કરે છે પરંતુ અમલ નથી કરતા, આવા લોકો પાસે ઇમાન સંપૂર્ણ નથી કેમકે હકીકી મોમિન એ છે જે બોલે છે તેની ઉપર અમલ કરે છે અને જેના પર અમલ નથી કરતા તે વિષે બોલતા પણ નથી, કુરાનમાં સૂરએ સફ્ આયત ૨ અને ૩ માં આ વાત કહેવામાં આવી છે: “’અય મોમિનો! તમે એ વાત શા માટે કહો છો જે કરતા નથી, અલ્લાહ આ વાત બિલકુલ પસંદ નથી કરતો કે તમે એ વાત કહો

જે તમે કરતા નથી,'". બીજી એક આયત સૂરએ બની ઇસરાઈલ આયત ૩૬ માં આવ્યું છે: "'અને તેની પાછળ ન પડ કે જેનું તારી પાસે ઇલ્મ નથી કેમકે આંખ કાન અને દિલ બધી જ વસ્તુથી સવાલ થશે."તો આપણે કોશિષ કરવી જોઈએ કે જે વસ્તુ ઉપર અમલ કરતા હોય તે બોલીએ અને જે વસ્તુ ઉપર અમલ નથી કરતા તે ન બોલવું જોઈએ.

૩- બીજાઓ વિષે વાતો કરો ત્યારે અલ્લાહનો ડર સામે રાખો. એટલે ગીબત ન કરો, આક્ષેપ ન લગાડો, કોઈની માટે ખોટી વાત ન બોલો, કોઈનો ઐબ તલાશ ન કરો, મેણા ન મારો, ટૂંકમાં અલ્લાહના અદલો ઇન્સાફથી ડરો, મુત્તકી બનો

અને જે અલ્લાહથી ડરે છે તે ગુનાહથી દૂર રહે છે.

હિકમત ૪૫૯

તકદીર

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "તકદીરે ઇલાહી આપણી યોજનાઓ ઉપર વિજય મેળવે છે એટલે સુધી કે આફત અને બલા તેનું આયોજન બની જાય છે."(એટલે કે એવી ભૂલો કરી બેસે જે બલાનું કારણ બને.)

સય્યદ રઝી ર.અ. કહે છે: આવી જ એક હદીસ હિકમત નં ૧૬ માં આવી છે.

આ હદીસમાં ઇમામ અ.સ. ત્રણ પયગામ આપે છે કે જ્યારે એક માણસ પોતાની બધી હોશિયારી અને તમામ કોશિશો મકસદ સુધી પહોંચવા

માટે લગાવી દે છે તે છતાં પોતાના મક્સદમાં કામયાબ નથી થતો તેનો અર્થ છે કે અલ્લાહે જે તક્દીરમાં લખ્યું છે તેના સામે હોશિયારોની હોશિયારી પણ કામ નથી આવતી, મોટા મોટા આયોજકોની પ્લાનિંગ અલ્લાહની તક્દીર સામે અસફળ થઈ જાય છે, ઇમામ અ.સ. અહીંયા અલ્લાહને ઓળખાવા માંગે છે કે તક્દીરે ઇલાહી સૌથી અફ્ઝલ છે. બીજી વસ્તુ ઇમામ અ.સ. ફરમાવે છે કે પોતાની યોજના અને હોશિયારી પર ભરોસો ન કરો બલ્કે અલ્લાહ પર ભરોસો કરો, તે મુસબ્બેબુલ અસબાબ છે તેનાથી મદદ ચાહો. ત્રીજો પયગામ છે કે ક્યારેય પણ ઘમંડ ન કરો કેમ કે જો અલ્લાહ ચાહશે તો જ ઇન્સાનની બનાવેલી

યોજનાઓ સફળ થશે, નહીં તો નિષ્ફળ થઈ જશે, ત્યારે બંદાનો ઘમંડ ચકનાચૂર થઈ જાય છે. એટલે અલ્લાહે તકદીર પોતાના હાથમાં રાખેલ છે જ્યારે અલ્લાહ ચાહશે તો જ ફાયદો પહોંચશે.

શાહે ઝનાન દુખ્તરે કસરાને કૈદી બનાવીને ઇમામ અલી અ.સ.ના સામે હાજર કરવામાં આવી, ત્યારે ઇમામ અ.સ. તેને પૂછ્યું: "જ્યારે અબ્રહાનું હાથીનું મોટું લશ્કર ખાને કાબાને તોડવા માટે આવ્યું હતું અને તેમાં તે સફળ ન થયો આ વાત તારા પિતાને જાણ થઈ તો તારા પિતાએ શું કીધું હતું?"તે કહે છે: "મારા પિતાએ કહ્યું કે; જ્યારે અલ્લાહ વિજય આપવા ચાહે તો બધી જ વસ્તુ તેની

સામે ઝલીલ થઈ હાજર થઈ જાય છે અને જ્યારે કોઈ તાકાતના નશામાં જીવવા લાગે છે ત્યારે તેને મૌત આવી જાય છે.''ઇમામ અ.સ. કહે છે: ''તારા પિતાજીએ બહુ જ સરસ વાત કહી છે, અને તે બિલકુલ હક છે.''

હિકમત નં. ૧૬૬ માં ઇમામ ફરમાવે છે: '''તમારા કામકાજ તકદીર પ્રમાણે ચાલે છે અને આપણે જે યોજનાઓ પ્રમાણે ચાલતા હોય છે કે અચાનક મૌત આવી જાય છે.' વધારે જાણવા માટે ૧૬૬ નંબરની હિકમત વાંચે.''

આ હિકમતનો અર્થ તદ્દન એ નથી કે આપણને યોજનાઓ ન બનાવી જોઈએ બલ્કે આપણને યોજનાઓ અને પ્લાનિંગથી જ

આગળ વધવું જોઈએ પરંતુ ભરોસો અલ્લાહ પર કરવો જોઈએ.

હિકમત ૪૬૦

બુલંદ હિંમત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ધીરજ અને સંયમ (ઉતાવળ ન કરવી), બંને જુડવા છે અને તે બંને બુલંદ હિંમતથી જન્મ લે છે."

ઇબ્ને અબ્દ ર.અ. પોતાની કિતાબ 'અક્દુલ ફરીદ'માં બયાન કરે છે કે મોલા અલી અ.સ. આ હદીસ ત્યારે બયાન ફરમાવી છે જ્યારે ઇરાનથી એક મહાન વ્યક્તિ ઇમામ અ.સ.ને મળવા માટે આવી ત્યારે ઇમામ અ.સ. તેને પૂછયું કે: "તમારા ત્યાં બેહતરીન રાજા કોણ હતું?"તો તે માણસ કહે છે, "'બાદશાહ અરદશીર' દેશ ચલાવવા

માટે સારો હતો પરંતુ 'બાદશાહ નોશેરવાન'માં સારી સિફ્તો હતી તેમાં ધીરજ હતી અને ઉતાવળ ન હતી,''ત્યારે ઇમામ અ.સ. ફરમાવ્યું: ''આ બંને વસ્તુ બુલંદ હિમ્મતથી આવે છે.''

સહનશીલતા: એટલે નાસમજ અને અક્કલ વગરના લોકો સામે ધીરજ રાખે, અને જેને સરખી રીતે બોલતા ન આવડતું હોય અને જેઓએ નાના ગુનાહ કરતા હોય તેઓને સરખી રીતે સમજાવી ગુનાહોથી બચાવવા. ઉતાવળ ન કરવું એટલે કોઈ પણ કામમાં ઉતાવળ ન કરવી અને તે કામ કરવા પહેલાં તેના ચારે તરફની પરિસ્થિતિને ઓળખવી, અને તેમાં ઉતાવળ ન કરવી, અહીંયા સુધી કે

ગુનેહગારને તેના ગુનાહની સઝા આપવામાં પણ ઉતાવળ ન કરવી.

આ બંને વસ્તુ એકબીજાની સાથે છે તેને બેલડાં બાળકો પણ કહી શકાય કેમકે બંને વસ્તુ એક જેવી છે અને આ બંને વસ્તુ તેના પાસે હોય છે જેના પાસે બુલંદ હિંમત હોય છે. કુરાનમાં સૂરએ ફુરકાન આયત નં ૬૩ માં આવ્યું છે: "'અને અલ્લાહના બંદા તે છે જે જમીન ઉપર ઘમંડ નથી કરતા, અને ધીમે ધીમે ચાલે અને જ્યારે જાહિલ તેમની સાથે વાતો કરે તો કહે છે તમને સલામ થાય.'"

બુલંદ હિંમત એટલે મોટું દિલ રાખવું, અને તે બધી જ વસ્તુ સમજી વિચારીને કામ કરવા જેના પછી અફસોસ ન થાય, જ્યારે હુદહુદ

જનાબે સુલૈમાન અ.સ. પાસે સબા નામના દેશ વિષે માહિતી લઇ આવે છે તો જનાબે સુલૈમાન અ.સ. કહ્યું: "ઠીક છે હું તપાસ કરીશ કે તું જે આ વાત કહે છે તે સાચી છે કે ખોટી?"અને પછી જનાબે સુલેમાન અ.સ. એક પત્ર ત્યાં મોકલે છે અને પોતાની હુજ્જત તમામ કરે છે, આ એ વાતની દલીલ જે કે કામમાં ઉતાવળ કરવી નહીં, સબ્ર સાથે કામ આગળ વધારવાનું, કોઈ પણ ફેસલો આપવા પહેલાં અથવા કોઈને સજા દેવા પહેલાં સરખી રીતે તે વિષે જાણે અને ગવાહી સાચી છે કે નહીં તે જુએ પછી યોગ્ય રીતે ફેસલો આપે અને ઉતાવળ કરી કામ ખરાબ ન કરે.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "'સબ્ર કરવી અને ઉતાવળ ન કરવી એ અલ્લાહ તરફથી છે અને જલ્દી કરવું અને ઉતાવળ કરવું તે શૈતાન તરફથી છે.' (બિહારુલ અનવર ભાગ ૬૮ પેજ ૩૪૦)". જે જગ્યા ઉપર ઉતાવળ કરવી જોઈએ ત્યાં કરવી જોઈએ જેમકે નેક કામમાં ઉતાવળ કરવી જોઈએ, નહીં તો શૈતાન નેકી કરવાથી રોકી દેશે. ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "'જ્યારે તમને કોઈ નેક કામ કરવા માટે અથવા લોકોની મદદ કરવા માટે બોલાવે તો જલ્દી નહીં કરો તો શૈતાન તમારી જમણી બાજુ અને ડાબી બાજુ હાજર થઈ જશે અને તે કામ કરવાથી રોકશે અને તમને

બેહકાવશે.' (કાફી ભાગ ૨ પેજ ૧૪૩)".

હિકમત ૪૬૧

ગીબત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકોના પીઠ પાછળ બુરું બોલવું (ગીબત) કમજોરોનું હથિયાર છે."

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. ગીબત જેવા મોટા ગુનાહ વિષે ફરમાવે છે કે માણસ ત્યારે ગીબત કરે છે જ્યારે તે કમજોર હોય અને કંઈ કરી શકતો ન હોય ત્યારે પીઠ પાછળ બુરાઈ કરવા લાગે છે. કોઈની ગીબત કરવી, કોઈના ઐબને જાહેર કરવા ગુનાહે કબીરામાંથી છે જ્યારે કોઈથી ઈર્ષ્યા હોય તો તે ગીબત કરવા લાગે છે.

ગીબત: એટલે કોઈની ગેરહાજરીમાં એવી વાત કહેવી જેને સાંભળીને તે માણસ નારાજ થઈ જાય, જેની બુરાઈ કરવામાં આવી રહી છે તે ખરાબી તેના અંદર હોય, જેમ કે એવી કોઈ ખરાબ આદત હોય જેને લોકો ન જાણતા હોય અને તેને બીજા સામે બયાન કરવા લાગે, તો આને ગીબત કહે છે અને જો તેમાં કોઈ બુરાઈ કે ઐબ ન હોય અને બધાને કહે તો તેને આક્ષેપ અને તોહમત કહેવાય છે, શરીયતમાં જે ગીબત કરતાં પણ મોટો ગુનોહ છે. અમુક લોકો ગીબત કરી કહે છે કે અમે તો એ વસ્તુ કીધી જે સાચી હતી તો એ સાચી વાત જે આ ભાઈએ બધાથી છુપાવી

રાખી હતી તમે તેને જાહેર કરો તેનું નામ જ ગીબત છે.

કુરાનમાં સૂરએ હુજુરાત આયત ૧૨માં આવ્યું છે: "ગીબત કરનાર એવો છે કે જેણે પોતાના મુરદા ભાઈનું ગોશ્ત ખાધું હોય,"પોતાના ભાઈનું ગોશ્ત ખાવા બરાબર ગુનાહ, અને તે પણ મરેલા ભાઈનું ગોશ્ત, આવો મોટો ગુનાહ દરેક સમાજમાં થઈ રહ્યો છે અને બધાને ખબર છે કે આ ગુનાહની સજા મોટી છે તો પણ લોકો આ ગુનાહ કરતા હોય છે અફ્સોસ.

ગીબત વિષે ઘણીબધી માહિતી લોકો પાસે છે અહીંયા છેલ્લે બે હદીસ લખું છું. હદીસે કુદ્સીમાં જનાબે મૂસા અ.સ.ને અલ્લાહ ફરમાવે છે: "જો કોઈ મરી જાય

અને ગીબતની તૌબા કરી લીધી હોય (જેની બુરાઈ કરી છે તેની પાસેથી માફી માંગી લીધી હોય અને અલ્લાહ પાસે માફી માંગી લીધી હોય) તો તે જન્નતમાં બધા કરતાં છેલ્લે જશે અને જો તે મરી જાય અને તૌબા ન કરી હોય તો તે બધા જ કરતાં પહેલાં જહન્નમમાં જશે.”(બિહારુલ અનવાર ભાગ ૭૨ પેજ ૨૭૫). ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: “ગીબત નેકીઓને બાળી નાખે છે જેવી રીતે આગ લાકડીઓને બાળી નાખે છે.”(બિહારુલ અનવાર ભાગ ૭૨ પેજ ૨૫૭). ગીબત કરવી અને ગીબત સાંભળવી બંને ગુનાહમાં બરાબર ભાગીદાર છે.

હિકમત ૪૬૨

વખાણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઘણા લોકો એવા છે જ્યારે તેઓના વખાણ કરવામાં આવે છે ત્યારે છેતરાઈ જાય છે."

હાં, જ્યારે કોઈ સારું કામ કરે તો તેના વખાણ થાય છે પરંતુ આ વખાણ કેટલાય લોકો હઝમ નથી કરતા જેના લીધે તેને નુકસાન પહોંચે છે, વખાણના લીધે ઘમંડી બની જાય છે, પોતાને સૌથી બહેતર સમજવા લાગે છે, અને જો કોઈ ભૂલ કાઢે તો તેને તે ભૂલ સમજતો જ નથી, આના લીધે સમાજને નુકસાન ઉપાડવું પડે છે. બીજું નુકસાન એ થાય છે કે જ્યારે તે મશહૂર થઈ જાય તો લોકો તેનાથી

ઈર્ષ્યા કરે છે અને દુશ્મન બની જાય છે અને દુશ્મનો તરફથી તેને કોઈ પણ સમયે નુકસાન પહોંચાડવાની શક્યતા વધી જાય છે. તો વધારે પડતા વખાણ માણસને નુકસાન પહોંચાડે છે તો જરૂરત પ્રમાણમાં જ વખાણ કરવામાં આવે.

અમુક સમયે વધારે પડતા વખાણ માણસને સાચા રસ્તાથી અથવા મહેનત કરવાથી દૂર કરી દે છે કે હવે હું શા માટે વધારે મહેનત કરું, મારી પાસે તો ઇઝ્ઝત છે વગેરે..... અને જેના વખાણ થઈ રહ્યા છે તેને ખબર છે કે તેના આ વખાણ સાચા છે કે ખોટા, જ્યારે કોઈના વખાણ થાય ત્યારે તેને અલ્લાહ પાસે પનાહ માંગવી જોઈએ કેમકે હકીકત તો ફક્ત અલ્લાહને

ખબર છે તેથી અલ્લાહ પાસે ઘમંડ અને બીજી બુરાઈથી બચવા માટે દુઆ કરવી જોઈએ.

તો હવે સવાલ છે કે શું સારા કામ કરનારના વખાણ ન કરવા જોઈએ? ના, એવું નથી, જે રીતે ખરાબ કાર્ય કરનારની બુરાઈ જરૂરી છે એ જ રીતે નેક કાર્ય કરનાર માટે વખાણ જરૂરી છે. કુરાનમાં સૂરએ તૌબા આયત ૧૦૦માં અલ્લાહ તઆલા ફરમાવે છે: "અને મુહાજીર અને અન્સારમાંથી જે લોકો બધા જ કરતાં પહેલાં નેક કામ કર્યા અને નેક કામ કરનારની પેરવી કરી તો અલ્લાહ તેઓથી રાઝી થયો અને તેઓ પણ અલ્લાહથી રાઝી થયા અને અલ્લાહે તેઓ માટે એવી જન્નત તૈયાર કરી

છે જેની નીચે નહેરો હશે અને ત્યાં તેઓ હંમેશા રહેશે અને આ તેઓ માટે મહાન કામયાબી છે''.

નેક કામ કરનાર અને ખરાબ કામ કરનાર બંને એક જેવા ન હોવા જોઈએ, નેકી કરનારના તેટલા વખાણ થવા જોઈએ જે તેનો લાયક હોય હદથી વધારે વખાણ કરવાથી તેના અંદર ખરાબીઓ આવે છે. અને જો કોઈ ખરાબ કામ કરે તો તેને સુધારવાની કોશિષ થવી જોઈએ અને જો ન માને તો તેના શરથી બીજાઓને બચાવવા જોઈએ તથા બુરાઈની મઝમ્મત થવી જોઈએ. સારા અને ખરાબ લોકો માટે ઇમામ અ.સ. જનાબે માલિકે અશ્તરને એક પત્રમાં ફરમાવે છે: ''બંનેની ઓળખાણ અલગ અલગ

થાય સારા લોકોને સારા લોકોમાં રાખવા અને ખરાબ લોકોને ખરાબ લોકોમાં રાખવા જોઈએ, જો બંનેને ભેગા કરી દેશો તો સમાજ ખરાબ થઈ જશે,"બાળકો ઉપર તેની ખરાબ અસર થશે અને ખરાબને બાળકો સારા સમજવા લાગશે, એટલે જરૂરી છે કે સારા અને ખરાબ લોકોને અલગ રાખવામાં આવે અને તેઓની ઓળખાણ પણ કરવામાં આવે જેથી સમાજ સાફ અને સુંદર બની શકે. સમાજમાં જે લોકો બુરા અને ખરાબ છે તેમને ઇઝ્ઝત ન આપો ભલે પછી અમીર હોય અને જે સારા અને નેક લોકો છે તેમને માન અને ઇઝ્ઝત આપો ભલે પછી ગરીબ જ કેમ ન હોય જેથી લોકોમાં નેક કામો કરવાનો

જઝબો વધે અને બુરાઈ સમાજથી ખતમ થાય.

હિક્મત ૪૬૩

દુનિયા

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "દુનિયા પોતાના માટે નહીં, પણ બીજા કોઈ માટે બનાવવામાં આવી છે."

એટલે દુનિયાને આખેરતની તૈયારી માટે બનાવવામાં આવી છે ન કે અહીંયા ખાવા, પીવા અને રહેવા માટે, આ દુનિયામાં તો હંમેશ માટે કોઈ બાકી નથી રહેવાનું સિવાય અલ્લાહની ઝાતના, બાકી બધું જ ખતમ થઈ જશે. દુનિયામાં દરેક વસ્તુ જરૂર ખતમ થઈ જશે, અને આ દુનિયા આપણા માટે છે જ નહીં, આપણને તો આ દુનિયામાં

આખેરત સારી બનાવવા પેદા કર્યા છે આ દુનિયા માટે નહીં,

ઇમામ અલી અ.સ. ખુત્બા નં ૮૨માં ફરમાવે છે: "જો કોઈ દુનિયાને બસીરતની નજરે જુએ તો તે જોઈ શકશે અને જો કોઈ તેને અહીંયા રહેવાના મકસદથી જુએ તો તેને કંઈ નહીં દેખાય."અને જો દુનિયા માટે એમ વિચારે કે આ તો એક સફરની જગ્યા છે અસલ જગ્યા તો આખેરત છે તો તે દુનિયાને જોઈ શકશે અને તેને તે વાત ઉપર યકીન થઈ જશે કે અહીંયા આપણને હંમેશ માટે નથી રહેવાનું બલ્કે અમુક દિવસના મહેમાન છીએ. ઇમામ અલી અ.સ. બીજા એક ખુત્બા નં. ૨૦૩માં ફરમાવે છે: "તમે દુનિયામાં બીજી

જગ્યા માટે આવ્યા છો અને તે માટે તમને પેદા કરવામાં આવ્યા છે.”

કુરાનમાં સૂરએ આલે ઇમરાન આયત નં ૧૧૦માં આવ્યું છે: “શું તમે એ વિચારો છો કે અમે તમને નકામા પેદા કર્યા છે અને તમે અમારી પાસે પાછા નથી આવવાના?.”જો આખેરત ન હોત તો આ દુનિયા નકામી હોત, આ દુનિયા ભલે જાહેરમાં સારી લાગે પણ આ દુનિયામાં બધા જ કોઈને કોઈ દુખમાં ઘેરાયેલા છે, જો મર્યા પછી આખેરત ન હોત તો આ દુનિયા નકામી હોત, અને કોઈ પણ આ દુનિયામાં રહેવા ન માંગત. આખેરતના લીધે આ દુનિયામાં જીવવાની મજા આવે છે અને જાણીએ છીએ કે મર્યા પછીની બીજી

સારી એવી જિંદગી છે જે આ દુનિયામાં અલ્લાહનો બંદો બનીને રહેશે તેના માટે આખેરત સારી હશે.

આ વાત સમજવા માટે એક ઉદાહરણ: જે નાનું બાળક માં ના પેટ માં છે તેને જો ત્યાં અક્કલ આવી જાય અને વિચારી શકતો હોત અને જવાબ આપી શકે તો તેને પૂછીએ? કે: "નાની એવી દુનિયામાં તમને મજા આવે છે?"તે જવાબમાં કહેશે: "આ આંખ કાન હાથ પગ શા માટે બનાવવામાં આવ્યા છે જ્યારે કે હું તો અહીંયા માં ના પેટમાં લોહી અને પાણીની વચમાં છું તો આ બધી વસ્તુથી શું ફાયદો?"તો તેને જવાબમાં કહેવામાં આવશે કે: "ભાઈ તું ત્યાં ટૂંક સમય માટે છે ત્યાં તો ફક્ત પરવરિશ માટે

છે અસલમાં તો બહાર રહેવાનું છે જ્યાં એક બહુ વિશાળ દુનિયા છે જ્યાં રહેવા અને ફરવાની જગ્યાઓ અને અલગ અલગ નેઅમતો છે". ત્યારે તે કહેશે કે: "હવે મને જાણ થઈ કે અસલમાં મારી જિંદગી તો બહાર માટે છે મને અહીંયા માટે નથી પેદા કરવામાં આવ્યો."એ જ પ્રમાણે આ દુનિયા આપણા રહેવાની જગ્યા નથી અસલ મકસદ બીજી દુનિયા જે આખેરત છે.

હિકમત ૪૬૪

બની ઉમય્યા વિશે આગાહી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "બની ઉમય્યાને એક ખાસ સમય સુધી મોહલત દેવામાં આવી છે જેમાં હુકુમત કરી રહ્યા છે, જ્યારે તેઓની વચમાં ઇખ્તેલાફ થશે ત્યારે

કમજોર અને કાયર લોકો તેઓ સાથે દગો કરીને હુમલો કરશે, અને બની ઉમય્યા ઉપર જીત મેળવી લેશે. (સય્યદ રઝી ર.અ. કહે છે: "મર્દુદ"એટલે મોહલત આપવી છે આ ખૂબ જ ફસીહ અને બલીગ કલામ છે અહીંયા ઇમામ અ.સ.નો મતલબ કે તેઓને એક ખાસ સમય સુધી મોહલત આપવામાં આવી છે અને તેઓ જે અંત સુધી પહોંચવા માટે ભાગદોડ કરી રહ્યા છે તેની છેલ્લી હદ સુધી પહોંચી જશે ત્યારે તેઓનું શાસન ઉલટપલટ થઈને ખતમ થઈ જશે.)

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. બની ઉમૈયાનો અંત કેવી રીતે અને ક્યારે થશે તેની ભવિષ્યવાણી કરવામાં આવી છે,

જ્યારે તેઓમાં આપસમાં ઇખ્તેલાફ થશે અને બીજા કમજોર લોકો તેઓની સાથે જંગ કરશે અને તેઓને હરાવી દેશે ત્યારે તેમનો અંત આવશે, અમુક સમય પછી મોહલત ખતમ થઈ અને તેઓનો અંત આવી ગયો, જ્યારે બની ઉમૈયા બીજા લોકો સાથે જંગ કરતા હતા ત્યાં સુધી તેમની હુકુમતને વાંધો ન હતો પરંતુ જ્યારે તેઓ આપસમાં લડાઈ ઝઘડો કરવા લાગ્યા અને તેઓમાં આપસમાં ઇખ્તેલાફ થયો ત્યારથી તેઓની પડતી શરૂ થઈ ગઈ, જ્યારે વલીદ બિન યઝીદ હાકિમ બન્યો ત્યારે તેનો પિત્રાઈ ભાઈ યઝીદ બિન વલીદ તેને કત્લ કરી નાખે છે તેથી તેઓના અંદર આપસમાં ઇખ્તેલાફ શરૂ થઈ ગયો

અને તેમના અંતનું કારણ બની ગયું, બેશક અલ્લાહનો વાયદો સાચો છે કે ઝાલિમ બાદશાહોને થોડાક સમય માટે મોહલત આપે છે જ્યારે સમય પૂરો થઈ જાય છે તો મોટી મોટી હુકુમત ખતમ થઈ જાય છે.

આ તે સમય હતો કે બની અબ્બાસ ખુરાસાનથી ઉભા થાય છે અને મરવાન બિન મુહમ્મદ આવીને ખિલાફત લેવાની તૈયારી કરવા લાગે છે અને બની ઉમૈયાનો હાકિમ ઇબ્રાહીમ બિન વલીદને તેની જગ્યાથી હટાવી દે છે અને અમુક બની ઉમૈયાને કત્લ કરી દે છે જેથી બની ઉમૈયા કમજોર થઈ ગઈ અને અબુ મુસ્લિમ ખુરાસાની ધીમે ધીમે બધા જ બની ઉમૈયાને ખતમ કરીને એક બની અબ્બાસની નવી હુકુમત

તૈયાર કરે છે. ઇમામ અ.સ.ની એ વાત પણ બિલકુલ સાચી પડી કે તેઓ કમજોર લોકોના હાથે ખતમ થશે આ ખુરાસાનીનું લશ્કર બિલકુલ નાનું અને કમજોર હતું તે છતાં બની ઉમૈયાને ખતમ કરી નાખે છે.

હિકમત ૪૬૫

અન્સારના વખાણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "ઈમામ અ.સ.એ મદીનાના રહેવાસીઓ (અનસારો) વિશે ફરમાવ્યું: ખુદાની કસમ! તેઓએ ઇસ્લામને બાળકની જેમ ઉછેર્યો, ખુલ્લા અને ઉદાર હાથે, સારી અને ફસીહ ભાષાથી (જીભ), જ્યારે કે તેઓને કોઈ દુનિયાવી લાભ ન હતો."

આ કલામમાં ઇમામ અ.સ. અન્સારના (જે મુસલમાન મદીનામાં રહેતા હતા) કામોની કદર કરતાં ફરમાવે છે કે તેઓ ઇસ્લામની પોતાની યથાશક્તિ મુજબ ત્યારે મદદ કરી જ્યારે રસૂલે ખુદા સ.અ.વ. મક્કાથી મદીના આવ્યા, ઇસ્લામની પરવરિશ કરવામાં પોતાની સખાવત, હાથ અને ઝબાનથી સાથ આપ્યો, જે રીતે મુસલમાનોનું ધ્યાન રાખવાની જરૂરત હતી એ મુજબ ધ્યાન રાખ્યું, જેથી ઇસ્લામ ચારે બાજુ ફેલાઇ શકે અને તેઓની મદદ નિસ્વાર્થ હતી. અન્સાર એવી રીતે મુસલમાનોની મદદ કરી જેવી રીતે ઘોડાના એક વરસના નાના બચ્ચાને મદદની જરૂરત હોય, જો

રસૂલ સ.અ.વ. મક્કામાં રહ્યા હોત તો ત્યાંના મુશરિકો ઇસ્લામને આગળ વધવા ન દેત અને તેઓએ તો રસૂલ સ.અ.વ.ને કત્લ કરવાનો પણ ઇરાદો કરી લીધો હતો એટલે જ તો રસૂલ સ.અ.વ.ને મક્કા છોડી મદીના જવું પડ્યું.

અન્સારના કુરાનમાં પણ વખાણ થયા છે. સૂરએ તૌબા આયત ૧૦૦માં અલ્લાહ તઆલા ફરમાવે છે: "અને મુહાજીર અને અન્સારમાંથી જે લોકો સૌથી પહેલાં આગળ આવ્યા અને નેક કામમાં તેમની પેરવી કરી તો અલ્લાહ તેઓથી રાઝી થયો અને તેઓ પણ અલ્લાહથી રાઝી થયા અને અલ્લાહે તેઓ માટે એવી જન્નત તૈયાર કરી છે જેની નીચે નહેરો વહેતી હશે અને ત્યાં તેઓ હંમેશા

રહેશે, આ તેઓ માટે મહાન કામયાબી છે;''સૂરએ તૌબાની એક બીજી આયતમાં આયત નં ૧૧૭માં બયાન થયું છે: ''ખરેખર અલ્લાહે નબી તથા મુહાજીર અને અન્સાર ઉપર મહેરબાની કરી છે જેઓએ મુશ્કિલ સમયમાં નબીનો સાથ આપ્યો (જંગે તબૂકમાં) અમુક લોકો હકથી દૂર થઈ જવાના હતા પણ તેઓએ તૌબા કરી અને અલ્લાહે માફ કરી દીધા બેશક અલ્લાહ માફ કરનાર અને મહેરબાન છે.''

અહીંયા એ સારા અન્સારની વાત થાય છે જેઓ છેલ્લે સુધી રસૂલ સ.અ.વ. અને આલે રસૂલ સ.અ.વ.નો સાથ આપ્યો હતો, એ અન્સારની વાત નથી થતી જેઓ રસૂલ સ.અ.વ.ના કુટુંબ સાથે

દુશ્મની કરીને મુનાફિકોની સફમાં ઊભા થઈ ગયા હતા, અહીંયા મુસલમાન મોમિન મદદગારના વખાણ થયા છે મુનાફિકો માટે તો સૂરએ મુનાફિકૂન આવેલો છે.

હિકમત ૪૬૬

એક ઇશારો

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "આંખ ગુદાનું (શરીરના પાછળના ભાગનું) ધ્યાન રાખનાર છે."(ઊંઘ કે મૌત થકી આંખ બંધ થતા વઝુ તૂટી જાય છે.)

(સય્યદ રઝી ર.અ. કહે છે: ઇમામનું આ કલામ થોડુંક અજબ લાગે છે ઇમામના આ કલામમાં ગુદાને મશક જેવું કહેવામાં આવ્યું છે અને આંખને તેનું ઢાંકણું, અને જ્યારે ઢાંકણું ખૂલી જાય તો પછી જે કંઈ પણ મશકમાં

હોય તે નીકળી જાય છે. આવી જ એક હદીસ આપણા છેલ્લા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.થી પણ બયાન થઈ છે.).

આયતુલ્લાહ મકાબિર શીરાઝી ર.અ. વઝાહત કરતાં ફરમાવે છે: કે આ એક ફિકહનો મસઅલો પણ છે અને તે સમાજના દરેક વર્ગને લાગુ થાય છે. જ્યારે માણસ વુઝૂ કરીને સૂવે તો તેનું વુઝૂ સૂવાથી બાતિલ થઈ જાય છે એટલે જ્યાં સુધી તે સૂતો ન હોય તો તેનું વુઝૂ બાકી હોય છે અને વુઝૂ બાતિલ થતું નથી, પણ જ્યારે તે સૂવે છે તો તે નથી બચાવી શકતો અને તેનું વુઝૂ બાતિલ થઈ જાય છે, આલિમો આ વિષે જે બયાન કરેલું છે તે આ હદીસથી ફાયદો ઉઠાવ્યો હશે અને

ઇસ્લામમાં આ એક હુકમ છે કે જ્યારે હવા નીકળવાની હોય ત્યારે ધ્યાન રાખે બધા જ લોકો સામે આવું ન કરે. અને જો આંખ બંધ હોય તો ભૂલો વધારે થાય છે અને જો આંખ ખુલ્લી હોય તો આપણે બધી જ વસ્તુને બચાવીને રાખી શકીએ છીએ ચાહે તે આપણી આગળ હોય કે પાછળ તો જ્યાં સુધી આંખ ખુલ્લી છે આપણે ગુનાહ અને બીજી બધી વસ્તુથી બચી શકીએ છીએ અને જેવી આપણી આંખ બંધ (ગાફિલ) થાય છે ભૂલો થવા લાગે છે, જો કોઈ આંખ બંધ કરીને ચાલે તો ખાડામાં પડી શકે છે એક્સિડન્ટ થઈ શકે છે તો આ આંખ આપણને બચાવે છે અને બંધ આંખ આપણને બચાવી નથી શકતી.

અને જેવી રીતે આંખ શરીરના આગળના ભાગને બચાવે છે એવી જ રીતે શરીરના પાછળના ભાગને પણ બચાવે છે એટલે આ હદીસમાં આવ્યું છે કે આંખ પીઠ અને પાછળના ભાગને બચાવનાર છે.

હિકમત ૪૬૭

હાકિમ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "એક ઇલાહી હાકિમ મુસલમાનો પર હુકુમત કરી, હકને લોકોમાં કાયમ કર્યો અને પોતે પણ તેના ઉપર ચાલ્યો અને અહીંયા સુધી કે દીન મજબૂત થઈ ગયો, અને ઇસ્લામ ફેલાઈ ગયો."(આ હદીસ ઇમામ અલી અ.સ.એ રસૂલે ખુદા સ.અ.વ. માટે બયાન કરેલી છે કે જેમાં નામ

નહીં પણ હાકિમના કામનું મહત્વ બયાન થયું છે.)

આ હદીસમાં ઇમામ અ.સ.એ કોઈનું નામ નથી લીધું અને અહીંયા બધા જ ફિરકાના લોકો, આ હદીસ પોતાના હાકિમ માટે સમજે છે પરંતુ હકીકતમાં આ હદીસ ઇમામ અલી અ.સ. રસૂલે ખુદા સ.અ.વ. માટે બયાન કરેલી છે કે જેમાં નામ નહીં પણ હાકિમના કામનું મહત્વ બયાન થયું છે, મુસલમાનો ઉપર એક એવા (નેક) હાકિમ આવ્યા હતા જે ખુદ તો હક ઉપર હતા અને બીજા બધા મુસલમાનોને પણ હક ઉપર લાવ્યા અને ઇસ્લામને એક મજબૂત સ્થિતિ ઉપર લઈ ગયા, અને આજે દુનિયામાં જે હજારો મુસલમાનો છે તે રસૂલ સ.અ.વ.ની આ ખિદમતના

લીધે છે, જો કોઈ રસૂલે ખુદા સ.અ.વ.ની જિંદગી અને ઇતિહાસ વાંચશે તો ખબર પડશે કે રસૂલે આ દીને ઇસ્લામ અને હક વાતો પહોંચાડવા માટે કેટલી મહેનત કરી છે અને કેટલી તકલીફો ઉપાડી છે.

હિકમત ૪૬૮

ભવિષ્યવાણી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "લોકો ઉપર એવો ઝમાનો આવશે કે માલદાર પોતાના માલમાં સખત કંજુસી કરશે જ્યારે કે તેઓને આવો કોઈ હુકમ આપવામાં આવ્યો નથી, અને અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ફરમાવે છે કે,
"આપસમાં એહસાન અને બક્ષિસને ભૂલશો નહીં,"

એ ઝમાનામાં ખરાબ લોકો ગાલિબ (પ્રભુત્વ) થઈ જશે અને સારા લોકોને ઝલીલ કરવામાં આવશે, મજબૂર અને લાચાર લોકો પોતાની જાતને મજબૂરીમાં ઓછી કિંમતમાં વહેંચશે, જ્યારે કે રસૂલે ખુદા સ.અ.વ.એ આવા વ્યવહારની મનાઈ કરી છે.''

આ નુરાની કલામમાં ઇમામ અ.સ. ભવિષ્યમાં જે ખરાબ આદતો લોકોમાં જોવા મળશે તેની સરસ જાણકારી આપી છે. એક ઝમાનો એવો પણ આવશે કે લોકો ઉપર ખૂબ જ સખ્તી આવશે અને લોકો ઇસ્લામી તાલીમ ભૂલી જશે. ઇમામ અ.સ. ફરમાવે છે માલદાર કંજુસી કરવા લાગશે અને એટલી હદ સુધી કંજુસી કરશે કે જે રીતે પોતાના

માલને દાંતમાં ફસાવીને રાખ્યો હોય, જ્યારે કે કુરાનમાં હુકમ આવ્યો છે કે તમે તમારા માલથી મદદ કરો, દાન કરો અને બક્ષિસ કરો પરંતુ લોકો ઇસ્લામી તાલીમ વિરુદ્ધ અમલ કરવા લાગશે. કુરાનમાં સૂરએ બકરા આયત ૨૩૭માં આવ્યું છે કે: "'કદી પણ મુસલમાન એહસાન અને નેકી કરવાનું ભૂલે નહીં.'"આ આયત બધા જ મુસલમાન માટે છે કોઈ ખાસ લોકો માટે નથી.

બીજી બે હદીસ જેમાં કંજુસીની મઝમ્મત બયાન થઈ છે. રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "'કંજુસી અને ઇમાન એક જગ્યા ઉપર ભેગું થઈ શકતું નથી.' (જામેઉસ સઆદત ભાગ ૨ પેજ ૧૧૧)". બીજી હદીસમાં ઇમામ અલી અ.સ. ફરમાવે છે:

“’’ઝાલિમ અમુક સમય પછી તૌબા કરી લે છે માફી માંગી લે છે અને જેનો હક છીનવી લીધો હતો તેને હક પાછો આપી દે છે પરંતુ કંજૂસ, જ્યારે કંજુસી કરવા લાગે છે તો તે ઝકાત નથી આપતો, સદકો નથી આપતો, સીલ્હે રહેમ નથી કરતો, મહેમાનનું ધ્યાન નથી રાખતો અને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતો, નેક કામ નથી કરતો, તો આવા કંજૂસ લોકો ઉપર જન્નત હરામ છે.’ (અલ્ફકીહ ભાગ ૨ પેજ ૬૩)”.

ઇમામ અ.સ. હિકમતમાં આગળ ફરમાવે છે, જ્યારે સમાજમાં ખરાબ લોકોનો દબદબો વધી જાય તો નેક માણસો એકાંત પસંદ કરવા લાગે છે સમાજમાં તેઓની કોઈ ઇઝઝત નથી કરતું, અને આ એક કડવી હકીકત

છે જ્યારે પણ ખરાબ અને ગુંડા જેવા લોકોનો સમાજમાં દબદબો વધી જાય છે તો સારા લોકો મજબૂરીમાં પાછળ ચાલ્યા જાય છે તેઓનું માન ખતમ થઈ જાય છે. અને એ ઝમાનામાં જો કોઈ ગરીબ અને લાચાર હશે તો તેઓની ઝાતને ઓછી કિંમતે ખરીદવામાં આવશે જ્યારે કે આપણા છેલ્લા નબી રસૂલે ખુદા સ.અ.વ.નો હુકમ છે કે મજબૂર લોકોની મજબૂરીનો ફાયદો ઉપાડવામાં ન આવે, અને તેઓ પાસેથી મજબૂરીમાં ઓછી કિંમતે વસ્તુ ન લેવામાં આવે, તેઓને વધારે પૈસા આપે જેથી તેઓની સ્થિતિ સારી અને બેહતર થાય,

ઇમામ અ.સ.ની આ ભવિષ્યવાણીનો અસર ઇમામની

શહાદત પછી મુઆવિયાના ઝમાનામાં અને બની ઉમૈયાના ઝમાનામાં દેખાવા લાગી હતી અને આજ સુધી જોવા મળે છે, પોતાના માટે બની ઉમૈયા બયતુલ માલ ઉપર કબજો કરી લીધો, મોટા મોટા મહેલ બનાવ્યા, ઐયાશી કરવા લાગ્યા અને ઘણા લોકોને તેઓના ગુલામ બનાવ્યા અને જેઓ સારા માણસો ન હતા અને જેહાલતના સમયથી જેમને ખરાબ ગણવામાં આવતા હતા તેઓને મોટા ઓહદાઓ આપવામાં આવ્યા અને રસૂલે ખુદા સ.અ.વ.ના ઘરવાળાને અને સારા સહાબીઓને ઘરની અંદર બેસાડી દીધા જેથી તેઓ વિરુદ્ધ ન થઈ શકે, અને જે લોકો કોઈ વિરોધ કરતા તેઓને જેલમાં નાખી દેવામાં આવતા યા

મારી નાખવામાં આવતા. આજના સમયમાં જેઓ ખરાબ હાકિમ છે તેઓ પણ પોતાની સત્તા માટે આવા કામ કરી રહ્યા છે.

એક બીજી હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. આ મુજબ બયાન ફરમાવે છે: "એક ઝમાનો એવો આવશે કે કુરાન ફક્ત લખેલું બાકી હશે અને ઇસ્લામનું ફક્ત નામ બાકી હશે, મુસલમાન ફક્ત નામના મુસલમાન હશે અને મસ્જિદ જાહેરમાં સારી પરંતુ નમાઝીઓથી ખાલી હશે, તેમાં હિદાયત નહીં હોય કોઈને સીધા રસ્તા ઉપર લાવવાની કોશિશ કરવામાં નહીં આવે, અને તે ઝમાનામાં અમુક આલિમો જેઓ હુકુમત તરફથી ફકીહ બન્યા હશે તેઓ આસમાનની નીચે સૌથી

ખરાબ ફકીહ હશે, તેઓ ફિતના-ફસાદ ફેલાવશે અને તે જ ફિતના તેઓ તરફ પાછા ફરશે.”(કાફી ભાગ ૮ પેજ ૩૦૮).

હિકમત ૪૬૯

બે પ્રકારના લોકો હલાક

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “મારા પ્રત્યે બે પ્રકારના લોકો હલાક થશે એ દોસ્ત કે જે મારા મર્તબાને હદથી વધારે (ગુલુ) કરવા લાગે અને એ દુશ્મન કે જે મારા પ્રત્યે ખોટું બોલે અને મારી ફઝીલત ઘટાડે.”

(સદ્યદ રઝી ર.અ. કહે છે કે આવી જ એક હદીસ પણ ઇમામ અ.સ.થી નકલ થયેલી છે જે આ મુજબ છે: બે પ્રકારના લોકો મારા પ્રત્યે હલાક થયા, મોહબ્બતમાં મારો

દરજ્જો હદથી વધારનાર (ગુલૂ કરનાર) અને મારાથી નફરતમાં જેમતેમ બોલનાર.”

આ હદીસમાં બે ગ્રુપની વાત થઈ છે અને તે બંને હલાક થશે અને જહન્નમમાં જશે. એ દોસ્ત કે જે મારા વખાણ તો કરે છે પરંતુ વખાણ કરતાં કરતાં એટલી હદ પાર કરે છે કે મને માબૂદનો દરજ્જો આપીને ગુમરાહ થઈ જાય છે જ્યારે કે હું અલ્લાહનો બંદો છું અને તેની ઇબાદત કરું છું અને અલ્લાહ સિવાય બીજું કોઈ માબૂદ નથી તેનું એલાન કરું છું.

જો આપણે ઇમામ અલી અ.સ.ની જિંદગી તરફ નજર કરીએ તો દેખાય છે કે ક્યારેક ઇમામ અલી અ.સ.ની ફઝીલતને ઘટાડવામાં

આવી તો ક્યારેક ઇમામ અ.સ.ની ફઝીલતને વધારીને અલ્લાહના દરજ્જા સુધી પહોંચાડવામાં આવી અને આ બંને લોકો હલાક થઈ ગયા. આ લોકો જાહેરમાં શિયા હતા પણ તેઓનો અકીદો બરાબર ન હતો એટલે કે ગુમરાહ અને કાફિર થઈ ગયા હતા અને ઇમામ અલી અ.સ. પોતાના સમયમાં આ લોકોને સળગાવી દેવાનો હુકમ આપ્યો અને મારી નાખવાનો હુકમ આપ્યો હતો. અને અમુક લોકો જે દુશ્મન અને નાસિબી છે તેઓએ ઇમામ અ.સ.ની ફઝીલત ઘટાડી દીધી અને ઇમામથી નફરત કરતા હતા જેમકે ખવારીજ અને બની ઉમૈયા કે જેઓ મિમ્બર ઉપરથી કેટલાય વર્ષો સુધી નઉઝુબિલ્લાહ લાનત મોકલતા

રહ્યા. ઇમામ અ.સ. પોતાના ઝમાનામાં આ બંને ગ્રુપ માટે ફરમાવ્યું કે આ બંને લોકો હલાક થશે અને જહન્નમમાં જશે.

ઇમામ અલી અ.સ.નો દરજ્જો અને ફઝીલત એટલી બધી છે કે ત્યાં સુધી ગૈર માસૂમ પહોંચી પણ નથી શકતો, હદ કરતાં વધારે ફઝીલત બયાન કરે તો તેમાં વાંધો છે અને તે હદ શિર્કની છે કે એવા કોઈ શબ્દો ન નીકળવા જોઈએ જેનાથી અલ્લાહનો ભાગીદાર બનાવી દે. અને આ રીતે નબી ઇસા અ.સ. વિષે પણ લોકો ગુમરાહ થઈ ગયા હતા, અને આપણા છેલ્લા નબી હ. રસૂલે ખુદા સ.અ.વ.ને પણ લોકોએ હદ કરતાં વધારી દીધા હતા.

રસૂલે ખુદા સ.અ.વ. એક હદીસમાં ફરમાવે છે: "કે બે લોકોની શફાઅત હું હરગીઝ નહીં કરું જેઓ અત્યાચારી હાકિમનો સાથ આપે છે, અને બીજું ગ્રુપ દીનમાં ગુલૂ કરે, જે હદ નક્કી કરવામાં આવી છે તેનાથી આગળ નીકળી જાય."(બેહારુલ અનવાર ભાગ ૨૫ પેજ ૨૬૯). બીજી એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "અય અલી તમે અને તમારા શિયા અને તમારા શિયાના દોસ્તો જન્નતમાં જશો અને તમારા દુશ્મન અને જેઓ તમારા વિષે ગુલૂ કરે છે તેઓનું ઠેકાણું જહન્નમ છે."(બેહારુલ અનવાર ભાગ ૨૫ પેજ ૨૬૫)". ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: "તમે (તમારા સમયના જવાનો અને લોકોનું)

ધ્યાન રાખજો કે આ ગુલૂ કરનાર લોકો તમને ગુમરાહ ન કરી દે, અને ફાસિક ન બનાવી દે, કેમકે આ ગુલૂ કરનાર લોકો સૌથી ખરાબમાં ખરાબ લોકો છે જેઓ અલ્લાહની મહાનતા ઘટાડે છે અને લોકોને અલ્લાહ બનાવી દે છે.”(બેહારુલ અનવાર ભાગ ૨૫ પેજ ૨૬૫)”.

શા માટે લોકો આવો ખરાબ અને બાતિલ અકીદો સ્વીકારી લે છે? જવાબ: બે વસ્તુના લીધે:

૧- અલ્લાહની સરખી ઓળખાણ નથી રાખતા: જો કોઈ અલ્લાહના વજૂદની સરખી રીતે મઅરેફત હાસલ કરે અને માને કે અલ્લાહ પાસે જે ઇલ્મ, કુદરત, તાકાત વગેરે... છે તેની કોઈ હદ નથી અને નબી અને ઇમામ પાસે જે

પાવર અને કુદરત છે તે અલ્લાહે અતા કરેલી છે.

૨- બીજું કારણ એ છે કે માણસ જેનાથી મોહબ્બત કરે છે તે મોહબ્બતમાં હદ પાર કરી દે છે, હદીસોમાં હદથી વધારે આગળ જવાની મનાઈ કરવામાં આવી છે અને આ લોકો જે હદથી વધારે આગળ નીકળી ગયા છે તે પોતાની વાહ વાહ અને ઇઝઝત માટે પણ કરતા હોય છે, જ્યારે કે તેઓ જેનાથી મોહબ્બત કરતાં હોય તેની હદ વધારીને પોતાની પણ હદ વધારવા માંગતા હોય છે અને આવી રીતે તેઓ લોકોમાં ફેમસ થવા માંગે છે અને મશહૂર થવા માંગે છે, પણ આ લોકોને કંઈ ફાયદો નથી થવાનો કેમકે દુનિયામાં તો કદાચ

તેઓ થોડાક સમય માટે મશહુર થઈ જશે પણ આવા લોકોની જગ્યા આખેરતમાં જહન્નમ છે. અમુક આલિમોનું કહેવું છે કે આ ગુલાત પણ નજીસ લોકોમાં આવે છે અને આવા લોકોને શિયા સમાજમાંથી દૂર રાખવા જોઈએ અથવા બહિષ્કાર કરી દેવો જોઈએ જેથી સમાજના બીજા લોકો ઉપર ખરાબ અસર ન પડે.

હિક્મત ૪૭૦

તૌહીદ અને અદાલત

ઇમામ અલી અ.સ.થી કોઈએ તૌહીદ અને અદાલત વિષે સવાલ પૂછ્યો તો ઇમામ અલી અ.સ. જવાબમાં ફરમાવ્યું: તૌહીદ એટલે અલ્લાહને પોતાના વિચારોમાં ન લાવો અને અદાલત એટલે અલ્લાહ વિષે આરોપ

ન લગાવવો. (એટલે અલ્લાહ કોઈના વિચારોમાં આવી શકે નહીં અને અદાલત એટલે અલ્લાહ નેઅમતો આપવામાં ન્યાયનો ખાસ ખયાલ રાખે છે.)”

ઇમામ અલી અ.સ. આ નાની એવી વાતમાં અલ્લાહની તૌહીદ અને અદાલત સમજાવી દીધી, તૌહીદ એટલે અલ્લાહની ઓળખાણ અને અલ્લાહની ઓળખાણ ત્યારે સંપૂર્ણ થાય છે જ્યારે માણસ પોતાના વિચારો અને ખયાલોમાં જે વિચારે છે તેના કરતાં અલ્લાહને બુલંદ સમજે, અને જે કંઈ દેખાય, સંભળાય અને બોલવામાં આવે તેની કરતાં અલ્લાહને ઉચ્ચ દરજ્જો આપે, કેમકે માણસના વિચાર એક ખાસ હદ સુધી હોય છે અને

અલ્લાહની ઝાતની કોઈ હદ નથી, અલ્લાહ લામેહદુદ એટલે અલ્લાહ કોઈના વિચારમાં આવી શકે નહીં. હદીસોમાં છે કે અલ્લાહની ઝાત વિષે ન વિચારો કે અલ્લાહ કેવો છે? જો કોઈ વિચારશે તો પણ અલ્લાહ તેના વિચારમાં આવી શકશે નહીં અને શૈતાન તેને ગુમરાહ કરી દેશે, જો વિચારવું જ હોય તો અલ્લાહની સિફતો વિષે વિચારો. (એટલે અલ્લાહ ખાલીક, રાઝીક... છે). ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: "જે કોઈ ખુદાની ઝાત માટે વિચારશે કે તે કેવો છે? તો ગુમરાહ થઈ જશે."(કાફી ભાગ ૧ પેજ ૯૩). ઇમામ બાકિર અ.સ. ફરમાવે છે: "અલ્લાહની ઝાત વિષે ન વિચારો, અને જો વિચારવું હોય તો

અલ્લાહની મહાનતા અને બુલંદી વિષે વિચારો અને અલ્લાહની બનાવેલી વસ્તુઓ વિષે વિચારો.”(કાફી ભાગ ૧ પેજ ૯૩). અલ્લાહનું શરીર નથી કે આપણે અલ્લાહ વિષે વિચાર કરીએ કે અલ્લાહ આવો છે તેવો છે, બસ ફક્ત એક વાત યાદ રાખવાની છે કે અલ્લાહ એક છે અને અલ્લાહનો કોઈ ચહેરો નથી કે તેને કોઈ વસ્તુ જેવો આકાર આપી શકીએ.

અને હદીસના બીજા ભાગમાં અલ્લાહની અદાલત વિષે બયાન થયું છે કે અલ્લાહ ઉપર આરોપ ન નાખો કે અલ્લાહ આ કામ શા માટે અને આ રીતે કર્યું, અને આ કામ કેમ ન કર્યું? અકીદો એવો હોવો જોઈએ કે અલ્લાહ જે કંઈ પણ કરે

છે તે બેહતર કરે છે અને જે કર્યું તે બરાબર કર્યું છે, અને જે કંઈ પણ આપ્યું છે તે યોગ્ય આપ્યું છે, કેમકે ખુદા ઝાલિમ નથી અને ઝુલ્મને પસંદ પણ નથી કરતો અને ન તો કોઈ ઉપર ઝુલ્મ કરે છે અને અલ્લાહ જેને જે કંઈ આપ્યું છે કે નથી આપ્યું તે તેના માટે જ યોગ્ય હતું, અને જો વધારે આપ્યું હોત તો તેના માટે નુકસાન હોત અને જો ઓછું આપ્યું હોય તો પણ તેના માટે નુકસાન હોત એટલે જે કંઈ આપ્યું છે તે યોગ્ય છે. આ મુજબને અદાલત કહેવાય છે. આપણી ઉપર જ્યારે કોઈ આફત આવે છે ત્યારે તેમાં કોઈ મસલેહત હોય છે જે આપણે નથી જાણતા પણ અલ્લાહનું દરેક કામ બંદા માટે સારું હોય છે

તો ક્યારે પણ અલ્લાહના કામમાં આરોપ ન લગાવવો. અને અમુક સમયે આપણા ઉપર જે તકલીફો આવે છે તે આપણા ગુનાહોની સજા હોય છે જેને આપણે બોલાવી હોય છે, અને અમુક સમયે તે આફત આપણી ગફલત દૂર કરવા માટે હોય છે જેથી અલ્લાહથી નજીક થઈ શકીએ. બેશક અલ્લાહનું દરેક કામ હિકમતથી ખાલી નથી હોતું તેથી તેના ઇન્સાફ પર રાઝી રહેવું આપણી ફરજ છે.

હિકમત ૪૭૧

બોલવું અને ચૂપ રહેવું

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જેની વાતો સારી (હિકમતવાળી) હોય તો તેના ચૂપ રહેવામાં કોઈ ભલાઈ નથી, જે રીતે નકામી

(જેહાલતની) વાતો કરવામાં કોઈ ભલાઈ નથી.”

આ નુરાની કલામમાં ચૂપ રહેવાના અને બોલવાના લાભ બયાન કરવામાં આવ્યા છે. આવી જ એક હદીસ હિકમત નં. ૧૮૨માં બયાન થયેલી છે. જેહાલતની વિરુદ્ધ ઇલ્મ અને હિકમત છે જે આ હદીસમાં સાફસાફ બયાન થયું છે. અહીંયા જે હદીસમાં હિકમતની વાત થઈ છે તે કુરાનમાં ક્યારેક નબુવ્વતના હુકમ માટે, તો ક્યારેક ફેસલો આપવા માટે, તો ક્યારેક અક્કલ અને હોશિયારી માટે ઉપયોગ થયો છે. તો હિકમતના ઘણા બધા અર્થ થાય છે ક્યારેક ઇલ્મ માટે તો ક્યારેક ફેસલા માટે વગેરે....

જ્યારે આલિમોને પૂછવામાં આવે કે: ચૂપ રહેવું બહેતર છે કે બોલવું? તો તેઓ જવાબ આપશે ચૂપ રહેવામાં વધારે ફાયદો છે કેમકે બોલવાથી ઘણી બધી ભૂલો થાય અને ગુનાહ થાય છે. ૩૦ ગુનાહ એવા છે જે બોલવાથી થાય છે, પરંતુ જ્યારે બોલવું જરૂરી બની જાય ત્યારે બોલવું જ જોઈએ, અમ્ર બિલ મારુફ અને નહય અનિલ મુનકર જ્યારે જરૂરી બની જાય ત્યારે બોલવું વાજિબ બની જાય છે.

ઇમામ અલી અ.સ. આ હદીસમાં એક જ વાક્યમાં બયાન ફરમાવી દીધું, જો વાત હિકમત અને ફાયદાકારક હોય તો બોલો અને જો ત્યારે ન બોલવામાં આવે તો મોટું નુકસાન થાય છે. અને જો વાત

નકામી અને જેહાલતવાળી હોય તો ન બોલવામાં આવે અને એવી વાતો કરવાથી મોટા મોટા નુકસાન ઉઠાવવા પડે છે. બોલવા અને ચૂપ રહેવા વિષે ઘણી હદીસો છે.

ઇમામ ઝયનુલ આબિદીન અ.સ.થી પૂછવામાં આવ્યું કે: "બોલવું સારું કે ચૂપ રહેવું?" ઇમામે ફરમાવ્યું: "કે બંને આફતો છે પરંતુ જો બોલવાથી કોઈ નુકસાન ન થતું હોય તો બોલવું ચૂપ રહેવા કરતાં બહેતર છે." "અય ફરઝંદે રસૂલે ખુદા સ.અ.વ. કેવી રીતે?" ફરમાવ્યું કે: "અલ્લાહે પયગંબરો અને તેમના વસીઓને ખામોશી સાથે નથી મોકલ્યા, બલ્કે તેઓને લોકો સાથે વાતચીત કરવા માટે મોકલ્યા છે (અલ્લાહનો પયગામ પહોંચાડે)".

પછી ઇમામે હદીસ ફરમાવી કે: "જ્યારે ચૂપ રહેવાની ફઝીલત બયાન કરશો બોલવા ઉપર તો કોઈ દિવસ બોલવાની ફઝીલતને ચૂપ રહેવા ઉપર બયાન નહીં કરી શકો."(બિહારુલ અનવાર ભાગ ૬૮ પેજ ૨૭૪).

ઇમામ જાફર સાદિક અ.સ. ઇમામ અલી અ.સ.થી એક હદીસ નકલ કરતાં ફરમાવે છે કે: તમામ ખૂબીઓ ત્રણ વસ્તુમાં છે: નજર, ખામોશી અને બોલવામાં. તે નજર કે જેમાં ઇબરત ન હોય તે નકામી છે, તે ખામોશી કે જેમાં વિચાર ન હોય તે ગફલત છે, અને તે કલામ કે જેમાં યાદે ખુદા ન હોય તે નકામી છે. પછી ઇમામે ફરમાવ્યું કે: "તે લોકો ખુશનસીબ છે કે જેમનું જોવું

ઇબરત, જેમના ચૂપ રહેવામાં વિચાર, અને જેમનું બોલવું અલ્લાહની યાદ હોય.”(બિહારુલ અનવાર ભાગ ૬૮ પેજ ૨૭૫).

બોલવું અને ચૂપ રહેવું જો તેની શરતો મુજબ હોય તો બંનેની પોતપોતાની જગ્યા પર ફઝીલત છે નહીં તો બોલવું અને ચૂપ રહેવું બંને નુકસાનકારક છે, જ્યાં નેકીનો હુકમ આપવાનો હોય યા બુરાઈથી રોકવું હોય, યા જ્યાં ગવાહી આપવી જરૂરી હોય ત્યાં બોલે તો ફઝીલત છે અને ન બોલે તો ગુનાહે કબીરા છે. જો માણસને ક્યાં બોલવું અને ક્યાં ન બોલવું અને શું બોલવું આવડી જાય તો તે કામિયાબ થઈ જાય છે અને કોઈ દિવસ ઝલીલ નથી થતો.

હિકમત ૪૭૨

વરસાદ માટે દુઆ

હઝરત અલી અ.સ. વરસાદની દુઆ આ રીતે ફરમાવે છે: "અય અલ્લાહ! અમારા માટે તારો હુકમ માનનારા શાંત વાદળોથી વરસાદ વરસાવ, ન કે તોફાની વાદળોથી."

(સય્યદ રઝી ર.અ. કહે છે: ઇમામ અ.સ.ના આ કલામને અરબી ભાષા પ્રમાણે એક સારા એવા કલામમાં ગણ્યો છે, ઇમામ અ.સ. અહીંયા ગાજવીજ, તોફાન અને વીજળીવાળા વરસાદને માથાભારે ઊંટથી સરખાવ્યો છે જે પોતાના ઉપરના ભારને ફેંકી દે અને પોતાના સવારને જમીન ઉપર પછાડી દે છે, અને સારા વાદળાઓના વરસાદને સારા ઊંટ સાથે સરખાવ્યો છે કે

જેમાં આરામથી દૂધ કાઢી શકાય અને સવાર થઈ શકાય.)

અલ્લાહની એક મહાન અને અઝીમ નેઅમત વરસાદ છે અને કુરાન મજીદમાં ઘણી વખત આ મહાન નેઅમતનો ઝિક્ર થયો છે અને આ વર્ષાને અમુક સમયે અલ્લાહ નેઅમત બનાવી આરામ આરામથી વરસાવે છે અને અમુક સમયે ગાજવીજ સાથે તોફાન બની વરસાવે છે, ઇમામ અ.સ. પણ અહીંયા વરસાદના બે પ્રકાર બયાન કર્યા છે, જ્યારે આ વરસાદ ગાજવીજ અને તોફાન સાથે વરસે છે ત્યારે ઘરો બરબાદ કરી દે છે ગામોને વિરાન કરે છે વૃક્ષો પડી જાય છે. અને બીજો એવો વરસાદ વરસાવે છે જે બરકત લાવે છે,

રિઝકમાં વધારો કરે છે, વસ્તુઓ સસ્તી થાય છે, વૃક્ષો મજબૂત બને છે, ખેતી સારી થાય છે, અને નેઅમતોથી નવાઝે છે. ઇમામ અ.સ. દુઆમાં એવા વરસાદને તલબ કરે છે જે રાહતનો સબબ બને એવો વરસાદ ન વરસાવ કે જેથી નુકસાન થાય.

વરસાદ જો ન વરસે તો અમુક વરસોમાં દુષ્કાળ આવે છે જેમાં ભૂખમરી અને નેઅમતોમાં કમી તેમજ જરૂરી વસ્તુઓ મોંઘી થઈ જાય છે, જો આવો વખત આવી જાય તો ઇસ્લામમાં નમાઝે ઇસ્તિસ્કા પઢવાનો હુકમ છે, અને ત્યાર બાદ ભેગા થઈને દુઆ માંગવામાં આવે તો વરસાદ વરસે છે અને આપણા ઘણા ઇમામો વરસાદ વરસાવવા માટે

નમાઝ અને દુઆ માંગી છે, ઇમામો બતાવ્યું એ મુજબ દુઆ માંગવી જોઈએ જેથી સારો વરસાદ થાય અને લોકોને ફાયદા પહોંચે, અમુક વખતે વરસાદ ન વરસવાનું કારણ લોકોના ગુનાહ હોય છે. ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: જ્યારે લોકોમાં ચાર પ્રકારના ગુનાહો થવા લાગે છે તો લોકો ઉપર ચાર પ્રકારની મુસીબતો આવે છે:

૧- જ્યારે લોકો ઝીના કરવા લાગે તો ધરતીકંપ આવે છે.

૨- જ્યારે લોકો ઝકાત દેવાનું બંધ કરી દે તો જાનવરોમાં બીમારી ફેલાઈ જાય છે (અને પછી તે બીમારી માણસોમાં આવી જાય છે).

૩- જ્યારે હાકિમ ફેસલા બરાબર ન કરે તો આસમાનમાંથી

વરસાદ વરસવાનું બંધ થઈ જાય છે.

૪- અને જ્યારે વચનનું પાલન કરવામાં ન આવે તો મુશરિક મુસલમાન ઉપર જીત મેળવે છે.”(બિહારુલ અનવાર ભાગ ૭૬ પેજ ૨૧).

હિકમત ૪૭૩

ખેઝાબ (વાળ રંગવા)

ઇમામ અલી અ.સ.ને એક સહાબી કહે છે, “જો તમે તમારી દાઢીમાં રંગ (ખેઝાબ) કરશો તો સારી લાગશે,”ત્યારે જવાબમાં ઇમામ અ.સ. ફરમાવે છે: “ખેઝાબ અને રંગ કરવું ઝીનત છે પણ અમે અઝાદાર છીએ. (રસૂલ સ.અ.વ.ની વફાતનો ઝિક્ર ફરમાવે છે)”

ખેઝાબ કરવો ઇસ્લામમાં સારી વસ્તુ છે તેનાથી જાહેર સારું અને સુંદર લાગે છે પરંતુ ફૂઝૂલખર્ચ અને ઇસરાફ ન કરો. મસ્જિદમાં જાઓ તો સારા અને સ્વચ્છ કપડાં પહેરો, હલાલ વસ્તુથી ઝીનત કરો, હલાલ રોઝી માટે મહેનત કરો, આ વસ્તુઓને ઇસ્લામ પસંદ કરે છે. જ્યારે સહાબીએ પૂછ્યું ત્યારે ઇમામ અ.સ.નું ખેઝાબ ન કરવાનું કારણ ઇમામ ફરમાવે છે કે પહેલાં ખેઝાબ કરતા હતા પરંતુ રસૂલ સ.અ.વ.ની વફાતનો ગમ અને ત્યાર પછી ઇમામ અ.સ.નો સકીફામાં હક છીનવવામાં આવ્યો તેથી અઝાદાર છીએ અને સોગમાં બેઠા છીએ એટલે ખેઝાબ નથી કર્યો, અરબમાં જ્યારે કોઈના ઘરમાં મરણ થઈ જાય ત્યારે લોકો

થોડીક મુદ્દત માટે પોતાને ઝીનત કરવાનું છોડી દે છે જેથી લોકોને ખબર પડે કે સોગવાર છે. ઇસ્લામમાં બધી જ વસ્તુના એહકામ બયાન કરેલા છે: ખુશી અને ગમ, જાહેરી જિંદગી ગુજારવાના એહકામ, ઘરમાં કે બહાર રહેવાના એહકામ વગેરે...

ઇમામ સાદિક અ.સ. ફરમાવે છે: ચાર વસ્તુ સુન્નતે રસૂલ છે: ખુશબૂ લગાડવી, પત્ની રાખવી, મિસ્વાક અને બ્રશ કરવું, અને વાળને રંગવું. (બિહારુલ અનવાર ભાગ ૭૩ પેજ ૯૭)". ઇમામ સાદિક અ.સ. એક બીજી હદીસમાં ફરમાવે છે: "તમારા ધોળા વાળને રંગ કરો જે તમારી આંખોને નુરાની અને વાળને મજબૂત કરે છે અને માણસને ખુશબૂદાર કરે

છે તેમજ પત્નીને સારું લાગે છે.”(બિહારુલ અનવાર ભાગ ૭૩ પેજ ૯૯)”.

હિકમત ૪૭૪

પાકદામની

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: “અલ્લાહના રસ્તામાં શહીદ થનાર મુજાહિદ કરતાં વધારે સવાબ તેના માટે છે જે ગુનાહ કરવાની તાકાત રાખવા છતાં પોતાને ગુનાહથી બચાવે, આવી વ્યક્તિ અલ્લાહના ફરિશ્તાઓમાંથી એક ફરિશ્તો બનવાના નજીક છે.”

આ હદીસથી જાણ થાય છે કે જે માણસ પોતાને ગુનાહથી બચાવે તેનો દરજ્જો શહીદ કરતાં ઓછો નથી. તેમાં કોઈ શક નથી કે શહીદનો દરજ્જો ઇસ્લામમાં બહુ જ

વધારે છે. રસૂલે ખુદા સ.અ.વ. વાફી નામની કિતાબમાં બયાન કરે છે, "'દરેક નેકીના ઉપર એક નેકી હોય છે અહીંયા સુધી કે શહાદત, જો કોઈ રાહે ખુદામાં શહીદ થઈ જાય તો તેના કરતાં મોટી બીજી કોઈ નેકી નથી.''આ સિવાય પણ બીજી અમુક રિવાયતો અને કુરાનની આયતોમાં શહીદના દરજ્જા વિષે ઘણું બયાન થયું છે.

ઇમામ અ.સ. શહીદના દરજ્જા કરતાં વધારે મહત્વ ગુનાહથી બચવાને આપે છે, એટલે માણસની જિંદગીમાં અખલાક અને વ્યવહારનું ખૂબ જ મહત્વ છે જો કોઈ માણસ પોતાને ગુનાહથી બચાવે અને અખલાકવાળી જિંદગી ગુજારે તો તેનો મર્તબો શહીદ કરતાં ઓછો

નથી, અને જ્યારે માણસ પાકદામન બની જાય તો તે જમીન ઉપર ફરિશ્તા જેવો બની જાય છે, અને અમુક વખત માણસને પાકદામન બનવાનો ફાયદો આ દુનિયામાં પણ મળી જાય છે અહીંયા આપણે નબી યુસુફ અ.સ.નો ઝિક્ર કરીએ જેમની પાછળ ઝુલૈખા ખરાબ ઈરાદાથી સામે આવી તો પણ જનાબે યુસુફે પોતાને ગુનાહોથી બચાવીને પાકદામન રાખ્યા, તેના લીધે ઘણી તકલીફો ઉઠાવવી પડી, જેલમાં જવું પડ્યું તો પણ પોતાને પાક રાખ્યા અને એક સમય એ પણ આવ્યો કે અલ્લાહ તેનો બદલો એટલો મોટો આપ્યો કે મિસ્ત્રના બાદશાહ બની ગયા.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "જે કોઈ ચાર વસ્તુથી બચીને રહે તો જન્નતમાં જશે: દુનિયાની ચાહત, હવસની ચાહત, પેટમાં બધી જ વસ્તુ જવા દેવાની ચાહત (હરામ હલાલ), અને ગુનાહ કરવાની ચાહત."(બેહારુલ અનવાર ભાગ ૬૮ પેજ ૨૭૧)". બીજી એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "મારી ઉમ્મતના વધારે પડતા લોકો બે કારણના લીધે દોઝખમાં જશે: ૧- પેટમાં દરેક હરામ-હલાલ ખોરાક જવા દેવાના કારણે, ૨- ગુનાહ કરવાના લીધે."વધારે પડતા ગુનાહે કબીરા, ઉપર દર્શાવેલા બે વસ્તુના લીધે થાય છે. આજના સમયમાં પણ માણસ જ્યારે ગુનાહો કરવા લાગે છે ત્યારે દીન અને મઝહબ ભૂલી

ફક્ત પોતાની ઈચ્છાઓનો ગુલામ બની જાય છે. અને જ્યારે પોતાને ગુનાહથી બચાવે છે તો પાકદામન બની જાય છે અને તેનો દરજ્જો શહીદ અને ફરિશ્તાઓ સુધી પહોંચી જાય છે.

હિક્મત ૪૭૫

સંતોષ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સંતોષ એવો ખઝાનો છે જે ક્યારેય ખતમ નથી થતો."
(મર્હૂમ સય્યદ રઝી ર.અ. અમુક લોકોએ આ કલામને રસુલ સ.અ.વ. તરફ નિસ્બત આપી છે.)

માલ અને દૌલત જિંદગી ગુજારવા માટે જરૂરી છે પરંતુ જ્યારે માલો દૌલત નાલાયકના હાથમાં આવી જાય તો પોતાની

જરૂરતો સિવાય હરામ અને ઇસરાફમાં ખર્ચ કરવા લાગે છે અને જો સંતોષ ન હોય તો જેમ જેમ દૌલત વધે તેમ તેમ ખોટી ઇચ્છાઓમાં વધારો થાય છે.

ઇમામ અ.સ.ના કલામથી સમજાય છે કે સંતોષ માલો દૌલત કરતાં વધારે મોટી દૌલત છે જે ક્યારેય ખતમ નથી થતી, જે માણસ સંતોષી જિંદગી ગુજારશે તે ક્યારેય ગરીબ નહીં થાય, સંતોષી થોડીક વસ્તુઓમાં પણ સુકૂન સાથે જિંદગી જીવી શકે છે, પરંતુ અસંતોષીને પુષ્કળ વસ્તુઓ સાથે પણ સુકૂન નથી મળતું, કેમ કે તે વસ્તુઓમાં સુકૂન તલાશ કરે છે જ્યારે કે સાચો ખઝાનો સંતોષ છે જે સુકૂન આપે છે. ઇમામ અ.સ. એક હદીસમાં

ફરમાવે છે: "જો તમે પાકીઝા જિંદગી ગુજારવા માંગતા હોવ તો સંતોષી બનો."કુરાન મજીદમાં સૂરએ નહલ આયત ૯૭માં છે: "જો નેક અમલ કરશો તો અલ્લાહ તમને પાકીઝા જિંદગી અતા કરશે."

સંતોષની વિરુદ્ધ અસંતોષ, દુનિયાની ચાહત આવે છે જ્યારે માણસ પાસે સંતોષ નહીં હોય તો રાત-દિવસ દુનિયાની પાછળ દોડશે જેના લીધે જિંદગી બરબાદ થઈ જાય છે. ઇમામ અલી અ.સ. એક હદીસમાં ફરમાવે છે: "જે માણસ પાસે જેટલું છે તેના પર રાઝી રહે, તો ઓછા માલથી પણ તેની જિંદગી ચાલશે અને જે માણસ પાસે જે કંઈ છે તેનાથી રાઝી ન રહે તો દુનિયાની બધી જ વસ્તુઓ તેને

મળી જાય તો પણ તેના માટે પૂરતી નહીં રહે.”(કાફી ભાગ ૨ પેજ ૧૦૪).

હિકમત ૪૭૬

લોકો ઉપર સખ્તી ન કરો

ઇમામ અલી અ.સ. આ કલામ ઝિયાદ બિન અબીહને ફરમાવે છે: જ્યારે તેને અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસની જગ્યાએ ફારસ મોકલવામાં આવ્યો ત્યારે ઇમામ અ.સ. તેમની સાથે એક લાંબી વાતચીત કરી જેમાં આ રીતે ફરમાવ્યું:

“સમય પહેલાં ટેક્સ વસૂલવામાં ન આવે, ત્યાર પછી ફરમાવ્યું: ઇન્સાફથી કામ લો, ગુસ્સા, સખત વર્તાવ અને ઝુલ્મ કરવાથી ડરતા રહો, કેમકે જો પ્રજા સાથે સખ્તી

કરશો તો લોકો પોતાનું ગામ છોડીને ચાલ્યા જશે, ઝુલ્મ અને અત્યાચારના લીધે લોકો હથિયાર ઉપાડવા લાગશે.”

ત્રણ ખલીફાઓની ખિલાફત દરમિયાન તેમના તરફથી જુદા જુદા શહેરો અને જગ્યામાં ટેક્સ વસૂલવા માણસોને મોકલવામાં આવતા, અને તેઓ સમય આવવા પહેલાં ટેક્સને વસૂલ કરતા, કેમકે તેઓને ખબર ન હતી કે ટેક્સ વરસ પૂરું થાય ત્યારે અને માલ નિસાબ સુધી પહોંચે ત્યારે આપવાનું હોય છે, પરંતુ ખલીફાના માણસો જેમ મન ફાવે તેમ લોકો પાસે ટેક્સ વસૂલ કરતા અને લોકો મજબૂરીમાં પોતાના માલને તેઓને આપી દેતા હતા, આના લીધે લોકો નારાજ પણ રહેતા હતા. પરંતુ

જ્યારે મોલા અલી અ.સ. પાસે જાહેરી ખિલાફત આવી તો ઇમામ અ.સ. પોતાના તરફથી નિયુક્ત ટેક્સ વસૂલ કરનારને સમજાવ્યું કે લોકો પાસેથી ટેક્સ વસૂલવામાં સમય આવવા પહેલાં ઉતાવળ ન કરો, અને એ પણ સમજાવ્યું કે જો તેનું ધ્યાન નહીં રાખવામાં આવે અને લોકો પરેશાન થશે તો તેનું પરિણામ ખતરનાક હશે. તેથી તમે ન્યાયથી કામ લેજો કેમકે આજે જે જમીન અને આસમાન બાકી છે તે ન્યાયના લીધે બાકી છે, ન્યાયથી લોકોમાં ખુશી આવે છે, ઝુલ્મ અને અન્યાયથી લોકો નારાજ થાય છે, જો એમ જ રહેશે તો એક સમય પછી તેઓના સબરની હદ તૂટી જશે અને તેઓ બળવો કરીને મરવા

મારવા પર ઉતરશે, હથિયાર ઉઠાવશે, ઘરબાર છોડી ચાલ્યા જશે, જે આજે દુનિયામાં થઈ રહ્યું છે.

સવાલ: ઇમામ અ.સ. શા માટે ઝિયાદ બિન અબીહને ટેક્સ વસૂલવા માટે નક્કી કરે છે જ્યારે કે દુશ્મન એહલેબયત છે? જવાબ: પહેલાં તે ઇમામ અ.સ.ના દોસ્તોમાં સાથીઓમાં શામિલ હતો, તેમજ બધી જ જંગમાં તે ઇમામ અ.સ.ની સાથે રહી મુઆવિયાના વિરુદ્ધ જંગ પણ લડી હતી, જ્યારે મુઆવિયા લા. ઇમામે હસન અ.સ. સાથે સુલહ કરી, તે સમયે અમુક લોકો મુઆવિયાના માલો દૌલતની લાલચમાં પોતાનું ઇમાન વહેંચીને ઇમામ હસન અ.સ.ને છોડીને મુઆવિયા તરફ

ચાલ્યા જાય છે તેમાં આ ઝિયાદ પણ ઇમામ હસન અ.સ.ને છોડીને મુઆવિયા તરફ ચાલ્યો જાય છે, મુઆવિયા ઝિયાદને પોતાના લશ્કરમાં શામિલ કરવા માટે ઘણા સમયથી કોશિશો કરતો હતો, જ્યારે તેને ફારસમાં ઇમામ અ.સ. તરફથી ગવર્નર નક્કી કરવામાં આવ્યો ત્યારથી જ તેને ઘણી વખત પત્ર લખીને લાલચ આપવામાં આવી હતી પરંતુ તે ઇમામ અ.સ.નો સાથ છોડ્યો ન હતો, મુઆવિયા પોતાની ચાલાકી અને દગાબાઝીથી સતત પોતાના તરફ ખેંચવા માટે પત્ર લખતો રહ્યો, એક પત્રમાં ઝિયાદને પોતાનો ભાઈ કહીને લખ્યું અને લખે છે કે: "તું મારા બાપ અબુ સુફ્યાનનો દીકરો છે તું ઘેટાં બકરાં

ચરાવવા વાળાનો દીકરો નથી, અને હું તને બધું જ આપીશ''કહીને લાલચ આપે છે અને આ વખતે ઝિયાદ તેની ચાલમાં ફસાઈ જાય છે અને ઇમામ અ.સ.નો સાથ છોડી મુઆવિયા તરફ ચાલ્યો જાય છે અને પછી તે દુનિયાની રંગીનીઓમાં ફસાતો ગયો અને એહલેબયત અ.સ. ઉપર અને એહલેબયતના સાથીઓ ઉપર, બેહિસાબ ઝુલ્મ અને અત્યાચાર કરવા લાગ્યો. દુનિયાની અને સત્તાની લાલચ આંખેરતને બરબાદ કરી દે છે જે રીતે ઝિયાદ એહલેબયત અ.સ.ના હક રસ્તાથી દૂર થઈને હલાક થઈ ગયો.

હિકમત ૪૭૭

સૌથી ખરાબ ગુનાહ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સૌથી ખરાબ ગુનાહ એ છે જેને ગુનેહગાર નાનો સમજે."

અમુક લોકો ગુનાહ કર્યા પછી તેને નાના અને મોટા ગુનાહમાં પોતાની મેળે ભેળવી દે છે જ્યારે કે ગુનાહ, ગુનાહ છે તે મોટો હોય કે નાનો, ગુનાહ એટલે મહાન પરવરદિગારની નાફરમાની કરવી, જ્યારે કોઈ અલ્લાહની વાત નથી માનતો તો તે ગુનાહ કર્યો ગણાશે, તે મહાન અલ્લાહની નાફરમાની કરી ગણાશે. અને જો કોઈ માણસ ગુનાહ કર્યા પછી અફસોસ કરે, અલ્લાહ પાસે માફી માંગે અને ફરીથી ગુનાહ ન કરવાનો પાક્કો

ઈરાદો કરે તો મહેરબાન ખુદા તેના ગુનાહોને માફ કરી દે છે, અને જો કોઈ ગુનાહને મામૂલી સમજીને વારંવાર કરે, તેના પર અફસોસ અને તૌબા પણ ન કરે તો તે અલ્લાહનો મોટો ગુનાહ કર્યો છે, અને તે ખરાબ ગુનેહગારમાં ગણાશે, કેમ કે તે ગુનાહને મામૂલી સમજયો છે.

જ્યારે કોઈ દુશ્મનને નાનો સમજે છે તો તેનાથી ગાફિલ બની જાય છે. ગાફિલ જોઈને દુશ્મન હુમલો કરે છે પછી અફસોસ થાય છે કે ગાફિલ ન બન્યો હોત તો નુકસાન ન થાત, એ જ પ્રમાણે જ્યારે માણસ ગફલતમાં નાના ગુનાહ કરતો હોય છે તો તેને ખબર પણ નથી હોતી અને શૈતાન આ ગફલતનો લાભ

ઉઠાવીને મોટા મોટા ગુનાહ તરફ ખેંચી જાય છે. એટલે ગુનાહ નાના હોય કે મોટા બચીને રહેવું જોઈએ. હઝરત રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "'કોઈ પણ ખરાબ કાર્યને નાનું ન સમજો ભલે પછી તમારી નજરમાં નાનું જ કેમ ન હોય, અને કોઈ પણ સારા કાર્યને મોટું ન સમજો ભલે પછી તમારી નજરમાં મોટું જ કેમ ન હોય. મોટા ગુનાહ ઇસ્તેગફાર કર્યા પછી ખતમ થઈ જાય છે અને નાના ગુનાહને નાનો સમજી વારંવાર કરવાથી માફીના લાયક નથી રહેતા.' (વસાએલુશ શિયા ભાગ ૧૧ પેજ ૨૪૬)". જ્યારે કોઈ નાના ગુનાહને ગુનાહ નહીં સમજે તો તે વારંવાર કરવા લાગશે અને ત્યાંથી તે મોટા ગુનાહ તરફ વળી જશે.

હઝરત ઇસા અ.સ. ફરમાવે છે: "હું તમને એક હક વાત બતાવું છું કે નાના ગુનાહ શૈતાનની એક ચાલ છે, શૈતાન તમારી સામે ગુનાહને નાના અને મામૂલી કરીને પેશ કરે છે અને તેના તરફ બોલાવે છે જેથી તમારા અંદર ગુનાહનો ડર નીકળી જાય અને નાના નાના ગુનાહો તમારા અંદર જમા થઈ જાય."(મુસ્તદરેકુલ વસાએલ ભાગ ૧૧ પેજ ૩૫૦)".

હિકમત ૪૭૮

આલિમોની જવાબદારી

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "અલ્લાહે ત્યાર સુધી જાહિલો માટે તાલીમ હાંસિલ કરવું ફરજ નથી કર્યું જ્યાર સુધી આલિમોથી તાલીમ આપવાનું વચન ન લઈ લીધું."

આ નુરાની હદીસમાં ઇમામ અ.સ. આલિમોની (જ્ઞાનીઓ) જવાબદારી બતાવી છે કે જો અલ્લાહ તમને ઇલ્મ આપ્યું છે તો તેની જવાબદારી છે કે જે નથી જાણતા, અજ્ઞાન કે જાહિલ છે તેમને તાલીમ આપો, અને જાહિલોથી વચન લીધું કે જો કોઈ અલ્લાહવાળો આલિમ યા કોઈ અલ્લાહ ખાતર શીખવવા માંગે તો તેના પાસેથી ઇલ્મ હાસલ કરો, તે જે શીખવે તેને ધ્યાનથી શીખો. અલ્લાહનો પણ મોટો એહસાન છે કે પહેલે શીખવવા વાળાનો ઇન્તેઝામ કર્યો અને પછી તાલીમ હાસલ કરવા વાળાને મોકલ્યા.

દુનિયાના ઘણા દેશોમાં તાલીમ મેળવવી ફરજિયાત છે, જ્યારે

બાળક ૬ વર્ષનું થઈ જાય એટલે તેને જરૂર સ્કૂલમાં મોકલવામાં આવે અને જો બાળકને તેના માતાપિતા સ્કૂલમાં ન મોકલે તો તેઓને સજા થાય છે. આ રીત આજના સમયમાં અમુક દેશોમાં છે પરંતુ ઇસ્લામમાં આ વાત હજારો વર્ષ પહેલાં બયાન ફરમાવી છે કે "દરેક મુસલમાન ઉપર ઇલ્મ હાસલ કરવું વાજિબ છે"અને વચન લેવામાં આવ્યું છે કે જે જાણતો હોય તે અજાણ અને અજ્ઞાનને તાલીમ આપે. જો લોકોમાં શીખવાનો જઝબો હોય અને આલિમો પોતાની રીતે શીખવવાની પૂરી કોશિષ કરે તો સમાજ ઇલ્મની બુનિયાદ પર ચાલશે અને જો લોકો ઇલાહી ઇલ્મ મુજબ અમલ કરશે તો તે સમાજ તરક્કી કરતો કરતો સાચી

કામયાબી મેળવશે. જો કોઈ જાહિલોને તાલીમ ન આપે તો તેના વિષે આપણા છેલ્લા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. ફરમાવે છે: "'અગર કોઈ ઇલ્મ રાખનાર (જ્ઞાની) પોતાના ઇલ્મથી લોકોને લાભ ન પહોંચાડે તો દરેક વસ્તુ તેના ઉપર લાનત કરે છે પછી તે સમુદ્રની માછલીઓ હોય કે હવામાં ઉડતા પક્ષીઓ હોય.' (બિહારુલ અનવાર ભાગ ૨ પેજ ૬૭)".

સવાલ: કયું ઇલ્મ શીખવું વાજિબ છે? જવાબ: તે ઇલ્મ જેનાથી અલ્લાહની મારેફત હાસલ થાય અને અલ્લાહના નજીક પહોંચી શકાય, આમાં તે દરેક ઇલ્મ આવી જાય છે જે હલાલો હરામ અને જિંદગી જીવવા અને આખેરત હાસલ

કરવા માટે જરૂરી છે. આ ઇલ્મ શીખવું દરેક મુસલમાન ઉપર વાજિબ છે. અગર સમાજમાં આલિમ હોય અને જો લોકો તેનાથી દીન અને ઇલ્મ ન શીખે તો કયામતમાં તે આલિમ અલ્લાહની બારગાહમાં શિકાયત કરશે.

હિકમત ૪૭૯

ખરાબ દોસ્ત

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "સૌથી ખરાબ ભાઈ (દોસ્ત) એ છે જેના લીધે તકલીફો ઉપાડવી પડે." (મર્હૂમ સય્યદ રઝી ર.અ. ફરમાવે છે: અહીંયા દુ:ખ, તકલીફ અને પરેશાનીની વાત કરવામાં આવી છે અને જેના લીધે પરેશાનીઓનો બોજ આવી પડે તે સૌથી ખરાબ માણસ ગણાય છે.)

ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં ખરાબ દોસ્ત વિષે ફરમાવે છે:

૧- જે માણસ બીજાને તકલીફ આપે તે ક્યાંથી સારો હોઈ શકે? અને જો દોસ્ત એવા હોય કે જેના માટે જેટલી મહેનત અને કોશિષ કરો છતાં પણ તેને ઓછું લાગે યા જેટલી તેની મહેમાન નવાઝી કરો તો પણ ઓછી લાગે અથવા દોસ્તના લીધે તકલીફો ઉઠાવવી પડે, તો આવા દોસ્ત ખરાબ હોય છે. જો દોસ્તોને જમાડવા યા તેમની ખિદમત માટે કરઝ લેવું પડે યા ઘરની વસ્તુઓ વહેંચીને વ્યવસ્થા કરવી પડે તો આવા લોકો તો દોસ્ત કહેવાના લાયક જ નથી, આવા દોસ્ત કરતાં દોસ્ત ન હોય તે વધારે

સારું, આવા દોસ્ત ઇમામ અ.સ.ની નજરમાં સૌથી ખરાબ દોસ્ત છે.

૨ - અને સારો દોસ્ત એ છે કે જે બીજા દોસ્તને આરામ, સુખ અને શાંતિ આપે, તકલીફ અને મુસીબતમાં સામે ઢાલ બનીને ઊભો રહી જાય, અને દોસ્તને કોઈ તકલીફ ના આવવા દે. જ્યારે દોસ્તી નિસ્વાર્થ હોય છે તો કોઈ પણ આશા અને બદલાની ઈચ્છા વગર એકબીજાને દુખ સુખમાં સહકાર આપે છે અને સાથે મળીને રહે છે. અને ખરાબ દોસ્ત ફક્ત પોતાની ઈચ્છાઓની ડિમાન્ડ કરે છે તેનાથી દોસ્તની તકલીફમાં વધારો થાય છે અને પછી દોસ્તીનો અંત આવી જાય છે.

એક માણસ હઝરત અલી અ.સ.ને જમવા માટે દાવત આપે છે ત્યારે ઇમામ અ.સ. ફરમાવ્યું: "હું તારી દાવત એ શરત પર કબૂલ કરીશ કે જે તારી પાસે છે તે વસ્તુ મારી સામે રાખવામાં આવે, બીજો વધારાનો બંદોબસ્ત ન કર,"પછી આપ અ.સ. ફરમાવ્યું: "સૌથી ખરાબ દોસ્ત એ છે જે બીજાને તકલીફ આપે અને દુખમાં નાખે."(શર્હે નહજુલ બલાગાહ ભાગ ૧૩ પેજ ૪૩૮).

હિકમત ૪૮૦

જુદાઈનું કારણ

ઇમામ અલી અ.સ. ફરમાવે છે: "જ્યારે મોમિન તેના ભાઈ (દોસ્ત)ને ગુસ્સો અપાવે છે ત્યારે તેનાથી જુદાઈનું કારણ બને છે."

(મર્હૂમ સય્યદ રઝી ર.અ. ફરમાવે છે: અહીંયા ગુસ્સા અને શરમિંદગી બંને માટે છે જ્યારે કોઈ પોતાના દોસ્ત માટે એવું કામ કરે જેથી ગુસ્સો આવી જાય તો તે પોતાનો દોસ્ત ખોઈ બેસે છે યા કોઈ કારણથી દોસ્તને શરમાવે તો તેના લીધે બંનેમાં જુદાઈ થઈ જાય છે. ઇમામ અલી અ.સ. આ નુરાની કલામમાં દોસ્તો ક્યારે જુદા થઈ જાય છે તેના તરફ ઇશારો કરે છે, જ્યારે કોઈ બીજા માટે એવું કંઈ કરે કે જેથી તેને ગુસ્સો આવે યા પછી તેને શરમમાં નાખે ત્યારે બંનેમાં જુદાઈનું કારણ બને છે. બની શકે એક-બે વખતમાં દોસ્તી ન તૂટે પણ જો કોઈ માણસ વારંવાર ગુસ્સો અપાવે, દોસ્તની ઇઝઝત ન કરે

અને વારંવાર શરમિંદા કરે તો તે દોસ્તી ખતમ થઈ જશે.)

ઇમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે: "જે કોઈ મોમિન ભાઈને ગુસ્સો અપાવે અને શરમિંદા કરે તો એવા લોકો સાથે દોસ્તી હરામ છે અને જે કોઈ મોમિન ભાઈને ગમગીન કરે તો તેનો એહતેરામ અને ઇઝઝત ખતમ થઈ જાય છે."(બિહારુલ અનવાર ભાગ ૭૫ પેજ ૨૫૪)". બીજી એક હદીસમાં રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે: "બધા જ પયગંબરો, સિદ્દિકીન, સાલેહીન અને શહીદોનો સૌથી સારો અખલાક ખુદાની ખુશનુદી માટે લોકોની મુલાકાત કરવું છે, અને જ્યારે કોઈ દોસ્ત મુલાકાત માટે આવે તો ઘરમાં તેની પાસે જે કંઈ ખાવા પીવાની

વસ્તુ હોય તે મહેમાન સામે રાખે ભલે પછી એક ગ્લાસ પાણીનો જ કેમ ન હોય, અને જો કોઈ આ રીતે મહેમાની ન કરે, જ્યારે કે તે કરી શકતો હોય તો દિવસ અને રાત અલ્લાહના ગઝબમાં રહેશે.''(દઆએમુલ ઇસ્લામ ભાગ ૨ પેજ ૧૦૬)''.

ઇસ્લામમાં બધા જ મુસલમાનો એકબીજાના ભાઈ છે તો દરેક મુસલમાનનું એક ભાઈની જેમ ધ્યાન રાખવું જોઈએ અને એકબીજાનો હક અદા કરવો જોઈએ અને દોસ્તો વિષે અને એકબીજાના હક વિષે અત્યાર સુધી ઘણીબધી હદીસો બયાન કરી ચૂક્યા છીએ, અહીંયા છેલ્લી એક હદીસ જે ઇમામ અલી અ.સ.થી નકલ છે, બસરામાં એક

માણસ ઇમામ અલી અ.સ.ને સવાલ પૂછ્યો કે: "સાચો ભાઈ (દોસ્ત)ને કેવી રીતે ઓળખી શકાય?" ત્યારે ઇમામ અલી અ.સ. જવાબ આપ્યો કે: "સાચો ભાઈ (દોસ્ત) બે પ્રકારના હોય છે: એક વિશ્વાસુ અને બીજો જાહેરી દોસ્ત.

૧ ભરોસાપાત્ર દોસ્તની નિશાની એ છે કે તે હંમેશા તમારી સાથે તમારા હાથ, પાંખો, કુટુંબ અને મિલકત જેવા છે, તેથી, જ્યારે પણ તમને તમારા ભાઈ (દોસ્ત) પર વિશ્વાસ હોય ત્યારે તમે તમારી ઝાતથી અને માલથી મદદરૂપ બનવામાં અચકાશો નહીં, તેના દોસ્તો સાથે દોસ્તી કરો, અને તેના દુશ્મનો સાથે દુશ્મની રાખો, અને તેના રાઝને તથા તેની ખામીઓને

છુપાવો, અને તેના સારા ગુણો લોકો સામે બયાન કરો,”“અય સવાલ કરનાર આવા દોસ્ત બહુ જ ઓછા હોય છે.”

૨ જાહેરી દોસ્ત એ છે કે જેની સાથે ફક્ત બેસવામાં મજા આવે, અને બસ એટલા સુધી જ તેમનાથી વ્યવહાર રાખો આ સિવાય બીજી કોઈ આશા ન રાખો, તેઓ જ્યાં સુધી ખુશી-ખુશી મુલાકાત કરે ત્યાં સુધી તમે પણ તેઓ સાથે હસી-ખુશી મુલાકાત કરો.”(કાફી ભાગ ૨ પેજ ૨૪૮)”.

છેલ્લી વાત

જ્યારે સય્યદ રઝી ર.અ. આ 'નહજુલ બલાગાહ' કે જેમાં મોલા અલી અ.સ.ના ખુત્બાઓ, પત્ર, અને કલેમાતે કિસાર (નાની નાની વાતો)

લખવાનું પૂરું કરે છે ત્યારે આ રીતે દુઆ કરે છે: "આ એ સમય છે કે જ્યારે મેં ઇમામ અલી અ.સ.ની હદીસોની કિતાબ લખીને પૂરી કરી, અલ્લાહે મને તૌફીક આપી કે મેં અલગ અલગ કિતાબોથી હદીસો ભેગી કરી, અય અલ્લાહ હું તારો શુક્ર કરું છું અને આ કિતાબ લખવા પહેલાં મેં નક્કી કર્યું હતું કે દરેક હદીસ પછી ખાલી જગ્યાવાળું એક પેપર રાખું જેથી જે કંઈ બાકી રહી ગયું હોય અથવા પછી તેની વિગત પ્રાપ્ત થઈ હોય તો તે જોડી શકું અથવા પછી કોઈ હદીસ મળી હોય તો ત્યાં લખી શકું, અને ઇમામ અ.સ.નું નવું ફરમાન ત્યાં ભેગું કરી દઉ અને જો કોઈ હદીસમાં તફસીર લખવાની જરૂર પડે તો સરળ

ભાષામાં બયાન કરી શકું,''ફક્ત અલ્લાહ તઆલા પાસે જ આ કામ કરવાની તૌફીક ચાહી હતી અને અલ્લાહે મારી મદદ કરી. અલ્લાહ પાસે દુઆ છે કે આવા કામ કરવાની વધારેમાં વધારે તૌફીક આપે, અલ્લાહ ઉપર ભરોસો કર્યો અને અલ્લાહની મદદ અમારા માટે કાફી છે અને તે બેહતરીન વકીલ છે. આ કિતાબ લખવાનું કામ રજબ મહિનામાં હિજરી સન ૪૦૦ સંપૂર્ણ થયું. અલ્લાહ સલવાત મોકલ અમારા સય્યદો-સરદાર છેલ્લા પયગંબર ઉપર, અને તેમના એહલેબૈત અ.સ. ઉપર અને હાદી અને અવલીયા ઉપર, અને સલવાત મોકલ તે પાક પાકીઝા ખાનદાન

ઉપર જે હંમેશા ઇમામોના વફાદાર રહ્યા છે.

અને 'નહજુલ બલાગાહ'ની શરહ અને તફ્સીર લખનાર કે જેમાં ખુત્બાઓ, પત્ર, અને નાની નાની હદીસો છે તેને સંપૂર્ણ કરવામાં ૨૦ વર્ષ લાગ્યા છે જેમાં આપણા મહાન આલિમે દીન આયતુલ્લાહ નાસિર મકારીમ શીરાઝી સાહબ અને તેમની સાથે બીજા ઘણાબધા આલિમોની મહેનત છે, અલ્લાહ પાસે દુઆ છે આ ઇલ્મ દુનિયાના તમામ લોકો સુધી પહોંચે અને લોકો તેની ઉપર અમલ કરી દુનિયા અને આખેરતમાં બેહતરીન ફળ મેળવે. અને છેલ્લે દુઆ છે કે આ કામની અંદર અને ઇલ્મ ફેલાવવા માટે જે લોકોએ મહેનત કરી છે તેઓ બધાને હંમેશા

રહેવાવાળી જન્નત નસીબ કરે જ્યાં તે ઇમામો અને નબીઓ સાથે રહે.